# છહ ઢાળા - પ્રવચન : ભાગ ૩



Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વીતરાગ વિજ્ઞાન




**હે ભવ્ય તારા કલ્યાણને માટે આ હિતોપદેશ તું સાંભળ**

[ છહઢાળા – પ્રવચન ભાગ: ૩ ]

# સમ્યક્ત્વની આરાધનાનો ઉપદેશ

卐

પં. દૌલતરામજી રચિત છહઢાળા ( અધ્યાય ૩ ) પર
પૂ. શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો

卐

લેખક:

**બ્ર. હરિલાલ જૈન**

સોનગઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા *

પુષ્પ નં. ૧૨૧

[ પ્રથમ આવૃત્તિ પ્રત પાંચ હજાર ]

પ્રકાશક –

**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ

( સૌરાષ્ટ્ર )

*

વીર સં. ૨૪૯૯ ઈ. સ.

આસો વદ ૦)) 1972 NOV.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Rupal, Vishal, Divesh, Sonali & Sonal Shah, Stevenage, UK who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Veetrag Vignaan - Part 3 (Chha Dhala - Pravachan) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 28 May 2004 | First electronic version. |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# વીતરાગ-વિજ્ઞાનના ઉપદેશક




વીતરાગવિજ્ઞાનનો આપે કર્યો વિસ્તાર,
વિદેહની વાણી વડે કર્યો ભરત-ઉદ્ધાર.
ભવદુઃખથી થાક્યો હરિ આવ્યો તુજ દરબાર,
આશીષ પામી આપની દેખ્યો ભવનો પાર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

#卐 અર્પણ 卐

જેઓ સમ્યક્ત્વ-પ્રાપ્તિ માટે નિરંતર આત્મશોધન કરી રહ્યા છે એવ મુમુક્ષુ-સાધર્મીઓના હાથમાં આ સમ્યક્ત્વ-પ્રેરક પુસ્તક મુકતાં આનંદ થાય છે.

-હરિ.

# પ્ર સ્તા વ ના

સંસારનાં જીવોને દુઃખથી છૂટવાનો ને સુખની પ્રાપ્તિનો પંથ બતાવનાર આ "છહ્ઢાળા" આજે જૈન સમાજમાં ખૂબ પ્રચલિત છે, અનેક પાઠશાળાઓમાં તે શીખવાય છે; તેમજ કેટલાય સ્વાધ્યાય પ્રેમી જિજ્ઞાસુઓ તે કંઠસ્થ પણ કરે છે. આ પુસ્તકમાં પ્રથમ તો, વીતરાગવિજ્ઞાનને ભૂલેલો જીવ સંસારમાં ચારગતિમાં કેવાકેવા દુઃખો પામ્યો તે બતાવ્યું છે, ને તે દુઃખના કારણરૂપ મિથ્યાત્વાદિનું સ્વરૂપ સમજાવીને તેને છોડવાનો ઉપદેશ દીધો છે; ત્યારપછી તે મિથ્યાત્વાદિ છોડવા માટે મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ સમજાવીને તેની આરાધનાનો ઉપદેશ દીધો છે. -આમ આ નાના પુસ્તકમાં જીવોને હિતકારી પ્રયોજનભૂત ઉપદેશનું સુગમ સંકલન છે. અને તેમાં પણ આ ત્રીજી ઢાળમાં તો સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવીને તેની પ્રાપ્તિ માટે ખાસ પ્રેરણા આપતાં કહ્યું છે કે-સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્ર સાચાં હોતાં નથી, - સમ્યગ્દર્શન જ મોક્ષમહેલનું પ્રથમ પગથિયું છે, -માટે હે ભવ્ય જીવો! આ નરભવ પામીને તમે કાળ ગુમાવ્યા વગર અત્યંત પ્રયત્નપૂર્વક સમ્યક્ત્વને ધારણ કરો.

આવી આ "છહ્ઢાલા" ની હિંદી-ગુજરાતી-મરાઠીમાં જુદા જુદા પ્રકાશકો દ્વારા વીસેક આવૃત્તિઓ છપાઈ ચૂકી છે. અને જૈન સમાજમાં સર્વત્ર તેનો પ્રચાર છે. આપણી સંસ્થાના માનનીય પ્રમુખશ્રી નવનીતલાલભાઈ ચુનીલાલ જવેરીનું પણ આ એક

પ્રિય પુસ્તક છે ને તેમને તે કંઠસ્થ પણ છે. પૂ. ગુરુદેવના અધ્યાત્મરસ ભરેલાં પ્રવચનોનો લાભ લેતાંલેતાં એકવાર તેમને એવી ભાવના જાગી કે, જો છહ્ઢાળા ઉપર ગુરુદેવનાં પ્રવચનો થાય અને તે છપાઈ ને પ્રસિદ્ધ થાય તો સમાજના ઘણા જિજ્ઞાસુઓ તેના ભાવોની સમજણ પામે અને તેની સ્વાધ્યાયને ખરો લાભ મેળવી શકે. –આવી ભાવનાથી તેમણે ગુરુદેવને છહ્ઢાળા ઉપર પ્રવચનો કરવા વિંનતિ કરી; અને તેના ફળરૂપે છહ્ઢાળા ઉપર પૂ. ગુરુદેવના આ પ્રવચનો જિજ્ઞાસુઓના હાથમાં આવી રહ્યા છે. પૂ. ગુરુદેવે આ પ્રવચનો દ્વારા છહ્ઢાળાનું મહત્ત્વ વધાર્યું છે અને તેના ભાવો ખોલીને જિજ્ઞાસુ જીવો ઉપર ઉપકાર કર્યો છે. છહ્ઢાળાનાં પ્રવચનોનું લગભગ એકહજાર પાનાં જેટલું લખાણ થાય તેમ છે; એટલે જિજ્ઞાસુઓ સુગમતાથી તેનું વાંચન અને પ્રચાર કરી શકે તે માટે છ અધ્યાયનાં પ્રવચનો છ પુસ્તકરૂપે છપાવવાનુ નક્કી કરેલ છે. તેમાંથી આ ત્રીજું પુસ્તક આપના હાથમાં છે; ને બીજાં તૈયાર થાય છે.

આ પુસ્તકના રચનાર પં. શ્રી દૌલતરામજી એક કવિ છે. કોઈ કવિમાં માત્ર કાવ્યશક્તિ જ હોય તે પૂરતું નથી, પરંતુ તે કાવ્યશક્તિનો ઉપયોગ એવી પદરચનામાં કરે કે જેનાથી જીવોનું હિત થાય–તે જ ઉત્તમ કવિ છે. સંસારી પ્રાણીઓ વિષયકષાયના શૃંગારરસમાં તો ફસાયેલા છે જ, અને એવા જ શૃંગારરસપોષક કાવ્યો રચનારાં “કુકવિ” ઓ પણ ઘણાય છે, પરંતુ શૃંગારરસથી વિરક્તિ કરાવીને વૈરાગ્યરસને પોષે એવા

હિતકર અધ્યાત્મપદ રચનારા સુકવિઓ સંસારમાં વિરલ જ હોય છે. એવી ઉત્તમ રચનાઓ વડે અનેક જૈન કવિઓએ જૈનશાસનને શોભાવ્યું છે. શ્રી જિનસેનાચાર્ય, સમન્તભદ્રાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, માનતુંગસ્વામી, કુમુદચંદ્રજી વગેરે આપણા પ્રાચીન સંત–કવિઓએ આધ્યાત્મિકરસઝરતી જે કાવ્યરચનાઓ કરી છે એની તૂલના, અધ્યાત્મદ્રષ્ટિએ તો દૂર રહો પરંતુ સાહિત્યિક દ્રષ્ટિએ પણ ભાગ્યે જ કોઈ કરી શકે. હિન્દી સાહિત્યમાં પણ પં. બનારસીદાસજી, ભાગચંદજી, દૌલતરામજી, ઘાનતરાયજી વગેરે અનેક વિદ્વાનોએ પોતાનીય પદ્યરચનામાં અધ્યાત્મરસની ધારા વહેવડાવી છે, –જેમાંની એક રચના આ છહઢાળા છે. આ ગ્રંથસંબંધી અને ગ્રંથકર્તા સંબંધી કેટલોક પરિચય અગાઉના બે ભાગમાં આપ્યો છે, ત્યાંથી જોઈ લેવો.

પૂ. ગુરુદેવના આ પ્રવચનોમાંથી દોહન કરીને, ટૂંકા–ટૂંકા ૩૫૪ પ્રશ્નોત્તરનું સંકલન આ પુસ્તકના અંત ભાગમાં આપ્યું છે, તેમાં પણ જિજ્ઞાસુઓને રસ આવશે અને તે પ્રશ્નોત્તર દ્વારા આખા પુસ્તકનો સાર સમજવાનું બહુ સુગમ થશે. ભારતભરના જિજ્ઞાસુઓ આવા વીતરાગી સાહિત્યનો વધુને વધુ લાભ લઈને વીતરાગવિજ્ઞાન પ્રાપ્ત કરે... એવી જિનેન્દ્રદેવના ચરણોમાં ભાવના ભાવું છું.

*** દીપાવલી ***

વીર નિર્વાણ સં. ૨૪૯૯ –બ્ર. હરિલાલ જૈન

**સોનગઢ**

# પ્રમુખશ્રીનું નિવેદન

મને અત્યંત આનંદ થાય છે કે પૂજ્ય ગુરુદેવ સત્પુરુષ શ્રી કાનજી સ્વામીએ પંડિતવર્ય શ્રી દૌલતરામજીરચિત છહ્ઢાળા પર આપેલાં પ્રવચનોમાંથી પહેલી બે ઢાળનાં પ્રવચનો "વીતરાગ-વિજ્ઞાન" પુસ્તકરૂપે પ્રસિદ્ધ થઈ ગયા પછી આજે ત્રીજી ઢાળનાં પ્રવચનો પણ આ પુસ્તકમાં પ્રસિદ્ધ થાય છે.

આ છહ્ઢાળાએ, પૂજ્ય શ્રી કાનજીસ્વામીના સંસર્ગમાં આવ્યા પહેલાં મારા જીવન પર સારી અસર કરી છે, અને તે એટલે સુધી કે વધુવાર અધ્યયનને કારણે તે આખી કંઠસ્થ થઈ ગઈ છે; હજુ પણ દરરોજ બબ્બે ઢાળનો મુખપાઠ કરવામાં વધુ ને વધુ ભાવો ખુલતા જાય છે.

સં. ૨૦૧૫ માં, જ્યારે પૂ. શ્રી કાનજીસ્વામી બીજીવાર મુંબઈ આવ્યા ત્યારે તેમના પરિચયમાં વધુ આવવાનું થયું, અને તેઓશ્રી અમારા નિમંત્રણથી અમારા ઘરે પધાર્યા, તે પ્રસંગે જૈનધર્મના સિદ્ધાંતોની જે છાપ મારા ઉપર પડી હતી તે એક પત્ર દ્વારા વાંચીને મેં ગુરુદેવ સમક્ષ વ્યક્ત કરી;-જેમાં મુખ્યત્વે છઢાળાનો ઉલ્લેખ હતો. ત્યારપછી પણ અવારનવાર ગુરુદેવ સાથે પ્રસંગ પડતાં (ખાસ કરીને સોનગઢમાં વહેલી

સવારે તેઓશ્રી સાથે ફરવા જતાં,) જે જે વિષયોની તત્ત્વચર્ચા થતી તે ચર્ચાને લગતા પદો છઢાળામાંથી હું બોલતો... ને ગુરુદેવ તે સાંભળીને પ્રસન્ન થતા, પ્રવચનોમાં પણ વારંવાર તેનો ઉલ્લેખ કરતા. આ કારણે સમાજમાં છઢાળાનો પ્રચાર અને મહત્તા વધવા લાગ્યા. આમ તો સોનગઢના શિક્ષણવર્ગમાં છઢાળા અનેક વર્ષોથી ચાલતી જ હતી, પણ ઉપરોક્ત પ્રસંગ પછી, સોનગઢમાં આઠમ-પુનમે જે સમયસારાદિની સામૂહિક સ્વાધ્યાય થાય છે તેમાં છઢાળાનાં પદોની પણ સ્વાધ્યાય દાખલ કરવામાં આવી. ત્યારપછી પ્રવચનમાં છહઢાળા વાંચવા માટે પૂ. ગુરુદેવને વિનંતિ કરતાં તેઓશ્રીએ ભવ્યજીવો પર કૃપા કરીને છઢાળા પર દોઢ માસ સુધી પ્રવચનો કર્યાં. તે પ્રવચનોમાંથી બે પુસ્તકો અગાઉ પ્રગટ થઈ ગયાં છે, અને આજે આ ત્રીજું પુસ્તક ભવ્યજીવોના લાભાર્થે બહાર પડે છે. આમાં સમ્યક્ત્વનું સ્વરૂપ સમજાવીને તેની આરાધનાનો સુંદર ઉપદેશ આપ્યો છે.

આ છઢાળાના પ્રવચનો દ્વારા જૈનસિદ્ધાંતનાં રહસ્યો સમજાવીને પૂ. ગુરુદેવે જૈનસમાજ ઉપર ઉપકાર કર્યો છે. ગુરુદેવના આ પ્રવચનોનું ભાવભીનું સંકલન કરી આપવા માટે ભાઈશ્રી બ્ર. હરિલાલ જૈનને ધન્યવાદ ઘટે છે; તેમજ આ પુસ્તક છપાવીને આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવા માટે ભાઈશ્રી વછરાજ ગુલાબચંદના સુપુત્રોને પણ ધન્યવાદ ઘટે છે.

આ છઢાળામાં "ગાગરમાં સાગર" ભર્યો છે. સનાતન સત્ય દિગંબર જૈનધર્મના એકએક સિદ્ધાંત ઘણી જ સુંદર કાવ્ય-

રચનાદ્વારા વિદ્વાન કવિશ્રીએ આ પુસ્તકમાં ભરી દેવાની કોશિશ કરી છે... અને તેમની આ રચના સફળ થઈ છે. જૈનસમાજમાં આ છઢાળા ખૂબ જ પ્રસિદ્ધ છે અને તેના ઊંડા ભાવો આ પ્રવચનોમાં સહેલી ભાષામાં ખોલ્યાં છે, તેથી જૈનસમાજના જિજ્ઞાસુઓને, તેમજ વસ્તુસ્વભાવ સમજવામાં જેને રસ હોય એવી જગતની કોઈ પણ વ્યક્તિને, અત્યંત ઉપયોગી થશે, અને તેની સમજણ ભવભ્રમણના દુઃખનો ત્વરિત અંત લાવીને મોક્ષસુખ પમાડશે.

।। જૈનં જયતુ શાસનં।।

દીપાવલી ( ૨૪૯૯ ) —નવનીતલાલ ચુનીલાલ જવેરી

**સોનગઢ** પ્રમુખ—


શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ.

# * વિષયસુચી ( ત્રીજી ઢાળ ) *

## ( સમ્યગ્દર્શનની આરાધનાનો ઉપદેશ )


| ગાથા નં. | પાનું નં. |
|---|---|
| ૧. આત્માના હિત માટે મોક્ષમાર્ગમાં લાગવાનો ઉપદેશ | ૧ |
| ૨. નિશ્ચયથી સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું વર્ણન.... | ૪૨ |
| ૩. વ્યવહાર સમ્યગ્દર્શન તથા સાતતત્ત્વનું વર્ણન... | ૫૩ |
| ૪–૫–૬. બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માનું વર્ણન... | ૬૪ |
| ૭–૮. અજીવ તત્ત્વનું વર્ણન.... | ૯૦ |
| ૮–૯. આસ્રવ તથા બંધતત્ત્વને છોડવાનો ઉપદેશ... | ૯૭ |
| ૯. સંવર તથા નિર્જરાતત્ત્વનું વર્ણન... | ૧૦૬ |
| ૧૦. મોક્ષતત્ત્વનું તથા દેવ–ગુરુ–ધર્મનું વર્ણન.... | ૧૧૬ |
| ૧૧. સમ્યક્ત્વનાં આઠ ગુણ તથા પચ્ચીસ દોષ.... | ૧૨૪ |
| ૧૨–૧૩. સમ્યગ્દષ્ટિનાં આઠ અંગનું સુંદર વર્ણન... | ૧૨૭ |
| ૧૩–૧૪. સમ્યગ્દષ્ટિનું પચ્ચીસ દોષથી રહિતપણું.... | ૧૫૯ |
| ( આઠમદના અભાવનું વર્ણન ૧૬૨ થી ૧૭૫ ) | |
| ૧૫. સમ્યક્ત્વધારક જીવની દશાનો મહિમા... | ૧૮૦ |
| ૧૬. સમ્યગ્દર્શનનું શ્રેષ્ઠપણું, તથા દુર્ગતિનો અભાવ.. | ૧૯૪ |
| ૧૭. મોક્ષમહેલું પહેલું પગથિયું... સમ્યક્ત્વની પ્રેરણા... | ૨૦૭ |
| વીતરાગ–વિજ્ઞાન પ્રેરક ૩૫૪ પ્રશ્નોત્તર... | ૨૨૪ |

णमो अरिहंताणं।
णमो सिद्धाणं।
णमो आइरियाणं।
णमो उवज्झायाणं।
णमो लोए सव्वसाहूणं।



મંગલમય મંગલકરણ
વીતરાગ-વિજ્ઞાન,
નમું તેહ જેથી થયા
અરિહંતાદિ મહાન.

# આત્માના હિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન

## હે જીવ ! તું મોક્ષમાર્ગમાં લાગ.

વીતરાગવિજ્ઞાન મંગલરૂપ છે, અને ત્રણલોકના જીવોને તે જ સારભૂત છે, તેના વડે જ પંચપરમેષ્ઠીપદ પમાય છે. આવા વીતરાગવિજ્ઞાનને મંગલરૂપે નમસ્કાર કરીને પં. દૌલત-રામજીએ આ છહઢાળા શરૂ કરી છે. પ્રથમ ઢાળમાં ચાર ગતિના કેવાં કેવાં દુઃખો જીવે ભોગવ્યાં તે બતાવ્યું; તે દુઃખોનું કારણ મિથ્યાશ્રદ્ધા-મિથ્યાજ્ઞાન ને મિથ્યાઆચરણ છે, માટે તેને ઓળખીને તે મિથ્યાત્વાદિને શીઘ્ર છોડી દે અને આત્મહિતનાં પંથમાં લાગ. -એમ બીજી ઢાળમાં કહ્યું. હવે તે આત્મહિતનો પંથ શું છે તે સમજાવે છે. આત્મહિતનો પંથ કહો કે મોક્ષનો માર્ગ કહો તેનું વર્ણન આ ત્રીજા ઢાળમાં કરે છે, તેમાં પણ સમ્યગ્દર્શનનું વર્ણન મુખ્ય છે.

પહેલાં મોક્ષમાર્ગ બતાવીને તેની આરાધના કરવાનું કહે છે-

( ગાથા-૧ ) ( ઢાળ: જોગીરસા )

**आतमको हित है सुख, सो सुख आकुलता-विन कहिये;**
**आकुलता शिवमांहि न तातैं, शिवमग लाग्यो चाहिये।**

**सम्यग्दर्शन-ज्ञान-चरण शिव-मग सो द्विविध विचारो;**
**जो सत्यारथ-रूप सो निश्चय, कारण सो व्यवहारो।।**

જુઓ, હવે આ મોક્ષમાર્ગનું વર્ણન શરૂ થાય છે. ટૂંકામાં પણ ઘણી વાત સમજાવી દીધી છે. જીવને સુખી થવા માટે આ પ્રયોજનભૂત વાત છે.

આત્માનું હિત શું છે? –કે સુખ થાય તે. તે સુખ કેવું? –કે આકુળતા વગરનું; એટલે નિરાકુળતા તે જ સુખ છે. મોક્ષદશામાં આકુળતાનો અભાવ છે એટલે તે જ આત્માને હિતરૂપ છે, માટે જીવે તે મોક્ષના માર્ગમાં લાગવું જોઈએ.

મોક્ષનો માર્ગ શું છે? કે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે; તે માર્ગને બે પ્રકારથી વિચારો એટલે કે જાણો. તેમાં જે સત્યાર્થરૂપ છે તે તો નિશ્ચય મોક્ષમાર્ગ છે. અને તેમાં જે કારણરૂપ એટલે કે નિમિત્તરૂપ છે તેને વ્યવહાર જાણો. જુઓ, આમાં બે પ્રકારનો મોક્ષમાર્ગ વિચારવાનું કહ્યું પણ તેમાં સત્યાર્થરૂપ તો એક નિશ્ચયને જ કહ્યો, એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તે જ સાચો મોક્ષમાર્ગ છે, અને વ્યવહાર તે તો ઉપચાર છે, તે સાચો મોક્ષમાર્ગ નથી.

મોક્ષના બે માર્ગ નથી, મોક્ષનો માર્ગ એક જ છે. એ બાબતમાં પં. શ્રી ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણો સરસ ખુલાસો કર્યો છે. તેઓ કહે છે કે–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* શુદ્ધઆત્માનો અનુભવ તે સાચો મોક્ષમાર્ગ છે.

* વ્રત-તપાદિ કાંઈ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહીએ છીએ, તેથી તેને વ્યવહાર કહ્યો.

* એ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે તેને નિશ્ચય-વ્યવહાર કહ્યા છે, -એમ જ માનવું; એટલે કે ભૂતાર્થ મોક્ષમાર્ગને તો નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો, ને અભૂતાર્થને વ્યવહાર કહ્યો-એમ જાણવું; પણ એ બંનેય સાચા મોક્ષમાર્ગ છે અને બંને ઉપાદેય છે-એમ માનવું તે તો મિથ્યાબુદ્ધિ જ છે. તો શું કરવું? -તેનો ખુલાસો કરતાં પંડિતજી જૈનસિદ્ધાંતનું રહસ્ય સમજાવે છે કે 'નિશ્ચયનયવડે જે નિરૂપણ કર્યું, હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું, તથા વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.' નિશ્ચયનયવડે શુદ્ધજ્ઞાનઘન સ્વભાવના મહિમામાં લીન થવું તે મોક્ષનું કારણ છે.

અહીં મોક્ષમાર્ગને બે પ્રકારથી વિચારવાનું કહ્યું તેમાં પણ આ નિયમ સમજવો કે સાચો મોક્ષમાર્ગ એક જ છે. તેથી અહીં પહેલી જ ગાથામાં. પં. દૌલતરામજીએ કહ્યું કે '**जो सत्यारथरूप सो निश्चय**' નિશ્ચયમોક્ષમાર્ગ તે જ સાચો મોક્ષમાર્ગ છે. પં. શ્રી ટોડરમલજીએ પણ એમ જ કહ્યું છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે- ‘મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી. પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ તરીકે નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે અથવા સહકારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે, અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય, તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. આ પ્રમાણે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકાર જાણવા; પણ એક નિશ્ચય-મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર-મોક્ષમાર્ગ છે એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.’ નિરૂપણ બે પ્રકારથી છે પણ માર્ગ તો એક જ છે. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ સાચો મોક્ષમાર્ગ છે. શ્રી કુંદકુંદસ્વામીએ સમયસારમાં ઠેરઠેર એ વાત સ્પષ્ટ સમજાવી છે, કે ભૂતાર્થસ્વભાવના આશ્રયે જ જીવ સમ્યગ્દષ્ટિ થાય છે; નિશ્ચયનયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે. અહો, સમયસારમાં તો આચાર્યદેવે મોક્ષનો માર્ગ ખુલ્લો મૂક્યો છે. હજારો શાસ્ત્રોનો ભંડાર સમયસારમાં ભર્યો છે.

વીતરાગી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, નવતત્ત્વસંબંધી બરાબર જાણપણું અને વ્રત-સમિતિરૂપ ચારિત્ર-એવો જે વ્યવહાર તેને નિશ્ચયનું કારણ કહ્યું, પણ એનો અર્થ એમ ન સમજવો કે નિશ્ચયના ભાન વગર એકલો વ્યવહાર કરતાં કરતાં તે નિશ્ચય-મોક્ષમાર્ગનું કારણ થઈ જશે. નિશ્ચય વગરના વ્યવ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હારને તો કારણ તરીકેનો ઉપચાર પણ નથી આવતો. કાર્ય વગર કારણ કોનું? નિશ્ચયપૂર્વકનો જે વ્યવહાર છે તેને ઉપચારથી કારણ કહેવાય છે. અને શુદ્ધ આત્માના આશ્રયે થયેલા જે સમ્યક્રુચિ-જ્ઞાન અને લીનતા તે સાચો મોક્ષમાર્ગ છે. આવા મોક્ષમાર્ગને જાણીને હે જીવ! તેની આરાધનામાં તારા આત્માને જોડ. આત્મા-આશ્રિત જે રત્નત્રય તેના જ વડે મોક્ષ પમાય છે, તેમાં જ નિરાકુળ સુખ છે અને તે જ આત્માનું કલ્યાણ છે.

**सम्यग्दर्शन-ज्ञान-चारिंत्राणि मोक्षमार्ग:** તેનું આ વર્ણન છે. મોક્ષ એટલે શું, અને તે મોક્ષનો ઉપાય શું? એ બંને વાત એક શ્લોકમાં બતાવી દીધી છે. આત્માનું હિત શું? -કે મોક્ષ. સર્વાર્થસિદ્ધિમાં પહેલા સૂત્રના ઉપોદ્ઘાતમાં તેનું સરસ વર્ણન કર્યું છે.

જેને પોતાના હિતની ભાવના જાગી છે એવો કોઈ નિકટભવ્ય મુમુક્ષુ જીવ, રમણીય વનમાં ગયો અને ત્યાં બિરાજમાન નિર્ગ્રંથ મુનિરાજને વિનયપૂર્વક મોક્ષનો માર્ગ પૂછ્યો.

મુનિ કેવા છે? જે આત્માના ધ્યાનમાં બેઠા છે ને બોલ્યા વગર વીતરાગમુદ્રા વડે જ જાણે કે મોક્ષમાર્ગ દેખાડી રહ્યા છે;-એવા મુનિરાજ પાસે જઈને શિષ્ય વિનયથી પૂછે છે-પ્રભો! આત્માનું હિત શું છે?

શ્રીગુરુ પ્રસન્નતાથી તેને સમજાવે છે કે હે વત્સ! આત્માનું હિત મોક્ષ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ત્યારે શિષ્ય ફરીને પૂછે છે કે પ્રભો! તે મોક્ષનો ઉપાય શું છે?

તેના ઉત્તરમાં પહેલું સૂત્ર કહ્યું છે કે – **‘ सम्यग्दर्शनज्ञान-चारित्राणि मोक्षमार्गः। ’**

અહીં પણ ત્રીજી ઢાળના પહેલા શ્લોકમાં એ જ વાત કરી કે–

**આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા-બિન કહિયે;**
**આકુલતા શિવમાંહિ ન તાતેં શિવમગ લાગ્યો ચહિયે.**

સુખ એટલે આત્માનો નિરાકુળ સ્વભાવ; આત્માનું પૂર્ણ અતીન્દ્રિયસુખ તેનું નામ મોક્ષ, અને તે જ આત્માનું હિત. લોકો જે બહારનું સુખ કહે છે તે કાંઈ સુખ નથી, વિષયો તરફનું વલણ તે તો આકુળતા છે, દુઃખ છે. પાપના રાગમાં તો આકુળતા છે ને પુણ્ય તરફના વલણમાં પણ આકુળતા જ છે, એટલે દુઃખ જ છે, તેમાં સુખ નથી. પાપ કે પુણ્ય બંને પ્રકારની આકુળતા વગરનો જે સહજ જ્ઞાન–આનંદમય આત્મ સ્વભાવ, તેમાં એકાગ્ર થતાં જે શાંત–નિરાકુળ–ચેતનરસનો અનુભવ થાય તે સુખ છે. આવ સુખની પૂર્ણ પ્રાપ્તિ તેનું નામ મોક્ષ. તેને ઓળખીને તેના માર્ગમાં જીવે લાગવું જોઈએ.

તે મોક્ષનો માર્ગ શું છે? –તો કહે છે કે–

**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરણ શિવ-મગ સો દ્વિવિધ વિચારો;**
**જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વવહારો.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય અને પાપ એ બંનેમાં આકુળતા હોવાથી તેને મોક્ષમાર્ગમાંથી કાઢી નાંખ્યા. સંપૂર્ણ નિરાકુળતારૂપ સુખના અનુભવસ્વરૂપ જે મોક્ષ, તેની પ્રાપ્તિનો માર્ગ પણ નિરાકુળ-ભાવરૂપ જ હોય. સાચો મોક્ષમાર્ગ નિરાકુળ એટલે રાગ વગરનો જ છે. તેની સાથેના રાગસહિત શ્રદ્ધા-જ્ઞાન-આચરણને મોક્ષમાર્ગનું કારણ કહેવું તે વ્યવહાર છે. જે વ્યવહાર રત્નત્રય છે તે કાંઈ સત્યાર્થ મોક્ષમાર્ગ નથી, નિયમરૂપ મોક્ષમાર્ગ તે નથી. રાગથી પાર આત્માના સ્વભાવમાં ઘૂસી જઈને જે સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થયા તે નિશ્ચય-મોક્ષમાર્ગ છે, તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે, મોક્ષને માટે તે નિયમથી કરવા જેવું કાર્ય છે; માટે કહ્યું કે શિવમગ લાગ્યો ચહિયે. શુભરાગમાં લાગ્યો રહેવાનું ન કહ્યું પણ આત્માના સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ નિશ્ચયમોક્ષમાર્ગમાં લાગવાનું કહ્યું. તેમાં જ આત્માનું હિત અને સુખ છે.

સુખ તો આત્મસ્વભાવ છે, રાગ કાંઈ આત્મસ્વભાવ નથી, તો તે રાગ આત્માના સુખનું કારણ થઈ શકે નહીં. સુખ જેનો સ્વભાવ છે તેને જાણતાં-અનુભવતાં જ સુખ થાય છે. જીવ સુખ ચાહે છે પણ પોતાના સુખસ્વભાવને ભૂલીને તે રાગમાંને સંયોગમાં સુખને શોધે છે. ભાઈ! સુખ તો રાગમાં હોય કે વીતરાગતામાં? વીતરાગતા તે જ સુખ છે, તેને જીવે કદી જાણ્યું નથી. જેણે રાગમાં અને પુણ્યમાં સુખ માન્યું તેને મોક્ષની શ્રદ્ધા નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેથી કહ્યું કે સુખ તો આકુળતા વગરનું છે અને એવા સુખને માટે શિવમાર્ગમાં લાગ્યા રહેવું. આત્માના આવા અતીન્દ્રિય સુખને ધર્મી જીવો જ જાણે છે; અને સ્વ-પરના ભેદજ્ઞાનપૂર્વક વીતરાગવિજ્ઞાન વડે જ તે સુખ અનુભવાય છે.

પહેલી ઢાળમાં ચારગતિનાં દુઃખ બતાવ્યા; બીજી ઢાળમાં તે દુઃખનું કારણ બતાવીને મિથ્યાત્વાદિને છોડવાનું અને આત્મહિતના પંથમાં લાગવાનું કહ્યું; હવે તે હિતનો ઉપાય આ ત્રીજી ઢાળમાં બતાવે છે. પૂર્વાચાર્યોના કથનનો સાર લઈને પંડિતજીએ આ છહઢાળારૂપી ગાગરમાં સાગર ભર્યો છે; સંસ્કૃત-વ્યાકરણ વગેરે ન આવડતું હોય તો પણ જિજ્ઞાસુ જીવ સમજી શકે એવી રીતે સહેલી હિંદી ભાષામાં પ્રયોજનભૂત વર્ણન કર્યું છે.

આત્માનું કલ્યાણ કહો, હિત કહો કે સાચું સુખ કહો, -તે એક જ છે. જે ભાવથી અતીન્દ્રિય સુખ થાય તે જ આત્મહિત છે; એ સિવાય બીજે ક્યાંય, શરીરમાં ધનમાં કે આબરૂ વગેરેમાં સુખ નથી, એના લક્ષે તો આકુળતા છે પણ અજ્ઞાની તેમાં સુખ માને છે. પુણ્ય બાંધવાના ભાવમાં આકુળતા છે અને તે પુણ્યનું ફળ ભોગવવામાં પણ આકુળતા છે; સુખ તેમાં ક્યાંય નથી. બાહ્ય વિષયો વગરનો આત્મા સ્વયં સુખસ્વરૂપ છે. આવા ચૈતન્યસ્વરૂપ આત્માના અનુભવમાં જે વીતરાગી નિરાકુળતા છે તે જ સાચું સુખ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપ વીતરાગવિજ્ઞાન વગર આવું સુખ કોઈને થાય નહીં.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મી જીવ ઇન્દ્રપદના વૈભવમાંય રાજી નથી, ચૈતન્યના આનંદમાં જ તે રાજી છે.

સુખ એટલે નિરાકુળતા; અતીન્દ્રિય આનંદનો મોટો ઢગલો આત્મા છે. સુખ પોતાના અંતરમાં છે પણ તેને ભૂલીને બહારમાં સુખ માનીને જીવ હેરાન થઈ રહ્યો છે. અરે જીવો! બહારનું સુખ લેવા જતાં અંતરમાં આત્માનું જે સાચું સુખ છે તે ભૂલાઈ જાય છે (-સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે) એ વાત લક્ષમાં તો લ્યો, મારું સુખ મારા આત્મામાં છે એમ લક્ષમાં લ્યે તો બાહ્ય વિષયોમાંથી (અશુભમાંથી કે શુભમાંથી) સુખ લેવાની બુદ્ધિ ન રહે, એટલે પરિણતિ અંતરમાં વળીને આત્મસન્મુખ થાય ને અતીન્દ્રિય સુખ અનુભવમાં આવે. આવું સુખ તે નિર્દોષ સુખ છે એટલે તે જ સાચું સુખ છે. બહારમાં સુખ દેખાય છે તે તો અજ્ઞાનીની માત્ર કલ્પના જ છે, મૃગજળ જેવી તે કલ્પના મિથ્યા છે. જેમ હરણિયા મૃગજળને પાણી માનીને પીવા દોડે છે... ઘણું દોડે છે પણ તેને પાણી મળતું નથી. - ક્યાંથી મળે? ત્યાં પાણી હોય તો મળેને? ત્યાં પાણી તો નથી પણ ધગધગતી રેતી છે. -

-અરે હરણિયા! આટલું-આટલું દોડવા છતાં પાણીની ઠંડી હવા પણ તને ન આવી, તો તું વિચાર તો કર કે તને મૃગજળ દેખાય છે તે ખરેખર પાણી નથી પણ કલ્પના જ છે દૃષ્ટિભ્રમ જ છે. પણ ઝાંઝવાંના જળ તરફના વેગે ચડેલા હરણિયાંને એટલો વિચાર કરવાનો અવકાશ ક્યાં છે? તેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઝાંઝવા જેવા વિષયો તરફના વેગે ચડેલા પ્રાણીને એટલો વિચાર પણ નથી આવતો કે અરે, અનાદિકાળથી અશુભ ને શુભ વિષયો પાછળ દોડવા છતાં મને જરાય સુખ કાં ન મળ્યું? સુખની ઠંડી હવા પણ કાં ન આવી? -ક્યાંથી આવે? એમાં સુખ હોય તો આવેને? એ વિષયો તરફના વેગમાં તો ધગધગતી રેતી જેવી આકુળતા જ છે; તેમાં સુખ ભાસે છે તે તો અજ્ઞાનીનો દષ્ટિભ્રમ જ છે.

બહારની અનુકૂળતા તે સુખ, ને પ્રતિકૂળતા તે દુઃખ-એમ પરમાં સુખ-દુઃખ નથી. ધનવાન સુખી ને નિર્ધન દુઃખી એમ પણ નથી; નિરોગતામાં સુખ ને રોગમાં દુઃખ એમ પણ નથી; બહારની દરિદ્રતામાં કાંઈ દુઃખ નથી ને લાખો-કરોડો રૂપિયાનો ઢગલો હોય-એમાં કાંઈ સુખ નથી. પણ એ બંને તરફના વલણમાં આકુળતાથી જીવ દુઃખી... કે જેમાં જોવાથી સુખ મળે. આત્મા જ સુખનો ભંડાર છે પણ એની એને પોતાને ખબર નથી. સખુ તે તો આત્માનો પોતાનો વૈભવ છે, તે કાંઈ જડવૈભવમાં નથી.

ભાઈ, તારે સુખી થવું છેને? ... હા. તો સુખ કેવું હોય અને તે કેમ મળે તે ઓળખવું જોઈએ. આત્માનો જે સહજ સ્વભાવ છે તેમાં વચ્ચે રાગની ડખલ ઊભી ન કર તો આત્મા પોતે જ નિરાકુળ સુખરૂપે અનુભવમાં આવે છે. સુખસ્વભાવ તે આત્મા જ છે. નિરાકુળતા તે સુખ છે, અને તે આત્માની મુક્તદશા છે; માટે સુખના અર્થીએ મોક્ષના મારગમાં લાગવું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈએ. મોક્ષનો માર્ગ એટલે રાગ વગરના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર; મોક્ષ નિરાકુળ છે ને તેનો માર્ગ પણ નિરાકુળ છે; રાગ તો આકુળતા છે-દુઃખ છે.

ભગવંત સિદ્ધો ને અર્હન્તો બહારનાં કોઈ પણ સાધન વગર સ્વયમેવ અનંત અતીન્દ્રિય આનંદને અનુભવે છે. વિદેહક્ષેત્રમાં અત્યારે પણ સીમંધર ભગવાન અને બીજા લાખો અરિહંતભગવંતો એવા અનંત આનંદમાં બિરાજમાન છે, સિદ્ધભગવંતો અનંતા છે તેઓ લોકના શિખરે બિરાજે છે. આવા જ અતીન્દ્રિય સુખથી ભરેલો દરેક આત્મા છે. તેને ઓળખીને તેના આશ્રયે મોક્ષસુખને સાધવાના ઉપાયમાં લાગવું જોઈએ. શ્રી જિનદેવે કહેલા વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-કે જે આત્મશુદ્ધિરૂપ છે, તે સાચો મોક્ષમાર્ગ છે. વીતરાગી રત્નત્રય કહો કે નિશ્ચય રત્નત્રય કહો, તે મોક્ષને માટે નિયમથી કર્તવ્ય છે, તેથી તેને 'નિયમ' કહેવાય છે; તેમાં રાગનો અભાવ બતાવવા 'સાર' વિશેષણ જોડીને તેને 'નિયમસાર' કહેવાય છે. તે પરમસુખનો માર્ગ છે.

હવે કહે છે કે આવો મોક્ષનો માર્ગ છે તે બે પ્રકારે વિચારવો-એક સત્યાર્થરૂપ એટલે ખરેખરો મોક્ષમાર્ગ છે, તે તો નિશ્ચયથી મોક્ષમાર્ગ છે; અને તેનું જે કારણ છે, -ખરું કારણ નહિ પણ ઉપચાર કારણ છે-તે વ્યવહાર છે. નિમિત્ત-કારણ કે જે ખરેખર મોક્ષમાર્ગ નથી છતાં ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે; તે સત્યાર્થ નથી પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અસત્યાર્થ છે-અભૂતાર્થ છે. સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ કહેવો તે સત્યાર્થ છે, તે નિશ્ચય છે.

અહીં સત્યાર્થને જ નિશ્ચય કહ્યો તેના ઉપર જોર છે. નિશ્ચયને સત્યાર્થ કહ્યો એટલે વ્યવહાર તે અસત્યાર્થ છે-એમ પણ તેમાં આવી જ ગયું. નિર્વિકલ્પ શુદ્ધ આત્માના આશ્રયે જે રત્નત્રયરૂપ શુદ્ધ પરિણતિ થઈ તે મોક્ષમાર્ગ છે, તે સાચો મોક્ષમાર્ગ છે-એમ વિચારવું એટલે કે જ્ઞાન કરવું. અંશે શુદ્ધતા તે પૂર્ણ શુદ્ધતાનું કારણ છે; તેમાં તો કારણ અને કાર્યની એક જાત છે તેથી તે નિશ્ચયથી કારણ છે, પણ તેની સાથે જે અશુદ્ધતા છે (શુભરાગ છે) તે કાંઈ શુદ્ધતાનું સાચું કારણ નથી; પણ શુદ્ધતાની સાથે ભૂમિકાઅનુસાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવતત્ત્વનું જ્ઞાન કે પંચમહાવ્રત વગેરે સંબંધી વિકલ્પો હોય છે તેથી તેને પણ મોક્ષમાર્ગનું 'સહકારી' જાણીને (-એટલે કે તે પોતે મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં સાથે રહેનાર છે-એમ સહકારી જાણીને) ઉપચારથી તેને પણ મોક્ષમાર્ગ કહેવાય છે, પણ કાંઈ સત્યાર્થ મોક્ષમાર્ગ તે નથી; એટલે તેને વ્યવહાર કહ્યો, ગૌણ કહ્યો તે અસત્યાર્થ કહ્યો, ને અશુદ્ધ છે, પરાશ્રિત છે. અને શુદ્ધ આત્માના આશ્રયે રાગ વગરના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે મોક્ષમાર્ગ છે તે નિશ્ચય છે. મુખ્ય છે, સત્યાર્થ છે, શુદ્ધ છે અને સ્વાશ્રિત છે. આ રીતે, 'દુવિધ' માર્ગ કહ્યો તેમાં એક જ સત્યાર્થ છે- 'जो सत्यारथरूप सो निश्चय' એક નિશ્ચય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષમાર્ગ તે જ સાચો છે. -આ રીતે મોક્ષમાર્ગનું સ્વરૂપ વિચારે તો તે વિચાર સાચો છે. પણ વ્યવહારને જ ખરો મોક્ષમાર્ગ સમજીને તેમાં રોકાઈ જાય, ને નિશ્ચય મોક્ષમાર્ગને ઓળખે નહીં તો તેને મોક્ષમાર્ગનો વિચાર પણ સાચો નથી; તે તો બંધના માર્ગને જ મોક્ષમાર્ગ માનીને સેવી રહ્યો છે.

નિશ્ચય મોક્ષમાર્ગ તે એક જ સાચો મોક્ષમાર્ગ છે. નિશ્ચય એટલે એકલા શુદ્ધ આત્મામાં રુચિ-જ્ઞાન-એકાગ્રતા તે યથાર્થ વાસ્તવિક શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો સત્ય મોક્ષમાર્ગ છે, તે નિયમથી મોક્ષમાર્ગ છે, તેના સેવનથી મોક્ષ જરૂર થાય જ-એવો નિયમ છે. અને તેના કારણરૂપ (એટલે કે નિમિત્ત-કારણરૂપ) તે વ્યવહાર છે. આ બંને પ્રકારને બરાબર જાણવા જોઈએ. બંનેને 'જાણવા' જોઈએ, પણ બંનેને જાણીને આદરવાયોગ્ય તો એક નિશ્ચય-સત્યાર્થમાર્ગ જ છે, -એમ જાણે ત્યારે જ બંનેનું સાચું જ્ઞાન થાય છે.

સ્વભાવના આશ્રયે શુદ્ધરત્નત્રયવડે મોક્ષને સાધનારા સાધકને તે-તે ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની તથા નવતત્ત્વ વગેરેની ઓળખાણ કેવી હોય છે તે બરાબર ઓળખવું જોઈએ; તેમાં વિપરીત માનીને જે ગોટા વાળે તેણે સાચા મોક્ષમાર્ગને જાણ્યો નથી. પરથી વિભક્ત, અને સ્વભાવથી એકત્વ એવા શુદ્ધઆત્માના આશ્રયે પ્રગટેલી જે રત્નત્રયરૂપ, નિર્મળપર્યાય તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેની સાથે જે વ્યવહાર રત્નત્રય છે તે પોતે ખરેખર માર્ગ નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ નિમિત્ત તરીકે તેને મોક્ષમાર્ગનું નામ મળે છે, તે વ્યવહાર છે, તે અસત્યાર્થ છે-એમ જાણવું. તે વખતની શુદ્ધતાને મોક્ષમાર્ગ જાણવો તે અનુપચાર છે (સત્ય છે), અને તે વખતના શુભરાગને મોક્ષમાર્ગ કહેવો તે ઉપચાર છે (અસત્ય છે). મોક્ષમાર્ગી જીવને ભૂમિકા પ્રમાણે બંને પ્રકાર હોય છે, તે બતાવવા 'દ્વિવિધ' કહેલ છે; તેમાં મોક્ષનું સાચું કારણ એક જ છે, બે નથી. સાધકને નિશ્ચય સમ્યક્ત્વ સાથેનો વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજા વગેરેનો શુભવિકલ્પ, તે બધંનું કારણ હોવા છતાં આરોપથી તેને પણ મોક્ષમાર્ગ કહેવાય છે; કેમકે મોક્ષમાર્ગના નિમિત્તનું જ્ઞાન કરાવવા તેને વ્યવહાર કહ્યો.

વ્યવહાર તે કારણ, -પણ કોનું? કે નિશ્ચય મોક્ષમાર્ગનું; એટલે કે ત્યાં સાચો મોક્ષમાર્ગ વર્તે છે તેનું કારણ ઉપચારથી છે; પણ જ્યાં સાચો મોક્ષમાર્ગ છે જ નહીં ત્યાં તો કારણ કોનું કહેવું? નિશ્ચયનું તો લક્ષ ન હોય ને એકલા વ્યવહારનું સેવન કરતાં કરતાં તેનાથી મોક્ષમાર્ગ પ્રગટી જાય એમ બનતું નથી. માટે મોક્ષાર્થી જીવોએ સાચા મોક્ષમાર્ગને બરાબર ઓળખીને તેનો ઉદ્યમ કરવો જોઈએ.

આત્માનો પૂર્ણ આનંદ તે મોક્ષ; તેની પ્રાપ્તિનો ઉપાય તે મોક્ષમાર્ગ; મોક્ષનો માર્ગ, મોક્ષનો ઉપાય, મોક્ષનું કારણ, મોક્ષનો ઉદ્યમ, મોક્ષની ક્રિયા, કે મોક્ષની આરાધના તે બધું એક જ છે; તેમ જ ધર્મ છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-લીનતા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રૂપ અંતર્મુખ શુદ્ધભાવ વડે તે સધાય છે. અને શુભભાવો તે તો બહિર્મુખ વૃત્તિઓ છે, તેના વડે મોક્ષ સધાતો નથી. નિશ્ચય મોક્ષમાર્ગ સ્વાશ્રિત ભાવથી વીતરાગ પ્રગટે છે; અને તે નિશ્ચયસહિતના વ્યવહારને ઉપચારકારણ કહેવાય છે. નિશ્ચય તે મુખ્ય છે, તે સત્ય છે; વ્યવહાર તે આરોપ છે, ગૌણ છે. પરિણતિ અંતરમાં ઝૂકે ને જ્ઞાયકસ્વભાવમાં ઊતરીને લીન થાય તેમાં અતીન્દ્રિયસુખનું વેદન છે, તે સાચો-પરમાર્થ-નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને તે જ શુદ્ધમાર્ગ છે. આવા માર્ગને સેવીને તીર્થંકરાદિ મહાપુરુષો મોક્ષસુખને પામ્યા છે; અને મુમુક્ષુઓને પણ એ જ માર્ગ દેખાડયો છે.

મિથ્યાદ્રષ્ટિને નિશ્ચય કે વ્યવહાર એક્કેય નય સાચો હોતો નથી, કેમકે નય તો સાચા જ્ઞાનનો પ્રકાર છે. શુદ્ધ આત્માના જ્ઞાન વગર પ્રમાણજ્ઞાન થાય નહીં એટલે ભાવશ્રુત થાય નહીં; ને ભાવશ્રુતપ્રમાણ વગર નિશ્ચય કે વ્યવહાર નય હોય નહીં. આત્માનો સ્વાનુભવ થતાં મતિ-શ્રુત બંને જ્ઞાન એક સાથે સમ્યક્ પરિણમે છે, તેમાંથી શ્રુતજ્ઞાનમાં અનંતપ્રકારના નયો પડે છે. નય તે સાચા શ્રુતજ્ઞાનનો પ્રકાર છે. પણ જ્ઞાન જ જેનું ખોટું હોય તેને નય કેવા? એટલે મિથ્યાદ્રષ્ટિ જેને વ્યવહાર તરીકે સેવે છે તે તો ખરેખર મોક્ષમાર્ગનો વ્યવહાર પણ નથી. નિશ્ચય વગરનો વ્યવહાર તો મિથ્યા છે. શુદ્ધ આત્મા જેવો છે તેવો જાણીને પ્રતીતમાં લીધે ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું, ચારિત્રનો અંશ પણ તેની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાથે ખુલ્યો, એટલે મોક્ષમાર્ગ શરૂ થયો. તે જીવને સાચા નિશ્ચય-વ્યવહાર હોય છે. પહેલાં એકલો વ્યવહાર હોય ને તે કરતાં કરતાં નિશ્ચય પ્રગટે એમ નથી. ઉપયોગસ્વરૂપ શુદ્ધ આત્માના અવલંબને જે શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટયા તે શુદ્ધ મોક્ષમાર્ગ છે, અને તેની સાથે જે રાગાદિ છે તે અશુદ્ધ છે, તેને મોક્ષમાર્ગનું કારણ કહેવું તે ઉપચાર છે.

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યધાતુ, તેણે અનંત આનંદને પોતામાં ધારણ કર્યો છે, તે ચૈતન્યસમુદ્રમાં ડુબકી લગાવતાં મોક્ષના આનંદનો અનુભવ થાય છે. આવા આનંદનો અનુભવ થાય ત્યારે જ મોક્ષમાર્ગ પ્રગટયો કહેવાય. આત્મા તો રત્નોનો મોટો પહાડ છે; એને ખોદતાં (એટલે કે અનુભવમાં લેતાં) તેમાંથી મહાન રત્નો જ નીકળે છે. અનંતા આનંદમય રત્નો તેમાં ભર્યાં છે.

* જગતમાં જડ રત્નોની તો ધર્મમાં કાંઈ કિંમત નથી.

* હવે આત્મામાં મોક્ષનાં કારણરૂપ ત્રણ રત્નો-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

* તેનું ફળ કેવળજ્ઞાનદિ ચતુષ્ટય-તે મહારત્ન.

* અનંતી કેવળજ્ઞાનપર્યાયરૂપે પરિણમવાની જેની તાકાત-એવો જ્ઞાનગુણ તે મહા-મહારત્ન.

* અને અનંત ગુણરત્નોથી ભરેલો ચૈતન્યસમુદ્ર તે તો મહા-મહા-મહારત્ન.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ, આવા રત્નોનો જ આખો પહાડ તું છો... તારા મતિ-શ્રુતજ્ઞાનને અંતરમાં વાળીને આ ચૈતન્યરત્નના પહાડને તું દેખ. પોતે આનંદનો મોટો ડુંગર, પણ દૃષ્ટિના દોષને લીધે જીવ તેને દેખતો નથી. જેમ સામે જ મોટો રત્નનો પહાડ હોય પણ જેની આંખ આડે તરણું છે તે માણસ પહાડને દેખતો નથી, તેમ જીવ પોતે અનંતા ગુણ-રત્નોનો મોટો પહાડ છે, પણ રાગમાં એકત્વભાવનારૂપ જે તરણું એટલે કે મિથ્યાત્વનો તૂચ્છભાવ, તેની આડશને સ્વભાવરૂપ મોટા પહાડને દેખી શકતો નથી. સંતો વીતરાગ-વિજ્ઞાનના ઉપદેશવડે તેનો ભ્રમ છોડાવી તેનું સાચું સ્વરૂપ દેખાડે છે-કે જેનો મહિમા મેરુપર્વતથી પણ મોટો છે. અરિહંતોએ કેવળજ્ઞાન પ્રગટ કર્યું તે ક્યાંથી આવ્યું? -શું બહારથી આવ્યું? ના; અંદર આત્મામાં હતું તે જ પ્રગટ્યું છે. તેમ દરેક આત્મા અરિહંત ભગવાન જેવા જ સામર્થ્યવાળો છે. - આચાર્યદેવ કહે છે કે આવા તારા આત્માને તું ઓળખ.

**જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્ય ને પર્યયવડે,**
**તે જીવ જાણે આત્માને તસુ મોહ પામે લય ખરે.**

કેવળજ્ઞાની અરિહંત ભગવાન, જેમનાં દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણે શુદ્ધ ચેતનમય છે અને જેમાં રાગનો સર્વથા અભાવ છે, તેમને ઓળખતાં રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ પોતાનો આત્મા અનુભવમાં આવે છે એટલે સમ્યગ્દર્શન થાય છે. પોતાના આત્માના શુદ્ધસ્વભાવનો નિર્ણય, કે અરિહંતના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુદ્ધઆત્માનો નિર્ણય, એ બંને ભેગાં જ થાય છે. રાગથી ભિન્ન એવી જ્ઞાનપર્યાયે અંતરમાં વળીને જ્યારે આત્માનો અનુભવ કર્યો ત્યારે સાથે અરિહંતના અને સિદ્ધના શુદ્ધ-આત્માનો નિર્ણય પણ સાચો થયો. ત્યાર પહેલાં અરિહંતના શુદ્ધઆત્માનો નિર્ણય કરવાનું લક્ષ હતું તેને ઉપચારથી સમ્યગ્દર્શનનું કારણ કહેવાય છે. જ્યારે પરલક્ષથી ખસીને અંતરમાં વળ્યો ત્યારે આત્મસ્વરૂપનો સમ્યક્ નિશ્ચય થયો અને ત્યારે ભૂતનૈગમનયે પૂર્વના રાગમિશ્રિત નિર્ણયને તેનું કારણ કહ્યું. નિશ્ચય વગર વ્યવહાર કોનો? નિશ્ચયના લક્ષ વગર એકલી પરસન્મુખતાથી તો અનંતવાર અરિહંતદેવ તરફના વિકલ્પો કર્યા, ધારણા કરી, તે કેમ સમ્યગ્દર્શનનું કારણ ન થયું? -કેમકે નિશ્ચયનું લક્ષ ન હતું; નિશ્ચય વગરનું તે બધું ખરેખર વ્યવહારાભાસ છે, સાચો અરિહંતનો નિર્ણય તેમાં નથી. એટલે અજ્ઞાનીના શુભરાગમાં મોક્ષમાર્ગનો વ્યવહાર લાગુ પડતો નથી; મોક્ષમાર્ગ તેને શરૂ જ થયો નથી. રાગવડે મોક્ષમાર્ગ શરૂ થાય નહીં. રાગથી આઘો ખસીને જ્ઞાનવડે અંતરના સ્વભાવમાં ઘૂસી જાય ત્યારે શુદ્ધઆત્માના અપૂર્વ અનુભસહિત મોક્ષમાર્ગ શરૂ થાય છે.

આવો મોક્ષમાર્ગ જેને પ્રગટયો છે તેના નિશ્ચય ને વ્યવહાર કેવા હોય તેની આ વાત છે. મોક્ષમાર્ગ જેને થયો છે તેને બે વાત લાગુ પડે છે-જે રત્નત્રયની શુદ્ધતા છે તે યથાર્થ મોક્ષમાર્ગ છે; અને જે શુભરાગ ભૂમિકાઅનુસાર છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપચારથી મોક્ષમાર્ગ છે. સાચો મોક્ષમાર્ગ હોય ત્યાં બીજામાં ઉપચાર લાગુ પડે છે. શુદ્ધઆત્માના આશ્રયે પ્રગટેલા શુદ્ધભાવરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ તે જ સાચો મોક્ષમાર્ગ છે, બીજો કોઈ સાચો મોક્ષમાર્ગ નથી. વીતરાગમાર્ગમાં આવી વસ્તુસ્થિતિ છે; આ સિવાય બીજી રીતે મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી.

અહો, ચૈતન્યભગવાન આત્મા! જેને લક્ષમાં લેતાં જ આત્મામાં આનંદ સહિત ભાવશ્રુતના અંકુરા ફૂટે છે. ભાવશ્રુત તે કેવળજ્ઞાનનો અંકુરો છે; જ્ઞાનનો તે અંકુર કોઈ રાગના વિકલ્પમાંથી નથી આવતો. રાગમાંથી જ્ઞાનનો અંકુર કદી ઊગે નહીં; ચૈતન્યરત્નાકર ઉલ્લસીને તેમાંથી શ્રુતનો અંકુર આવે છે. તેની સાથેની શુદ્ધદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે, અને જેટલી રાગરહિત સ્થિરતા થઈ તે સમ્યક્ચારિત્ર છે; – આવો મોક્ષમાર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે આનંદનો માર્ગ આતમરામ નિજપદમાં રમે તે આનંદનો માર્ગ છે; પરપદમાં રમે તે મોક્ષમાર્ગ નથી, તેમાં આનંદ નથી. રાગાદિકભાવ તે પરપદ છે, તેમાં રમે એટલે કે તેમાં સુખ માને તેને મોક્ષમાર્ગ થતો નથી, મોક્ષનો માર્ગ તો સ્વપદમાં સમાય છે.

## કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા...
## નિર્ગ્રંથનો પંથ ભવ-અંતનો ઉપાય છે.

કાયા અને આત્માની ભિન્નતાને જાણીને નિજસ્વરૂપમાં જેઓ સમાયા-લીન થયા એવા નિર્ગ્રંથ-મુનિવરોનો માર્ગ તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ ભવના અંતનો ઉપાય છે, તેનાથી જ મોક્ષ પમાય છે.

મોક્ષના માર્ગમાં ભાવશ્રુતજ્ઞાન હોય છે, તે પણ આનંદના સ્વાદથી ભરેલું છે ને સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ છે. જેમ કેવળ-જ્ઞાન પ્રમાણ છે તેમ શ્રુતજ્ઞાન પણ પ્રમાણ છે; પરોક્ષ હોવા છતાં તે પ્રમાણ છે, ને સ્વસંવેદનમાં તો તે પ્રત્યક્ષ પણ છે. પોતાના આત્માના અનુભવને સાધકજીવ સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ-પ્રમાણથી જાણે છે; તેમાં તેને કોઈ સન્દેહ નથી. પરોક્ષરૂપ પ્રમાણજ્ઞાન પણ સંદેહ વગરનું હોય છે. કેવળજ્ઞાન જેવી જ જાતનું, સ્વસંવેદન-પ્રત્યક્ષરૂપ ભાવશ્રુતજ્ઞાન હોય ત્યારે જ મોક્ષમાર્ગ થાય, અને તે જીવને જ સાચા નિશ્ચય-વ્યવહાર નયો હોય.

સમ્યક્ચારિત્ર તે મુખ્ય મોક્ષમાર્ગ છે.

ચારિત્ર એટલે સ્થિરતા;-શેમાં ? નિજસ્વરૂપમાં

નિજસ્વરૂપ શું છે તેના જ્ઞાન વગર સ્થિરતા હોય નહીં.

સંસારના કારણરૂપ એવા શુભાશુભ રાગથી નિવૃત્ત થઈને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં પ્રવર્તવું તે સમ્યક્ચારિત્ર છે. જ્ઞાનપૂર્વક જ આવું ચારિત્ર હોય છે, અજ્ઞાનીને હોતું નથી. -એમ બતાવતા તેને ‘સમ્યક્’ કહેલ છે.

આત્મા જ્ઞાનધાતુની વીતરાગી ખાણ છે, રાગ તેનાથી જાુદી વસ્તુ છે. રાગાદિ વિકલ્પો તે તો અચિદ્ધાતુ છે. અરે ! આ અચિદ્ધાતુનો આભાસ તો જાુઓ ! અજ્ઞાનીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભ્રમ થાય છે કે આ વિકલ્પ તે આત્મા છે. પણ ભાઈ! એ વિકલ્પમાં કાંઈ ચેતના નથી, સ્વ-પરને જાણવાની જાગૃતિ તેનામાં નથી. જાગતી ચેતનાવાળો શુદ્ધ ચૈતન્યભગવાન તું છો-કે જેમાં વિકલ્પ કદી પ્રવેશી શકતો નથી. -આવા આત્માને ઓળખીને અનુભવમાં લે પછી જ તેમાં ઠરવારૂપ સમ્યક્ચારિત્ર થશે. સ્વવસ્તુના શ્રદ્ધા-જ્ઞાન વગર લીનતા શેમાં થાય? ચોથા ગુણસ્થાને ચૈતન્યના શ્રદ્ધા-જ્ઞાન એક સાથે પ્રગટે છે, સ્વરૂપાચરણદશા પણ ત્યાં પ્રગટે છે, મુનિદશારૂપ ચારિત્ર છઠ્ઠા-સાતમા ગુણસ્થાને હોય છે. આ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિતનું ચારિત્ર તે મોક્ષમાર્ગ છે તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી છે.

ધર્મીજીવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને એકસાથે થાય છે. સમ્યગ્દર્શન સાથેનું જે ભાવશ્રુત-પ્રમાણજ્ઞાન તેમાં જ સાચા નયો હોય છે. મોક્ષમાર્ગનો ઉદ્યમ કરનારા જીવને નવતત્ત્વના નિર્ણયનો વિચાર, સાચા દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપનો વિચાર એવા શુભભાવો હોય છે, અને ભૂતનૈગમનયથી તેને પણ મોક્ષમાર્ગનું કારણ કહેવાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાનસહિતની ભૂમિકામાં પણ એવા શુભભાવો હોય છે, પણ એનાથી વિરુદ્ધ (એટલે કે કુદેવાદિને માનવારૂપ, કે જગતને કોઈએ બનાવ્યું એવા વિપરીત તત્ત્વની માન્યતારૂપ) ભાવ તે ભૂમિકામાં હોતા નથી, -આવું જ્ઞાન કરાવવા તે ભૂમિકાના શુભભાવોને વ્યવહારકારણ કહેવામાં આવે છે. ત્યાં એકલો શુભરાગ નથી, સાથે શુદ્ધતાના ભાન સહિત તેનું અંશે પરિણમન પ્રગટયું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. -આવી નિશ્ચય-વ્યવહારની સંધિ મોક્ષમાર્ગમાં છે. આમાં નિશ્ચય વગરના વ્યવહારની તો વાત જ નથી, અને નિશ્ચય સહિતનો જે વ્યવહાર છે. તે પણ ખરૂં મોક્ષનું કારણ નથી, ઉપચારથી જ તે કારણ છે. ખરૂં મોક્ષનું કારણ તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે કે જે આત્માના જ અનુભવરૂપ છે.

મોક્ષમાર્ગમાં પહેલાં સમ્યગ્દર્શન ને પછી સમ્યગ્જ્ઞાન એમ નથી, તેમ જ પહેલાં સમ્યગ્જ્ઞાન ને પછી સમ્યગ્દર્શન એમ પણ નથી; શુદ્ધઆત્માના અવલંબને બંને એક સાથે જ થાય છે, પણ દીપક અને પ્રકાશની માફક તેમનામાં કારણ-કાર્યપણું કહેવામાં આવે છે; સમ્યગ્દર્શનને કારણ અને સમ્યગ્જ્ઞાનને કાર્ય કહેવાય છે, -પણ તેમનામાં પહેલાં-પછીપણું નથી, બંને સાથે જ છે. સ્વજ્ઞેયને પકડવાના જ્ઞાનની સાથે તેની નિર્વિકલ્પપ્રતીત વર્તે જ છે. જેની પ્રતીત કરે છે તેનું સાચું જ્ઞાન પણ સાથે છે જ. જાણ્યા વગરની શ્રદ્ધાને તો ગદ્ધાભાઈના શીંગડા જેવી અસત્ય કહેવામાં આવી છે.

સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં જ નિશ્ચય ને વ્યવહાર એવા બે નયો હોય છે, સમ્યગ્દષ્ટિના તે બંને નયો સાચાં છે. અજ્ઞાનીને એક્કેય નય સાચો નથી. ધર્મીના બે નયોમાં જે નિશ્ચયનય છે તે તો સત્ય વસ્તુ સ્વરૂપ બતાવે છે ને વ્યવહાર તો નિમિત્ત વગેરેનું જ્ઞાન કરાવે છે. શ્રુતજ્ઞાનમાં અનંતનયો સમાય છે, પણ સાધકજીવ અનંતનયના ભેદ પાડીને જાણી શકે નહીં. પ્રયોજન સાધવા માટે ટૂંકામાં બે નય-એક સ્વાશ્રિત સ્વરૂપને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણનાર નિશ્ચયનય; અને બીજો પરાશ્રિતભાવને જાણનારો વ્યવહારનય; તેમાં નિશ્ચયનય અનુસાર જે વસ્તુસ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવવડે મોક્ષમાર્ગ સધાય છે, કેમકે તે સત્યાર્થ છે.

'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો...' એવી દશા થાય ત્યારે ભાવશ્રુત-પ્રમાણજ્ઞાન થાય, અને તે નિશ્ચય-વ્યવહાર બંનેને યથાર્થ જાણે. જ્યાં સુધી શુદ્ધાત્માના અનુભવરૂપ ભાવ-શ્રત પ્રગટયું નથી, ને રાગમાં તથા દેહમાં અનુભવરૂપ ભાવશ્રત પ્રગટયું નથી, ને રાગમાં તથા દેહમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યારુચિ છે ત્યાં સુધી જીવનું જ્ઞાન મોક્ષનું સાધક થતું નથી; પરભાવોથી ખસીને સ્વદ્રવ્ય તરફ વળે ત્યારે જ તે મોક્ષનું સાધક થાય છે, એના સિવાય ગમે તેટલું જાણપણું કે શુભઆચરણ હોય તે બધું બહિર્મુખ છે. અંતર્મુખ ચૈતન્યસત્તા દષ્ટિમાં આવ્યા વગર મોક્ષનો મારગ ખુલે નહીં. અને જ્યાં માર્ગ જ ખુલ્યો નથી ત્યાં 'આ નિશ્ચય મોક્ષમાર્ગને આ વ્યવહાર મોક્ષમાર્ગ' એવા વિચારને અવકાશ જ ક્યાં છે? 'માર્ગ' હોય તો તેમાં નિશ્ચય-વ્યવહાર લાગુ પડે ને? અહા! અંતરના સાચા માર્ગને ભૂલીને જગત બહારમાં રાગાદિને માર્ગ માની બેઠું છે. પણ બાપુ! અનંતકાળથી એવા ભાવો તો કર્યા છતાં કેમ તારા હાથમાં કાંઈ ન આવ્યું? 'વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પડયો.' -માટે સમજ, કે એ માર્ગ સાચો નહીં; સાચો માર્ગ એનાથી કાંઈક જુદો જ છે. તે માર્ગ એટલે કે વીતરાગવિજ્ઞાન અહીં સંતો સમજાવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિ જ જેની બંધ છે, જ્ઞાનચક્ષુ જ જેના ઉઘડયા નથી તેને નય કેવા? જે એકલા વ્યવહારને દેખે છે તેને તો રાગમાં એકત્વબુદ્ધિ થઈ છે, રાગ જ તેને સર્વસ્વ થઈ ગયું છે; જો રાગને જ તે સર્વસ્વ ન માનતો હોય તો, રાગથી જુદું બીજું સ્વરૂપ શું છે તેનું તેને લક્ષ હોવું જોઈએ, એટલે કે નિશ્ચયનું લક્ષ હોવું જોઈએ. અને નિશ્ચયનું લક્ષ હોય તો વ્યવહારના આશ્રયે કલ્યાણ માને નહીં. નિશ્ચયના લક્ષ વગર મોક્ષમાર્ગ કેવો? એકાંત વ્યવહારનો આશ્રય તે તો સંસાર છે-મિથ્યાત્વ છે. બહિર્મુખદૃષ્ટિમાં અજ્ઞાનીના જે શુભવિકલ્પો તે વ્યવહાર નથી, તે તો વ્યવહારાભાસ છે. અહીં તો મોક્ષમાર્ગને સાધનારા સાધકને નિશ્ચય સાથે જે વ્યવહાર છે તેની વાત છે. કેવળજ્ઞાન પહેલાં સાધકદશામાં જે વ્યવહાર છે તેને ન સમજે તો તે નિશ્ચયાભાસી છે. મુનિને આત્માના રત્નત્રયની શુદ્ધતા કેવી હોય અને તેની સાથે તે ભૂમિકામાં પંચમહાવ્રતાદિ કેવાં હોય તે બંને પ્રકારને ઓળખવા જોઈએ; તેમાં વિપરીતતા માને તો મુનિની સાચી ઓળખાણ થાય નહીં. એ જ રીતે સમ્યગ્દર્શનની ભૂમિકામાં પણ નિશ્ચય ને વ્યવહાર બંને કેવા હોય તે બરાબર ઓળખવું જોઈએ. જે ભૂમિકામાં નિશ્ચય-વ્યવહારના જેવા-જેવા પ્રકારો હોય તેવા બરાબર સમજવા જોઈએ. ભાઈ, આ તો બધા તારા આત્માનાં જ પડખાં છે, તેને તું સમજ. સમજણ જ આત્મા છે. સમજણ એટલે જ્ઞાન; કેવળજ્ઞાન પણ સમજણનો પિંડલો છે; તેમાં ક્યાંય રાગ નથી. જ્ઞાનની જાત અપેક્ષાએ કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન બંને એક

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાતનાં છે. જેમ રૂનું ધોકળું હોય તેમાં બધે રૂ જ ભર્યું હોય, તેમ આત્મા જ્ઞાનનું મોટું ધોકળું છે, જ્ઞાન જ તેમાં ભર્યું છે. અરે, જ્ઞાનનો જ પિંડલો પોતે, અને તે એમ કહે કે મારું સ્વરૂપ મને ન સમજાય-એ તે કેવી વાત! મીઠાપાણીના દરિયામાં રહેલું માછલું કહે કે હું તરસ્યું છું-એના જેવી એ વાત છે. ભાઈ! રાગની પક્કડ છોડીને તારી દૃષ્ટિમાં શુદ્ધ આત્માને પકડ, તો તને આત્મશુદ્ધિરૂપ સમ્યગ્દર્શન થાય, તેની સાથે જ સમ્યજ્ઞાન થાય; સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં સ્વરૂપમાં નિશ્ચલ રહેવારૂપ ચારિત્ર થાય; -આ રીતે મોક્ષમાર્ગ થાય; તે જ સુખ છે, તે જ જીવનું હિત છે, તે જ ધર્મ છે.

આત્મા પોતે જ સુખસ્વરૂપ છે તેથી આત્મામાં ઉપયોગને જોડતાં સુખનો અનુભવ થાય છે. આત્માનું સુખ ક્યાંય બહારમાં નથી એટલે બહારના આશ્રયે સુખ થતું નથી. જ્યાં સુખ હોય તેમાં ઉપયોગ જોડતાં સુખ થાય છે; એટલે કે નિશ્ચયના આશ્રયે સુખ થાય છે, ને પરના-વ્યવહારના-રાગના આશ્રયે સુખ થતું નથી. માટે નિશ્ચયનો આશ્રય કરો ને વ્યવહારનો આશ્રય છોડો.

શ્રીમદ્ રાજચંદ્રજીએ ૧૭ વર્ષની વય પહેલાં આ વાત નીચેના શબ્દોમાં સરસ રીતે લખી છે-

**સ્વદ્રવ્ય, અન્યદ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ.**

**સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.**
**સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો.**
**પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.**
**પરદ્રવ્યના રમણતા ત્વરાથી તજો.**
**પરદ્રવ્યની ગ્રાહકતા ત્વરાથી તજો.**

– આમાં પહેલાં સાત બોલમાં સ્વદ્રવ્યનો આશ્રય કરવાનું બતાવ્યું છે, ને પછીના ત્રણ બોલમાં પરદ્રવ્યનો આશ્રય છોડવાનું કહ્યું છે. –એ રીતે દશ બોલ દ્વારા તો જૈન-સિદ્ધાંતનું રહસ્ય સમજાવી દીધું છે. ટૂંકા શબ્દોમાં ને સાદી ભાષામાં બહુ સરસ વાત કરી છે.

ચૈતન્યવસ્તુ રાગાદિ આસ્રવ વગરની છે ને અજીવ કર્મથી જુદી છે, –આવી પોતાની ચૈતન્યવસ્તુને અનુભવમાં લઈને સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે નિશ્ચય સાથેના રાગમાં આરોપ કરીને તેને વ્યવહાર કહી શકાય. પણ રાગથી ભિન્ન સ્વતત્ત્વને જે ન જાણે ને રાગમાં એકતા માને તેને તો વ્યવહાર ક્યાં રહ્યો? તેને તો રાગ તે જ નિશ્ચય થઈ ગયો એટલે મિથ્યાત્વ થઈ ગયું. તેથી પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહે છે કે–અજ્ઞાનીને સમજાવવા માટે મુનિશ્વરો અભૂતાર્થ એવા વ્યવહારનો પણ ઉપદેશ કરે છે;–પરંન્તુ ત્યાં જે જીવ એકલા વ્યવહારને જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાર્થરૂપ જાણી લ્યે છે તે જીવ સાચા ઉપદેશને સમજતો નથી એટલે કે તેને દેશના ફળીભૂત થતી નથી. ભાઈ, તેને પરમાર્થસ્વરૂપ બતાવવા માટે વ્યવહાર કહ્યો હતો, કાંઈ વ્યવહારમાં જ અટકવા માટે નહીં.

સર્વજ્ઞદેવે કહેલા સ્વતત્ત્વને ઓળખવું, શ્રદ્ધામાં ને અનુભવમાં લેવું તે નિશ્ચયમાર્ગ છે. તેની સાથે નવતત્ત્વનું જ્ઞાન, સાચા દેવ-ગુરુની ઓળખાણ વગેરે હોય છે તે વ્યવહાર માર્ગ છે. પોતાના સર્વજ્ઞસ્વભાવની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યગ્દર્શન, અને બીજા સર્વજ્ઞ પરમાત્માની શ્રદ્ધા તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. ધર્મીને આવા નિશ્ચય-વ્યવહારની સંધિ હોય છે. નિજસ્વરૂપમાં વીતરાગી લીનતા તે નિશ્ચયચારિત્ર છે, તે સ્વદ્રવ્યાશ્રિત છે, અને પંચમહાવ્રતાદિ શુભરાગ તે વ્યવહાર-ચારિત્ર છે, તે પરદ્રવ્યાશ્રિત છે. સ્વદ્રવ્યાશ્રિત શુદ્ધતા તે મોક્ષનું કારણ છે, પરદ્રવ્યાશ્રિત રાગાદિભાવો તે બંધનું કારણ છે.

જેવા અરિહંત ભગવાન છે તેવો હું છું-એમ નક્કી કરનારને અરિહંત ભગવાન તરફનો જે વિકલ્પ હતો તેનાથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવની અનુભૂતિ કરી ત્યારે ખરેખર સમ્યગ્દર્શન થયું; અને તેમાં નિમિત્તરૂપ અરિહંતની શ્રદ્ધાના ભાવને પણ સમ્યગ્દર્શન કહ્યું-તે વ્યવહાર છે, એટલે ખરેખર તે સમ્યગ્દર્શન નથી પણ સાચા સમ્યગ્દર્શનનો તેમાં આરોપ કરીને તેને પણ સમ્યગ્દર્શન કહ્યું છે. જે સ્વસન્મુખ થઈને સમ્યગ્દર્શન પ્રગટ નથી કરતો તેને તો નિશ્ચય કે વ્યવહાર કાંઈ હોતું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સમ્યક્ત્વ સન્મુખ થયેલો જીવ અરિહંતદેવ તરફના લક્ષ વખતેય તે વિકલ્પમાં અટકવા માંગતો ન હતો પણ અંતરમાં નિજસ્વરૂપનો નિર્ણય કરીને અંતર્મુખ થવા માંગતો હતો, -આવા લક્ષને કારણે અરિહંતની શ્રદ્ધાને પણ સમ્યગ્દર્શન કહી દીધું. પણ અંતર્સ્વભાવ તરફ જે ઢળે નહીં તેને વ્યવહાર લાગુ પડતો નથી.

**આ છહઢાળા તો જૈનધર્મનું તત્ત્વજ્ઞાન કરાવવા માટેનું પાઠયપુસ્તક છે, મોટાને તેમજ બધા બાળકોને પણ તે ભણાવવા જેવું છે; સહેલું ને બધાને સમજાય તેવું છે, અને પ્રયોજનભૂત એવા વીતરાગ-વિજ્ઞાનનું સ્વરૂપ આમાં સમજાવ્યું છે. અહો, વીતરાગવિજ્ઞાનનું આવું ભણતર તો ઘરે ઘરે ભણાવવું જોઈએ; બાકી લૌકિક ભણતરમાં તો કાંઈ હિત નથી. આ તો સર્વજ્ઞભગવાને ભણાવેલું વીતરાગી ભણતર છે, ને અપૂર્વ હિતકારી છે.**

જેમને જ્ઞાનાદિ ગુણો પૂરા ખીલી ગયા છે ને રાગાદિ દોષનો સર્વથા અભાવ થયો છે એવા સર્વજ્ઞ-વીતરાગ તે સાચા દેવ છે, ભેદજ્ઞાનવડે એવી દશાને સાધી રહેલા શુદ્ધોપયોગી સંત તે સાચા ગુરુ છે, અને આવા દેવ-ગુરુએ કહેલાં તત્ત્વો તે શાસ્ત્ર છે;-સમ્યગ્દર્શનની ભૂમિકામાં આવા સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જ શ્રદ્ધા હોય, તે વ્યવહાર છે; તેનાથી વિરુદ્ધ દેવ-ગુરુ-શાસ્ત્રની માન્યતા વ્યવહારમાં પણ હોતી નથી. દેવ-

ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ જે ખોટું માને છે તેને તો નિશ્ચય કે વ્યવહાર એક્કેય સાચું નથી. સમ્યગ્દર્શનના સહચરપણે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફના જ વિકલ્પ હોય, વિરુદ્ધ ન હોય એટલે કુદેવાદિની માન્યતાના વિકલ્પ ત્યાં હોય નહીં. - મોક્ષમાર્ગમાં નિશ્ચય-વ્યવહારની આવી સ્થિતિ છે; પણ તેમાં મોક્ષમાર્ગ તો શુદ્ધાત્માના આશ્રયે થયેલું સમ્યગ્દર્શન જ છે, તેની સાથેનો વિકલ્પ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. ભાઈ! તારા ભાવમાં મોક્ષમાર્ગનું સાચું કારણ શું છે તેને તો તું ઓળખ.

એક તો, સમ્યગ્દર્શનની તૈયારીવાળા જીવને સમ્યગ્દર્શન થવા પહેલાં નિશ્ચયના લક્ષપૂર્વક જે વિકલ્પ હતો તેને સમ્યગ્દર્શનનું કારણ કહ્યું તે વ્યવહાર છે; અને બીજા પ્રકારમાં, સમ્યગ્દર્શનની સાથે સહચારીપણે રહેલા દેવ-ગુરુ-શાસ્ત્ર તરફની શ્રદ્ધાના વિકલ્પને પણ સમ્યગ્દર્શન કહ્યું તે વ્યવહાર છે; એ બંનેમાં વિકલ્પથી પાર શુદ્ધાત્માની દૃષ્ટિ તે જ સાચું સમ્યગ્દર્શન છે, તે નિશ્ચય છે, તે સત્ય છે, તે મોક્ષનું સાચું કારણ છે.

વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રો તો આત્માનો સર્વજ્ઞસ્વભાવ સિદ્ધ કરે છે; સર્વજ્ઞતા અને વીતરાગતા તે જ તેનું તાત્પર્ય છે; અને તે તાત્પર્ય નિજસ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન-આચરણવડે જ સિદ્ધ થાય છે, પરસન્મુખતા વડે (એટલે કે વ્યવહાર વડે) તે સધાતું નથી. એટલે વ્યવહારના આશ્રયથી મોક્ષમાર્ગ મનાવે તે જીવો વીતરાગશાસનમાં નથી, સાચો મોક્ષમાર્ગ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમણે જાણ્યો નથી. એવા કુદેવ-કુગુરુ-કુમાર્ગની શ્રદ્ધાનો વિકલ્પ તે સમ્યગ્દર્શનનું કારણ તો નથી, પરંતુ સમ્યગ્દર્શનના સહકારીપણે પણ તે હોતો નથી. તે તો સમ્યગ્દર્શનથી વિરુદ્ધ છે. સમ્યગ્દર્શનના સહકારીપણે હોય એવા સાચા દેવ-ગુરુની શ્રદ્ધાના વિકલ્પો પણ મોક્ષનું સત્ય કારણ નથી. સત્ય કારણ તો ભૂતાર્થસ્વભાના આશ્રયે થયેલી શુદ્ધઆત્માની શ્રદ્ધા જ છે; તેને જ 'સત્યાર્થ' કહેલ છે. નિશ્ચય કહો કે સત્યાર્થ કહો; તે મુખ્ય છે; અને બીજો વ્યવહાર છે તે ગૌણ છે, તે સત્યાર્થ નથી પણ આરોપ છે-ઉપચાર છે.

આત્મા જેમ સર્વજ્ઞસ્વભાવ છે તેમ તે અતીન્દ્રિય આંનદસ્વભાવ છે. આત્મા પોતે જ આનંદરૂપ છે, રાગમાં તેનો આનંદ નથી, એટલે રાગના આશ્રયે સુખ કે આનંદ થાય નહીં. તેમજ આ આત્માનો આનંદસ્વભાવ કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે બીજા પાસે નથી, એટલે બીજાના આશ્રયે તે પ્રગટતો નથી. પોતાનો આનંદ જ્યાં ભર્યો હોય તેમાં એકતાથી આનંદનો અનુભવ થાય. પોતાનો આનંદ પોતામાં જ ભર્યો છે, આનંદરૂપ પોતે જ છે, ને પોતામાં નજર કરતાં તે અનુભવાય છે. જેમ જ્ઞાનસ્વભાવ આત્મામાં છે તેથી આત્માના આશ્રયે સર્વજ્ઞતા થાય છે, તેમાં બીજા કોઈનો આશ્રય નથી; રાગ કે દેહના આશ્રયે સર્વજ્ઞપણું થતું નથી; કેમકે તેમાં તે નથી. તેમ અતીન્દ્રિય આનંદનો પિંડ આત્મા છે, તેના આનંદમાં બીજા કોઈનો આશ્રય નથી; રાગ કે દેહના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આશ્રયે આનંદ થતો નથી કેમકે તેમાં આનંદ નથી. જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ છે તેના જ આશ્રયે તે પ્રગટે છે; પણ જેના સ્વભાવમાં જ્ઞાન ને આનંદ નથી તેના આશ્રયે તે પ્રગટે નહીં.

મોક્ષ એટલે પૂર્ણ આનંદ; તેના કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે પણ અતીન્દ્રિય આનંદના જ અંશો છે. આત્માના આશ્રયે તે પ્રગટે છે. આનંદની જાતના તે અંશો જ પૂર્ણ આનંદનું કારણ થાય છે. રાગ તે કાંઈ આનંદનો અંશ નથી એટલે તે આનંદનું કારણ પણ થતો નથી. -તો તેને મોક્ષમાર્ગ કોણ માને? જેનામાં અંશે પણ આનંદ નથી પણ ઊલ્ટી આકુળતા છે એવા રાગભાવો પૂર્ણઆનંદરૂપ મોક્ષનું કારણ કેમ થાય? નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-એ ત્રણે આનંદરૂપ છે, રાગ વગરનાં છે અને આત્માને જ આધીન છે, તે જ પૂર્ણ આનંદરૂપ મોક્ષનું કારણ છે. સુખરૂપ પર્યાય પૂર્ણ સુખને સાધે છે, પણ દુઃખરૂપ પર્યાય સુખને સાધી શકે નહીં. શુભરાગવડે વીતરાગમાર્ગ સધાય નહીં. રાગના અભાવરૂપ અંશે વીતરાગતા વડે જ વીતરાગમાર્ગ સધાય છે. પુણ્ય-પાપના રાગમાં આનંદ ક્યાં છે-કે તેના આશ્રયે તે પ્રગટે? આનંદ કહો કે મોક્ષમાર્ગ કહો; તે આનંદનો કોઈ અંશ રાગમાં નથી, ને આનંદમાં રાગ નથી, એટલે તેઓ એકબીજાનું કારણ પણ નથી. આ રીતે રાગ તે મોક્ષમાર્ગ નથી એટલે વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી. રાગ વગરનો જે શુદ્ધસ્વભાવ તેના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ આશ્રયે મોક્ષમાર્ગ છે. -આ જૈનધર્મનો સિદ્ધાંત છે.

જૈનસિદ્ધાંતનું તથ્ય એ છે કે, આત્મા પોતે જ્ઞાન-આનંદ-થી ભરપૂર ભગવાન છે-તે અનુભવમાં આવે. આવા અનુભવને જ જૈનશાસન કહ્યું છે. જ્ઞાન-આનંદસ્વરૂપમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, ને પૂર્ણ લીન થતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે, ને પૂર્ણ લીન થતાં મોક્ષદશા થાય છે. અંશ અને અંશી એક જાતના હોય છે; અંશીનો અંશ તેવી જાતનો હોય છે; સાચા કારણ-કાર્ય એક જાતનાં જ હોય છે; અંશ પોતાની જાતના અંશીના જ આશ્રયે પ્રગટે, પણ વિજાતના આશ્રયે ન પ્રગટે. સાચા જ્ઞાનનો અંશ જ્ઞાનના જ આશ્રયે પ્રગટે, રાગના આશ્રયે ન પ્રગટે. રાગના સેવન વડે તો રાગનું જ કાર્ય પ્રગટે, પણ જ્ઞાન ન પ્રગટે. અંશીની સાથે એકતા કરીને પ્રગટેલો અંશ તે જ સાચો અંશ છે. (પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ સાચી શરૂઆત છે.) પૂર્ણતાનું લક્ષ કહો કે સમ્યગ્દર્શન કહો, તેનાથી જ મોક્ષમાર્ગની શરૂઆત છે. આત્મા આખો આનંદસ્વભાવ છે, તેના અનુભવથી જ આનંદ પ્રગટે છે. રાગના આશ્રયે આનંદનો અનુભવ કદી ન થાય, કેમકે આનંદ તે કાંઈ રાગનો અંશ નથી. એ જ રીતે જ્ઞાન અને શ્રદ્ધા પણ રાગના આશ્રયે થતા નથી, કેમકે તે જ્ઞાનાદિ કાંઈ રાગના અંશ નથી. રાગના આશ્રયે તો રાગ પ્રગટે, કાંઈ મોક્ષમાર્ગ ન પ્રગટે.

જુઓ, આ સત્યાર્થ મોક્ષમાર્ગ! સાચો મોક્ષમાર્ગ રાગ વગરનો છે. આત્માના જ્ઞાન ને આનંદ તે રાગ વગરના છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાન ને આનંદ તે આત્માના મુખ્ય ગુણો છે. 'ચિદાનંદાય નમઃ' વગેરે મંત્રો આત્માના સ્વભાવને સૂચવે છે, તેમાં શ્રદ્ધા-વીર્ય વગેરે અનંત ગુણો સમાઈ જાય છે. જે ગુણથી જુઓ તે ગુણ-સ્વરૂપ આખો આત્મા દેખાય છે. આનંદની મુખ્યતાથી જુઓ તો આખો આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનની મુખ્યતાથી જુઓ તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે; એ જ રીતે શ્રદ્ધા વગેરે અનંત ગુણસ્વરૂપ આખો આત્મા છે; તેના લક્ષથી સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ પ્રગટે છે. આત્માના લક્ષે રાગ પ્રગટતો નથી, તેનો તો અભાવ થઈ જાય છે. રાગ તે આત્મગુણ નથી એટલે રાગના આશ્રયે આત્માના કોઈ ગુણ (સમ્યગ્દર્શનાદિ) પ્રગટતા નથી. બધાય ગુણોની નિર્મળ પર્યાય આત્માના જ આશ્રયે પરિણમે છે; પોતાના જ્ઞાનાદિ ગુણ-પર્યાયોને ધારણ કરનાર વસ્તુ આત્મા જ છે. જેનામાં જે ગુણ જ નથી તેના આશ્રયે તે ગુણનું કાર્ય પ્રગટે નહીં; જેમાં ગુણ હોય તેના જ આશ્રયે તેનું કાર્ય પ્રગટે. જેનામાં જ્ઞાન હોય તેના આશ્રયે કેવળજ્ઞાન થાય, જેનામાં આનંદ હોય તેના આશ્રયે આનંદ થાય. જેનામાં જ્ઞાન કે આનંદ છે જ નહીં તેના આશ્રયે તે ક્યાંથી પ્રગટે? માટે હે જીવ! પરનો આશ્રય છોડ ને સ્વદ્રવ્યની સામે જોઈને તેનો જ આશ્રય કર.. આ કામ ત્વરાથી કર એટલે કે શીઘ્ર કર. આત્માના હિતના કાર્યમાં તું વિલંબ ન કર.

અરે જીવ! તારી અવસ્થામાં તને અનંતકાળથી દુઃખનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ છે તે કેમ છૂટે? અને અનાકુળતારૂપ સાચું આત્મસુખ કેમ અનુભવમાં આવે? -તેની રીત વીતરાગીસંતો તને બતાવે છે, તે તારા હિતને માટે લક્ષમાં લે, વિચારમાં લે. બહારના બીજા તો વિચાર ઘણા કરે છે, તો આ તારા હિતની વાત પણ જરાક વિચારમાં લે. બીજા સંસારના વિચાર કરીને દુઃખી થઈ રહ્યો છો, પણ ભાઈ! એકવાર આત્માના સુખને તો વિચારમાં લે. જે દુઃખ છે તે કાંઈ આખો આત્મા નથી, પણ તેની પાછળ આનંદનો આખો સમુદ્ર ભરેલો છે; તે સમુદ્રને દેખ, તો પર્યાયમાં પણ તે આનંદના તરંગ ઉલ્લસે ને દુઃખ ન રહે. આનંદની વિકૃતિ તે દુઃખ છે. લાકડામાં દુઃખ નથી, કેમકે તેનામાં આનંદસ્વભાવ નથી. આનંદસ્વભાવ જ્યાં ન હોય ત્યાં તેની વિકૃતિરૂપ દુઃખ પણ ન હોય. દુઃખ તે તો વિકૃત ક્ષણિક કૃત્રિમ ભાવ છે, તે જ વખતે આનંદસ્વભાવ સહજ-અકૃત્રિમ શાશ્વત છે. આનંદસ્વભાવને અનુભવમાં લેતાં દુઃખ મટી જાય છે. દુઃખ સંયોગમાં નથી ને સ્વભાવમાં પણ નથી, તે તો ક્ષણિક વિકૃતિ છે; -કોની વિકૃતિ? આત્માની અંદર જે આનંદસ્વભાવ ભર્યો છે તેની વિકૃતિ તે દુઃખ છે. આનંદસ્વભાવના અનુભવ વડે તે વિકૃતદશા ટળીને આનંદદશા પ્રગટે છે. અરે, દુઃખ શું છે-એનું પણ જીવને ભાન નથી. દુઃખને ખરેખર ઓળખે તો આખો આનંદસ્વભાવ સિદ્ધ થઈ જાય; આનંદસ્વભાવને જાણે ત્યારે દુઃખનું સ્વરૂપ ખ્યાલમાં આવે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે દુઃખની જેમ કષાયની વાત લઈએ કષાય તે પણ દુઃખ જ છે. અંદર શાંતરસથી ભરેલો અકષાય-સ્વરૂપ આત્મા છે, તેના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ અકષાયભાવની ઉત્પત્તિ થાય છે, તે મોક્ષમાર્ગ છે. તે અકષાય ભાવનો આધાર કાંઈ રાગાદિ વિકલ્પો નથી. રાગ-દ્વેષ પોતે કષાય છે, તે અકષાય ભાવનું કારણ થતા નથી; અને શાંત અકષાય-સ્વભાવની સન્મુખતાથી કષાયની ઉત્પત્તિ થતી નથી. કષાય ક્ષણિક વિકૃતભાવ છે, અકષાયસ્વભાવ ત્રિકાળ છે; તે બંનેને જાણે તો અકષાય-ચૈતન્યસ્વભાવનો અનુભવ કરીને કષાયનો અભાવ કરે. -એ મોક્ષમાર્ગ છે. ક્ષણિક કષાયને કાંઈ ત્રિકાળી સ્વભાવનો આધાર નથી, ત્રિકાળી સ્વભાવમાં તો કષાય છે જ નહીં; આવા સ્વભાવને લક્ષમાં લેતાં કષાય ભાવો છૂટી જાય છે.

એ જ રીતે શ્રદ્ધાસ્વભાવી આત્મા છે, તેની સન્મુખતાથી સમ્યગ્દર્શન છે. મિથ્યાત્વ તો એકક્ષણપૂરતી વિકૃતિ છે, તેને કાંઈ સ્વભાવનો આધાર નથી. જે શ્રદ્ધાસ્વભાવ ત્રિકાળ છે તેનો સ્વીકાર કરતાં મિથ્યાત્વ રહેતું નથી. સમ્યક્ત્વ પ્રગટ કરવા માટે આવા આત્મસ્વભાવનો જ આધાર છે, રાગાદિ વિકલ્પોના આધારે સમ્યગ્દર્શન થતું નથી.

એ જ રીતે સમ્યક્પુરુષાર્થરૂપ વીર્ય, તે આત્માનો સ્વભાવ છે; તેના આશ્રયે રત્નત્રયના પુરુષાર્થરૂપ વીર્યબળ પ્રગટે છે; વિકલ્પમાં એવું બળ નથી કે રત્નત્રયને પ્રગટ કરે. બલ-વંત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વીર્યવાન આત્મા છે કે જે સ્વબળ વડે રત્નબળ પ્રગટ કરે છે. બળ નામની એક ઔષધિ આવે છે તેમ આત્મામાં વીર્યબળરૂપ એવું ઔષધ છે કે જે સર્વ કષાયરોગનો નાશ કરીને અવિકારી રત્નત્રયનું અને કેવળજ્ઞાનાદિ-ચતુષ્ટયનું અનંત બળ આપે છે; રાગમાં એવું બળ નથી કે રત્નત્રય આપે. અનંત ગુણરૂપ જે આત્મસ્વભાવ છે તેના જ આશ્રયે મોક્ષમાર્ગ અને મોક્ષ પ્રગટે છે. આવો સાચો મોક્ષમાર્ગ વિચારીને તેનું સ્વરૂપ નક્કી કરવું જોઈએ.

નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ એક જ મોક્ષમાર્ગ છે; બે મોક્ષમાર્ગ નથી. 'એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ.' એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ-એમ બે મોક્ષમાર્ગ માનવા... મોક્ષમાર્ગ-પ્રકાશકમાં કહ્યું છે. નિશ્ચય મોક્ષમાર્ગ સિવાય બીજા કોઈને મોક્ષમાર્ગ કહેવો તે ખરેખર મોક્ષમાર્ગ નથી, પણ માત્ર ઉપચાર છે-એમ જાણવું. શુદ્ધ આત્મતત્ત્વને જાણીને, શ્રદ્ધા કરીને, તેના અનુભવ વડે જ મોક્ષ પમાય છે, બીજો માર્ગ નથી... નથી.

પ્રવચનસારમાં કહે છે કે-અતીતકાળમાં ક્રમશઃ થઈ ગયેલા સમસ્ત તીર્થંકર ભગવંતોએ આ એક જ પ્રકારથી કર્માંશોનો ક્ષય પોતે અનુભવ્યો, કેમકે બીજા પ્રકારનો અભાવ હોવાથી તેમાં દ્વૈત સંભવતું નથી. એ રીતે શુદ્ધાત્માના અનુભવ વડે પોતે કર્મનો ક્ષય કરીને તે સર્વે તીર્થંકર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવંતોએ પરમ આપ્તપણાને લીધે ત્રણેકાળના મુમુક્ષુઓને પણ એ જ પ્રકારનો ઉપદેશ કર્યો અને પછી તેઓ મોક્ષને પામ્યા. માટે નિર્વાણનો અન્ય માર્ગ નથી એમ નક્કી થાય છે. આ રીતે એક પ્રકારના સમ્યક્ માર્ગનો નિર્ણય કરીને આચાર્ય દેવ કહે છે કે અહો! આવો મોક્ષમાર્ગ ઉપદેશનારા ભગવંતોને નમસ્કાર હો.

**અર્હંત સૌ કર્મોતણો કરી નાશ એ જ વિધિ વડે,**
**ઉપદેશ પણ એમ જ કરી, નિર્વૃત્ત થયા, નમું તેમને.**
**શ્રમણો-જિનો-તીર્થંકરો એ રીત સેવી માર્ગને,**
**સિદ્ધિ વર્યા, નમું તેમને; નિર્વાણના તે માર્ગને.**

શુદ્ધઆત્મઅનુભૂતિરૂપ જે નિશ્ચય રત્નત્રય તે સિવાય બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી-નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે સ્વરૂપ એક મોક્ષમાર્ગ છે, પણ જુદા જુદા ત્રણ મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન હોય ત્યાં સમ્યગ્જ્ઞાન સાથે હોય જ છે, અને ત્યાં અનંતાનુબંધી કષાયના અભાવરૂપ ચારિત્રનો અંશ પણ હોય છે. આ રીતે શુદ્ધ રત્નત્રયરૂપ એકજ મોક્ષમાર્ગ છે. પછી તે રત્નત્રયની શુદ્ધીમાં તારતમ્યપણે ભલે અનેક પ્રકાર હોય, પણ તેમાં જાત એક જ છે; જેટલી રત્નત્રયની શુદ્ધતા છે તેટલો જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી.

પ્રશ્નઃ- ઘણે ઠેકાણે નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે મોક્ષમાર્ગ કહ્યા છે અને તમે તો મોક્ષમાર્ગ એક જ કહો છો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો તેમાં વિરોધ નથી?

ઉત્તરઃ- ના; સાચો મોક્ષમાર્ગ એક જ છે, અને બીજો કોઈ ખરેખર મોક્ષમાર્ગ નથી-એમ નિર્ણય કરીને સાચા મોક્ષમાર્ગને જ મોક્ષમાર્ગરૂપે ગ્રહણ કરવો, તે જ અવિરુદ્ધપણું છે. પણ, નિશ્ચયમોક્ષમાર્ગ તે પણ માર્ગ છે, અને વ્યવહાર-મોક્ષમાર્ગ તે પણ માર્ગ છે-એમ બંનેને સાચાં માનીને અંગીકાર કરતાં તો વિરોધ આવે છે. એક નિશ્ચયમોક્ષમાર્ગ તે સાચો માર્ગ છે અને બીજો માર્ગ કહેવો તે તો માત્ર ઉપચાર છે, તે સાચો માર્ગ નથી, -એમ ઓળખતાં જ સાચા મોક્ષમાર્ગનું જ્ઞાન થાય છે, અને તેમાં જ બંને નયોના સાચા અર્થનો સ્વીકાર થાય છે.

આત્માના શુદ્ધ સ્વભાવની અનુભૂતિસ્વરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે શુદ્ધ વીતરાગ પરિણામ છે તે તો સાચો મોક્ષમાર્ગ છે એટલે નિશ્ચયથી ખરેખર તે મોક્ષમાર્ગ છે; અને ત્યાં, જે સાચો મોક્ષમાર્ગ તો નથી પણ મોક્ષમાર્ગની સાથે નિમિત્તપણે વર્તે છે તેને પણ મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. 'कारण सो ववहारो' - વ્યવહારને નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ કહ્યું તે પણ ઉપચાર છે એટલે નિમિત્તરૂપ છે-એમ સમજવું. જેમ ઉપાદાન વગરનું નિમિત્ત તે ખરેખર નિમિત્ત નથી, તેમ નિશ્ચયની અપેક્ષા વગરનો વ્યવહાર તે ખરેખર વ્યવહાર નથી. નિશ્ચય વગર એકલો વ્યવહાર હોતો નથી, એટલે પહેલાં એકલો વ્યવહાર હોય ને તેનાથી નિશ્ચય પમાય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એ વાત સાચી નથી. 'બંને સાથ રહેલ' -એટલે નિશ્ચય અને વ્યવહાર બંને સાથે રહેલા હોવા છતાં તેમાં સત્ય મોક્ષમાર્ગ તો એક જ છે, બે નથી.

સાચા મોક્ષમાર્ગના નિર્ણય માટે આ વાત પ્રયોજનભૂત હોવાથી વારંવાર ઘૂંટાય છે. સાધકને એક પર્યાયમાં નિશ્ચય-વ્યવહાર બંને સાથે વર્તે છે, તેમાં નિશ્ચય રત્નત્રય તે સત્યાર્થ મોક્ષમાર્ગ છે, અને તેને અનુકૂળપણે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના જે શુભવિકલ્પો વર્તે છે તેમાં મોક્ષમાર્ગનો વ્યવહાર કરવો તે ઉપચાર છે, તે સત્યાર્થ નથી. એક જ સત્ય મોક્ષમાર્ગ, ને બીજો સત્ય નહિ પણ ઉપચાર, -એમ મોક્ષમાર્ગનું સ્વરૂપ વિચારવું. નિશ્ચય અને વ્યવહાર બંને ભેગાં થઈને એક મોક્ષ-માર્ગ છે-એમ નથી. નિશ્ચય તે એક જ મોક્ષમાર્ગ છે.

* શુદ્ધઆત્માની શ્રદ્ધા તે એક જ સમ્યગ્દર્શન છે;
* શુદ્ધઆત્માનું જ્ઞાન તે એક જ સમ્યગ્જ્ઞાન છે;
* શુદ્ધઆત્મામાં લીનતા તે એક જ સમ્યક્ચારિત્ર છે.
* આવા શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ એક જ મોક્ષમાર્ગ છે.
* વ્યવહારના વિકલ્પોનો તેમાં અભાવ છે.

નિશ્ચયની ભૂમિકામાં તેને યોગ્ય જ વ્યવહાર હોય છે, તેનો સ્વીકાર છે, પણ તેને સત્ય મોક્ષમાર્ગ તરીકે જ્ઞાની સ્વીકારતા નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ- જે વ્યવહાર રત્નત્રય છે તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તો ઉપચારથી તેને મોક્ષમાર્ગ કેમ કહ્યો?

ઉત્તરઃ- કેમકે નિશ્ચય સાથે તે ભૂમિકામાં તેવો જ વ્યવહાર નિમિત્તપણે હોય છે, વિપરીત નથી હોતો, -એમ તે ભૂમિકાનું જ્ઞાન કરાવવા તેમાં મોક્ષમાર્ગનો ઉપચાર છે. જેમ બિલાડીમાં વાઘનો ઉપચાર તે એમ સૂચવે છે કે બિલાડી પોતે ખરેખરો વાઘ નથી, ખરો વાઘ એનાથી બીજો છે; તેમ વ્યવહારમાં મોક્ષમાર્ગનો ઉપચાર તે એમ સૂચવે છે કે વ્યવહાર પોતે ખરેખરો મોક્ષમાર્ગ નથી, ખરો મોક્ષમાર્ગ એનાથી બીજો છે. 'જ્ઞાન તે આત્મા' એટલા ગુણગુણીભેદના વિકલ્પરૂપ વ્યવહાર પણ મોક્ષનું સાધન થઈ શકતો નથી, ત્યાં બીજા સ્થૂળ રાગની શી વાત?

* મોક્ષમાર્ગ બે નથી, એક જ છે; તેમ-
* મોક્ષમાર્ગમાં જે સમ્યગ્દર્શન છે તે બે નથી, એક જ છે;
* મોક્ષમાર્ગમાં જે સમ્યગ્જ્ઞાન છે તે બે નથી, એક જ છે;
* મોક્ષમાર્ગમાં જે સમ્યક્ચારિત્ર છે તે બે નથી, એક જ છે.

પછી ભલે તે સમ્યગ્દર્શનના ત્રણ ભેદ પડે, સમ્યગ્જ્ઞાનના પાંચ ભેદ પડે ને સમ્યક્ચારિત્રના પાંચ ભેદ પડે, પણ તે બધાયમાં સ્વદ્રવ્યાશ્રયનો પ્રકાર એક જ છે; તે દર્શન-જ્ઞાન-ચારિત્રનો કોઈ પણ પ્રકાર પરદ્રવ્યને આશ્રિત નથી, કે તેમાં ક્યાંય રાગ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા મહાન પદાર્થ, તેમાં અંતર્મુખ શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર જ મોક્ષમાર્ગ છે; એનાથી જુદો કોઈ બીજો મોક્ષમાર્ગ કહેવો તે તો વાણીનો વિલાસ છે, –તેનું વાચ્ય નિમિત્ત અને રાગ છે; પણ મોક્ષમાર્ગનું તે ખરું–સત્ય સ્વરૂપ નથી. સત્ય મોક્ષમાર્ગ શુદ્ધઆત્માની અનુભૂતિમાં જ સમાય છે, તે નિર્વિકલ્પ છે, કોઈ વિકલ્પ તેમાં નથી. આવો મોક્ષમાર્ગ ચોથાગુણસ્થાનથી શરૂ થઈ જાય છે. સમન્તભદ્રસ્વામીએ 'गृहस्थो मोक्षमार्गस्थ:' એમ કહીને સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને પણ મોક્ષમાર્ગમાં ગણ્યો છે. એટલે કોઈ એમ કહે કે ચોથા–પાંચમા–છઠ્ઠા ગુણસ્થાને એકલો વ્યવહારમોક્ષમાર્ગ છે ને પછી સાતમા ગુણસ્થાનથી એકલો નિશ્ચયમોક્ષમાર્ગ છે, –તો એ વાત બરાબર નથી. ચોથાગુણસ્થાનથી જ બંને સાથે છે. તેમાં જેટલા અંશે શુદ્ધતા છે તે સાચો મોક્ષમાર્ગ છે, અને જેટલા રાગાદિ છે તે મોક્ષમાર્ગ નથી. આમ બધા પડખેથી ઓળખીને સત્ય મોક્ષમાર્ગને અંગીકાર કરવો જોઈએ.

**અહો ! આવો સરસ-સુંદર સ્વાધીન મોક્ષમાર્ગ, તે જ મહાન સુખનું કારણ છે-એમ જાણીને બહુમાનપૂર્વક તેનું સેવન કરો.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# * નિશ્ચયથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા *

નીરાકુળ સુખરૂપ મોક્ષ તે આત્માનું હિત છે, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષનો માર્ગ છે; જીવે પોતાના હિતને માટે આવા મોક્ષમાર્ગમાં લાગવું જોઈએ. -એમ પહેલી ગાથામાં કહ્યું; હવે તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એટલે શું ? તેની વ્યાખ્યા બીજી કડીમાં કહે છે-

( ગાથા-૨ )

**परद्रव्यनतैं भिन्न आपमें रुचि सम्यक्त्व भला है;**
**आपरूपको जानपनो सो सम्यक्ज्ञान कला है।**
**आपरूपमें लीन रहे थिर सम्यक्चारित सोइ;**
**अब व्यवहार मोक्षमग सुनिये, हेतु नियतको होई।। २।।**

જુઓ, આત્માના હિત માટે સત્યાર્થ મોક્ષમાર્ગનું આ વર્ણન છે. તેમાં પ્રથમ જે નિશ્ચય સમ્યગ્દર્શન છે તે પરથી ભિન્ન પોતાના શુદ્ધઆત્માની રુચિરૂપ છે; આત્માની રુચિરૂપ આવું સમ્યગ્દર્શન તે ભલું છે, શ્રેષ્ઠ છે. આત્માના યથાર્થ સ્વરૂપનું જાણપણું તે સમ્યગ્જ્ઞાનરૂપ વીતરાગીકળા છે; આત્મસ્વરૂપને જાણનારું જ્ઞાન મોક્ષનું કારણ થાય છે અને તે પોતે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીરાકુળ આનંદરૂપ છે. આ રીતે પોતાના આત્માની રુચિ અને જ્ઞાન કરીને પછી તેમાં લીન થઈને સ્થિર રહેવું તે સમ્યક્ચારિત્ર છે. જુઓ, આમાં રાગ ક્યાંય ન આવ્યો. મોક્ષમાર્ગનાં આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય રાગ વગરનાં છે. -આવા મોક્ષમાર્ગને ઓળખીને તેના ઉદ્યમમાં નિત્ય લાગ્યા રહેવું જોઈએ. આ રીતે નિશ્ચયમોક્ષમાર્ગ કહ્યો. અને હવે વ્યવહાર-મોક્ષમાર્ગ-કે જે નિશ્ચયમોક્ષમાર્ગના નિમિત્તરૂપ હેતુ છે તેનું કથન આગળના શ્લોકોમાં કરીશું.

પરદ્રવ્યોથી ભિન્ન, પરદ્રવ્ય તરફના વલણવાળા રાગાદિ ભાવોથી પણ ભિન્ન, અને પોતાના સ્વભાવોથી અભિન્ન-એવા આત્માની શ્રદ્ધા-રુચિ તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દષ્ટિ જીવ ગૃહસ્થાશ્રમમાં ઘરવખરી વચ્ચે રહ્યો હોય, ધંધા-વેપારમાં હોય કે રાજ-પાટ વચ્ચે હોય, શુભાશુભભાવ તે પ્રકારના થતા હોય, છતાં અંતરની દૃષ્ટિથી પોતાના આત્માને તે બધાયથી જુદો શુદ્ધ ચૈતન્યભાવપણે જ દેખે છે. તે પરદ્રવ્યમાં નથી રહ્યો, તેનો સંબંધ હોવા છતાં તે સંયોગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્મા હું છું-એમ તે સ્વદ્રવ્યને શ્રદ્ધે છે; આ સમ્યક્ત્વ ભલું છે-હિતરૂપ છે-કલ્યાણરૂપ છે. નિશ્ચય સમ્યગ્દર્શનને ભલું કહ્યું છે, તે જ સત્યાર્થ છે, તે જ યથાર્થ મોક્ષમાર્ગ છે. 'પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ' -એમ કહ્યું એટલે નિશ્ચયસમ્યગ્દર્શનનો વિષય એકલું સ્વતત્ત્વ છે; પરથી ભિન્ન પોતાના સ્વતત્ત્વને લક્ષમાં લેતાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગથી પણ જુદો અનુભવ થાય છે. આવા અનુભવપૂર્વક આત્માની શ્રદ્ધા તે સાચું સમ્યગ્દર્શન છે; આમાં એકલા સ્વતત્ત્વની દૃષ્ટિ છે. સ્વલક્ષ કરતાં જ પરદ્રવ્યો અને પરભાવોની સાથે એકતાબુદ્ધિ છૂટી જાય છે. આ રીતે સ્વમાં એકત્વબુદ્ધિરૂપ આત્મરુચિ તે સમ્યગ્દર્શન છે

'आपमें रुचि' -આપ એટલે પોતાનો આત્મા, તેનું સ્વરૂપ ઓળખીને, નિર્વિકલ્પ સ્વસંવેદન સહિત તેની શ્રદ્ધા કરવી જોઈએ. બાહ્યદૃષ્ટિથી સંયોગમાં ને રાગમાં 'આ હું' એમ મિથ્યા માન્યું હતું, તે માન્યતા છોડીને અંતરમાં 'આ હું' એમ નિજસ્વભાવની પ્રતીત કરતાં સમ્યક્ત્વ થયું, પોતાનો આત્મા જેવો છે તેવો ઓળખાણમાં આવી ગયો. એકલા શુદ્ધસ્વભાવમાં જ રુચિનો પ્રવેશ થયો, ત્યાં કોઈ વિકલ્પમાં રુચિ ન રહી, એટલે તેના અવલંબને ધર્મનો કાંઈ પણ લાભ થશે-એવી બુદ્ધિ ન રહી. પરથી જુદો ને વિકલ્પથી જુદો થઈને શુદ્ધાત્મારૂપે જ પરિણમ્યો; આવું સમ્યક્પરિણમન તે ભલું છે, તે શુદ્ધ છે, તે નિશ્ચયમોક્ષમાર્ગનું અંગ છે. મોક્ષને સાધવાની તે કળા છે. 'રુચિ સમ્યક્ત્વ ભલા હૈ... ને સમ્યગ્જ્ઞાન કલા હૈ' આત્માની રુચિ ને આત્માનું જ્ઞાન તે મોક્ષને સાધવાની ઉત્તમ કળા છે. પરનું જાણપણું કે શાસ્ત્ર તરફનું જાણપણું-તે નહિ, પણ આપરૂપ એટલે આત્માનું સ્વરૂપ, તેને પરથી ભિન્ન જાણવું તે સાચી જ્ઞાનકળા છે. જીવ બહારની બીજી અનેક કળા શીખ્યો પણ આત્મજ્ઞાનની કળા તેણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્વે કદી જાણી નથી. જ્ઞાન આત્મસ્વભાવની સન્મુખ થયું ત્યારે સમ્યગ્જ્ઞાનની કળા ખીલી, આત્મજ્ઞાન થયું ને મોક્ષમાર્ગ ઊઘડયો. આત્મજ્ઞાન પાસે નવતત્ત્વ વગેરેનું વ્યવહારુ જાણપણું ગૌણ થઈ ગયું. ‘જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું, -તેને જ્ઞાનની કળા ખીલી, હવે આગળ વધીને કેવળજ્ઞાનરૂપી પૂર્ણિમા થશે. કેવળજ્ઞાન પ્રગટ કરવા માટેની આ સમ્યગ્જ્ઞાનકળા છે તે કેવળજ્ઞાન સાથે આનંદની કેલી કરે છે, આનંદની ક્રીડા કરતીકરતી તે કેવળજ્ઞાનને સાધે છે. અહા! ચોથાગુણસ્થાને ગૃહસ્થનું સમ્યગ્જ્ઞાન તે પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. પૂર્ણ ચંદ્રનો અંશ પણ ચંદ્રની જાતનો જ હોય, તે કાંઈ ઠીકરું ન હોય; તેમ સમ્યક્મતિશ્રુતજ્ઞાન તે કેવળજ્ઞાનની જાતના જ છે, તે કાંઈ રાગની જાતના ઠીકરા જેવા નથી. અહા, શુદ્ધ ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન થતાં કેવળ-જ્ઞાનની એક કળા ખીલી. આવી ભેદજ્ઞાનકળા તે મોક્ષને સાધનારી છે.

**परद्रव्यनतें भिन्न आपमें रुचि सम्यक्त्व भला है।**
**आपरूपको जाणपनो सो सम्यग्ज्ञान कला है।**

હે જીવ! મોક્ષસુખને માટે તું આવા સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં ઉદ્યમી થા. પોતાના આત્માની સન્મુખ થઈને આત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે, આત્માનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે; અને સમ્યક્ચારિત્ર કેવું છે? કે-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**आपरूपमें लीन रहे थिर सम्यक्चारित सोई।**

પરથી ભિન્ન પોતાનું જે સ્વરૂપ રુચિમાં અને જ્ઞાનમાં લીધું તે નિજસ્વરૂપમાં સ્થિરતા-લીનતારૂપ વીતરાગભાવ તે સમ્યક્ચારિત્ર છે. જુઓ, નિજસ્વરૂપમાં લીનતાને ભગવાને ચારિત્ર અને મોક્ષમાર્ગ કહેલ છે, શુભરાગને ચારિત્ર કે મોક્ષમાર્ગ કહ્યો નથી. શુભાશુભક્રિયાઓ તે કર્મના આસ્રવનો હેતુ છે; કર્મના આસ્રવના હેતુરૂપ તે ક્રિયાથી નિવૃત્તિ, અને શુદ્ધ-જ્ઞાન-સ્વરૂપમાં પ્રવૃત્તિ, તે મોક્ષમાર્ગનું ચારિત્ર છે; આવા સમ્યક્-ચારિત્રમાં સદા લાગવાનું કહ્યું છે. અરે, સાચું ચારિત્ર શું છે-તેની પણ ઘણા જીવોને ખબર નથી. સાચા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ અહીં ટૂંકમાં ઓળખાવ્યું છે. મોક્ષમાર્ગરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય ભાવો આત્મામાં સમાય છે, કોઈ રાગમાં કે શરીરની ક્રિયામાં તે નથી.

સહજ એક જ્ઞાયકભાવ-કે જે શુભાશુભ રાગાદિ પરભાવોરૂપે કદી થયો નથી એવો શુદ્ધ આત્મા, તેની અંતરંગ અનુભૂતિમાં 'આ હું' એવી નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. આત્મા આવો છે એમ તેને બરાબર જાણીને તેનું શ્રદ્ધાન થાય છે. સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન અને સમ્યક્અનુભૂતિ ત્રણે એક સાથે થાય છે. જે વસ્તુને જાણી જ ન હોય તેની શ્રદ્ધા કેવી રીતે કરે? વસ્તુને જાણ્યા વગરની શ્રદ્ધા એ તો સસલાનાં શીંગડાની શ્રદ્ધા કરવા જેવી મિથ્યાશ્રદ્ધા છે. શ્રદ્ધા કોની? – કે જે વસ્તુ સત્ હોય તેની. સત્ એવો જે જ્ઞાયક-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ, તેને દષ્ટિમાં અને જ્ઞાનમાં લીધો ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થયું; તેની સાથે આનંદનો અનુભવ પણ છે. આવા આનંદસ્વરૂપ આત્માનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે, તે શુદ્ધજ્ઞાનની કળા છે, તે મોક્ષને સાધનારી વીતરાગ-વિદ્યા છે. મોક્ષની પ્રાપ્તિ માટેનું આ 'બીજ-જ્ઞાન' છે. જ્ઞાનની બીજ ઊગી તે વધીને પૂનમ થશે. બહારના અપ્રયોજભૂત પદાર્થોનું જાણપણું કરે એમાં કાંઈ આત્માનું હિત નથી, તે બાહ્ય-જ્ઞાન વડે કાંઈ મોક્ષ સધાતો નથી. અરે, એકલા પરલક્ષે શાસ્ત્રનું જાણપણું તે પણ મોક્ષને સાધી શકતું નથી. જે જ્ઞાન આત્માના મોક્ષનું સાધન ન થાય, જે આનંદનો અનુભવ ન આપે તેને જ્ઞાન કોણ કહે? શુદ્ધઆત્મા તરફ વળેલું જ્ઞાન તે જ સાચું જ્ઞાન છે, તે જ મોક્ષને સાધનારું છે ને તે જ આનંદનું દાતાર છે. અંતરમાં શુદ્ધાત્માના આવા જ્ઞાનસહિત શાસ્ત્ર વગેરેનું જ્ઞાન હોય તેને વ્યવહારે મોક્ષનું કારણ કહેવાય. શુદ્ધાત્માની સમ્યક્શ્રદ્ધા સહિત નવતત્ત્વની પ્રતીતિને વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો શુદ્ધાત્માની સ્વસત્તાને જ અવલંબનારા છે, તેમાં પરનું અવલંબન જરાય નથી. -આવો સ્વાધીન આત્માશ્રિત નિશ્ચયમોક્ષમાર્ગ છે.

પરથી જાુદું આત્માનું વાસ્તવિકસ્વરૂપ શું છે તેના શ્રદ્ધા-જ્ઞાન કર્યા પછી જ તેમાં લીનતા થઈ શકે; નિજસ્વરૂપમાં લીનતા વડે જેટલી વીતરાગી શુદ્ધતા થઈ તેટલું સમ્યક્ચારિત્ર છે. વ્રત સંબંધી શુભવિકલ્પો તે ચારિત્ર નથી, તે તો ચારિત્ર-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દશામાં સાથે નિમિત્તરૂપ છે. વીતરાગતા જ ચારિત્ર છે, રાગ તે ચારિત્ર નથી. રાગ વગરનાં રત્નત્રય જ મોક્ષનું કારણ છે, રાગ તો આસ્રવનું જ કારણ છે, તે મોક્ષનું કારણ નથી.

અહા! આવો ચોકખો વીતરાગી માર્ગ! તેને ભૂલીને અજ્ઞાની લોકોએ રાગમાં મોક્ષમાર્ગ માની લીધો. રાગને મોક્ષમાર્ગ માનવો તે તો, કાચના કટકામાં મોટો મહા કિંમતી ચૈતન્યહીરો માંગવા જેવું છે. રાગવડે મોક્ષ થવાનું જે માને છે તેણે તો રાગ જેટલી જ મોક્ષની કિંમત કરી છે, વીતરાગી આનંદરૂપ મોક્ષની તેને ખબર નથી. બાપુ! પૂર્ણ આનંદથી ભરેલું મોક્ષપદ તે એવું નથી કે તને રાગમાં મળી જાય. વીતરાગી આનંદરૂપ મોક્ષ માટેની કિંમત પણ કોઈ અલૌકિક છે. અખંડ ચૈતન્યસ્વભાવને સ્વીકારીને તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર-રૂપ વીતરાગભાગ વડે જ મોક્ષ સધાય છે, એનાથી જુદું બીજું કોઈ સાધન નથી.

અહા, જ્ઞાનાનંદના અનંત કિરણોથી ચમકતો ચૈતન્ય-હીરલો... તે તો વીતરાગતાનો પૂંજ છે; તેમાં લીનતારૂપ વીતરાગતા તે જ ચારિત્ર છે. આવા ચારિત્રને ભગવાને પરમધર્મ કહ્યો છે. એને બદલે જે પરમાં ને રાગાદિ વ્યવહારભાવોમાં લીન થઈને તેને ચારિત્રધર્મ સમજી લ્યે તે તો મિથ્યાદ્દષ્ટિ છે, તેને તો વ્યવહારચારિત્ર પણ હોતું નથી. (લીન ભયો વ્યવહારમેં મુક્તિ કહાંસે હોય?)

પહેલાં ચારિત્ર ને પછી સમ્યગ્દર્શન-એમ જે માને છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેને તો સમ્યગ્દર્શનની કે ચારિત્રની એક્કેયની ખબર નથી. ભાઈ! શ્રદ્ધા વગર ચારિત્ર કેવું? આત્માને જાણ્યા વગર તું લીન શેમાં થઈશ? ચારિત્રનું મૂળકારણ તો સમ્યગ્દર્શન અને જ્ઞાન છે; તેને બદલે શુભરાગને જ તેં ચારિત્ર માની લીધું, અને પાછો તે શુભરાગરૂપ ચારિત્રને તેં સમ્યગ્દર્શનનું કારણ માન્યું, -એટલે તારે તો આખો મોક્ષમાર્ગ રાગરૂપ જ થયો, એમાં વીતરાગતા કે શુદ્ધાત્માનો આશ્રય કરવાનું તો ક્યાંય આવ્યું નહીં. સ્વદ્રવ્યના આશ્રયરૂપ વીતરાગતા વગર મોક્ષમાર્ગ કેવો? શુદ્ધાત્માના જ આશ્રયે સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે, ને તે જ મોક્ષમાર્ગ છે.

સમયસાર ગા. ૨૭૬-૨૭૭ માં કહે છે કે-શુદ્ધઆત્મા તે જ્ઞાન છે કારણ કે તે જ્ઞાનનો આશ્રય છે, શુદ્ધઆત્મા તે દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, શુદ્ધઆત્મા તે દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે, અને શુદ્ધઆત્મા તે ચારિત્ર છે કારણ કે તે ચારિત્રનો આશ્રય છે. -આ પ્રમાણે નિશ્ચય છે. શુદ્ધઆત્માના જ આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એટલે અભેદપણે તે ત્રણેને શુદ્ધઆત્મા જ કહી દીધો.

શાસ્ત્રોનું જ્ઞાન, નવપદાર્થોની શ્રદ્ધા અને પંચમહાવ્રતના શુભભાવરૂપ ચારિત્ર તે વ્યવહાર છે; કેમકે તે હોવા છતાં-જો શુદ્ધાત્માનો આશ્રય ન હોય તો-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી હોતા.

- માટે પરાશ્રિત એવો વ્યવહાર તે મોક્ષમાર્ગમાં નિષેધ્ય

છે, અને સ્વાશ્રિત એવો જે નિશ્ચય તે જ મોક્ષમાર્ગમાં ઉપાદેય છે, -એ સિદ્ધાંત છે.

પંડિતજીએ સમયસાર વગેરે શાસ્ત્રોઅનુસાર આ છહઢાળાની રચના કરી છે; સંસ્કૃત અને વ્યાકરણ ભણ્યા વગર પણ સમજાય એવું સાદું આ પુસ્તક છે; ટૂંકામાં ઘણી વાત તેમાં સમજાવી છે. મોટા અને નાના બધાયને અભ્યાસ કરવા જેવું આ પુસ્તક છે. આ બીજી ગાથામાં નિશ્ચય રત્નત્રયનું કથન કર્યું. અને હવે ત્રીજી ગાથાથી વ્યવહાર સમ્યગ્દર્શનનું તથા તેના વિષયરૂપ જીવ-અજીવાદિ સાત તત્ત્વોનું વર્ણન કરશે.

જુઓ, પહેલાં નિશ્ચયમોક્ષમાર્ગ બતાવીને પછી કહ્યું કે હવે વ્યવહાર સાભળો. જ્યાં નિશ્ચય હોય ત્યાં વ્યવહાર કેવો હોય છે તેનું જ્ઞાન કરાવે છે. જેને નિશ્ચયની ખબર નથી તેને વ્યવહાર કેવો? વ્યવહારને નિયતનો હેતુ કહ્યો, - પણ તે ક્યો વ્યવહાર? કે જે નિશ્ચયની સાથે હોય તે. જ્યાં નિશ્ચય હોય ત્યાં આવો વ્યવહાર હોય તેને વ્યવહારે હેતુ કહેવાય છે. નિશ્ચય ન હોય ને એકલો વ્યવહાર હોય તો તેને હેતુ કહેવામાં આવતો નથી. એટલે વ્યવહારને હેતુપણું કહ્યું તે ધર્માસ્તિ-કાયવત્ જાણવું. જેમ ધર્માસ્તિકાય ગતિમાં હેતુ છે-પણ કોને? કે જે સ્વયંગતિ કરે તેને; તેમ વ્યવહાર તે નિશ્ચયનો હેતુ છે - પણ કોને? કે સ્વાશ્રયે જે નિશ્ચયધર્મ પ્રગટ કરે તેને. જેણે પંચમહાવ્રતાદિ વ્યવહારનું તો પાલન કર્યું, પણ સ્વાશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શનાદિ પ્રગટ ન કર્યું, તેને તો તે વ્યવહાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેતુ પણ ન થયો (-જેમ સ્વયં ગતિ ન કરનારને ધર્માસ્તિકાય હેતુ પણ થતો નથી તેમ).

જો એકલો વ્યવહાર તે ખરેખર નિશ્ચયનો હેતુ થતો હોય તો-

**'મુનિવ્રતધાર અનંતવાર ગ્રૈવક ઉપજાયો,**
**પૈનિજ આતમજ્ઞાન બિન સુખ લેશ ન પાયો.'**

- પંચમહાવ્રતાદિ વ્યવહાર અનંતવાર કરવા છતાં તે જીવને તે નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનો હેતુ કેમ ન થયો? ઉપાદાન વગર નિમિત્ત શું કરે? ઉપાદાન-નિમિત્તના દોહરામાં પણ પં. ભગવતીદાસજી કહે છે કે-

**ઉપાદાન નિજબલ જહાં તહાં નિમિત્ત પર હોય,**
**ભેદજ્ઞાન પરમાણુ વિધિ વિરલા બુઝે કોય.**

જ્યાં ઉપાદાન પોતાના સામર્થ્યવડે કાર્ય કરે છે ત્યાં બીજા સંયોગ નિમિત્તરૂપે હોય છે; તેમ જ્યાં સ્વદ્રવ્યના આશ્રયરૂપ ઉપાદાનના બળથી નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે ત્યાં નિમિત્તરૂપે તેને યોગ્ય વ્યવહાર હોય છે.

આત્મા પરદ્રવ્યોથી સદા જુદો છે; પોતાના આવા આત્માનો અટલ વિશ્વાસ તે સમ્યગ્દર્શન છે. અટલ એટલે જે કદી ટળે નહી, આત્માથી કદી જુદો પડે નહીં, સિદ્ધદશામાંય આત્મા સાથે સદાય રહે-તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. વ્યવહાર-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન તો વિકલ્પરૂપ છે, પરને આશ્રિત છે, તે કાંઈ સિદ્ધદશામાં રહેતું નથી, તે આત્મારૂપ નથી પણ વિકલ્પરૂપ છે એટલે વીતરાગદશા થતાં તે વિકલ્પ છૂટી જાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન તો આત્મારૂપ છે, તે સિદ્ધમાંય સદાકાળ રહે છે. એ જ રીતે નિશ્ચય સમ્યગ્જ્ઞાનને તથા નિશ્ચય સમ્યક્ચારિત્રને પણ આત્મારૂપ જાણવા; વિકલ્પથી તે ભિન્ન છે. વિકલ્પરૂપ વ્યવહારભાવોથી આત્મા ભિન્ન હોવા છતાં તેની સાથે આત્માને એકમેક માનવો તે અજ્ઞાની જીવોનો મિથ્યા પ્રતિભાસ છે અને તેનું ફળ સંસાર છે. સર્વે પરભાવોથી ભિન્ન આત્માને દેખવો-જાણવો-અનુભવવો તે મોક્ષનો માર્ગ છે. ભવ્ય જીવોએ આવા મોક્ષમાર્ગને સદા સેવવો જોઈએ. શુભરાગના કાળેય ધર્મી તે રાગને મોક્ષમાર્ગ તરીકે નથી સેવતા, પણ તે વખતે સ્વભાવના આશ્રયે રત્નત્રયની જેટલી શુદ્ધી થઈ છે તેને જ મોક્ષમાર્ગ તરીકે સેવે છે.

આ રીતે સાચા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ છે; સાચા એટલે નિશ્ચય; 'જો સત્યારથરૂપ સો નિશ્ચય' -અને તે નિશ્ચયને અનુકૂળ ભૂમિકામુજબ વ્યવહાર હોય છે. તેમાંથી નિશ્ચય સમ્યગ્દર્શનની સાથેનો વ્યવહાર કેવો હોય તેનું વર્ણન હવેની ગાથામાં કહેશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# * વ્યવહાર સમ્યગ્દર્શનનું વર્ણન *

પોતાના શુદ્ધઆત્માની શ્રદ્ધારૂપ નિશ્ચય સમ્યગ્દર્શન જ્યાં પ્રગટ્યું હોય ત્યાં વ્યવહાર સમ્યગ્દર્શન કેવું હોય? તે કહે છે–

[ ગાથા–૩ ]

जीव अजीव तत्त्व अरू आस्रव बंध रु संवर जानों।
निर्जर मोक्ष कहे जिन तिनको ज्योंका त्यों सरधानों।।
है सोई समकित व्यवहारी, अब इन रूप बखानों।
तिनको सुख सामान्य-विशेषै दिढ प्रतीत उर आनों।। ३।।

જિનવર ભગવાને જીવ અજીવ આસ્રવ બંધ સંવર નિર્જરા ને મોક્ષ એ સાત તત્ત્વો જે પ્રમાણે કહ્યાં છે તે પ્રમાણે શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. સામાન્યથી તેમજ વિશેષથી તે સાત તત્ત્વનું સ્વરૂપ હવે કહેશું, તે સાંભળીને અંતરમાં તેની દ્રઢ પ્રતીતિ કરો.

બીજી ઢાળમાં, મિથ્યાદ્રષ્ટિજીવ સાત તત્ત્વોની શ્રદ્ધા બાબતમાં કેવી ભૂલો કરે છે તે બતાવ્યું હતું, ને તે ટાળવાનો ઉપદેશ આપ્યો હતો; અહીં આ ત્રીજી ઢાળમાં, સમ્યગ્દર્શન થતાં સાત તત્ત્વની શ્રદ્ધા કેવી થઈ તે બતાવે છે. અરિહંત–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાત્મા સિવાય બીજા કોઈ મતમાં સાત તત્ત્વનું યથાર્થ સ્વરૂપ હોય નહીં, એટલે સમ્યગ્દષ્ટિજીવ અરિહંત ભગવાનના વીતરાગી માર્ગ સિવાય અન્ય કોઈ કુમાર્ગની શ્રદ્ધા સ્વપ્નેય કરે નહીં. એ વાત તો કુદેવનું સેવન છોડવાના ઉપદેશમાં આવી ગઈ. અહીં તો આત્માનું ભાન કરીને જે જીવ સમ્યગ્દષ્ટિ થયો તેને વ્યવહારમાં પણ તત્ત્વોની શ્રદ્ધા કેવી હોય છે-તેનું વર્ણન છે.

નવતત્ત્વની શ્રદ્ધા ત્યારે જ સાચી થઈ કે જ્યારે પરદ્રવ્યથી ભિન્ન અને રાગાદિ આસ્રવોથી ભિન્ન પોતાના શુદ્ધાત્માની રુચિ કરીને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કર્યું; ત્યારે જ ભૂતાર્થથી નવતત્ત્વોને જાણ્યા કહેવાય. આવા સમ્યગ્દર્શન વડે ધર્મની શરૂઆત થાય છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે શુદ્ધપરિણતિ છે, તે સંવર-નિર્જરા છે, અને વ્યવહાર સમ્યગ્દર્શનાદિમાં શુભરાગ છે, તે આસ્રવ છે. અંતર-અનુભવ સહિત જ્ઞાયક આત્માની પ્રતીતરૂપ જે શુદ્ધ પરિણતિ થઈ તે તો સિદ્ધદશામાંય રહે છે; તેની શરૂઆત ચોથા ગુણસ્થાને થઈ જાય છે. આવા સમ્યગ્દર્શનની સાથે નવતત્ત્વની વિપરીતતા હોઈ શકે નહીં. તે પુણ્ય-આસ્રવને સંવર-નિર્જરા કે મોક્ષનું કારણ ન માને; તે અજીવતત્ત્વના ભાવોને જીવનાં ન માને. બધા તત્ત્વોને જેમ હોય તેમ જાણે.

જીવ અજીવ આસ્રવ બંધ સંવર નિર્જરા ને મોક્ષ એ સાત તત્ત્વો સર્વજ્ઞ ભગવાને જોયા છે અને જિનવાણીમાં તેનો ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * જીવતત્ત્વ *

જગતમાં જીવો અનંત છે. સ્વભાવથી બધા જીવો ભિન્ન-ભિન્ન એકસરખાં છે. પણ અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર પડે છે-બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. બહારમાં શરીરને જ આત્મા માનનારા જીવો બહિરાત્મા છે, એવા જીવો અનંતા છે. અંતરમાં દેહથી ભિન્ન આત્માને જાણનારા જીવો તે અંતરાત્મા છે, તેના અનેક પ્રકાર છે; આવા અંતરાત્મા જીવો અસંખ્યાતા છે. સર્વજ્ઞ પરમપદને પામેલા જીવો તે પરમાત્મા છે;-તેના બે પ્રકાર-અરિહંત અને સિદ્ધ; સિદ્ધ-પરમાત્મા અનંતા છે, અરિહંતપરમાત્મા લાખો બિરાજે છે. આવા ભેદ સહિત જીવતત્ત્વ તે વ્યવહારસમ્યગ્દર્શનનો વિષય છે. નિશ્ચયસમ્યગ્દર્શનમાં પોતાના શુદ્ધજીવની નિર્વિકલ્પ પ્રતીત છે, તેમાં કોઈ ભેદો નથી. ભેદને જાણતી વખતે પણ સમકિતી-જીવ એકલા ભેદમાં જ નથી રોકાતા, અભેદ શુદ્ધઆત્માને લક્ષમાં રાખીને ભેદને જાણે છે. કેવળજ્ઞાન વગેરે પર્યાયો થવાનું સામર્થ્ય શુદ્ધઆત્મામાં ભરેલું છે, તેથી શુદ્ધઆત્માની પ્રતીતમાં એ બધું સમાઈ જાય છે. શુદ્ધઆત્માની પ્રતીતમાં પરમાત્માની પ્રતીત પણ સમાઈ ગઈ. આત્માના શુદ્ધ સ્વભાવને અનુભવમાં લીધો ત્યાં અરિહંતભગવાન અને સિદ્ધભગવાનને ઓળખી લીધા.

## * अजीव तत्त्व *

અજીવના મુખ્ય પાંચ પ્રકાર-પુદ્ગલ, ધર્માસ્તિકાય,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. તેમાં પુદ્ગલપરમાણુઓ અનંતા છે; આ શરીર વગેરે જે કોઈ પદાર્થો ઇંદ્રિયગમ્ય છે તે બધાય અજીવ પુદ્ગલની રચના છે, તે જીવની રચના નથી. બીજાં ચાર અજીવતત્ત્વો સૂક્ષ્મ-અરૂપી છે. આ જીવતત્ત્વ અને અજીવતત્ત્વને ભિન્નભિન્ન જાણવા; અજીવના કોઈ પ્રકારોને જીવમાં ન ભેળવવા, ને જીવના કોઈ પ્રકારને અજીવમાં ન ભેળવવો. જ્ઞાન તે જીવનો ગુણ છે, તે ઇન્દ્રિયોનો ગુણ નથી, જડઇન્દ્રિયો વડે જ્ઞાન થતું નથી. આટલું તો વ્યવહારશ્રદ્ધામાં આવી જાય છે. આમાં પણ જેને વિપરીતતા હોય તેને તો વ્યવહાર તત્ત્વશ્રદ્ધા પણ સાચી નથી. જીવ-અજીવ વગેરે તત્ત્વો ભિન્નભિન્ન જેમ છે તેમ જાણ્યા વગર વીતરાગવિજ્ઞાન થાય નહીં ને મોક્ષમાર્ગ હાથમાં આવે નહીં. અરે, એકલા વ્યવહાર તત્ત્વના પ્રકારોને જાણે તોપણ મોક્ષમાર્ગ હાથમાં આવતો નથી. શુદ્ધનય વડે અંતરમાં પોતાના અખંડ ચેતનારૂપ શુદ્ધઆત્માને સ્વવિષય બનાવ્યા વગર, પરવિષયોનું જ્ઞાન સાચું થાય નહીં એટલે કે સાચો વ્યવહાર હોય નહિ.... સ્વના જ્ઞાન વગરના પરના જ્ઞાનને વ્યવહાર પણ કહેતા નથી. મોક્ષમાર્ગમાં નિશ્ચયસહિતના વ્યવહારની આ વાત છે, એટલે સ્વનું સાચું જ્ઞાન ભેગું રાખીને પરના જ્ઞાનની વાત છે. સ્વને જાણ્યા વગર એકલા પરને જાણવા જાય તો તે પરમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વ થઈ જાય છે, કેમકે પોતાનું પરથી ભિન્ન અસ્તિત્વ છે તે તો જ્ઞાનમાં કે પ્રતીતમાં આવ્યું નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## * આસ્રવ તથા બંધ તત્ત્વ *

મિથ્યાત્વાદિ ભાવો વડે કર્મનો આસ્રવ તથા બંધ થાય છે; પાપ અને પુણ્ય તે પણ આસ્રવ તથા બંધમાં સમાય છે. પુણ્ય-પાપ વગેરે આસ્રવ છે તેને આસ્રવરૂપે જાણવા, પણ તેને સંવરમાં ન ભેળવવા, તે આસ્રવતત્ત્વની શ્રદ્ધા છે. આસ્રવનો કોઈ પ્રકાર જીવને હિતરૂપ નથી, કે તે મોક્ષનું કારણ નથી એમ જાણવું જોઈએ. જો કોઈ પ્રકારના આસ્રવને હિતરૂપ માને તો તે જીવને આસ્રવતત્ત્વની શ્રદ્ધા સાચી નથી. અશુભ કે શુભ એ બંને પ્રકારના બંધન છોડવા જેવા છે, તેમાંથી એક્કેય સારાં નથી. શુભરાગ પણ જીવને બંધનું જ સાધન છે, તે કાંઈ મોક્ષનું સાધન નથી. નવતત્ત્વની સાચી ઓળખાણ કરે તેને પુણ્યની મીઠાશ રહે નહીં; પુણ્યને પણ તે છોડવા જેવું સમજે.

## * સંવર તત્ત્વ *

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવ વડે કર્મોનો સંવર થાય છે. આત્માની શુદ્ધતા થતાં અશુદ્ધતા અને કર્મો અટકી જાય છે. કઈ ભૂમિકામાં કેટલા અંશે સંવર હોય, ત્યાં કેવા નિમિત્ત હોય ને કેવા નિમિત્ત છૂટી જાય તે ઓળખવું જોઈએ; તેમાં વિપરીતતા ન હોવી જોઈએ. જેમ મુનિદશામાં વીતરાગભાવથી એટલો બધો સંવર થઈ ગયો છે કે ત્યાં વસ્રના પરિગ્રહની વૃત્તિ જેટલો આસ્રવભાવ હોતો નથી, ને નિમિત્તરૂપે વસ્રગ્રહણાદિ હોતું નથી. આનાથી જે વિપરીત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માને તેને મુનિના સંવરની ખબર નથી, સંવરદશાવાળા મુનિને તેણે ઓળખ્યા નથી. એ જ રીતે સમ્યગ્દર્શન થાય ત્યાં માંસાહારાદિ જેવી પાપવૃત્તિ હોય જ નહીં એટલે તેવો પાપાસ્રવ પણ ત્યાં હોય જ નહીં, -એવી સંવારદશા ત્યાં હોય છે.

## * નિર્જરા તત્ત્વ *

ધર્મીનો ઉપયોગ જેમ જેમ સ્વરૂપમાં એકાગ્ર થતો જાય તેમ તેમ શુદ્ધતા વધતી જાય છે, અને તેટલી અશુદ્ધતા તથા કર્મો ખરી જાય છે, તેનું નામ નિર્જરા છે. જીવની શુદ્ધતા વડે નિર્જરા થાય છે. કાંઈ દેહની ક્રિયા વડે નિર્જરા થતી નથી. શરીર સુકાય ને દુઃખ લાગે તે કાંઈ નિર્જરાનું કારણ નથી એટલે કે તે ધર્મ નથી. ચૈતન્યની શુદ્ધતારૂપ તપ છે તેના વડે સાચી નિર્જરા થાય છે અને તે ધર્મ છે. કર્મોની સ્થિતિ પાકીને જે સવિપાક નિર્જરા થાય છે તે તો બધા જીવોને થાય છે, તેની સાથે ધર્મનો સંબંધ નથી, તે નિર્જરા મોક્ષનું કારણ નથી.

## * મોક્ષ તત્ત્વ *

જ્યાં સંપૂર્ણ નિરાકુળ સુખ ને જ્ઞાન છે, અને જેમાં કર્મનો-રાગનો કે દુઃખનો સર્વથા અભાવ છે એવી મોક્ષદશા છે. મોક્ષ શું છે, અને તેનો ઉપાય શું છે તે ઓળખવું જોઈએ. રાગના સર્વથા અભાવરૂપ જે મોક્ષ, તેનો ઉપાય પણ રાગ વગરનો જ છે. મોક્ષના ઉપાયરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેય રાગ વગરના છે. રાગ તે મોક્ષનો ઉપાય નથી. રાગને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે મોક્ષનું સાધન માને છે તેને મોક્ષતત્ત્વની ખબર નથી. મોક્ષનાં કારણ અને બંધનાં કારણ ભિન્નભિન્ન છે, તેમને ભિન્નપણે જાણવા જોઈએ. જે બંધનું કારણ થાય તે મોક્ષનું કારણ ન થાય, ને જે મોક્ષનું કારણ થાય તે બંધનું કારણ ન થાય. -આમ સાતતત્ત્વોની ઓળખાણમાં તો બધાય ખુલાસા આવી જાય છે. સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખથી જે સાતતત્ત્વનું સ્વરૂપ આવ્યું છે તેના જ્ઞાનમાં આખા વિશ્વનાં તત્ત્વોનું જ્ઞાન આવી જાય છે. જીવ શું, અજીવ શું, કયા ભાવથી જીવને સુખ થાય, કયા ભાવથી જીવને દુઃખ થાય, તેના જ્ઞાનવગર જીવને ધર્મ કે સુખનો ઉપાય થઈ શકે નહીં. મોક્ષદશારૂપે પરિણમેલા આત્મા તે દેવ, સંવર-નિર્જરારૂપે પરિણમેલા આત્મા તે ગુરુ, -એમ સાચા દેવ-ગુરુની ઓળખાણ પણ નવતત્ત્વના વિકલ્પોથી પાર થઈને જ્ઞાનઅનુભૂતિવડે શુદ્ધઆત્માને પ્રતીતમાં લેવો તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. અહો, આ તો હજી વીતરાગ-જૈનધર્મનો એકડો છે, -ધર્મની પહેલી ભૂમિકા જે સમ્યગ્દર્શન તેની આ વાત છે.

વીતરાગ જૈનમાર્ગ સિવાય અન્યમતમાં તો સાચાં તત્ત્વો હોતાં નથી, કેમકે તેમાં તો સર્વજ્ઞતા જ નથી. જિનમતમાં સર્વજ્ઞભગવાને અતીન્દ્રિયજ્ઞાનવડે જાણીને નવતત્ત્વો જે પ્રમાણે કહ્યાં છે તે પ્રમાણે બરાબર ઓળખીને શ્રદ્ધા કરવી તે સમ્યક્ દર્શન વ્યવહારથી છે, તેમાં ભેદ અને વિકલ્પ છે તેથી તેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહાર કહ્યો; અને તે જ વખતે સાથે પોતાના શુદ્ધ આત્માની રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત વર્તે છે તે સમ્યગ્દર્શન નિશ્ચયથી છે. આ નિશ્ચય સમ્યગ્દર્શન તે મોક્ષનું સાચું કારણ છે.

જુઓ ભાઈ! પોતાના આત્માના સાચા સ્વરૂપનો નિર્ણય કરવા માટે, સર્વજ્ઞ ભગવાને કહેલા આવા તત્ત્વોનું શ્રવણ કરવું જોઈએ, અંતરમાં તેનો વિચાર-વિવેક અને ઓળખાણ કરીને દઢ નિર્ણય કરવો જોઈએ; તત્ત્વમાં ક્યાંય જરાય વિપરીતતા ન રહે એવો ચારેકોરથી ચોકખો નિર્ણય કરવો જોઈએ. સર્વજ્ઞ વીતરાગદેવ અરિહંત પરમાત્માએ જે ધર્મ કહ્યો અને જીવનું જેવું સ્વરૂપ કહ્યું તેની ઓળખાણ વગર બીજી રીતે ધર્મ માની લ્યે તેમાં કાંઈ ધર્મ થાય નહીં; એ તો શુભ-અશુભમાં ફરી-ફરીને ત્યાં ને ત્યાં રહે છે, ક્યાં? -કે સંસારમાં જ. સમ્યગ્દર્શન વગર રાગમાં કે દેહની ક્રિયામાં સામાયિક વગેરે ધર્મ માની લ્યે તેને તો જીવ-અજીવની ભિન્નતાનું પણ ભાન નથી. રાગથી ભિન્ન આત્માનું જેને ભાન નથી તેને રાગના અભાવરૂપ સામાયિક કેવી?

પ્રશ્નઃ- ગોળ તો જ્યારે ખાય ત્યારે ગળ્યો જ લાગે, અંધારામાં પણ તે ગળ્યો જ લાગે; તેમ સામાયિકથી તો ધર્મ જ થાય, ભલે સામાયિક કરનાર અજ્ઞાની હોય!

ઉત્તરઃ- ભાઈ, ગોળ ગળ્યો લાગે એ વાત સાચી, પણ ગોળ હોવો જોઈએને? ગોળને બદલે છાણાંના કટકાને ગોળ માનીને ખાય તો? તેમ સામાયિકથી ધર્મ થાય એ વાત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાચી, પણ સામાયિક હોવી જોઈએ? સામાયિકને બદલે રાગ–દ્વેષ–અજ્ઞાન ભાવોને સામાયિક માની લ્યે એને કાંઈ ધર્મ ન થાય, એને તો અજ્ઞાનની પુષ્ટિ થાય. સામાયિકના નામે રાગને સેવે એને કાંઈ ધર્મ ન થાય. રાગ વગરનો સમભાવી–જ્ઞાનસ્વરૂપી આત્મા કેવો છે તેની જેની ઓળખાણ હોય ને એવા આત્માના ધ્યાનમાં એકાગ્રતાના ઉદ્યમ વડે રાગ–દ્વેષના વિષમ ભાવો ઉત્પન્ન જ ન થાય ને વીતરાગી સમભાવ રહે, તેનું નામ સામાયિક ધર્મ છે ને તે મોક્ષનું કારણ છે. આવી સામાયિકને ઓળખે પણ નહિ, રાગથી ભિન્ન આત્માને જાણે પણ નહિ એવા અજ્ઞાનીને કદી સામાયિક હોતી નથી. જેમ કોઈ છાણું ખાય અને માને કે હું ગોળ ખાઉં છું–તો તે મૂરખમાં ગણાય, તેમ અજ્ઞાની શુભરાગ કરે છે અને માને છે કે હું સામાયિકધર્મ કરું છું. –આવા અજ્ઞાનને લીધે જીવ સંસારમાં ચારગતિના દુઃખ ભોગવી રહ્યો છે, તેનાથી કેમ છૂટાય–તેની આ વાત છે. સમ્યગ્દર્શનપૂર્વક વીતરાગસ્વરૂપમાં ઠરવું તેને ભગવાને સામાયિક કહી છે, ને તેને મોક્ષમાર્ગ કહ્યો છે; બે ઘડીની સામાયિક મોક્ષ આપે એવો તેનો મહિમા છે. –પણ સમ્યગ્દર્શન વગર સામાયિક કેવી? ને મોક્ષમાર્ગ કેવો?

પ્રશ્નઃ– જીવ અનંતવાર નવમી ગ્રૈવેયકમાં ગયો ત્યારે તેણે નવતત્ત્વની શ્રદ્ધા તો કરી હતી, છતાં તે સંસારમાં કેમ રખડયો?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઉત્તરઃ- કેમકે તેણે અંતર્મુખ થઈને શુદ્ધ આત્માની અનુભૂતિ કે શ્રદ્ધા ન કરી, ને એકલા નવતત્ત્વના ભેદના વિકલ્પમાં જ અટકયો, એટલે નિશ્ચયના લક્ષ વગરના એકલા વ્યવહારના પક્ષથી નવતત્ત્વને શાસ્ત્રઅનુસાર માન્યા ને તેના વિકલ્પને જ સમ્યગ્દર્શન માનીને તેમાં અટકી ગયો, તેથી તે સંસારમાં જ રખડયો. અહીં તેની વાત નથી. અહીં તો મોક્ષમાર્ગમાં સમ્યગ્દર્શનસહિત તત્ત્વોની શ્રદ્ધા કેવી હોય છે તેની વાત છે; નિશ્ચયપૂર્વકના વ્યવહારની વાત છે. એકલી વ્યવહારશ્રદ્ધા તો અજ્ઞાનીએ કરી, પણ નિશ્ચયસહિતનો વ્યવહાર અજ્ઞાનીને હોતો નથી.

જો કે આ વ્યવહાર-તત્ત્વશ્રદ્ધા તે પોતે સમ્યગ્દર્શન નથી, પણ તેની સાથે શુદ્ધ આત્માની જે નિશ્ચયશ્રદ્ધા છે તે સાચું સમ્યગ્દર્શન છે, અને ત્યાં સાથેના વ્યવહારને સમ્યગ્દર્શનનો ઉપચાર આવે છે. જો સાચું હોય તો બીજામાં તેનો ઉપચાર થાય, પણ સાચા વગર ઉપચાર કેવો? -એને તો ઉપચાર તે જ સત્ય થઈ ગયું! આ વ્યવહાર સમ્યગ્દર્શન તે કાંઈ શ્રદ્ધાગુણની પર્યાય નથી, તે તો વિકલ્પસહિત જ્ઞાનની દશા છે. નિશ્ચયસમ્યગ્દર્શન તે શ્રદ્ધાગુણની સમ્યક્પર્યાય છે, તે વિકલ્પ વગરની છે. શ્રદ્ધામાં વિકલ્પ હોય નહીં, એ તો નિર્વિકલ્પ છે.

મોક્ષશાસ્ત્રના પહેલા જ સૂત્રમાં મોક્ષમાર્ગ તરીકે સમ્યક્-દર્શન-જ્ઞાન-ચારિત્ર કહ્યાં છે, એ ત્રણે નિશ્ચય છે. તત્ત્વાર્થ-શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું તે તત્ત્વશ્રદ્ધાનમાં ભૂતાર્થદષ્ટિથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાના શુદ્ધ આત્માની શ્રદ્ધા ભેગી જ વર્તે છે, તેથી તે નિશ્ચયસમ્યગ્દર્શન છે, ને તે જ મોક્ષમાર્ગ છે. વ્યવહાર તત્ત્વના ભેદનું લક્ષ ને વિકલ્પ તે કાંઈ મોક્ષમાર્ગ નથી; પણ નિશ્ચય સાથેના વ્યવહારસમ્યગ્દર્શનમાં તે તત્ત્વોનું જાણપણું હોય છે તેનું આ વર્ણન છે. તેમાંથી જીવતત્ત્વનું અને તેના ભેદોનું વર્ણન હવેની ત્રણ ગાથામાં કરે છે. ।। ૩।।

*

**જઘન્ય અંતરાત્મા...**

**અવિરત સમ્યગ્દષ્ટિ**

**તે પણ મોક્ષમાર્ગી છે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# * જીવતત્ત્વ અને તેના ભેદોનું વર્ણન *

વ્યવહાર સમ્યગ્દર્શનમાં જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવાનું કહ્યું તે તત્ત્વોનું હવે વર્ણન કરે છે. તેમાં પ્રથમ જીવતત્ત્વનું વર્ણન ત્રણ શ્લોકમાં કરે છે–

[ ગાથાઃ ૪–૫–૬ ]

बहिरातम अंतर्आतम परमातम जीव त्रिधा है,
देह जीवको एक गिनैं बहिरातम तत्त्वमुधा है।
उत्तम-मध्यम-जधन त्रिविधके अन्तर-आतमज्ञानी,
द्विविध संगबिन शुद्धउपयोगी मुनि उत्तम निजध्यानी।। ४।।

मध्यम अंतर-आतम है जे देशव्रती अनगारी,
जधन कहे अविरत समदृष्टि, तीनों शिवमगचारी।
सकल-निकल परमातम द्वैविध, तिनमें घाति निवारी,
श्री अरिहन्त सकलपरमातम, लोकालोक निहारी।। ५।।

ज्ञानशरीरी त्रिविध कर्ममल वर्जित सिद्ध महंता,
ते हैं निकल-अमल-परमातम भोगैं शर्म अनंता।
बहिरातमता हेय जानि-तजि अंतरआतम हूजै,
परमातमको ध्याय निरंतर जो नित आनंद पूजै।। ६।।

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયસમ્યગ્દર્શનમાં તો એક જ્ઞાયકભાવરૂપ અખંડ જીવ કે જે શુભાશુભભાવરૂપે પણ પરિણમતો નથી એવા શુદ્ધ જીવની અભેદ શ્રદ્ધા છે, તેમાં ભેદ પડતા નથી. અહીં વ્યવહાર-સમ્યગ્દર્શનના વિષયરૂપ સાત તત્ત્વોનું કથન છે તેથી તેમાં જીવની અવસ્થાના પ્રકારો બતાવ્યા છે. નિશ્ચયથી બધા જીવો જ્ઞાનસ્વભાવી એકસરખા છે; અવસ્થા અપેક્ષાએ જીવોના ત્રણ પ્રકાર છે- (૧) બહિરાત્મા; (૨) અંતરાત્મા; (૩) પરમાત્મા. આ ત્રણ તો જીવની પર્યાયો છે; ને દ્રવ્યસ્વભાવથી બધા જીવો પરમાત્મસ્વરૂપ પરિપૂર્ણ છે, તે સ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થતાં પર્યાયમાંથી બહિરાત્મપણું ટળીને જીવ પોતે અંતરાત્મા અને પરમાત્મા થાય છે. પરમાત્મા થયેલા કોઈ જીવ ફરીને બહિરાત્મા ન થાય, પણ બહિરાત્મા જીવ સમ્યક્ત્વાદિ દ્વારા પરમાત્મા થઈ શકે છે. અહો, એકેક જીવમાં પરમાત્મા થવાની સ્વતંત્ર તાકાત, એ વાત જૈનશાસન જ બતાવે છે.

જગતમાં ભિન્નભિન્ન અંનતા જીવો છે; દરેક જીવનું લક્ષણ જ્ઞાનચેતના છે. અવસ્થામાં તે જીવો ત્રણપ્રકારરૂપે પરિણમે છે, તેનું સ્વરૂપ આ ત્રણ શ્લોકમાં બતાવ્યું છે:

## * બહિરાત્માનું સ્વરૂપ *

પોતાનું અંતરંગ જ્ઞાનસ્વરૂપ ભૂલીને બહારમાં શરીર અને જીવને એક માનીને જે વર્તે છે તે મિથ્યાદષ્ટિ બહિરાત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે; તે તત્ત્વમાં મૂઢ છે. એવા બહિરાત્મા જીવો અનંતા છે; જગતના જીવોનો મોટો ભાગ મિથ્યાદૃષ્ટિ-બહિરાત્મા છે. પણ બહિરાત્મપણું તે જીવનું ખરૂં સ્વરૂપ નથી, એટલે તેને છોડીને જીવ પોતે અંતરાત્મા તથા પરમાત્મા થઈ શકે છે.

## * અંતરાત્માનું સ્વરૂપ *

દેહથી ભિન્ન અંતરમાં આત્મસ્વરૂપને જે જાણે છે તે અંતરાત્મા છે. નરકમાં પણ જે સમ્યગ્દૃષ્ટિ છે તે અંતરાત્મા છે. દેડકું, હાથી, વાંદરો, સિંહ વગેરે તિર્યંચોમાં પણ જે જીવો દેહથી ભિન્ન આત્માને અંતરમાં અનુભવે છે તેઓ અંતરાત્મા છે. એવા અંતરાત્મા અસંખ્યાતા છે. ચોથાથી બારમા ગુણસથન સુધીના જીવો અંતરમાત્મા છે. તેમાં જેઓ દ્વિવિધ પરિગ્રહથી રહિત છે-અંતરમાં મિથ્યાત્વાદિ મોહથી રહિત છે ને બહારમાં વસ્રાદિથી રહિત છે, અને શુદ્ધોપયોગ વડે નિજસ્વરૂપના ધ્યાનમાં એકાગ્ર છે એવા મુનિવરો તે ઉતમ અંતરાત્મા છે, એટલે કે સાતમા ગુણસ્થાનથી બારમા ગુણસ્થાન સુધીના જીવો ઉત્તમ અંતરાત્મા છે; અંતરમાં આત્માના અનુભવ સહિત જેઓ દેશવ્રતી-શ્રાવક છે કે મહાવ્રતી-મુનિ છે તેઓ મધ્યમ-અંતરાત્મા છે, એટલે કે પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવર્તી જીવો મધ્યમ-અંતરાત્મા છે; અને અવિરત-સમ્યગ્દૃષ્ટિ એટલે જેને વ્રતાદિક ન હોવા છતાં પણ અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધઆત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શન થયું છે તે જીવો જઘન્ય-અંતરાત્મા છે. આ રીતે ઉત્તમ-મધ્યમ અને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જઘન્ય એમ ત્રણ પ્રકારના અંતરાત્મા જાણવા. -ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના આ બધાય અંતરાત્મા જીવો આત્માને જાણનારા છે ને મોક્ષમાર્ગમાં ચાલનારા છે. બાર અંગને જાણનારા ગણધરભગવાન, અને એક નાનું સમ્યગ્દષ્ટિ દેડકું-એ બંને અંતરાત્મા છે, બંને 'શિવમગચારી' છે-મોક્ષમાર્ગી છે. જુઓ, ચોથા ગુણસ્થાનવર્તી અવિરત-સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને પણ મોક્ષમાર્ગી કહ્યા છે. સમન્તભદ્રસ્વામીએ પણ કહ્યું છે કે- **'गृहस्थो मोक्षमार्गस्थ निर्मोहो'** ( રત્નકરંડ શ્રાવકાચાર )

## * પરમાત્માનું સ્વરૂપ *

શુદ્ધાત્માના ધ્યાનરૂપ શુદ્ધોપયોગવડે ઘાતીકર્મોને દૂર કરીને, કેવળજ્ઞાનરૂપ પરમપદ જેમણે પ્રગટ કર્યું છે તેઓ પરમાત્મા છે, તેઓ લોકાલોકને પ્રત્યક્ષ જાણનારા છે. તે પરમાત્માના બે પ્રકાર છે: અરિહંત પરમાત્મા, અને સિદ્ધ પરમાત્મા. અરિહંત પરમાત્મા શરીરસહિત હોવાથી તેમને સ-કલ પરમાત્મા કહેવાય છે; એવા લાખો અરિહંત ભગવંતો વિદેહક્ષેત્રમાં અત્યારે વિચરી રહ્યા છે, અને સદાય થયા કરે છે. સિદ્ધપરમાત્માને શરીર હોતું નથી તેથી તેમને નિ-કલ પરમાત્મા કહેવાય છે, તેઓ જ્ઞાનશરીરી છે, તેઓ આઠેકર્મથી રહિત છે. તેરમા અને ચૌદમા ગુણસ્થાને બિરાજમાન જીવો અરિહંત પરમાત્મા છે; અને ગુણસ્થાનથી પાર, દેહાતીત સિદ્ધ ભગવંતો છે. સિદ્ધ-પરમાત્મા એટલે ચાર ગતિથી મુક્ત જીવ,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેઓ અનંતા છે. અરિહંત અને સિદ્ધપરમાત્મા આત્માના અનંત સુખને અનુભવે છે.

–આમ ત્રણ પ્રકારમાંથી બહિરાત્મપણાને હેયરૂપ જાણીને છોડવું; અંતરમાં દેહથી ભિન્ન શુદ્ધ પરમસ્વરૂપને ઓળખીને અંતરાત્મા થવું અને નિરંતર તેના જ ધ્યાનવડે પરમાત્મા થઈને નિત્ય અનંત આનંદનો અનુભવ કરવો. દરેક જીવમાં આવા પરમાત્મા થવાની તાકાત છે.

કોઈ કહે કે અમે ગામડામાં રહીએ, ધંધા–વેપાર–મજુ–રીમાં જીવન વીતાવીએ, ને આ પરમાત્મા થવાની આવડી મોટી વાત આપ સમજાવો છો!

તો કહે છે કે–હા, ભાઈ! તું ગામડામાં નથી રહ્યો, તું તો તારા અનંતગુણના મોટા વૈભવમાં રહ્યો છો. દુઃખથી છૂટવા માટે આત્માની દરકાર કરીને જે સમજવા માંગે તે દરેકને સમજાય તેવી આ વાત છે. તારા સ્વરૂપમાં જે છે તે જ તને બતાવીએ છીએ, એનાથી વિશેષ કાંઈ નથી કહેતા. બાપુ! જીવનમાં આ વાત લક્ષમાં લેવા જેવી છે, બાકી તો બધું થોથાં છે, તેમાં આત્માનું કાંઈ હિત નથી. પૈસા કમાવા ખાતર મજુરીમાં જીવન વીતાવે છે પણ એ કરોડો રૂપિયામાં કે બંગલા–મોટરમાં ક્યાંય સુખનો છાંટોય નથી, અરે! સ્વર્ગમાંય સુખ નથી ત્યાં મનુષ્યલોકના વૈભવની શી વાત! સુખ તો આત્માના સમ્યગ્દર્શન–જ્ઞાન ચારિત્રમાં જ છે, બાકી બહારનાં કોઈ પણ પદાર્થના લક્ષે તો આકુળતા ને દુઃખ જ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ! વિચાર તો કર કે-રૂપિયા, મકાન, મોટર વગેરે પદાર્થો તો જીવતત્ત્વ છે? -કે અજીવ? એ તો અજીવ છે. તો શું અજીવમાં કદી સુખ હોય? ના; એનામાં સુખ કદી છે જ નહિ, તો તે તને ક્યાંથી સુખ આપે? માટે અજીવમાં-પરમાં સુખબુદ્ધિ છોડ.

હવે તે અજીવ તરફના વલણનો તારો ભાવ, (-પછી તે અશુભ હો કે શુભ) તેમાં પણ આકુળતા ને દુઃખ જ છે, તેમાં કાંઈ ચૈતન્યના આનંદનું વેદન તો નથી. -માટે તે પરલક્ષ શુભાશુભભાવોમાંય સુખબુદ્ધિ છોડી દે.

સુખથી ભરેલો તારો આત્મસ્વભાવ, તેમાં ઉપયોગ જોડતાં જ સ્વલક્ષે પરમ આનંદ અનુભવાય છે.

જુઓ, સાતતત્ત્વને જાણવામાં આ વાત આવી જાય છે. -

જ્ઞાન ને આનંદ જેમાં છે તે જીવતત્ત્વ;

તેની સન્મુખતાથી આનંદ અનુભવાય-તેમાં સંવર-નિર્જરા-મોક્ષ આવ્યા.

જ્ઞાન ને સુખ જેમાં નથી તે અજીવતત્ત્વ;

તેની સન્મુખતાથી આકુળતા અનુભવાય છે-તેમાં પુણ્ય-પાપ-આસ્રવ ને બંધ આવી ગયા.

આ રીતે તત્ત્વોનું પૃથક્કરણ કરીને સમજે તો મોક્ષમાર્ગનો સાચો નિર્ણય થયા વગર રહે નહીં. ગાગરમાં સાગરની જેમ આ છહઢાળાના નાના પુસ્તકમાં ઘણા શાસ્ત્રોનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાર ભરી દીધો છે; પંડિતજીએ પૂર્વાચાર્યોના ઉપદેશઅનુસાર કથન કર્યું છે.

સાત તત્ત્વોમાંથી જીવતત્ત્વ કેવું છે તેની આ વાત ચાલે છે. વિદેહક્ષેત્રોમાં દેહસહિત અરિહંતભગવંતો સદાય બિરાજે છે, અહીં ભરતક્ષેત્રમાં પણ અઢીહજાર વર્ષ પહેલાં અરિહંત ભગવાન સાક્ષાત્ વિચરતા હતા, તે ભગવંતોએ જીવાદિ તત્ત્વનું જેવું સ્વરૂપ કહ્યું તેવું જ્ઞાનસંતોએ ઝીલ્યું, જાતે અનુભવ્યું અને શાસ્ત્રમાં કહ્યું; તે જ અહીં કહેવાય છે. સંસ્કૃતભાષામાં સિદ્ધાંતસૂત્રોની પહેલવહેલી રચના કરનારા શ્રી ઉમાસ્વામી આચાર્ય વીતરાગતામાં ઝુલતા પરમ દિગંબર સન્ત હતા ને કુંદકુંદાચાર્યદેવના તેઓ શિષ્ય હતા, તેમણે રચેલું તત્ત્વાર્થસૂત્ર એ જૈનસિદ્ધાંતની ગીતા જેવું છે, તેના ઉપર પૂજ્યપાદસ્વામી અંકલંકસ્વામી ને વિદ્યાનંદીસ્વામી જેવા મહા આચાર્યોએ ‘સર્વાર્થસિદ્ધિ’ ‘રાજવાર્તિક’ તથા ‘શ્લોકવાર્તિક’ જેવી મોટી-મોટી ટીકાઓ રચી છે; તે તત્ત્વાર્થ-સૂત્રમાં મોક્ષમાર્ગ, સાતત્ત્વો વગેરે ઘણા વિષયોનું વર્ણન કર્યુ છે. પહેલા જ સૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે, તેમાં નિશ્ચય સમ્યગ્દર્શનાદિની વાત છે. જો કે ત્યાં સાત તત્ત્વોની વાત લીધી છે, પણ તે સાત તત્ત્વોને જાણીને તેમાંથી શુદ્ધનયના વિષયરૂપ શુદ્ધાત્માને લક્ષમાં લઈને, તેની સન્મુખ થઈને નિર્વિકલ્પ પ્રતીત કરે એવા નિશ્ચયસમ્યગ્દર્શન સહિતની તે વાત છે. જેમ સમયસારમાં ૧૩ મી ગાથામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર્યદેવે કહ્યું કે 'જીવાદિ નવતત્ત્વોને ભૂતાર્થથી જાણવા તે સમ્યગ્દર્શન છે' ત્યાં ભૂતાર્થદૃષ્ટિ કરતાં જ તેમાં શુદ્ધઆત્માની પ્રતીત આવી, ને નવતત્ત્વના વિકલ્પ છૂટી ગયા. શુદ્ધદૃષ્ટિમાં નવ ભેદ નથી, તેમાં તો એકલો શુદ્ધાત્મ ભગવાન જ આનંદસહિત પ્રકાશમાન છે; ને આવા આત્માની દૃષ્ટિપૂર્વક નવતત્ત્વની પ્રતીતનું આ વર્ણન છે. એકલા નવતત્ત્વ ગોખ્યા કરે ને તેના વિકલ્પને અનુભવ્યા કરે પણ જો શુદ્ધઆત્માને દૃષ્ટિમાં ન લ્યે તો તેને સમ્યગ્દર્શન થતું નથી, તે તો બહિરાત્મા જ રહે છે. અહીં તો અંતરાત્મા થયેલો જીવ, વિકલ્પોથી છૂટો પડીને નવતત્ત્વને જેમ છે તેમ જાણે છે તેની વાત છે, ને તેને વ્યહારસમ્યગ્દર્શન કહેવાય છે. અંતરમાં શુદ્ધાત્મામાં જ સ્વામીત્વબુદ્ધિ વર્તે છે તે નિશ્ચયસમ્યગ્દર્શન છે. જ્યાં જે અપેક્ષા હોય તે સમજવી જોઈએ. નિશ્ચયશ્રદ્ધાના વિષયમાં નવ ભેદ ન આવે, તેમાં તો એકલા નિજરૂપની જ શ્રદ્ધા છે. જેમ રાજાની સાથેના બીજા માણસોને દેખીને તેમને પણ 'આ રાજા આવ્યો' એમ ઉપચારથી કહેવાય છે; ખરેખરો રાજા તો તે નથી, જુદો છે. તેમ શુધ્ધાત્મા... સમાન છે. પણ તેની સાથે નવતત્ત્વની પ્રતીત... નવતત્ત્વ શ્રદ્ધા વગેરેના જે વિકલ્પો હોય છે તે વ્યવહારમાં બતાવ્યા તેવા જ હોય છે, એનાથી વિરુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોતા નથી. વ્યવહારમાં પણ સર્વજ્ઞભગવાને જે તત્ત્વો બતાવ્યા છે તેનાથી વિરુદ્ધ માન્યતા ધર્મીને હોય નહીં. અહો, આ તો નિશ્ચય-વ્યવહારની સંધિવાળો અલૌકિક જિનમાર્ગ છે, -વીતરાગભગવંતો જે માર્ગે ચાલ્યા તે માર્ગે જવાની આ વાત છે. એની શરૂઆત વીતરાગદૃષ્ટિ વડે થાય છે, રાગ વડે તેની શરૂઆત થતી નથી.

જેણે પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ઝીલ્યો છે, અનુભૂતિવડે અંતરમાં પોતાના પરમાત્મસ્વરૂપને અનુભવ્યું છે તે અંતરાત્મા મોક્ષમાર્ગમાં ચાલનારા છે; તે પોતાની પર્યાયને પણ જાણે છે. પહેલાં અજ્ઞાનદશામાં બહિરાત્મપણું હતું, ત્યારે હું એકાંત દુઃખી હતો; તે દશા ટળીને હવે અંતરાત્મપણું થયું છે ને આત્માનું સાચું સુખ અંશે અનુભવમાં આવ્યું છે; હવે શુદ્ધ આત્માના જ ધ્યાન વડે પૂર્ણ સુખરૂપ પરમાત્મદશા અલ્પકાળમાં થશે. આ રીતે બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા એવા ત્રણ ભેદથી જીવને ઓળખવો તે વ્યવહારશ્રદ્ધા છે. અહીં ટૂંકામાં પ્રયોજનરૂપ આ ત્રણ પ્રકાર લીધા, બાકી તો ચૌદગુણસ્થાનના અનેક પ્રકારો છે, એકેન્દ્રિયાદિ માર્ગણા અપેક્ષાએ અનેક પ્રકારો છે, એમ અનેક પ્રકારના પર્યાયભેદોથી જીવને ઓળખવાનો વ્યવહાર છે, પરમાર્થમાં તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ એકાકાર શુદ્ધ જીવ છે, તેમાં કોઈ ભેદ પડતા નથી. અહીં જીવના અંતરાત્મા વગેરે મુખ્ય ત્રણ ભેદ કહ્યા, અસંખ્ય પ્રકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહેવા જાય તો પાર ન આવે, ને આ ત્રણ ભેદનું સ્વરૂપ બરાબર ઓળખતાં અંદર હેય-ઉપાદેયનો વિવેક થઈને ભેદજ્ઞાન-રૂપ પ્રયોજન સિદ્ધ થઈ જાય છે; તે ત્રણ ભેદને જાણનાર જીવ બહિરાત્મપણું છોડીને અંતરાત્મા થઈને પરમાત્માને ધ્યાવે છે.

દેહથી ભિન્ન ચેતનારૂપ પોતાનું અસ્તિત્વ છે તેને ન દેખતાં, દેહ તે જ હું છું-એમ દેહને જ પોતાનો માનીને, અથવા દેહાશ્રિત રાગાદિ ભાવોરૂપે જ પોતાને અનુભવીને તે બાહ્યભાવોમાં જ જે વર્તે છે તે બહિરાત્મા છે; પોતે કોણ ને પર કોણ? એનો પણ તેને વિવેક નથી એટલે તે તત્ત્વમાં મૂઢપણે વર્તે છે. રાગાદિભાવો કાંઈ અંતરસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલા નથી એટલે તે જીવના અંતરંગભાવ નથી, તે બાહ્યવસ્તુના આશ્રયે થયેલા બહિર્ભાવ છે. જીવનો અંતર્-સ્વભાવ જ્ઞાનઆનંદમય શુદ્ધ છે, તેના આશ્રયે થયેલા સમ્યક્-દર્શનાદિ ભાવો તે અંતરંગભાવ છે; તેને જે અનુભવે છે તે અંતરાત્મા છે અને બહિર્ભાવોને જ જે અનુભવે છે તે બહિરાત્મા છે. પરમાં-બહારમાં આત્મપણું માને તે બહિરાત્મા; અંતરમાં પરથી ભિન્ન આત્માને દેખે તે અંતરાત્મા; પૂર્ણ પદને પામેલા તે પરમાત્મા.

જે બહિરાત્મા છે, તે પણ જ્ઞાનસ્વરૂપી આત્મા જ છે પણ અજ્ઞાનથી તે બહિરાત્મભાવરૂપે પરિણમેલો છે; સમ્યગ્દષ્ટિએ આત્મા જેવો છે તેવો જાણીને બહિરાત્મપણું છોડયું છે, ને પરમાત્મપણાને તે સાધે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે દેહાદિની ક્રિયાને આત્માની માનનારા બહિરાત્મા છે, જેને દેહથી ભિન્ન આત્માની ખબર નથી, એવા બહિરાત્મા જીવોને સમ્યગ્દર્શન હોતું નથી, તેમજ શ્રાવકપણું કે સાધુપણું પણ તેને હોતું નથી. શરીરની દશાથી આત્માને ધર્મ-અધર્મ થવાનું જે માનતા હોય તે બધા બહિરાત્મા છે-એમ નિઃશંક જાણવું. જુઓ, બીજા જીવોની પણ આવી ઓળખાણ થઈ શકે છે. પરમાત્મા કેવા હોય? અંતરાત્મા કેવા હોય? બહિરાત્મા કેવા હોય? તેનું સ્વરૂપ ઓળખી શકાય છે. તે ઓળખીને શું કરવું? કે બહિરાત્મપણું છોડવું; અંતરાત્મા થઈને પરમાત્મસ્વરૂપે આત્માને ધ્યાવવો.

શરીર તો જડ અજીવ છે, તેમાં કાંઈ જીવનો ધર્મ ગરી ગયો નથી. જીવની પર્યાય અજીવમાં જાય નહીં. બહિરાત્મપણું એ પણ જીવની પર્યાયમાં છે, તે કાંઈ શરીરમાં નથી. અજ્ઞાનથી તે માને ભલે કે હું શરીરમાં છું, પણ તે માન્યતા પણ તેણે પોતાની જ પર્યાયમાં કરી છે. અરે, શરીરથી આત્માની ભિન્નતાને જે ન જાણે તેને તો શાસ્ત્રકારોએ તત્ત્વમૂઢ કહ્યો છે; ભલે B. A. M. A. વગેરે ઘણાં લૌકિક ભણતર તે ભણ્યો હોય તોપણ જીવ-અજીવના ભેદજ્ઞાનરૂપ વીતરાગી આત્મવિદ્યામાં તો તે મૂઢ છે; તેનું લૌકિક ભણતર આત્માના હિત માટે કાંઈ જ કામનું નથી. આત્માના હિત માટે તો આ જીવ-અજીવનું ભેદજ્ઞાન કરાવનારી વીતરાગવિદ્યા ભણવા જેવી છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે વીતરાગવિદ્યાને જાણનારા અંતરાત્મા કેવા છે? સમયસારમાં તો કહે છે કે પોતાની જ્ઞાનચેતના સિવાય બીજા કોઈ ભાવને જરાપણ પોતાના માનતા નથી, પોતાને જ્ઞાનચેતનાપણે જ સદાય દેખે છે-અનુભવે છે, તે જ્ઞાની અંતરાત્મા છે, અને જીવ પોતે ભેદજ્ઞાન કરીને જ્યારે અંતરાત્મા થાય ત્યારે જ તે આવા અંતરાત્માને ખરેખર ઓળખી શકે છે. પોતે પોતાના આત્માનું સ્વસંવેદન કર્યા વગર એકલા અનુમાન વડે બીજા જ્ઞાનીધર્માત્માને પણ ઓળખી શકાતા નથી. એટલે આત્મા-અનાત્માનું ભેદજ્ઞાન કરીને જીવે પોતે અંતરાત્મા થવાની આ વાત છે. આત્માના સ્વરૂપને યથાર્થ જાણે તે અંતરાત્મા છે. આત્માનું સ્વરૂપ રાગથી ને દેહથી ભિન્ન છે. રાગ અને દેહનો નાશ થવા છતાં આત્મા તો પોતાના ચેતનસ્વભાવે સદા જીવંત છે, તેના કોઈ ધર્મનો નાશ થતો નથી. પોતાના આવા આત્માને અનુભવનારા અંતરાત્મા એ તો પરમાત્માના પાડોશી છે; બહિરાત્મપણું છોડીને એણે પરમાત્મા સાથે સંધિ જોડી છે. બહિરાત્મપણું છોડી, અંતરાત્મા થઈ પરમાત્મસ્વરૂપને ધ્યાવતાં જીવ પરમાત્મા થાય છે, તેથી પૂજ્યપાદસ્વામી સમાધિશતકમાં કહે છે કે-

**ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમભાવ;**
**થઈ તું અંતર્આત્મા, ધ્યા પરમાત્મસ્વભાવ.**

અંતરાત્માને કોઈને રાગ તો હોય છે, (-બધાને નથી હોતો કેમકે બારમા ગુણસ્થાને પણ અંતરાત્મા છે, તે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગ છે, ) એ રીતે નીચલી દશામાં રાગ હોવા છતાં અંતરાત્મા તેનાથી ભિન્ન પોતાના ચેતનસ્વરૂપને જાણનારા છે, રાગને મોક્ષમાર્ગ માનતા નથી. તેમાં સાતથી બાર ગુણસ્થાન સુધીના ઉત્તમ અંતરાત્માઓ તો શુદ્ધોપયોગવડે પોતાના નિર્વિકલ્પઆનંદને જ અનુભવી રહ્યા છે, પરમાત્મદશા તેમને ઘણી નજીક વર્તે છે. શુદ્ધોપયોગી થઈને અંતરમાં ચૈતન્ય-ગોળાને સાક્ષાત્ અનુભવી રહ્યા છે. બીજા અંતરાત્માઓને પણ આવા આત્માનું ભાન તો છે, ને નિર્વિકલ્પધ્યાન ક્યારેક થાય છે.

અરે, અંતરાત્માની ઓળખાણ પણ ઘણી સૂક્ષ્મ છે; એને ઓળખે તો જીવ-અજીવનું ભેદજ્ઞાન થઈ જાય એવું છે.

* દેહાદિ બાહ્યને આત્મા માને તે બહિરાત્મા.
* પરથી ભિન્ન અંતરમાં આત્મસ્વરૂપને જાણે તે અંતરાત્મા.
* ઉત્કૃષ્ટ-પરમ જ્ઞાનઆનંદદશાને પામેલા તે પરમાત્મા.

આત્માની આવી ત્રણદશાને ઓળખીને, બહિરાત્મપણું છોડવું, અને અંતરાત્મા થઈને પરમાત્મપદને સાધવું. પરમાત્માની ઓળખાણ અંતરાત્માને જ થાય છે, બહિરાત્મા તેને ઓળખી શકતો નથી. બહિરાત્મા તો શરીરને જ દેખે છે.

શરીર અને હું જુદા છીએ-એમ શરીરથી ભિન્નતા પણ જેને નથી ભાસતી તે રાગથી ભિન્ન થવારૂપ વીતરાગી મોક્ષમાર્ગમાં ક્યાંથી આવશે? અંતરમાં રાગથી પણ ચેતનભાવ જુદો છે એવું ભાન કર્યા વગર મોક્ષમાર્ગ થાય નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષમાર્ગમાં વર્તતા મુનિઓમાં પણ શુદ્ધોપયોગી મુનિઓને ઉત્તમ અંતરાત્મા કહ્યા ને શુભોપયોગી મુનિઓને મધ્યમ અંતરાત્મા કહ્યા; અંતરમાં આત્માનું જ્ઞાન તો બંનેને છે; પણ જે નિર્વિકલ્પ અનુભવમાં લીન છે તેને ઉત્તમ કહ્યા; શુભરાગવાળાને ઉત્તમ ન કહ્યા. જો કે તેઓ પણ છે તો પંચપરમેષ્ઠીમાં, તેથી ઉત્તમ છે; '**साहु लोगुत्तमा**' માં તેઓ પણ આવી જાય છે; પણ શુદ્ધોપયોગીની અપેક્ષાએ તેમને મધ્યમ કહ્યા. તોપછી શુદ્ધાત્માનું જેને ભાન પણ નથી એવા અજ્ઞાનીના શુભની શી વાત? શુભભાવ વખતે પણ તે તો બહિરાત્મા છે. ને ભેદજ્ઞાની જીવ અશુભભાવ વખતે પણ અંતરાત્મા છે. પરમાત્માને તો શુભ-અશુભભાવો હોતા જ નથી; અંતરાત્માની ચેતના પણ તે-તે વખતના શુભ-અશુભભાવોથી જુદી અલિપ્ત જ વર્તે છે.

અજ્ઞાની ગમે તેટલા શુભભાવ કરે, એકલા વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું પાલન કરે તોપણ તેનું સ્થાન જઘન્ય-અંતરાત્માથી પણ હલકું છે. એટલે કે તે તો બહિરાત્મા છે. જઘન્યઅંતરાત્માનું સ્થાન તો મોક્ષમાર્ગમાં છે, પણ બહિરાત્માનું સ્થાન મોક્ષમાર્ગમાં નથી. નિર્વિકલ્પઅનુ-ભૂતિસહિત શુદ્ધઆત્માની અંતર્દષ્ટિ વગર સમ્યગ્દર્શન થાય નહિ ને સમ્યગ્દર્શન વિના અંતરાત્માપણું હોય નહીં. જઘન્ય એટલે નાનામાં નાનો અંતરાત્મા પણ અંતરમાં નિશ્ચય શ્રદ્ધા-જ્ઞાન સહિત જ હોય છે. શ્રદ્ધા-અપેક્ષાએ તેનું જઘન્યપણું નથી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન અને ચારિત્ર અપેક્ષાએ જઘન્યપણું છે.

જુઓ, અંતરાત્મા ઉત્તમ હો મધ્યમ હો કે જઘન્ય હો, તે ત્રણે પ્રકારના અંતરાત્માઓ મોક્ષમાર્ગી છે. (तीनों शिवमगचारी) ચોથા ગુણસ્થાનવાળા જઘન્ય અંતરાત્મા પણ મોક્ષમાર્ગી છે, શિવમગચારી છે. ચોથાથી બારમા ગુણસ્થાન સુધીના બધાય અંતરાત્માઓ મોક્ષમાર્ગમાં ચાલનારા છે. નિશ્ચય સમ્યગ્દર્શન થયું તેના પ્રતાપે મોક્ષમાર્ગ શરૂ થઈ ગયો છે. જેને નિશ્ચય સમ્યગ્દર્શન નથી એવા જીવો વ્રતાદિ કરે ને દ્રવ્યલિંગ ધારે તોપણ અંતરાત્માના વર્ગમાં નથી આવતા, તે તો બહિરાત્મા જ છે. વ્રતરહિત પરંતુ સમ્યક્ત્વસહિત એવા જીવો તો મોક્ષમાર્ગી છે, પણ સમ્યક્ત્વરહિત ને વ્રત-સહિત એવા જીવો મોક્ષમાર્ગમાં નથી. ભલે કોઈ પંચમહાવ્રત પાળતો હોય, દ્રવ્યલિંગી સાધુ હોય, તોપણ જે મિથ્યાદૃષ્ટિ છે તેને ચારિત્રના લેશનો પણ સદ્ભાવ નથી કહ્યો; અને અવ્રતી હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ-ધર્માત્માને ચારિત્રમોહની ચાર પ્રકૃતિ (અનંતાનુબંધી ક્રોધાદિ) નો તો અભાવ થયો છે, તેટલા અંશે તેનો ચારિત્રગુણ ખીલ્યો છે. અહા, સમ્યગ્દૃષ્ટિ જીવોની અંતરની દશા કોઈ અનેરી છે. આ છહઢાળાના રચનાર પં. દૌલતરામજી ભજનમાં સમ્યગ્દૃષ્ટિની અદ્ભુત દશાનું વર્ણન કરતાં કહે છે કે-

ચિન્મૂરત દગધારિકી મોહી રીતિ લગત હૈ અટાપટી...

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**બાહિર નારકિ-કૃત દુઃખ ભોગે, અન્તર સુખરસ ગટાગટી।**
**રમત અનેક સુરનિ સંગપૈ તિસ પરિણતિતેં નિત હટાહટી।।**
**જ્ઞાન વિરાગ શક્તિતેં વિધિફલ ભોગત પૈ વિધિ ઘટાઘટી।**
**સદન નિવાસી તદાપિ ઉદાસી, તાતેં આસ્રવ છટાછટી।।**
**જે ભવહેતુ અબુધકે તે તસ કરત બન્ધ કી ઝટાઝટી।**
**નારક પશુ ત્રિય ષંડ વિકલત્રય, પ્રકૃતિનકી કટાકટી।।**
**સંયમ ધરિ ન સકે પૈ સંયમ ધારન કી ઉર ચટાચટી।**
**તાસ સુયશ ગુન કી 'દૌલત' કે લગી રહૈ નિત રટારટી।।**

અહો, ચૈતન્યમૂર્તિ આત્માની દૃષ્ટિના ધારક સમ્યગ્દૃષ્ટિ જીવોની દશા કોઈ અટપટી આશ્ચર્યકારક લાગે છે. કોઈ જીવ નરકમાં સમ્યગ્દૃષ્ટિ હોય, બહારમાં તો તેને નારકીઓ દ્વારા ઘોર દુઃખ થતું હોય પણ અંતરમાં તે જ વખતે ભિન્ન ચેતનામાં તેને આત્માના સુખરસની ગટાગટી ચાલે છે; જેમ શેરડીનો રસ ગટક-ગટક પીએ તેમ અંદર ચેતનામાં સુખરસની ગટાગટી ચાલે છે. -એવી સમ્યગ્દૃષ્ટિની પરિણતિ અટપટી છે. કોઈ જીવ સ્વર્ગમાં સમ્યગ્દૃષ્ટિ હોય, ત્યાં બહારમાં તો અનેક દેવીઓ સાથે તે ક્રીડા કરતો હોય, તે પ્રકારનો રાગ પણ હોય, છતાં તે પરિણતિથી તેને સદા હટાહટી છે, એટલે કે ધર્મીની ચેતના તો તેનાથી જુદી ને જુદી જ રહે છે. -એવી ધર્મીની વિચિત્ર પરિણતિ છે.

અનેક પ્રકારનાં કર્મફળ ભોગવવા છતાં, જ્ઞાન-વૈરાગ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શક્તિના બળે તેને કર્મ સદાય ઘટયા જ કરે છે; સદન નિવાસી એટલે કે ગૃહવાસી હોવા છતાં અંતરમાં તેનાથી ઉદાસીનતા છે તેથી આસ્રવની તેને છટાછટી છે, -આસ્રવો છૂટતા જ જાય છે. અજ્ઞાનીને જે ક્રિયાઓ ભવનો હેતુ થાય છે તે જ ક્રિયાઓ અંતરની ચૈતન્યદ્રષ્ટિને લીધે સમ્યગ્દ્રષ્ટિને બંધની ઝટાઝટી કરે છે-અર્થાત્ તેને નિર્જરા જ થાય છે.

નરકગતિ, તિર્યંચગતિ, સ્ત્રીપર્યાય, નપુંસકપર્યાય, વિકલત્રય વગેરે ૪૧ પ્રકૃતિની તો સમ્યગ્દ્રષ્ટિને નિરંતર કટાકટી થઈ ગઈ છે અર્થાત્ તે ૪૧ પ્રકૃતિ તો તેને બંધાતી જ નથી.

તે અવિરત સમ્યગ્દ્રષ્ટિ જો કે સંયમ ધારણ કરી શકતા નથી તોપણ તેમના અંતરમાં તો સંયમ ધારણ કરવાની ચટપટી વર્તે છે... નિરંતર સંયમભાવના વર્તે છે.

અહો! સમ્યગ્દ્રષ્ટિના આવા પ્રશંસનીય ગુણોનો ખજાનો, તેનું દૌલતરામજીને સદાય રટણ રહ્યા કરે છે.

વાહ! ચૈતન્યમૂર્તિ આત્માની દ્રષ્ટિવાળા સમ્યગ્દ્રષ્ટિ-અંતરાત્મા જીવોની દશા કોઈ અદ્ભુત-અચિંત્ય-આશ્ચર્યકારી છે; તેની ઓળખાણ કરતાં જીવને પોતાના આત્મસ્વરૂપનો કોઈ અચિંત્યમહિમા લક્ષમાં આવે છે. તે અંતરાત્મા ઉત્કૃષ્ટ હો, મધ્યમ હો કે નાનામાં નાના જઘન્ય હો, પણ શુદ્ધાત્માની પ્રતીતરૂપ સમ્યગ્દર્શન બધાને સરખું છે; પ્રતીતમાં ફેર નથી, બધાય અંતરાત્માઓ ભૂતાર્થદ્રષ્ટિવંત છે, શુદ્ધ ચૈતન્યની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિના ધારક છે. રાગ હોવા છતાં રાગથી પાર એમની જ્ઞાન-ચેતના છે તેને કોઈ વિરલા જ ઓળખે છે.

ભાવલિંગી મુનિઓમાં પણ જે નિર્વિકલ્પ ધ્યાનમાં લીન છે એવા શુદ્ધોપયોગીને તો ઉત્તમ અંતરાત્મામાં ગણ્યા, અને શુભોપયોગીમુનિને મધ્યમ અંતરાત્મામાં ગણ્યા, અરે, મહાવ્રતાદિની કોઈ શુભવૃત્તિ આવી તે પણ ઉત્તમ અંતરાત્મામાં પાલવતી નથી, તો બીજા રાગની શી વાત! પ્રવચનસારમાં પણ કહ્યું છે કે મોક્ષમાર્ગમાં શુદ્ધોપયોગી મુનિઓ મુખ્ય છે અગ્રેસર છે, ને શુભોપયોગી મુનિઓને તો તેમની પાછળ-પાછળ સ્વીકારવામાં આવ્યા છે. છે તો તેઓ બંને મોક્ષમાર્ગી, પરમેષ્ઠી ભગવાન; તેમાં શુભવાળા મુનિ પણ ભાવલિંગી છે, -તેની વાત છે. જેને સમ્યગ્દર્શનાદિ નથી તેમને તો મોક્ષમાર્ગમાં સ્વીકાર્યા જ નથી, તેઓ તો બંધમાર્ગે ચાલનારા બહિરાત્મા છે.

બહિરાત્મા, અતંરાત્મા, પરમાત્મા-આ ત્રણ પ્રકારમાં જગતના બધા જીવો આવી જાય છે. જીવતત્ત્વની શ્રદ્ધામાં તેની ઓળખાણ સમાઈ જાય છે. જે પોતે શુદ્ધોપયોગમાં લીન છે તેને તો બીજા જીવોનો વિચાર તે વખતે નથી; તેમજ ત્રણ ભેદ ઉપર લક્ષ નથી; પણ જે સવિકલ્પદશામાં છે તે, વ્યવહારજીવની શ્રદ્ધામાં આવા ત્રિવિધ આત્માનું સ્વરૂપ વિચારે છે. આવો યથાર્થ વિચાર કરનારો અંતરાત્મા છે. બહિરાત્માને કે પરમાત્માને આવો વિચાર નથી, કેમકે બહિરાત્મા તો તેનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાચું સ્વરૂપ જાણતો નથી, ને પરમાત્માને કોઈ વિકલ્પ નથી. આ તો સાધકને નિશ્ચયસહિત વ્યવહાર કેવો હોય તેની વાત છે.

પરમાર્થદૃષ્ટિમાં એટલે કે શુદ્ધનયમાં તો એક અખંડ જ્ઞાયકભાવરૂપે જ આત્માનો અનુભવ છે, ત્રણ પ્રકારની પર્યાયના ભેદ તેમાં નથી આવતા. શુદ્ધદૃષ્ટિ વડે અંતરાત્મા થયેલ જીવ વ્યવહારમાં જીવની પર્યાયના પ્રકારોને પણ જેમ છે તેમ જાણે છે. પોતે અંતરાત્મા થઈને ત્રણ ભેદોને જાણે છે; પણ પોતે બહિરાત્મા રહીને ત્રણ પ્રકારના આત્માનું સાચું જ્ઞાન થઈ શકે નહિ.

છઠ્ઠા ગુણસ્થાનવાળા ભાવલિંગી મોક્ષમાર્ગી મુનિ એમ જાણે છે કે અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવો પણ મોક્ષમાર્ગી છે; જેમ હું મોક્ષમાર્ગી છું તેમ તે પણ મોક્ષમાર્ગી છે. -ભલે થોડો (જઘન્ય) પણ છે તો મોક્ષના માર્ગમાં. શ્રી કુંદકુંદસ્વામીએ મોક્ષપ્રાભૃતમાં તેને ધન્ય કહ્યો છે. અહા, છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ ચોથાવાળા ગૃહસ્થને મોક્ષમાર્ગમાં સ્વીકારે છે: 'ये तीनों शिवमगचारी' ત્રણે પ્રકારના અંતરાત્મા મોક્ષમાર્ગમાં કેલિ કરનારા છે. -

**'केलि करे शिवमारगमें, जगमांहि जिनेश्वरके लघुनंदन।'**

આ રીતે અંતરાત્માની વાત કરી; હવે પરમાત્મા કેવા છે? તે કહે છે: પરમાત્માના બે પ્રકાર-એક સિદ્ધપરમાત્મા; બીજા અરિહન્તપરમાત્મા. સિદ્ધ ભગવાન તો અશરીરી,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યબિંબપણે સિદ્ધાલયમાં અનંતા બિરાજે છે, તેમને શરીર ન હોવાથી 'નિકલ પરમાત્મા' કહેવાય છે. અને અરિહંત-ભગવાન અઢીદ્વીપ સંબંધી મનુષ્યલોકમાં તેરમા-ચૌદમા ગુણસ્થાને શરીર સહિત વિચરે છે, તેમને 'સકલ પરમાત્મા' કહેવાય છે. [ કલ=શરીર; તેનાથી સહિત તે સકલ; તેનાથી રહિત તે નિકલ. ] કેવળજ્ઞાનાદિ ગુણો તે બંને પરમાત્માને સરખા છે. પરમાત્માની શી વાત! એમને ઓળખતાં તો આત્માનું સાચું સ્વરૂપ ઓળખાઈ જાય છે.

પરમાત્મપદને સાધનારા મુનિવરોની દશા પણ અદ્ભુત હોય છે... જાણે નાનકડા ભગવાન! મુનિની સૌમ્યમુદ્રામાં તો વીતરાગતાની ઝલક વર્તે છે... ઉપશમરસમાં એમનો આત્મા ઝૂલી રહ્યો છે. છઠ્ઠા ગુણસ્થાન વખતે તેમને મધ્યમ-અંતરાત્મા કહ્યા, પણ જ્યારે તેઓ મુનિ થયા ત્યારે પ્રથમ તેમને શુદ્ધોપયોગમાં સાતમું ગુણસ્થાન પ્રગટયું હતું એટલે કે ઉત્તમ અંતરાત્માપણું થયું હતું. પછી શુભ ઉપયોગમાં આવતાં તેમને મધ્યમ કહ્યા. પરંતુ શુભરાગને જે મોક્ષમાર્ગ માને છે. એટલે રાગાદિ વિભાવોને જ નિજસ્વભાવ માને છે, એવા સમ્યગ્દર્શન વગરના જીવો તો બંધમાર્ગમાં જ છે, મોક્ષના માર્ગને તેઓ જાણતા નથી.

સમ્યગ્દષ્ટિએ સર્વજ્ઞપરમાત્માને શ્રદ્ધામાં લીધા છે. સર્વજ્ઞતાને પામેલા જીવો જગતમાં છે, અને મારો આત્મા પણ એવી તાકાતવાળો છે-એમ ધર્મી જાણે છે. પરમ એટલે ઉત્કૃષ્ટ પર્યાય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રૂપે પરિણમેલા આત્મા તે પરમાત્મા છે. એવા પરમાત્મા અત્યારે આ ભરતક્ષેત્રમાં થતા નથી, પણ વિદેહક્ષેત્રમાં સીમંધરભગવાન વગેરે લાખો જીવો એવા પરમાત્માપણે અત્યારે પણ સાક્ષાત્ વિચરે છે. અહીં રહીને પણ એવા સર્વજ્ઞ-પરમાત્માની ઓળખાણ થઈ શકે છે. સર્વજ્ઞપદની જેને શ્રદ્ધા નથી તે તો બહિરાત્મા છે ને ગૃહીતમિથ્યાદષ્ટિ છે.

"**जो जो देखी वीतरागने सो सो होसी वीरा रे**" એમ નક્કી કરવામાં પણ સર્વજ્ઞપદનો સ્વીકાર આવી જાય છે. સર્વજ્ઞની ઓળખાણ વગર કોઈ એવી વાત કરે તો તે સાચી નથી.

અહા, જેને આત્માનું સંપૂર્ણ જ્ઞાન છે, સંપૂર્ણ સુખ છે, અને રાગનો સંપૂર્ણ અભાવ છે-એવી ઉત્કૃષ્ટ પર્યાયવાળા સર્વજ્ઞભગવાન છે-એનો સ્વીકાર સમ્યગ્દષ્ટિ જ કરે છે; બાહ્યદષ્ટિવાળા જીવને (રાગદષ્ટિવાળા જીવને) પરમાત્મા કેવા હોય તેની ખબર નથી. સર્વજ્ઞનો સ્વીકાર એ તો અપૂર્વ તત્ત્વજ્ઞાન છે, તે તો ધર્મનો મૂળ પાયો છે. સર્વજ્ઞતા કહો કે આત્માનો જ્ઞાનસ્વભાવ કહો, તેની ઓળખાણ વગર ધર્મની શરૂઆત થતી નથી.

સાતતત્ત્વમાંથી એક જીવ તત્ત્વને બરાબર જાણતાં તેની પર્યાયના આ બધા પ્રકારો તેમાં સમાઈ જાય છે. 'સર્વજ્ઞ' એટલે એક સમયમાં બધાને અતીન્દ્રિયજ્ઞાનવડે પ્રત્યક્ષ જાણનારા, અને છતાં જેને રાગ-દ્વેષ નથી, કોઈ સંકલ્પ-વિકલ્પ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, જાણવામાં થાક નથી, નિરાકુળ આનંદ છે. અહા, આવું પરમાત્મપણું-તે આત્માની જ એક દશા છે.

શરીર હોય છતાં આવું સર્વજ્ઞપણું હોય?

હા; શરીર શરીરમાં છે, ભગવાનને કાંઈ એનું મમત્વ નથી. જેમ શરીરનો સંયોગ હોવા છતાં શરીરથી ભિન્ન આત્માનો અનુભવ થાય છે, તેમ સર્વજ્ઞતા પણ થઈ શકે છે. જગતમાં આવા સર્વજ્ઞપરમાત્મા છે અને મારા આત્મામાં પણ એવું સામર્થ્ય છે-એમ સમ્યગ્દૃષ્ટિ બરાબર (સ્વાનુભવપૂર્વક) જાણે છે. જેને સર્વજ્ઞના અસ્તિત્વનો વિશ્વાસ ન હોય તેને આત્માના જ્ઞાનસ્વભાવનો જ વિશ્વાસ નથી.

નિશ્ચય સમ્યગ્દર્શનમાં તો ધર્મી જીવ નિર્વિકલ્પપણે શુદ્ધ આત્મતત્ત્વમાં જ 'અહં' પણાની પ્રતીત કરે છે; અને તે સમ્યગ્દર્શન સાથેની જ્ઞાનપર્યાયમાં એટલી તાકાત છે કે આવા સર્વજ્ઞપરમાત્માને પણ તે નિર્ણયમાં લઈ લ્યે છે. અંતરમાં પોતાનો શુદ્ધઆત્મા તો નિર્ણયમાં લીધો છે, ને તેની ઉત્કૃષ્ટ પર્યાયરૂપે પરિણમેલા પરમાત્મા કેવા હોય તે પણ નિર્ણયમાં આવી ગયું છે. શુદ્ધદ્રવ્યની શ્રદ્ધા કરે તે તાકાતની તો શી વાત! પણ તેની સાથે રાગથી જાુદું પડેલું જે જ્ઞાન છે તે જ્ઞાનના વ્યવહારમાં પણ એટલી તાકાત ઊઘડી ગઈ છે કે પરમાત્માને તે જાણી લ્યે છે; બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા ત્રણેને તે જાણી લ્યે છે. દ્રવ્યરૂપ શુદ્ધઆત્મા, ને તેની પર્યાયરૂપ ત્રિવિધ આત્મા, તેનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જેમ છે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તેમ જાણે છે. સમસ્ત લોકાલોકને અને ત્રણ કાળને એક સમયમાં જ્ઞાનનું જ્ઞેય બનાવે એવી મહાન અચિંત્ય તાકાત કેવળજ્ઞાનમાં છે; અહીં આખું જ્ઞાન છે તો સામે આખું જ્ઞેય એક સાથે નિમિત્ત છે. બસ, જ્ઞાનમાં સર્વ જ્ઞેયો સ્થિર થઈ ગયા, જ્ઞાન જ્ઞાનમાં સ્થિર થઈ ગયું, ક્યાંય કર્તૃત્વબુદ્ધિ કે ફેરફારની બુદ્ધિ કે રાગ-દ્વેષવૃત્તિ ન રહી. -આવી દશાવાળા સર્વજ્ઞને સમ્યગ્દષ્ટિ જાણે છે, એટલી તો તેની વ્યવહારશ્રદ્ધાની તાકાત છે; પરમાર્થશ્રદ્ધા નિર્વિકલ્પ છે તે તો પોતાના આત્માને જ પરમેશ્વરપણે અનુભવમાં લ્યે છે;- તેની તાકાતની તો શી વાત! આવી શ્રદ્ધા થાય ત્યારે જીવમાં મોક્ષનો માર્ગ ઊઘડે.

જુઓ, સાચી શ્રદ્ધા કરવા માટે જીવતત્ત્વનું આ વર્ણન ચાલે છે. નિશ્ચયથી તો જ્ઞાયકતત્ત્વ એક અખંડ શુદ્ધ છે તે જીવ છે, વ્યવહારમાં તેના ત્રણ પ્રકાર છે. શાસ્ત્રસ્વાધ્યાયમાં આવા તત્ત્વોનું ઘોલન કરતાં કરતાં, એટલે કે જ્ઞાનને એકાગ્ર કરતાં કરતાં જ્ઞાનમાં વિશેષ સ્પષ્ટતા થતી જાય છે. તેથી વીતરાગમાર્ગમાં કહેલા તત્ત્વોનું વારંવાર મનન કરવા જેવું છે.

સિદ્ધપરમાત્મા-જેમને શરીર નથી, મન નથી, ઇન્દ્રિયો નથી, રાગ નથી, છતાં કેવળજ્ઞાન છે. આવા સિદ્ધપરમાત્માને ઓળખતાં એમ નક્કી થાય છે કે આત્માનું જ્ઞાન શરીર-મન-ઇન્દ્રિયો કે રાગને આધીન નથી. સિદ્ધપરમાત્મા તો જ્ઞાન-શરીરી છે; જ્ઞાન જ આત્માનું અંગ છે કે જે કદી આત્માથી જુદું પડતું નથી. તેથી કહ્યું કે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**જ્ઞાનશરીરી ત્રિવિધ-કર્મમલવર્જિત સિદ્ધમહંતા,**
**તે હૈં નિકલ-અમલ-પરમાતમ ભોગે શર્મ અનંતા.**

જ્ઞાનશરીરી ચૈતન્યમય સિદ્ધભગવંતો સદાકાળ અનંત આત્મિકસુખને ભોગવે છે. એવા સિદ્ધને લક્ષમાં લઈને સાધક કહે છે કે-

**'ચેતન રૂપ અનુપ અમૂરત**
**સિદ્ધસમાન સદા પદ મેરો.'**

-આમ પોતાના આત્મતત્ત્વની પ્રતીત સહિત પરમાત્માને જાણે છે. એકલા પરલક્ષથી જાણે તે સાચું જ્ઞાન નથી.

આ જગતમાં સૌથી શ્રેષ્ઠ સિદ્ધભગવંતો છે; આત્માના અનંત આનંદને તેઓ ભોગવે છે, આખા વિશ્વને જાણે છે; ઔદારિકાદિ પુદ્‌ગલ શરીરો તેમને નથી તેથી તેઓ દેહાતીત, અશરીરી છે, પણ પોતાના જ્ઞાનાદિ ગુણોમાં તન્મય હોવાથી તેઓ જ્ઞાનશરીરી છે. જ્ઞાન જ આત્માનું જીવન છે; આત્મા શરીરના સંયોગ વગર, આયુકર્મ વગર, પોતાના જ્ઞાનથી જ શાશ્વત જીવનારો છે. આવું જીવન જીવનારા સિદ્ધભગવંતો મહંત છે, ભવનો અંત કરીને તેઓ મહંત થાય છે તે અનંત સુખને ભોગવે છે. મહાન આત્માને જાણનારા સમ્યગ્દષ્ટિજીવોને પણ મહંત-મહાત્મા કહેવાય છે, પણ આ સિદ્ધભગવાન તો જગતમાં સૌથી મોટા મહંત છે.

આ રીતે ગાથા ૪-૫-૬ માં ત્રિવિધ આત્માનું સ્વરૂપ બતાવીને કહે છે કે-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**બહિરાતમતા હેય જાનિ તજી અંતરઆતમ હૂજે,**
**પરમાતમકો ધ્યાય નિરંતર જો નિત આનંદ પૂજે.**

આત્માના ત્રણ પ્રકારને જાણીને બહિરાત્મપણું તો છોડવું. સમ્યગ્દૃષ્ટિએ તો બહિરાત્મપણું છોડયું જ છે, પણ બીજા જે જિજ્ઞાસુ જીવો છે તેઓએ પણ આ ઉપદેશ દ્વારા આત્માનું સ્વરૂપ જાણીને બહિરાત્મપણું છોડવું ને અંતરાત્મા થઈને પરમાત્મસ્વરૂપનું ધ્યાન કરવું-કે જે સદા આનંદકારી છે.

જે દેહને આત્મા માને, ઈંદ્રિયવિષયોમાં સુખ માને, પુણ્યરાગને ધર્મ માને, કે બાહ્ય વસ્તુ વડે પોતાનું કાંઈ કાર્ય થવાનું માને-તે બધા બહિરાત્મા છે, એમ ઓળખીને તે પ્રકારની વિપરીત માન્યતાઓ છોડવી, તેમજ એવી વિપરીત માન્યતાના પોષક જીવોને સંગ છોડવો. દેહથી અને પરભાવોથી ભિન્ન, શુદ્ધ જ્ઞાનમય સ્વતત્ત્વને ઓળખીને પોતે અંતરાત્મા થવું, તેમજ એવા બીજા સાધર્મી-અંતરાત્માઓને આદરણીય જાણવા. અંતરાત્મા શું કરે છે? કે પરમાત્માને ધ્યાવે છે. સમ્યગ્દૃષ્ટિએ અંતરમાં પોતાના શુદ્ધાત્માને નિશ્ચયથી ધ્યેય બનાવ્યો છે, ને વ્યવહારમાં અરિહંત તથા સિદ્ધ પરમાત્માને ધ્યાવે છે-આદરે છે. વિકલ્પને-રાગને તે ધ્યવાતા નથી પણ સર્વજ્ઞતારૂપ ને પૂર્ણ આનંદરૂપ એવા પરમાત્માને જ ધ્યાવે છે. નિશ્ચયમાં પોતાનો પરમસ્વભાવ ધ્યેય છે ને વ્યવહારમાં અરિહંત-સિદ્ધ પરમાત્મા ધ્યેય છે. અનંત આનંદને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પામેલા પરમાત્માના ધ્યાન વડે તે પોતાના સ્વભાવમાં એકાગ્રતાનો ઉગ્ર પ્રયત્ન કરે છે ને વિકલ્પ તોડીને અનંત આનંદને અનુભવે છે. આ રીતે શુદ્ધઆત્માના ધ્યાન વડે અનંત આનંદ (કાળથી પણ અનંત, ને ભાવથી પણ અનંત) પ્રાપ્ત થાય છે. શુદ્ધ આત્માના ધ્યાન સિવાય આનંદ જગતમાં બીજે ક્યાંય નથી. પોતાના જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતા વડે જ પરમાત્માનું ખરૂં ધ્યાન થાય છે, એ વાત સમયસારની ૩૧ મી ગાથામાં સમજાવી છે. આ રીતે શુદ્ધજીવતત્ત્વને ઓળખીને તેની શ્રદ્ધા વડે અંતરાત્મા થવું ને પછી તેના જ ધ્યાન વડે પરમાત્મા થવું-તે જીવતત્ત્વની ઓળખાણનું ફળ છે.

આ રીતે સાત તત્ત્વોમાંથી જીવતત્ત્વની વાત કરી; હવે અજીવતત્ત્વના પ્રકારો કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# અજીવતત્ત્વનું વર્ણન

મોક્ષસુખનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે; તેમાં સમ્યગ્દર્શનની સાથે સાતત્ત્વોની ઓળખાણ કેવી હોય છે તેની વાત ચાલે છે; તેમાં જીવતત્ત્વના ત્રણ પ્રકાર બતાવીને એમ કહ્યું કે બહિરાત્મપણું દુઃખદાયક હોવાથી તેને છોડવું; ને શુદ્ધાત્માના જ્ઞાનવડે અંતરાત્મા થઈને પૂર્ણ આનંદરૂપ પરમાત્મદશાની પ્રાપ્તિનો ઉદ્યમ કરવો. એ રીતે જીવતત્ત્વના પ્રકારો બતાવીને હવે અજીવતત્ત્વના પ્રકારોનું વર્ણન કરે છે–

(ગાથા ૭ તથા ૮ નો પૂર્વાર્ધ)

**चेतनता-बिन सो अजीव है, पंच भेद ताके है;**
**पुद्‌गल पंचवरन-रस गंध-दो फरस वसु जाके हैं;**
**जिय पुद्‌गलको चलन सहाई धर्मद्रव्य अनरूपी,**
**तिष्ठत होय अधर्म सहाइ जिन बिनमूर्ति निरूपी।। ७।।**
**सकल द्रव्यको वास जासमें सो आकाश पिछानो;**
**नियत वर्तना, निशि-दिन सो व्यवहारकाल परिमानो।**

ચેતનવંત તત્ત્વ તો જીવ છે; ને ચેતનતા વગરનાં તત્ત્વ તે અજીવ છે. અજીવના પાંચ ભેદ છે–

પુદ્‌ગલઃ તે રૂપી દ્રવ્ય છે એટલે વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળું છે. છ દ્રવ્યોમાં એક પુદ્‌ગલ જ રૂપી છે–મૂર્ત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીલો–પીળો–લાલ–સફેદ અને કાળો એ પાંચ રંગ, સુગંધ અને દુર્ગંધ, ખાટો મીઠો તીખો કડવો અને તૂરો એ પાંચ રસ, તથા હલકો–ભારે લૂખો–ચીકણો સુંવાળો–કર્કશ, શીત–ઉષ્ણ એ પ્રમાણે આઠ સ્પર્શ, –એ બધી પુદ્ગલની રચના છે, પુદ્ગલની પર્યાય છે. શબ્દ તે પણ અજીવ પુદ્ગલોની અવસ્થા છે, તે કાંઈ જીવનું કાર્ય નથી. આ બધા અજીવ–પુદ્ગલના પ્રકારો છે એટલે અચેતન છે, જીવથી તે ભિન્ન છે–એમ જાણવું.

ધર્મદ્રવ્ય તથા અધર્મદ્રવ્ય નામનાં બે અજીવદ્રવ્યો સર્વજ્ઞદેવે જોયા છે, તે અતિ સૂક્ષ્મ છે ને આખા લોકમાં રહેલાં છે. એક જીવના પ્રદેશ જેટલા અસંખ્ય પ્રદેશો તે દરેકને છે. જીવ અને પુદ્ગલો જ્યારે ગતિ કરે ત્યારે તેમને સહાયક–નિમિત્ત ધર્મદ્રવ્ય છે, અને ગતિ કરનારાં જીવ–પુદ્ગલો જ્યારે સ્થિર થાય ત્યારે તેમને સહાયક નિમિત્ત અધર્મદ્રવ્ય છે; આ બંને દ્રવ્યો અરૂપી છે, અને અચેતન છે.

આકાશદ્રવ્યઃ ઉપર જે વાદળ દેખાય છે તે તો પુદ્ગલની રચના છે, તે કાંઈ આકાશદ્રવ્ય નથી. આકાશદ્રવ્ય તો અરૂપી છે, ને સર્વવ્યાપી છે, ઉપર નીચે ચારે બાજુ સર્વત્ર આકાશ છે. આકાશ એટલે ક્ષેત્ર–જગ્યા. જીવ–અજીવ બધાય દ્રવ્યોનો આકાશમાં વાસ છે. આકાશ એટલું મોટું ( અનંત ) છે કે તેના એક નાનકડા ( અનંતમા ભાગના ) ભાગમાં બાકીનાં બધા જીવ–અજીવ તત્ત્વો રહેલાં છે. અનંત આકાશનો ક્યાંય પાર નથી, છતાં જ્ઞાન તો તેને પણ આખે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આખું જાણી લ્યે છે... જ્ઞાનનું સામર્થ્ય તો કોઈ અચિંત્ય મહાન છે. ધર્મીજીવ આવા આકાશદ્રવ્યની અને તેને જાણનારા જ્ઞાનની શ્રદ્ધા કરે છે.

**કાળદ્રવ્યઃ** તે પણ અજીવ છે; તેમાં સમયસમયની વર્તનારૂપ જે અરૂપી કાળ-અણુઓ છે તે નિશ્ચયકાળ છે, તે અસંખ્યાત છે; અને મિનિટ-કલાક-દિવસ-માસ-વર્ષ-સાગરોપમ વગેરે જે માપ છે તે વ્યવહારકાળ છે. પદાર્થના પરિણમન-સ્વભાવમાં તે નિમિત્ત છે. આ કાળદ્રવ્ય પણ અરૂપી અને અજીવ છે.

આ રીતે અજીવતત્ત્વના પાંચ પ્રકાર કહ્યા; ધર્મી જીવ આવા તત્ત્વની શ્રદ્ધા કરે છે.

**એક જીવ ને પાંચ અજીવ, કુલ છ જાતનાં દ્રવ્યો થયા.**
**તેમાં એક ચેતન, ને પાંચ અચેતન;**
**એક મૂર્ત-રૂપી ને પાંચ અમૂર્ત-અરૂપી;**
**એક સર્વવ્યાપી, ને પાંચ અસર્વવ્યાપી.**

ચેતનાવાળો જીવ અને ચેતના વગરનાં અજીવ, -આમ ટૂંકી વ્યાખ્યા કરીને જીવ-અજીવની ભિન્નતા સમજાવી છે.

પ્રશ્નઃ- અજીવતત્ત્વ ચેતના વગરનું છે, એટલે તેનામાં ભલે જ્ઞાન નથી પણ તે જાણવામાં જીવને સહાયક તો થાય છે ને ?

ઉત્તરઃ- ના; જીવનો જ્ઞાનસ્વભાવ બીજાની ( ઈંદ્રિય વગેરેની ) સહાય વગરનો છે. ઈંદ્રિય વગેરેનું નિમિત્તપણું તો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરાધીન એવા ઇંદ્રિયજ્ઞાનમાં છે, અને ત્યાં પણ જ્ઞાન તો જીવથી પોતાથી થાય છે, કાંઈ ઇંદ્રિયોથી નથી થતું; અને કેવળજ્ઞાન વગેરેમાં તો ઇંદ્રિયાદિ નિમિત્ત પણ નથી. જ્ઞાનનો આધાર આત્મા છે, જ્ઞાનનો આધાર જડ ઇંદ્રિયો નથી.

કેવળજ્ઞાનમાં જ્ઞેયપણે આખું જગત નિમિત્ત છે; પણ તેમાંથી કાંઈ જ્ઞાન આવતું નથી. આત્માનું જ્ઞાન કોઈ અચેતન વસ્તુમાં નથી, ને જ્ઞાનમાં કોઈ અચેતન વસ્તુ નથી; આમ જ્ઞાનને પરથી અત્યંત ભિન્ન અનુભવવું. સાતતત્ત્વનું જ્ઞાન કરતાં જડ-ચેતનની આવી ભિન્નતાનું જ્ઞાન પણ થઈ જાય છે.

અહા, મારું જ્ઞાન તો મારામાં છે, કાંઈ અજીવમાં મારું જ્ઞાન નથી. અજીવ પાસેથી કાંઈ મારું જ્ઞાન નથી આવતું. એમ સમજી જ્ઞાનને પોતાના આત્માની સન્મુખ કરતાં અપૂર્વ આનંદ અનુભવાય છે.

અહીં ધર્મ-અધર્મ વગેરે સૂક્ષ્મ દ્રવ્યોની ઓળખાણ ગતિ-સ્થિતિ વગેરેમાં નિમિત્ત થવારૂપે આપી. ધર્માસ્તિકાય પોતે સ્થિર દ્રવ્ય છે, તે કાંઈ કોઈ પદાર્થને ગતિ કરાવતું નથી, પણ-સ્વયં ગતિ કરનારા દ્રવ્યોને તે નિમિત્ત છે. તેમ જગતના કાર્યોમાં જે-જે નિમિત્ત કહેવામાં આવે છે તે બધાય નિમિત્તો પણ ધર્માસ્તિકાયની જેમ અકર્તા જ છે. એક પદાર્થ પોતાના સ્વભાવથી જ સ્વકાર્યરૂપે પરિણમે અને તે વખતે બીજો પદાર્થ નિમિત્ત હોય, તેથી કાંઈ કોઈની પરાધીનતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નથી થઈ જતી. જેમ કેવળજ્ઞાન વખતે સામે જ્ઞેયપણે જગત નિમિત્ત છે તેથી કાંઈ કેવળજ્ઞાન જ્ઞેયોને આધીન નથી થઈ જતું, તે તો સ્વાધીન છે; તેમ બધા પદાર્થોનું પરિણમન સ્વાધીન છે. ચાલીને થાકેલા માણસને કાંઈ ઝાડ... પાણી કોઈ માછલાને એ નથી કહેતું કે તું અહીં બેસ! પાણી કાંઈ માછલાને એમ નથી કહેતું કે તું ચાલ! પદાર્થો કાંઈ જ્ઞાનને એમ નથી કહેતા કે તું મને જાણ! પદાર્થો સ્વાધીનપણે જ પોતપોતાની ગતિ-સ્થિતિ કે જ્ઞાનાદિ પરિણતિરૂપે પરિણમી રહ્યા છે. અજ્ઞાનમાંથી જ્ઞાનરૂપે પરિણમનાર શિષ્યને જ્ઞાની ગુરુ નિમિત્ત છે, પણ તે ગુરુ કાંઈ આની જ્ઞાનપરિણતિના કર્તા નથી. અહા, સર્વજ્ઞમાર્ગનું વીતરાગવિજ્ઞાન અલૌકિક છે. પદાર્થનું સ્વાધીન-સ્વરૂપ તે બતાવે છે. આવા સ્વાધીન તત્ત્વનો ઉપદેશ તે જ ઇષ્ટ ઉપદેશ છે; આવા ઉપદેશ વડે જ ભેદજ્ઞાન અને વીતરાગતા થતાં જીવનું હિત થાય છે.

વસ્તુનું પોતાનું શું સ્વરૂપ છે-તે લક્ષમાં લઈને સમજવાની શરૂઆત કરવી જોઈએ; કેમકે સ્વના જ્ઞાનપૂર્વક પરનું સાચું જ્ઞાન થાય છે. જેમકે જગતમાં ધર્માસ્તિ-અધર્માસ્તિ બંને એક સાથે સર્વત્ર વિદ્યમાન છે, તેમાંથી ક્યારે કોને નિમિત્ત કહેવું તેનો નિર્ણય તો પદાર્થના કાર્ય ઉપરથી થશે. પદાર્થ ગમન કરે તેમાં ધર્માસ્તિને નિમિત્ત કહ્યું, અધર્માસ્તિને ન કહ્યું. આ રીતે જે પદાર્થમાં કામ થાય છે તે પદાર્થના ધર્મને દેખવો જોઈએ, સંયોગ તરફથી ન જોવું જોઈએ. વસ્તુસ્વ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવના જ્ઞાન સહિત સંયોગનું જ્ઞાન કરવું તે બરાબર છે. ભગવાને બધા દ્રવ્યોના ધર્મો સ્વાધીન પોતપોતાથી જ દેખ્યા છે, તે પ્રમાણે તેમનું સ્વરૂપ ઓળખીને સાચી તત્ત્વશ્રદ્ધા કરવી જોઈએ.

તત્ત્વશ્રદ્ધા માટે જીવ-અજીવની અત્યંત ભિન્નતાનું જ્ઞાન કરવું જરૂરી છે. જાણવાની શક્તિ જીવમાં જ છે. આ શરીર, લાકડું, જીભ, મોટર, ઘડીયાળ વગેરે પદાર્થો દેખાય છે તે બધાય અજીવ છે, તેમનામાં જાણવાની શક્તિ નથી, તે હાલે-ચાલે-બોલે ભલે છતાં તે અજીવ છે. હાલે-ચાલે માટે જીવ એવી કાંઈ જીવની વ્યાખ્યા નથી. જેનામાં ચેતના હોય તે જીવ, જે જાણે તે જીવ; અને જેનામાં ચેતના ન હોય તે અજીવ; -એ પ્રમાણે જીવ-અજીવની સાચી વ્યાખ્યા છે.

ઘડીયાળ ચાલે છે તો શું તે જીવ છે? ના, તે અજીવ છે. રેડિયો બોલે છે તો શું તે જીવ છે? ના, તે અજીવ છે. તેને કાંઈ ખબર નથી કે હું ઘડીયાળ છું કે હું રેડિયો છું. એને જાણનાર તો જીવ છે. સોએક વર્ષ પહેલાં જ્યારે આગગાડી શરૂ થઈ ત્યારે તેને દોડતી દેખીને કેટલાક અભણ લોકો તેને જીવ અથવા રાક્ષસ માનતા, કોઈ તેને નાળિયેર ચડાવીને પૂજતા;-જુઓ ભ્રમણા! ધર્મના નામે ઘણા અજ્ઞાનીઓ પણ એવી જ ભ્રમણા સેવે છે કે શરીર હાલે-ચાલે તે બધું જીવનું કાર્ય છે, જીવ શરીરને ચલાવે છે. -પણ જીવ-અજીવના ભિન્ન-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભિન્ન લક્ષણને જો બરાબર ઓળખે તો એ બધી ભ્રમણા મટી જાય, ને તત્ત્વનું સાચું જ્ઞાન થાય.

સર્વજ્ઞદેવે કહેલાં અતીન્દ્રિય તત્ત્વોને અંતરાત્મા શ્રદ્ધે છે, એનાથી વિપરીત શ્રદ્ધા તેને હોતી નથી. જગતમાં એક અદ્વૈત બ્રહ્મ જ સત્ છે ને બીજું અજીવાદિ કાંઈ સત્ છે જ નહિ, અથવા કોઈ ઈશ્વર આ જગતના કર્તા-હર્તા છે, - એવા પ્રકારની વિપરીત માન્યતા સમ્યગ્દષ્ટિને વ્યવહારમાં પણ હોતી નથી; વ્યવહારમાં પણ સર્વજ્ઞદેવે કહેલાં તત્ત્વોની જ શ્રદ્ધા હોય છે. તેનું આ વર્ણન ચાલે છે, તેમાં જીવનાં ત્રણ પ્રકાર અને અજીવનાં પાંચ પ્રકારનું વર્ણન કર્યું. જીવ અને અજીવ પછી ત્રીજું આસ્રવતત્ત્વ છે, તથા ચોથું બંધતત્ત્વ છે, તેમનું વર્ણન હવે કરે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## * આસ્રવ તથા બંધ તત્ત્વને છોડવાનો ઉપદેશ *

પરદ્રવ્યથી ભિન્ન પોતાના શુદ્ધઆત્માની રુચિ-અનુભૂતિ વડે જેણે સમ્યગ્દર્શન કર્યું છે તે જીવ સર્વજ્ઞ ભગવાને કહેલાં જીવાદિ સાત તત્ત્વોની પણ કેવી શ્રદ્ધા કરે છે તેનું આ વર્ણન ચાલે છે. ગાથા ૪-૫-૬માં જીવતત્ત્વના ત્રણ પ્રકારનું (બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માનું) વર્ણન કર્યું; ગાથા ૭માં તથા આઠમીના પૂર્વાર્ધમાં અજીવતત્ત્વના પાંચ ભેદ (પુદ્ગલ, ધર્મ, અધર્મ આકાશ ને કાળ) નું વર્ણન કર્યું. હવે આઠમી ગાથાના ઉત્તરાર્દ્ધમાં તથા નવમી ગાથાના પૂર્વાર્દ્ધમાં આસ્રવ અને બંધ તત્ત્વનું સ્વરૂપ બતાવીને તેમને છોડવાનું કહે છે-

[ ગાથા ૮ ઉત્તરાર્દ્ધ તથા ગાથા ૯ પૂર્વાર્દ્ધ ]

**यों अजीव अब आस्रव सुनिये, मन-वच-काय त्रियोगा;**
**मिथ्या अविरत अरु कषाय परमाद सहित उपयोगा।। ८।।**
**ये ही आतमको दुःखकारण, तातैं इनको तजिये;**
**जीवप्रदेश वंधे विधिसों सो बंधन कबहुं न सजिये।**

જીવ અને અજીવતત્ત્વનું વર્ણન કર્યું; હવે આસ્રવ તથા બંધતત્ત્વનું વર્ણન કરે છે તે સાંભળો. મન-વચન-કાયાના યોગ તેમજ મિથ્યાત્વ-અવ્રત-પ્રમાદ અને કષાયસહિત મલિન

ઉપયોગ-તે કર્મના આસ્રવનું કારણ છે; તે આસ્રવભાવો આત્માને દુઃખનાં કારણ છે, માટે છોડવા જેવા છે. પાપ હો કે પુણ્ય, તે બંનેને આસ્રવમાં સમાડીને, છોડવા જેવા કહ્યા છે, પાપઆસ્રવ છોડવા જેવા ને પુણ્યઆસ્રવ આદરવા જેવા -એમ નથી કહ્યું. એ જ રીતે બંધતત્ત્વમાં પણ પાપબંધ ને પુણ્યબંધ બંનેને છોડવાયોગ્ય સમજી લેવા. મિથ્યાત્વાદિ ભાવોને કારણે આત્મપ્રદેશોમાં કર્મોનું બંધન થાય તે બંધ-તત્ત્વ છે, તે જીવને દુઃખનું કારણ છે, માટે તે મિથ્યાત્વાદિ બંધભાવો ક્યારેય કરવા જેવા નથી.

ભાઈ, તને દુઃખનું કારણ તારા મિથ્યાત્વ તથા ક્રોધાદિ ભાવો જ છે, માટે આસ્રવ-બંધના કારણરૂપ તે ભાવો છોડવા જેવા છે. જે કોઈ ભાવથી જીવને જરાપણ આસ્રવ કે બંધ થાય તે ભાવ સારો નથી, હિતરૂપ નથી, કરવા જેવો નથી, પણ છોડવા જેવો છે-એમ સમ્યગ્દૃષ્ટિ જીવ જાણે છે. એનાથી વિપરીત જે માને તેને આસ્રવ-બંધતત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ છે, એટલે બધા તત્ત્વોની શ્રદ્ધામાં ભૂલ છે.

હે ભાઈ, તારા હિત માટે પ્રયોજનભૂત તત્ત્વોને તો તું જાણ. જીવ અને અજીવ બંને ભિન્ન તત્ત્વો, તેમાં જેનાં જે ગુણ-પર્યાયો હોય તેનાં જ તે માનવા જોઈએ, એકબીજામાં ભેળવવા ન જોઈએ. તેમજ જીવના જ્ઞાનાદિ સ્વભાવભાવો અને રાગાદિ વિભાવભાવો તેમને પણ ભિન્નભિન્ન ઓળખીને તત્ત્વોની સાચી શ્રદ્ધા કરવી જોઈએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રશ્નઃ- સમ્યગદર્શન તો તિર્યંચને પણ હોય છે, તો શું દેડકાં વગેરે તિર્યંચને પણ આ બધી ખબર હોય?

ઉત્તરઃ- હા; શબ્દો ભલે તેને ન આવડે, પણ તેના જ્ઞાનમાં સાતે તત્ત્વોનું ભાવભાસન આવી જાય છે. પદાર્થોનું જ્ઞાન કાંઈ શબ્દની અપેક્ષા રાખતું નથી. સમ્યગ્દષ્ટિ દેડકું કે સિંહ વગેરે પણ આવી જ તત્ત્વશ્રદ્ધા કરે છે, આનાથી વિપરીત માન્યતા તેને હોતી નથી; અંદરના ભાવમાં તેને આત્માનો આનંદ ગોઠે છે ને રાગાદિ આસ્રવો ગમતા નથી. શુભરાગનું વેદન થાય ત્યાં તે એમ નથી માનતા કે આ મને આનંદનું વેદન છે. શુભરાગના વેદનમાં પણ તેને દુઃખ લાગે છે; એટલે આસ્રવો દુઃખદાયક છે-હેય છે એવી શ્રદ્ધા તેના ભાવમાં આવી જ ગઈ; ને આનંદ એટલે કે સંવર-નિર્જરાનો ભાવ ઉપાદેય છે એવી શ્રદ્ધા પણ આવી ગઈ. અંતરમાં આત્મા આનંદસ્વરૂપ છે-એવું જે વેદન થાય છે તેને જ તેઓ 'આત્મા' સમજે છે; અને તેનાથી વિરુદ્ધભાવો તે આત્મા નથી-એ વાત પણ તેમાં આવી જ જાય છે. શુભ કે અશુભ વૃત્તિ ઊઠે તે તેને દુઃખરૂપ લાગે છે તેથી તેને તે છોડવા માંગે છે, એટલે આસ્રવ તથા બંધને છોડવા માંગે છે; ને આનંદના વેદનરૂપ સંવર-નિર્જરાને વધારવા માંગે છે, એટલે સંવર-નિર્જરા-મોક્ષને ઉપાદેય માને છે. આ રીતે તેના વેદનના ભાવમાં સાતે તત્ત્વોની અવિપરીત શ્રદ્ધા આવી જાય છે. તે સમ્યગ્દષ્ટિ દેડકું કાંઈ એમ નથી માનતું કે શરીર તે હું છું,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અથવા ઈશ્વરે મને બનાવ્યો છે, અથવા રાગ તે સુખરૂપ છે. તે તો શરીરથી ભિન્ન, રાગથી ભિન્ન, શાશ્વત જ્ઞાનસ્વરૂપે જ પોતાને અનુભવે છે, ને તેવો જ શ્રદ્ધે છે.

આ રીતે પોતાના હિત માટે પ્રયોજનભૂત તત્ત્વોને સમ્યગ્દષ્ટિ બરાબર જાણે છે. મૂળવસ્તુ જીવ અને અજીવ, તેમની ભિન્નતા, તથા જીવને સુખ-દુઃખના કારણરૂપ પર્યાયો, તેનું જ્ઞાન કરવું તે પ્રયોજનરૂપ છે, અને સાતતત્ત્વમાં તે બધું જ્ઞાન આવી જાય છે. ઘડો તે અજીવની પર્યાય છે અને તે મારું કાર્ય નથી- એમ ધર્મી જાણે છે. પણ તે ઘડો ક્યાં બન્યો? ક્યારે બન્યો? તેની માટી ક્યાંથી આવી? તેને બનવામાં ક્યો કુંભાર નિમિત્ત હતો? -એ બધું જાણવું અપ્રયોજનરૂપ છે, તેની સાથે જીવના હિત-અહિતનો સંબંધ નથી. તે જાણે તો કાંઈ તેનાથી જીવનું હિત થઈ જતું નથી, અને તે ન જાણે તેથી કાંઈ જીવનું હિત અટકી જતું નથી. પણ ચેતનલક્ષણરૂપ જીવ શું? તેની અંતરાત્મા વગેરે દશાઓ કેવી હોય? તેનું જ્ઞાન (શબ્દજ્ઞાન નહિ પણ ભાવભાસનરૂપ જ્ઞાન) ધર્મીને જરૂર હોય છે. હું ચેતન છું; મારા ચેતનનો એક અંશ પણ અજીવમાં નથી, ને અજીવનો એક અંશ પણ ચેતનમાં નથી. ચેતનના બધા ગુણો ચેતનમાં છે, જડના બધા ગુણો જડમાં છે, બંનેની અત્યંત ભિન્નતા છે. જીવ-અજીવના ગુણો જુદા, જીવ-અજીવની પર્યાયો જુદી; એમ દરેક દ્રવ્ય પોતપોતાના ગુણ-પર્યાયોનું ધારક છે, કોઈનો અંશ કોઈમાં ભળતો નથી. સર્વજ્ઞના માર્ગ-અનુસાર તેને બરાબર ઓળખવા જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચેતના લક્ષણરૂપ જીવ; તેની પર્યાયના ત્રણ પ્રકાર: બહિરાત્મા, અંતરાત્મા, ને પરમાત્મા; તેમાં-

બહિરાત્મામાં આસ્રવ તથા બંધતત્ત્વ આવી ગયા.

અંતરાત્મામાં સંવર તથા નિર્જરાતત્ત્વ આવી ગયા.

પરમાત્મામાં મોક્ષતત્ત્વ આવી ગયું.

આસ્રવ અને બંધમાં મિથ્યાત્વ તે મુખ્ય છે, તે ઉપરાંત અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ તે પણ આસ્રવ તથા બંધ છે. બહારમાં શરીરની ક્રિયા તે તો અજીવતત્ત્વની દશા છે, તેમાં કાંઈ જીવના આસ્રવ-બંધ કે સંવર-નિર્જરા રહેતા નથી. જીવના ઉપયોગ અને યોગની અશુદ્ધ પ્રવૃત્તિ તે આસ્રવ છે, તે બંધ છે; ને શુદ્ધોપયોગપ્રવૃત્તિ તે સંવર-નિર્જરા છે, પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે. ભાઈ, તારી અવસ્થારૂપ આવા તત્ત્વોને તું જાણ; અને તેમાં નિમિત્તરૂપ પુદ્‌ગલકર્મની અવસ્થાને તારાથી ભિન્ન અજીવ તરીકે જાણ. તે તત્ત્વોને જાણીને તેમાંથી પોતાના હિતરૂપ તત્ત્વને તું ગ્રહણ કર; અને દુઃખરૂપ તત્ત્વોને છોડ.

જુઓ, આવા તત્ત્વોનો નિર્ણય થઈ શકે એવી જ્ઞાનશક્તિ મહાભાગ્યથી અત્યારે મળી છે, તેથી તેનો નિર્ણય કરવાનું કહે છે. હિતનો અભિલાષી જીવ તેવો નિર્ણય જરૂર કરે છે. આવા ઉત્તમ સુયોગમાં પણ જેઓ તત્ત્વનિર્ણયમાં બુદ્ધિને ન જોડે અને કુમાર્ગના સેવનમાં અવસર ગુમાવી દે-એમના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુર્ભાગ્યની શી વાત! મોંઘો મનુષ્યભવ તત્ત્વનિર્ણય વગર તેઓ હારી જશે.

અહીં તો કહ્યું કે અનંતા દ્રવ્યો જેમાં રહેલાં છે એવા આકાશને પણ તમે પીછાણો. અહા! જ્ઞાનની કેટલી વિશાળતા! અનંતાનંત જીવો, તેના કરતાં અનંતાનંતગુણા પુદ્ગલો, અને ધર્માસ્તિ વગેરે સૂક્ષ્મ અરૂપી દ્રવ્યો, -એ બધાય દ્રવ્યો પણ જેના અનંતમા ભાગમાં સમાઈ જાય-એવું મોટું અનંત સર્વ વ્યાપી આકાશ, તે આકાશને પણ જે પોતાના અનંતમા ભાગની શક્તિવડે જાણી લ્યે એવું મહાન જ્ઞાનસામર્થ્ય, તેનો ધારક જીવ પોતે છે. અનંત આકાશનો નિર્ણય કરવા જતાં પોતાના આવા મહાન જ્ઞાનસ્વભાવનો પણ નિર્ણય થઈ જાય છે. આવડા મોટા આકાશની, અને તેનાથી પણ મહાન જ્ઞાન-સામર્થ્યની વાત સર્વજ્ઞદેવના જૈનશાસન સિવાય બીજે ક્યાંય હોય નહિ. અને સર્વજ્ઞના ભક્ત સમ્યગ્દષ્ટિ સિવાય આવા તત્ત્વનો સાચો નિર્ણય બીજો કોઈ કરી શકે નહિ.

અહો, આત્માના હિત માટે જૈનધર્મના આવા તત્ત્વનો અભ્યાસ કરવો જોઈએ. વિદ્યાર્થીઓ પણ રખડે કે રમે તેના કરતાં તેમને આવા વીતરાગી ભણતર શિખવવા જોઈએ, જેથી તેમનું જીવન સુખી થાય. આપણા ભગવાને જોયેલા અને કહેલા છ દ્રવ્યો કેવા છે તથા તે દરેકના મુખ્યલક્ષણ (ખાસગુણ) શું છે? કયા ભાવોથી જીવ સુખી થાય છે ને કયા ભાવોથી તે દુઃખી થાય છે? તે ઓળખવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોતે પોતાને જાણે અને બધા પદાર્થોને પણ જાણે એવી તાકાત જીવમાં જ છે, બીજા કોઈમાં નથી.

પોતે પોતામાં રહે અને બધા પદાર્થોને પણ રહેવામાં નિમિત્ત થાય-એવી તાકાત (એવો સ્વભાવ) આકાશદ્રવ્યમાં જ છે, બીજા કોઈમાં નથી. (પદાર્થ રહે છે તો સ્વક્ષેત્રમાં, આકાશક્ષેત્ર તેને નિમિત્ત છે.)

પોતે સ્વયં પરિણમે અને બધા પદાર્થોને પણ પરિણમન થવામાં નિમિત્ત થાય એવો સ્વભાવ કાળદ્રવ્યમાં જ છે, બીજા કોઈમાં નથી. (પદાર્થ પરિણમે છે તો સ્વપર્યાયથી, કાળ તેને નિમિત્ત છે.)

-એ પ્રમાણે સર્વજ્ઞદેવની વાણીઅનુસાર જગતના પદાર્થોનું જ્ઞાન કરવાની છદ્મસ્થજીવની તાકાત છે. સર્વજ્ઞ-માર્ગથી વિરુદ્ધ કોઈ વાતને સમ્યગ્દષ્ટિ માનતા નથી. સર્વજ્ઞ-વીતરાગ થયેલા આત્મા તે પરમેશ્વર છે; તે પરમેશ્વર જગતના કર્તા નથી. સ્વયંસિદ્ધ એવા આ જગતના કર્તા કોઈ ઈશ્વર નથી. ઈશ્વર જેમ જગતકર્તા નથી તેમ નિમિત્તરૂપ વસ્તુ તે બીજી વસ્તુની કર્તા નથી. જગતની જીવ અને અજીવ બધી સ્વતંત્ર વસ્તુઓ છે તે સૌ પોતપોતાની પર્યાયને કરે છે; ઈશ્વર તેના માત્ર સાક્ષી જ્ઞાતા છે, ને દરેક જીવ પણ એવા સાક્ષી-સ્વભાવી છે. -આમ ધર્મી જાણે છે.

જગતના પદાર્થો સ્વયં સત્ છે, સર્વજ્ઞે તેને સત્ જાણ્યું છે ને વાણીમાં પણ તેમ કહ્યું છે; એ રીતે સત્ વસ્તુ, તેનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન અને તેનું કથન એ ત્રણેનો મેળ છે; તેને ઓળખતાં સાચી શ્રદ્ધા થાય છે. જીવને સર્વજ્ઞનું ખરૂં સ્વરૂપ ત્યારે જ ઓળખાય છે કે જ્યારે તે તેમના જેવા પોતાના આત્માની સ્વસન્મુખ થઈને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે. જ્ઞાનસ્વભાવી આત્માને અનુભવ્યા વગર કોઈ એમ કહે કે મેં સર્વજ્ઞને ઓળખ્યા, -તો તે યથાર્થ નથી; કેમકે આત્માની ઓળખાણ પૂર્વક જ સર્વજ્ઞની ઓળખાણ થાય છે. જ્ઞાનની શક્તિ એટલી મહાન છે કે ત્રણકાળની પર્યાય સહિત સમસ્ત પદાર્થોને એક સાથે જ્ઞાનનું નિમિત્ત બનાવે છે, કોઈ જ્ઞેય બાકી રહેતું નથી. જો જાણવામાં કોઈ જ્ઞેય બાકી રહી જાય તો જ્ઞાન અધૂરું રહી જાય, -તેને સર્વજ્ઞ કોણ કહે?

જેનાથી જીવને દુઃખ થાય છે એવા આસ્રવ તથા બંધને કદી ભલા ન જાણો, તેને છોડીને સમ્યગ્દર્શનાદિમાં વર્તો, એવો ઉપદેશ છે. જીવના અસંખ્ય પ્રદેશો ચંચળ બને એટલે કે યોગનું કંપન થાય, ત્યારે મન-વચન કે કાયા જે નિમિત્ત હોય તેવા પ્રકારનો યોગ કહેવાય છે, અને તેનાથી કર્મો આવે છે, તથા મિથ્યાત્વ-કષાયાદિ મલિન ભાવો વડે તે કર્મમાં સ્થિતિ-અનુભાગરૂપ બંધન થાય છે. સમ્યગ્દષ્ટિજીવને મિથ્યાત્વજનિત આસ્રવ-બંધ નથી પણ હજી અવ્રતાદિ છે તેટલા આસ્રવ-બંધ છે, પણ તેને તે દુઃખરૂપ જાણીને, સ્વભાવથી વિપરીત જાણીને, હેય સમજે છે. આત્માનો જ્ઞાનસ્વભાવ આસ્રવ અને બંધ વગરનો છે, તેને જ તે ઉપાદેય સમજે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ રીતે સાતતત્ત્વમાં આસ્રવ અને બંધ દુઃખદાયક હોવાથી તેને છોડવા જેવા કહ્યા; હવે તેની સામે સંવર અને નિર્જરાતત્ત્વ સુખદાયક હોવાથી આદરવા જેવા છે-એમ કહે છે.

જ્ઞાની જાણે છે કે બહારની કોઈ પ્રતિકૂળતાથી ઘેરાયેલો હું નથી; હું તો મારા જ્ઞાન-આનંદ-શાંતિ વગેરે અનંત ગુણોની નિર્મળ પરિણતિથી ઘેરાયેલો છું. બહારના સંયોગ મારામાં કેવા? સંયોગમાં હું નથી; મારા જ્ઞાન-આનંદમાં જ હું છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સંવર તથા
# નિર્જરાતત્ત્વનું વર્ણન

**शम-दमतें जो कर्म न आवें सो संवर आदरिये।**
**तपबलतें विधिझरन निर्जरा ताहि सदा आचरिये।।१।।**

શુદ્ધઉપયોગ અને વીતરાગતારૂપી આત્માનું જે વહાણ, તેમાં મિથ્યાત્વ-રાગાદિ છીદ્રો વડે કર્મરૂપી પાણી આવે છે તે આસ્રવ છે; સમ્યગ્દર્શનપૂર્વક શુદ્ધતા ને વીતરાગતા થતાં તે છીદ્ર બંધ થઈ જાય છે એટલે કર્મનું આવવું અટકી જાય છે, તે સંવર છે; અને જેમ નૌકામાં ભરાયેલું પાણી બહાર ઉલેચી નાંખે તેમ તપદ્વારા વિશેષ શુદ્ધિ થતાં આત્માંથી કર્મો ઝરી જાય છે, તે નિર્જરા છે. આવા સંવર-નિર્જરા તે જીવને સુખનું કારણ છે, માટે તેનું સદા આચરણ કરવું.

પહેલાં સંવર શું અને નિર્જરા શું તે બરાબર ઓળખવું જોઈએ. સંવર-નિર્જરા કાંઈ શરીરની અવસ્થા વડે નથી થતા; જીવના ઉપયોગની શુદ્ધતા અને તેની વૃદ્ધિ, તેના વડે જ જીવને સંવર-નિર્જરા થાય છે. તપના બળથી નિર્જરા થવાનું કહ્યું તે પણ ચૈતન્યની ઉગ્ર શુદ્ધતારૂપ તપ છે, અને તે સદાય આચરવા જેવી છે. દેહથી ભિન્ન ચૈતન્યને તો જાણે નહિ, ને દેહને સૂકવીને નિર્જરા કરવા માંગે. તેને સાચી નિર્જરા હોતી નથી; નિર્જરાતત્ત્વને તે ઓળખતો પણ નથી.

પ્રશ્નઃ- એકલું શુદ્ધ આત્મતત્ત્વ માને ને આ બધું ન માને તો?

ઉત્તરઃ- ભાઈ, શુદ્ધ આત્માને જે ખરેખર જાણે તેના જ્ઞાનમાં આ બધા તત્ત્વોનો સ્વીકાર પણ આવી જ જાય છે. શુદ્ધઆત્મા હું છું-એમ જાણ્યું ત્યાં, તેનાથી વિરુદ્ધ, એવા રાગાદિ અશુદ્ધભાવો હું નથી-એમ પણ જાણ્યું, એટલે તે રાગાદિને (આસ્રવ-બંધને) હેય જાણ્યા; (ભલે તેને 'આસ્રવ વગેરે શબ્દો ન આવડતા હોય પણ તેના નિષેધનો ભાવ તો જ્ઞાનમાં વર્તે જ છે.) તથા શુદ્ધઆત્માને ઓળખતાં તેના અનુભવમાં જે વીતરાગી આનંદ આવ્યો તેને તે સારો-ઉપાદેય જાણે છે, અને તે જ સંવર-નિર્જરા છે, એટલે સંવર-નિર્જરા-મોક્ષનું જ્ઞાન પણ તેમાં આવી ગયું; - ભલે નામ ન આવડતા હોય.

જીવને સુખ-દુઃખનું કારણ પોતાનો ભાવ છે, સમ્યક્ત્વાદિ વીતરાગભાવ તે સુખ છે, મિથ્યાત્વાદિ ભાવો તે દુઃખ છે. લીલીછમ વનસ્પતિ પવનમાં લહેરાતી હોય તે વખતે પણ તે એકેંદ્રિય જીવો અનંત દુઃખ વેદી રહ્યા છે. માથે હજારમણની શિલા પડી હોય, શરીર છુંદાઈ ગયું હોય, છતાં શરીરની એવી પ્રતિકૂળતા વખતે પણ જીવ સમાધાન કરીને અંદર શાંત-અનાકુળ પરિણામ રાખી શકે છે, -કેમકે શરીરથી જીવ જુદો છે. લોકો તો બહારથી જુએ કે શરીર છેદાયું- ભેદાયું માટે તે જીવ ઘણો દુઃખી- પણ એ જ સંયોગ હોવા

છતાં શાંત પરિણામવાળો જીવ દુઃખી થતો નથી. અંદર જેટલા મિથ્યાત્વાદિ કષાયભાવો છે તેટલું જ જીવને દુઃખ છે, ને સમ્યક્ત્વાદિ નિરાકુળભાવ તે જ સુખ છે. આત્માનો આનંદસ્વભાવ છે તેને ઓળખીને અનુભવ કરે તો જ જીવને સાચું સુખ ને આનંદ થાય છે; તેને જ આસ્રવ-બંધ ટળે છે ને સંવર-નિર્જરા થાય છે. કર્મ આવવાના કારણરૂપ મિથ્યાત્વાદિ ભાવોને જ્યાં સુધી જીવ ન છોડે, તેના કોઈ પણ અંશને (શુભરાગને પણ) ભલો જાણે, ત્યાં સુખી જીવને સંવર-નિર્જરા થાય નહીં.

**પૈસા આવે કે જાય તેને કારણે જીવને સુખ-દુઃખ નથી.**

**છોકરો જન્મે કે મરે તેને કારણે જીવને સુખ-દુઃખ નથી.**

**શરીર નીરોગ હો કે રોગી, તેને કારણે જીવને સુખ-દુઃખ નથી.**

અરે જીવ! તારો આનંદસ્વભાવ છે તેનું ભાન કરતાં તું સુખી છો, ને તેને ભૂલ્યે તું દુઃખી છો. અરે ભાઈ! તું દુઃખી તારી ભૂલથી, ને વાંક કાઢ બીજાનો, -તો તારું દુઃખ ને તારી ભૂલ ક્યાંથી છૂટશે? તારી ભૂલ, તેમ જ ભૂલ વગરનો જ્ઞાનસ્વભાવ, તે બંનેનો સ્વીકાર કરતાં જ સ્વભાવના આશ્રયે ભૂલ ટળીને નિર્દોષતા થશે, એટલે સુખ થશે.

અનાદિથી અજ્ઞાનીને દેહબુદ્ધિનો ને પરાશ્રયનો એવો રંગ ચઢયો છે કે પોતાના સમ્યક્ત્વાદિ ગુણને માટે પણ તે પરનો આશ્રય માને છે ને પોતાના દોષ પણ બીજાને માથે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓઢાડવાની તેને ટેવ છે. હે ભાઈ, પરવસ્તુ કાંઈ તારા ગુણ-દોષનું કે સુખ-દુઃખનું કારણ નથી. તારા પરિણામમાં તારા સ્વભાવની અનુકૂળતા તે જ સુખ, ને સ્વભાવથી પ્રતિકૂળતા તે જ દુઃખ; દેહની અનુકૂળતા-પ્રતિકૂળતામાં તારું કાંઈ સુખ-દુઃખ નથી. વાંઝીયાપણું-વિધવાપણું-ક્ષયરોગ-છેદન-ભેદન-મોટર ફાટે-વિમાન તૂટે-બોંબ પડે એમાં ક્યાંય જીવનું દુઃખ નથી; એ તો ભિન્ન વસ્તુ છે. ભિન્ન વસ્તુ કે જેનું તારામાં અસ્તિત્વ જ નથી તે તને દુઃખ કેમ આપે? પોતે પોતાના સ્વભાવને ભૂલીને, સંયોગ સામે જોઈ જોઈને જે મોહ-રાગ-દ્વેષ કરે છે તેનું જ પોતાને દુઃખ છે. ને પોતાનો આનંદસ્વભાવ છે તેની સામે જોતાં સુખ થાય છે. આ રીતે તારા દુઃખ-સુખનાં કારણો તારામાં છે, બીજામાં નથી. તેને ઓળખીને તેમાંથી દુઃખનાં કારણરૂપ આસ્રવ-બંધને છોડવા, અને સુખનાં કારણરૂપ સંવર-નિર્જરાને આદરવા.

આનંદસ્વભાવનું અસ્તિત્વ તારામાં ત્રિકાળ છે; તારા આ અસ્તિત્વને ભૂલીને તેં પોતે પર્યાયમાં ક્ષણિક દુઃખ ઊભું કર્યું છે. તારા અસંખ્યપ્રદેશી ચૈતન્યધામમાં અનંતગુણો ને તેની પર્યાયો-એટલું તારું અસ્તિત્વ! તારામાં આનંદના અસ્તિત્વને દેખ તો તારી પર્યાયમાં આનંદ થાય. અંતર્મુખ થઈને પોતાના આનંદના અસ્તિત્વને કારણ બનાવતાં આનંદના અનુભવરૂપ કાર્ય થાય છે. આત્માનો જ્ઞાનસ્વભાવ તે આનંદનું જ કારણ છે, તે દુઃખનું કારણ નથી; રાગાદિ આસ્રવભાવો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દુઃખરૂપ જ છે, તે કદી સુખનાં કારણ થતાં નથી; આ રીતે જ્ઞાનને અને રાગને તદ્દન ભિન્નપણું છે. શ્રી કુંદકુંદસ્વામી કહે છે કે–

**આ સર્વ જીવનિબદ્ધ અધ્રુવ શરણહીન અનિત્ય છે;**
**એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે.**

( સમયસાર ગાથા ૭૪ )

જીવ-અજીવના ભેદજ્ઞાનવડે, એટલે કે સાત તત્ત્વના યથાર્થ જ્ઞાનવડે જીવ આસ્રવોથી પાછો વળે છે ને જ્ઞાનસ્વભાવમાં એકાગ્રતારૂપ સંવરદશાને ધારણ કરે છે. તેથી વીતરાગ ભેદજ્ઞાન વારંવાર ઘૂંટવા જેવું છે.

* આત્માને સુખરૂપ કે દુઃખરૂપ કોણ થાય?
* કે આત્મામાં જે હોય તે;
* આત્મામાં જે હોય જ નહિ તે સુખ-દુખનું કારણ ન થાય;
* જેમકે સસલાનું શીંગડું છે જ નહિ તો તે કોઈને લાગતું નથી;
* તેમ આત્મામાં કર્મ છે જ નહિ તો તે આત્મામાં કાંઈ કરતા નથી.
* આત્મામાં આનંદસ્વભાવનું અસ્તિત્વ છે, તેના અવલંબને સુખની ઉત્પત્તિ છે.
* સ્વભાવને ભૂલીને આત્મા રાગાદિરૂપ પરિણમે તેમાં આકુળતારૂપ દુઃખ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



* જીવના સુખને કે દુઃખને બહારના પદાર્થો કારણભૂત નથી.

* એક જ બાહ્યપદાર્થમાં એક માણસ સુખની કલ્પના કરે છે, -બીજો દુઃખની;- માટે સુખ-દુઃખની કલ્પનાનું પણ કારણ પરદ્રવ્ય ન ઠર્યું.

- આમ જાણે તે જીવ પરદ્રવ્યમાં સુખ-દુઃખની બુદ્ધિ તથા રાગ-દ્વેષ છોડીને, પોતાના ભાવમાં જે રીતે સુખ થાય ને દુઃખ મટે તેવો ઉપાય કરે, એટલે કે સંવર-નિર્જરાનો ઉપાય કરે ને આસ્રવ-બંધને છોડે.

નવતત્ત્વને ઓળખવામાં આ બધું આવી જાય છે. કેટલાક લોકો નવ તત્ત્વનાં નામ ગોખે છે (જો કે ઘણાયને તો નામ પણ નથી આવડતા) પણ તેના સ્વરૂપની ઓળખાણ કરવી જોઈએ.

પાપનો કે પુણ્યનો આસ્રવ જેનાથી થાય તે પોતે દુઃખ છે અને દુઃખનું જ કારણ છે. અજ્ઞાની પુણ્યાસ્રવને ધર્મનું કારણ માને છે, પણ અહીં તો કહે છે કે તે દુઃખનું જ કારણ છે. કોઈ સમજે કે આસ્રવમાં અત્યારે ભલે દુઃખ હોય પણ ભવિષ્યમાં તે સુખનું કારણ થશે, -તો કહે છે કે ના; આસ્રવો (એટલે મિથ્યાત્વ અને પુણ્ય-પાપના બધા ભાવો) તે અત્યારે પણ દુઃખ છે ને ભવિષ્યમાં પણ તેની સાથેનો સંબંધ દુઃખનું જ કારણ છે. જે પોતે દુઃખસ્વરૂપ જ છે તે સુખનું કારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ક્યાંથી થાય? સુખનું કારણ તો સુખથી ભરેલો એવો પોતાનો સ્વભાવ જ છે, -તેના સેવનથી વર્તમાનમાં સુખ છે ને તેનું ફળ પણ સુખ જ છે, તે કદી દુઃખનું કારણ થતો નથી. આવું તત્ત્વજ્ઞાન કરવું તે જ સુખી થવાનો ઉપાય છે.

ભાઈ, તું પરપદાર્થોને તો તારાથી ભિન્ન જાણીને તેની મમતા છોડ. પરતરફના તારા ભાવોને પણ દુઃખરૂપ જાણીને તેનું પણ સેવન છોડ. એ રીતે પરથી ભિન્ન અને પરભાવોથી પણ ભિન્ન એવા તારા નિજરૂપને નીહાળ. એને નીહાળતાં જ તને પરમ સુખ થશે. આમાં સાતે તત્ત્વનો સાર આવી ગયો.

પરદ્રવ્ય જીવને દુઃખ નથી આપતું; જો પરદ્રવ્ય જીવને દુઃખી કરતું હોય તો તે દુઃખથી છૂટવાનું પણ જીવને આધીન ન રહ્યું; પરદ્રવ્ય છોડે ત્યારે જીવ દુઃખથી છૂટે! -પણ એમ નથી. દુઃખનું કારણ મિથ્યાત્વાદિ ભાવ જીવમાં છે અને જીવ તેને છોડતાં દુઃખ છૂટી જાય છે, એટલે દુઃખથી છૂટવું તે પોતાના હાથની વાત છે. પોતાનું સુખ પોતામાં છે તેને સ્વાધીનપણે પોતે વેદી શકે છે. જેમ જીવને દુઃખનું કારણ પરવસ્તુ નથી તેમ સુખનું કારણ પણ પરવસ્તુ નથી. અરે, સંસારના કલ્પેલા સુખનું કારણ પણ પરવસ્તુ નથી, ત્યાં પણ જીવની પોતાની કલ્પના જ સુખ-દુઃખનું કારણ છે. જેમ કોઈ અજ્ઞાનીએ પૈસામાં કે સ્ત્રી વગેરેમાં સુખ માન્યું, અથવા શરીરના રોગાદિમાં દુઃખ માન્યું, -તો તે માન્યતાનું કારણ કાંઈ તે પૈસા કે રોગ વગેરે નથી; પૈસા પડ્યા હોવા છતાં તેમાં સુખની માન્યતાને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવ છેદી શકે છે; એ જ રીતે શરીરમાં રોગાદિ હોવા છતાં તેમાં દુઃખની માન્યતાને જીવ છેદી શકે છે.

બહારના પદાર્થો તેમના અસ્તિત્વમાં છે, તે કાંઈ જીવમાં નથી. સુખ કે દુઃખનું અસ્તિત્વ જીવમાં છે, પરમાં નથી.

પ્રતિકૂળ સંયોગ હોય ને દુઃખ થાય તોપણ તે દુઃખનું અસ્તિત્વ જીવમાં છે, સંયોગમાં નથી. જીવ પોતાના આનંદ-સ્વભાવને ભૂલીને પરવસ્તુમાં સુખ કલ્પીને તેના ગાઢ પ્રેમમાં અટકી ગયો છે. જ્યાં સુધી પરમાં સુખ માને ત્યાં સુધી તેનો ઉપયોગ પરમાંથી પાછો હઠે નહિ ને સ્વમાં ઉપયોગ વળે નહિ, એટલે તેને સંવર-નિર્જરા થાય નહિ, આસ્રવ ને બંધ જ થાય.

અહીં તો કહે છે કે જીવને કોઈ પણ પ્રકારનો આસ્રવ કે બંધ થાય તેને સારો ન માનવો; બંધના કારણરૂપ મિથ્યાત્વને કે શુભ-અશુભભાવોને ન સેવવા; પણ મોક્ષના કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ વીતરાગભાવને નિરંતર સેવવા; તેનું સેવન તે ભાવસંવર ને ભાવનિર્જરા છે. અશુભને છોડવો ને શુભરાગને આદરવો એમ અજ્ઞાની માને છે; જ્ઞાની તો અશુભ કે શુભ બંનેથી જુદી જાતના એવા શુદ્ધચેતનભાવને જ આદરે છે; શુભ-અશુભ બંનેને જ્ઞાનથી ભિન્ન જાણીને છોડે છે.

જુઓ તો ખરા, સાત તત્ત્વના નિર્ણયમાં કેટલું સમાજાઈ જાય છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રવડે કષાયનો અભાવ થતાં વીતરાગી શાંત પરિણામ પ્રગટયા તે 'શમ' છે. અને આત્માના અતીન્દ્રિય સ્વભાવની અનુભૂતિના બળે ઇંદ્રિય તરફનો ભાવ છૂટી જવો તેનું નામ 'ઇંદ્રિયદમન' છે. એકલા ઉપવાસાદિ વડે ઇન્દ્રિયોને સુકવી નાંખવાની વાત નથી. તે ઇંદ્રિયો તો જડ છે; તે ઇન્દ્રિયો તરફનો ભાવ છોડીને અતીન્દ્રિયજ્ઞાનવડે આત્માના આનંદનો અનુભવ કરવો તે ઇન્દ્રિયજય છે. આવા શમ અને ઇન્દ્રિયદમન ભેદજ્ઞાનસહિતના શુદ્ધભાવ વડે થાય છે, અને તેનાથી જ સંવર-નિર્જરા થાય છે. ઇન્દ્રિયોને જે પોતાની માને, ઇન્દ્રિયોને જે જ્ઞાનનું સાધન માને તે તેનું અવલંબન કેમ છોડે? તે તો ઇન્દ્રિયોમાં જ પોતાના જ્ઞાનને જોડયા કરે, એટલે તેને તો ઇન્દ્રિયદમન ક્યાંથી થાય? શમ-દમ-તપ કે સંવર-નિર્જરા તે સ્વદ્રવ્યના જ અવલંબને થાય છે, પરના અવલંબને થતા નથી. અરે, સ્વદ્રવ્યને મુકીને ધર્મ કેમ થાય? પરસન્મુખ રહીને નિમિત્ત ફર્યું તેથી શું? કે રાગનો પ્રકાર (તીવ્ર-મંદ) ફર્યો તેથી શું? જ્યારે સ્વસન્મુખ થઈને રાગરહિત શુદ્ધપરિણતિ થાય ત્યારે જ ધર્મ અને સંવર-નિર્જરા થાય છે.

ભગવાન આદિનાથે કે ભગવાન મહાવીરે મુનિદશામાં જે તપ કર્યો તેમાં તો ચૈતન્યની ઉગ્ર શુદ્ધતા તપતી હતી; બાહ્ય દૃષ્ટિવાળા જીવોએ તે શુદ્ધતાને તો દેખી નહિ ને બહારમાં ખોરાકનો સંયોગ ન થયો તેને જ તપ માની લીધો. -પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તપનું એવું સ્વરૂપ નથી. તપ તે તો ચૈતન્યની દશા છે, તે કાંઈ શરીરમાં રહેતો નથી. સંવર-નિર્જરાનું ખરૂં સ્વરૂપ ઓળખે તો આવા તપનું સાચું સ્વરૂપ ઓળખાય. તે માટે સમ્યગ્દૃષ્ટિને સાત તત્ત્વની ઓળખાણ કેવી હોય તેનું આ વર્ણન ચાલે છે. તેમાં છ તત્ત્વનું વર્ણન કર્યું; હવે સાતમું મોક્ષતત્ત્વ કહેશે. ।। ૯।।

**જ્ઞાનસ્વરૂપે આત્મા ગા... સુખ ચાહે તો અંદર જા.**

**આત્મભાવ તો ગમે ગમે, નિજઆનંદમાં રમે રમે.**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મોક્ષતત્ત્વનું વર્ણન; તથા સમ્યક્ત્વના નિમિત્તરૂપ દેવ-ગુરુ-ધર્મનું વર્ણન

જીવાદિ સાતતત્ત્વોને ઓળખીને પોતાની શ્રદ્ધા ચોકખી કરવા માટે આ વર્ણન ચાલે છે. તેમાં છ તત્ત્વોની વાત કરી, હવે સાતમું મોક્ષતત્ત્વ કેવું છે તે કહે છે; તથા સમ્યગ્દર્શનના નિમિત્તકારણરૂપ દેવ–ગુરુ–ધર્મ કેવા છે તે પણ બતાવે છે. –

[ ગાથા–૧૦ ]

**सकलकर्मतैं रहित अवस्था सो शिव थिर सुखकारी;**
**इहविध जो सरधा तत्त्वनकी सो समकित व्यवहारी।**
**देव जिनेन्द्र, गुरु परिग्रहविन, धर्म दयाजुत सारो;**
**ये हु मान समकितको कारण, अष्ट-अंग जुत धारो।। १०।।**

સ્થિર સુખમય એટલે ધ્રુવ શાશ્વત સુખથી ભરપૂર, અને સકળ કર્મથી રહિત એવી જીવની અવસ્થા તે મોક્ષ છે, તે જ શિવપદ છે; શિવ એટલે કલ્યાણ, સુખ. આ રીતે જીવ–અજીવ–આસ્રવ–બંધ–સંવર–નિર્જરા ને મોક્ષ એવા સાત તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દ્રષ્ટિને હોય છે, તેને વ્યવહાર સમ્યક્ત્વ કહેવાય છે. અને સાતતત્ત્વોમાંથી અભૂતાર્થ ભાવોને છોડીને, જીવના એક ભૂતાર્થ શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા તે નિશ્ચય સમ્યક્–

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શન છે. આવા સમ્યગ્દર્શનને હે ભવ્ય જીવો! તમે ધારણ કરો.

આ સમ્યગ્દર્શનમાં નિમિત્ત કોણ છે? -તો કહે છે કે વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્રદેવ, શુદ્ધોપયોગવડે સ્વરૂપને સાધનારા નિષ્પરિગ્રહી ગુરુ અને સારભૂત એવો દયામય ધર્મ, -આવા દેવ-ગુરુ-ધર્મને જ સમ્યગ્દર્શનનું નિમિત્તકારણ જાણવું, એનાથી વિપરીત હોય તેને સમ્યગ્દષ્ટિ કદી માને નહીં.

-આવા સાતતત્ત્વોને તથા સાચા દેવ-ગુરુ-ધર્મને ઓળખીને હે જીવો! તમે નિઃશંકતાદિ આઠ અંગસહિત તેને ધારણ કરો. (તે નિઃશંકતાદિ આઠગુણનું વર્ણન ગાથા ૧૨ તથા ૧૩ માં કરશે.)

જીવ ત્રિકાળ છે, ને મોક્ષ તેની એક પૂર્ણશુદ્ધ અવસ્થા છે, પર્યાય છે.

* ટકે તે ગુણ.

* પલટે તે પર્યાય.

* અનંત ગુણ-પર્યાયસહિત દ્રવ્ય.

* દ્રવ્ય-ગુણ સદા હોય છે, મોક્ષદશા નવી થાય છે.

- સમ્યદષ્ટિના અભિપ્રાયમાં બધો સ્વીકાર આવી જાય છે.

અરિહંત અને સિદ્ધપરમાત્મા તે દેવ છે; આચાર્ય-ઉપાધ્યાય-સાધુ તે નિર્ગ્રંથ ગુરુ છે; અને દયામય એવો સારભૂત

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ છે. અહીં વ્યવહારસમ્યક્ત્વનું વર્ણન છે. એટલે દયામય ધર્મની વાત કરી છે; સારભૂત દયા એટલે સાચી દયા જૈનધર્મમાં જ હોય છે, બીજામાં હોતી નથી; કેમકે, બટેટા વગેરેમાં અનંતજીવો છે, ઇંડાં વગેરેમાં પચેન્દ્રિયજીવ છે, -એવું જીવનું અસ્તિત્વ જ જે ન જાણે તેને સાચી દયા ક્યાંથી હોય? જે દયાની વાત તો કરે પણ પાછા કંદમૂળ વગેરે ખાવાનું કહે, રાત્રે ખાવાનું કહે-તો તેના મતમાં જીવદયા ક્યાં રહી? માટે જીવદયાનું સાચું સ્વરૂપ જૈનધર્મમાં જ છે. વળી નિશ્ચયથી જેટલી રાગની ઉત્પત્તિ છે તેટલી જીવના ચૈતન્યભાવની હિંસા છે, ને રાગ ન થવો તે અહિંસા છે, -હિંસા-અહિંસાનું આવું સૂક્ષ્મસ્વરૂપ ભગવાન અરિહંતદેવના મત સિવાય બીજે ક્યાં છે? -આ રીતે દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમ્યગ્દષ્ટિ ઓળખે છે, ને વિપરીત માનતા નથી.

આવા વીતરાગી દેવ-ગુરુ-ધર્મ જ સમ્યક્ત્વમાં નિમિત્ત હોય છે. જૈનગુરુ એટલે કે જૈનસાધુ સદા નિર્ગ્રંથ હોય છે; તેમને બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહની બુદ્ધિ નથી ને અંતરમાં મિથ્યાત્વાદિ ભાવો નથી. એનાથી બીજું સ્વરૂપ માને તેને તો વ્યવહારમાં પણ ભૂલ છે, સમ્યગ્દર્શનના સાચા નિમિત્તની પણ તેને ખબર નથી.

આત્મામાં અતીન્દ્રિય જ્ઞાન-આનંદ ભરેલો છે, દેહ તો જડ ધૂળ છે ને રાગાદિમાં તો દુઃખ છે;-આવી ભિન્નતાના ભાન વડે સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરીને શુદ્ધતા પ્રગટ કરવી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે મોક્ષમાર્ગ છે, ને પૂર્ણ શુદ્ધતા-પૂર્ણ જ્ઞાન-પૂર્ણ આનંદ પ્રગટે તે મોક્ષ છે. તે જ આત્માનું પરમ હિત છે, ને તેનો ઉપાય વીતરાગ-વિજ્ઞાન છે, તે જ સાચી વિદ્યા છે. સાચી વિદ્યા મોક્ષને આપે છે. આવી મોક્ષની વિદ્યા અનંતકાળમાં જીવ પૂર્વે કદી ભણ્યો નથી; બહારનાં બીજાં ભણતર ભણ્યો ને ભૂલ્યો, પણ ચૈતન્યવિદ્યાનું ભણતર કદી ન ભણ્યો. સંસારની કેળવણીથી જુદી જાતની આ મોક્ષની કેળવણી છે; જીવ-અજીવના ભિન્ન-ભિન્ન સ્વરૂપને બતાવનારી આ વીતરાગી-વિદ્યા છે; આ જ સાચું વિજ્ઞાન છે, બાકી તો બધાં અજ્ઞાન છે.

જગતના જીવો દેહને જ આત્મા માનીને જેટલા ભતણર ભણે છે તે બધાય કુજ્ઞાન છે, તેમાં આત્માનું હિત જરાય નથી. આ દેહ તો જડ છે, તે કાંઈ આત્મા નથી. આત્મા કાયમ રહે છે ને શરીર તો છૂટું પડીને રાખ થઈ જાય છે; જો તે આત્માનું હોય તો આત્માથી કદી છૂટું પડે નહિ;-જેમ જ્ઞાન આત્માનું છે તો તે આત્માથી કદી છૂટું પડતું નથી; શરીર છૂટું પડે છે માટે તે સદાય છૂટું જ છે. તેમજ 'કર્મ' તે પણ શરીરની જ જાત છે, તે કાંઈ આત્માની જાત નથી, આત્માથી તે ભિન્ન છે.

અહો, ભગવાને બતાવેલા વીતરાગવિજ્ઞાનવડે જ જડ-ચેતનનું આવું પૃથક્કરણ થાય છે.

જડથી ભિન્ન આત્માને જાણીને પછી અંદર જે પુણ્ય-પાપના ભાવો થાય છે તેનાથી પણ આત્માને ભિન્ન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણવો. પુણ્ય-પાપ રાગ-દ્વેષ તે વિકૃતિ છે, દુઃખ છે, તે ખરો આત્મા નથી. ખરો આત્મા ચેતનારૂપ ને આનંદરૂપ છે. આવા આત્માને ઓળખતાં જે અંશે શુદ્ધતા પ્રગટે તે સંવર નિર્જરારૂપ મોક્ષમાર્ગ છે, અને પૂર્ણ શુદ્ધતા પ્રગટે તે મોક્ષ છે. અતીન્દ્રિય પૂર્ણ સુખના અનુભવરૂપ આવી મોક્ષદશા આદરણીય છે, તે જ સાધ્ય છે. મુમુક્ષુજીવને આવા મોક્ષપદ સિવાય બીજું કાંઈ સાધ્ય નથી; મોક્ષદશા સિવાય બીજા કોઈ સંયોગમાં કે રાગમાં તેને ચેન પડતું નથી, સ્વપ્નેય તેમાં સુખ લાગતું નથી.

* જીવનો સ્વભાવ અજીવથી જુદો છે ને સ્વયં સુખરૂપ છે.
* સંયોગો જીવને સુખરૂપ નથી, દુઃખરૂપ પણ નથી.
* રાગાદિ આસ્રવો દુઃખરૂપ જ છે, તેમાં જરાય સુખ નથી.
* આત્માના સમ્યગ્દર્શનાદિ સુખરૂપ છે, તેમાં દુઃખ નથી.
* આસ્રવો દુઃખનાં કારણ છે માટે તેને તજીયે.
* સંવર-નિર્જરા સુખનાં કારણ છે માટે તેને ભજીયે.

અરે, પોતાને સુખ-દુઃખનાં કારણ કોણ છે તેની પણ જીવને ખબર નથી. સચ્ચિદાનંદસ્વરૂપ આત્માની ખબર કરીને ( શ્રદ્ધા-જ્ઞાન કરીને ), તેનાથી વિપરીત એવા પુણ્ય-પાપ- રાગ-દ્વેષાદિ અશુદ્ધ ભાવોને દુઃખરૂપ જાણીને છોડવા જોઈએ, અને શુદ્ધઆત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સંવર ને સુખરૂપ સમજીને આદરવા જોઈએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે; આનંદ બહારમાં નથી; સાચા આનંદના વેદનમાં બહારની વસ્તુ નિમિત્ત પણ નથી, એ વિષયાતીત છે, આત્મામાંથી જ તેની ઉત્પત્તિ છે, એટલે તે 'સ્વયંભૂ' છે. મોક્ષરૂપ આવો મહા આનંદ તે જીવનો સ્વભાવ છે. આવા આનંદરૂપ જે મોક્ષદશા છે તે સમ્યક્ત્વાદિ આઠ મહા ગુણો સહિત છે, ને મોહાદિ આઠ–કર્મોનો તેમાં અભાવ છે. આવી મોક્ષદશા–સિદ્ધદશા–પરમપદ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે જ પ્રગટે છે, બીજા કોઈ સાધનથી પ્રગટતી નથી. આ મોક્ષદશા અવિનાશી, સ્થિર સુખમય છે. પ્રગટયા પછી તે સદા એવી ને એવી રહે છે. સાધકભાવ–રૂપ મોક્ષમાર્ગનો કાળ તો મર્યાદિત છે (અસંખ્યસમય જ છે) પણ તેના સાધ્યરૂપ મોક્ષદશા તો અમર્યાદિત (સાદિ–અનંત) છે, તેને કાળની કોઈ મર્યાદા નથી; અનંતકાળે પણ તેમાં વચ્ચે દુઃખ નહિ આવે; આત્મા સદાકાળ સુખમાં જ સ્થિર રહેશે. અહો, આવા મોક્ષપદને ઓળખીને તેની ભાવના કરવા જેવી છે.

પહેલાં તો આવા તત્ત્વોની સાચી શ્રદ્ધા કરવી જોઈએ, ને તેમાં કોણ આદરણીય છે તે ઓળખવું જોઈએ. હજી તો જે બંધને આદરણીય માને તે મોક્ષનો ઉપાય ક્યાંથી કરે? પર ભાવોથી ભિન્ન ચૈતન્યને અનુભવીને તેની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. આત્મા આનંદનો સાગર, તેની પોતાની સન્મુખ થતાં આનંદના વેદનસહિત વીતરાગી શ્રદ્ધા થાય છે. ચોથા ગુણસ્થાને પણ જે સમ્યગ્દર્શન છે તે તો રાગ વગરનું જ છે; તે ભૂમિકામાં રાગ હો ભલે, પણ સમ્યગ્દર્શન પોતે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ વગરનું જ છે; અને તે મોક્ષનું કારણ છે. તેની સાથેનો રાગ તો બંધનું કારણ છે.

પહેલાં બરાબર ઘૂંટીઘૂંટીને તત્ત્વનો દૃઢ નિર્ણય કરવો જોઈએ. નિશ્ચય-વ્યવહારને એકબીજામાં ભેળવ્યા વગર બંનેનું સ્વરૂપ જેમ છે તેમ જાણવું જોઈએ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર તે વ્યવહાર સમ્યગ્દર્શનનો વિષય છે; નિશ્ચયસમ્યગ્દર્શનના વિષયમાં પર વસ્તુ ન આવે, તે તો અચિંત્ય શક્તિથી પરિપૂર્ણ પોતાના આત્માને જ શ્રદ્ધે છે. પરથી ભિન્ન ને પોતાના ગુણ-પર્યાયોથી અભિન્ન એવો મારો શુદ્ધ આત્મા જ મારે આદરણીય છે એમ ધર્મી જાણે છે. દેવ-ગુરુ વગેરેની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું, પણ તેથી તે પરના આશ્રયથી આત્માને ધર્મનો લાભ થાય એમ ન સમજવું. પણ શુદ્ધ આત્માના સમ્યગ્દર્શનની સાથે યોગ્ય ભૂમિકામાં તેવો જ વ્યવહાર હોય છે, વિરુદ્ધ હોતો નથી-એમ જાણવું. આ વ્યવહારસમ્યગ્દર્શન તે કાંઈ શ્રદ્ધાગુણની પર્યાય નથી. નિર્વિકલ્પ પ્રતીતરૂપ જે નિશ્ચય સમ્યગ્દર્શન છે તે જ શ્રદ્ધાગુણની પર્યાય છે એટલે તે જ સાચું સમ્યગ્દર્શન છે. ભગવાન આત્મા ચૈતન્યપિંડ આનંદરસ છે તે જ સમ્યગ્દર્શન છે; અભેદપણે શુદ્ધઆત્મા જ સમ્યક્-દર્શન છે-એમ સમયસારમાં કહ્યું છે. આવા સમ્યગ્દર્શનને પોતાના હિત માટે આઠ અંગસહિત ધારણ કરવું. નિશ્ચય સમ્યગ્દર્શન સાથે વ્યવહાર સમ્યગ્દર્શનમાં આઠ અંગના વિકલ્પો હોય છે. (સમ્યગ્દષ્ટિના નિશ્ચય આઠ અંગનું સ્વરૂપ સમયસારના નિર્જરાઅધિકારમાં કહ્યું છે.) વ્યવહાર સમ્યક્-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દર્શન એકલું (નિશ્ચય વગરનું) હોતું નથી; હજી કે નિશ્ચય સમ્યગ્દર્શન એકલું હોય. જેમ સિદ્ધને અને કેવળી–ભગવંતોને એકલું નિશ્ચય સમ્યગ્દર્શન છે; પરંતુ તેની જેમ પહેલા ગુણસ્થાને કાંઈ એકલું વ્યવહાર સમ્યગ્દર્શન હોવાનું લાગુ પડતું નથી; કેમકે સાચા સમ્યગ્દર્શન વગર મિથ્યાદષ્ટિના એકલા શુભરાગને વ્યવહારસમ્યગ્દર્શન કહેતા નથી. વ્યવહાર તો નિશ્ચયસાપેક્ષ હોય તો જ સાચો કહેવાય.

અહા, ચૈતન્યમાં અનંત સ્વભાવો ભર્યા છે, તેનો મહિમા અદ્‌ભુત છે. તેની સન્મખુ થઈને રાગરહિત નિર્વિકલ્પ પ્રતીત કરતાં અતીન્દ્રિય આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, તેમાં અનંત ગુણોના નિર્મળભાવો સમાય છે; તે મોક્ષમાર્ગ છે; તેની સાથેનો રાગ–કે જે સાચો મોક્ષમાર્ગ નથી તેને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. તે બિલાડીને સિંહ કહેવા સમાન છે; એટલે, આ સાચો સિંહ નથી, આનાથી જુદો બીજો સાચો સિંહ છે–તે લક્ષમાં રાખીને બિલાડીમાં સિંહનો ઉપચાર છે. પણ સાચા સિંહને જે લક્ષમાં લેતો નથી ને બિલાડીને જ ખરો સિંહ માની લ્યે છે તેને માટે તો તે ઉપચાર પણ સાચો નથી; નિશ્ચય કે વ્યવહાર એક્કેયની તેને ખબર નથી, તે તો દેશનાને સમજ્યો જ નથી. મુખ્ય વગર ઉપચાર શેનો? નિશ્ચય વિનાનો વ્યવહાર કોનો? જ્યાં સાચો મોક્ષમાર્ગ લક્ષમાં હોય ત્યાં જ રાગાદિ બીજામાં મોક્ષમાર્ગનો ઉપચાર આવે છે; તેમાં પણ સાચો મોક્ષમાર્ગ તો એક જ છે. તેને બરાબર ઓળખીને તેનું સેવન કરવું.

# સમ્યક્ત્વના ગુણ-દોષને જાણીને તેના ગ્રહણ-ત્યાગનો ઉપદેશ

નિશ્ચય સમયગ્દર્શનની સાથે સાતતત્ત્વની શ્રદ્ધા, સાચા દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધા, અને આઠ અંગનું પાલન વગેરે વ્યવહાર કેવો હોય તે બતાવ્યું, અને તેને ધારણ કરવાનું કહ્યું; હવે પચ્ચીસ દોષ બતાવીને તેનો ત્યાગ કરવાનું કહે છે–

[ ગાથા ૧૧ ]

वसु मद टारी निवारी त्रिशठना षट् अनायतन त्यागो।
शंकादिक वसु दोष विना संवेगादिक चित्त पागो।।
अष्ट अंग अरु दोष पचीसों तिन संक्षेपे कहिये।
बिन जानेतें दोष-गुणनको कैसे तजिये-ग्रहिये ? ।। ११।।

આ વ્યવહારસમ્યગ્દર્શનમાં પણ દોષ રહિત હોવાની વાત છે. જાતિમદ વગેરે ૮ મદ, દેવમૂઢતા વગેરે ૩ મૂઢતા, કુદેવાદિ ૬ અનાયતન, અને શંકાદિક ૮ દોષ–એ પ્રમાણે કુલ ૨૫ દોષ છે તેને ઓળખીને ટાળવા જોઈએ, અને સંવેગ વગેરેમાં ચિતને જોડવું જોઈએ. આ રીતે નિ:શંકતા વગેરે આઠ અંગને પાળવાનું અને શંકા વગેરે પચીસ દોષને ટાળ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાનું કહ્યું. પરંતુ ગુણ અને દોષનું સ્વરૂપ જાણ્યા વગર ગુણનું ગ્રહણ ને દોષનો ત્યાગ ક્યાંથી થાય? તેથી હવેની ગાથામાં ગુણ-દોષ બંનેનું સ્વરૂપ ઓળખાવે છે, તે જાણીને ગુણનું ગ્રહણ કરવું ને દોષનો ત્યાગ કરવો. સમ્યગ્દર્શનને માટે કયા ભાવો દોષરૂપ છે તેને ઓળખે તો તેનો ત્યાગ કરે; અને સમ્યક્-દર્શનને માટે કયા ભાવો ગુણરૂપ છે તેને ઓળખે તો તેનું સેવન કરે. દોષને ઓળખે જ નહિ તો કઈ રીતે છોડે? અને ગુણને ઓળખે જ નહિ તો કઈ રીતે ગ્રહણ કરે? માટે ગુણનું ગ્રહણ અને દોષનો ત્યાગ કરવા માટે તે બંનેનું સ્વરૂપ જાણવું જોઈએ. દોષને દોષરૂપે જાણવા તે કાંઈ દોષનું કારણ નથી. દોષને જાણતાં ત્યાં જ અટકી જાય ને ગુણસ્વભાવને ગ્રહણ ન કરે તો તેને દોષ ન ટળે ને ગુણ ન પ્રગટે. પણ દોષ અને ગુણ બંનેને જાણીને જ્યાં ગુણસ્વભાવ તરફ વળ્યો ત્યાં દોષ રહેતા નથી. ગુણ અને દોષ બંનેનું ખરું સ્વરૂપ જે ઓળખે તે જરૂર ગુણ તરફ ઝુકે, ને દોષથી પાછો વળે. આ રીતે ગુણ-દોષને જાણીને ગુણનું ગ્રહણ કરવા માટે અને દોષનો ત્યાગ કરવા માટે હવે સંક્ષેપથી તેનું સ્વરૂપ કહે છે.

તે ઉપરાંત પ્રશમ-સંવેગ-આસ્તિક્ય ને અનુકંપામાં પણ સમ્યગ્દ્રષ્ટિ પોતાના ચિત્તને જોડે છે, એટલે કે સમ્યગ્દ્રષ્ટિના પરિણામમાં તે પ્રકારની વિશુદ્ધિ હોય છે. તેને અનંતાનુબંધી કષાય તો સર્વથા છૂટી ગયો છે ને બીજા કષાયો પણ મંદ થઈ ગયા છે, તેથી તેને પ્રશાંતભાવ, સંસારથી વિરક્તભાવ ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષમાર્ગ પ્રત્યેનો ઉત્સાહ, સર્વજ્ઞદેવ અને તેમણે કહેલાં તત્ત્વોમાં દઢ વિશ્વાસરૂપ આસ્તિકયતા, તથા સંસારનાં દુઃખી જીવો (પોતે તેમજ પર) તે દુઃખથી છૂટે ને મોક્ષસુખ પામે એવા વિચારરૂપ અનુકંપા, -આવા પરિણામ સહેજે હોય છે; તેથી ઉપદેશમાં એમ કહ્યું કે તે સંવેગાદિકમાં ચિત્તને જોડો.

હવે ગુણ-દોષના કથનમાં પ્રથમ સમ્યક્ત્વનાં આઠ ગુણ કહે છે, ને પછી પચ્ચીસ દોષ કહેશે.

卐

**અહા, અંદરમાં ચૈતન્યનું મથન કરતાં કરતાં વિકલ્પ છૂટીને જ્યાં નિર્વિકલ્પઅનુભૂતિ થાય ને ચૈતન્યપ્રભુ સાક્ષાત્ દેખાય-તે વખતના અમારા આનંદ પાસે આ જગતના કોઈ સુખની શી ગણતરી છે!**

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સમ્યગ્દ્રષ્ટિનાં નિઃશંકતાદિ

## આઠ ગુણ

આઠ અંગ સહિત સમ્યક્ત્વ ધારણ કરવાનું કહ્યું તે આઠ અંગ એટલે કે આઠ ગુણ ક્યા ક્યા છે તે કહે છે–

**[ ગાથા ૧૨ તથા ૧૩ ( પૂર્વાર્ધ ) ]**

जिनवचमें शंका न धार वृष भव-सुख-वांछा भाने।
मुनितन मलिन न देख धिनावे तत्त्व-कृतच्च पिछाने।।
निजगुण अरु पर औगुण ढांके वा निजधर्म बढावे।
कामादिक कर वृषतें चिगते निज-परको सु दिढावे।। १२।।
धर्मीसों गौ-वच्छ-प्रीतिसम कर जिनधर्म दिपावे।
इन गुणतें विपरीत दोष वसु तिनको सतत खिपावे।।

પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપની રુચિ–પ્રતીત–શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે, તેનો અદ્‌ભુત મહિમા છે. એવા સમ્યગ્દર્શનની સાથે શંકાદિ આઠ દોષોના અભાવરૂપ નિઃશંકતા વગેરે આઠ ગુણ હોય છે, તેનું આ વર્ણન છે–

૧. જિનવચનમાં શંકા ન કરવી.

૨. ધર્મના ફળમાં સંસારસુખની વાંછા ન કરવી.

૩. મુનિનું મલિન શરીર વગેરે દેખીને ધર્મપ્રત્યે ઘૃણા ન કરવી.

૪. તત્ત્વ અને કુતત્ત્વ, વીતરાગદેવ અને કુદેવ, વગેરેના

સ્વરૂપની ઓળખાણ કરવી, તેમાં મૂઢતા ન રાખવી.

૫. પોતાના ગુણને તથા અન્ય સાધર્મીના અવગુણને ઢાંકે, અને વીતરાગભાવરૂપ આત્મધર્મની વૃદ્ધિ કરે, તેનું નામ ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

૬. કામવાસના વગેરે કારણે પોતાનો કે પરનો આત્મા ધર્મથી ડગી જવાનો કે શિથિલ થવાનો પ્રસંગ હોય તો વૈરાગ્યભાવના વડે કે ધર્મના મહિમા વડે ધર્મમાં સ્થિર કરે, દૃઢ કરે, તે સ્થિતિકરણ છે.

૭. પોતાના સાધર્મીજનો પ્રત્યે ગૌવત્સ સમાન સહજ પ્રેમ રાખવો તે વાત્સલ્ય છે.

૮. પોતાની શક્તિવડે જૈનધર્મની શોભા વધારવી, તેનો મહિમા પ્રસિદ્ધ કરીને તેને દીપાવવો, તે પ્રભાવના છે.

આવા નિઃશંકતા વગેરે આઠ ગુણો વડે સમ્યગ્દૃષ્ટિ જીવ હંમેશા શંકા વગેરે આઠ દોષોને દૂર કરે છે. નિશ્ચય સમ્યગ્દર્શનમાં તો પરથી ભિન્ન પોતાના શુદ્ધઆત્માની નિઃશંક શ્રદ્ધા છે, ને એનાથી ભિન્ન સમસ્ત પરભાવોની કે સંસારની વાંછાનો અભાવ છેઃ- તેની સાથેના વ્યવહાર આઠ અંગનું આ વર્ણન છે. સમ્યક્ત્વના નિઃશંકતા આદિ આઠગુણ અને શંકાદિક પચીસ દોષને જાણીને ગુણોનું ગ્રહણ અને દોષોનો ત્યાગ કરવા માટે આ વર્ણન છે. ( આ દોઢ ગાથામાં આઠગુણ કહ્યા છે, ને પછી દોઢ ગાથામાં પચીસ દોષ કહેશે. )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 卐 ૧. નિ:શંકતા-અંગનું વર્ણન 卐

સર્વજ્ઞ જિનદેવે જેવા કહ્યા તેવા જ જીવાદિ તત્ત્વો છે, તેમાં ધર્મીને શંકા હોતી નથી. સર્વજ્ઞના સ્વરૂપનો નિર્ણય તો કર્યો છે, એટલે ઓળખાણ પૂર્વકની નિ:શંકતાની આ વાત છે. ઓળખ્યા વગર માની લેવાની આ વાત નથી. જીવ શું, અજીવ શું, વગેરે તત્ત્વો તો અરિહંતદેવે કહ્યા તે પ્રમાણે પોતે સમજીને તેની નિ:શંક શ્રદ્ધા કરે, અને કોઈ સૂક્ષ્મ તત્ત્વ ન સમજાય તે વિશેષ સમજવા માટે જિજ્ઞાસાથી પ્રશ્નરૂપ શંકા કરે, તેથી કાંઈ તેને જિનવચનમાં સંદેહ નથી. સર્વજ્ઞકથિત જૈનશાસ્ત્રોમાં કહ્યું છે તે સાચું હશે કે અત્યારના વિજ્ઞાનીઓ કહે છે તે સાચું હશે? -એવો સંદેહ ધર્મીને રહેતો નથી. અહા, જેને સર્વજ્ઞસ્વભાવ પ્રતીતમાં આવ્યો, પરમ અતીન્દ્રિયવસ્તુ પ્રતીતમાં આવી તેને સર્વજ્ઞના કહેલાં તત્ત્વો- છ દ્રવ્યો, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરે (ભલે તે બધા પોતાને પ્રત્યક્ષ ન થાય છતાં) તેમાં શંકા ન હોય. નિશ્ચયમાં પોતાના જ્ઞાનસ્વભાવરૂપ આત્માની પરમ નિ:શંકતા છે, ને વ્યવહારમાં દેવ-ગુરુ-ધર્મમાં નિ:શંકતા છે. જૈનધર્મ એકજ સાચો હશે કે જગતમાં બીજા ધર્મો કહેવાય છે તે પણ સાચાં હશે? -એવી જેને શંકા છે તેને તો સ્થૂળ મિથ્યાત્વ છે, તેને વ્યવહારધર્મની નિ:શંકતા પણ નથી. વીતરાગી જૈનધર્મ સિવાય બીજા કોઈ માર્ગની માન્યતા તો ધર્મીને રૂંવાડેય હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેમ માતાના ખોળામાં બાળક નિઃશંક છે કે આ માતા મારું હિત કરશે; તેને શંકા નથી કે કોઈ મારશે તો માતા મને બચાવશે કે નહીં? તેમ જિનવાણી-માતાની ગોદમાં ધર્મી નિઃશંક હોય છે કે આ જિનવાણી મને સત્યસ્વરૂપ બતાવીને મારું હિત કરનારી છે, સંસારથી તે મારી રક્ષા કરશે. આવી જિનવાણીમાં તેને સંદેહ પડતો નથી. પરમેશ્વર વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા, તેમણે કેવળજ્ઞાનમાં વીતરાગભાવે આખા વિશ્વને સાક્ષાત્ જોયું, તે પરમાત્માને ઓળખીને તેમાં નિઃશંક થવું, ને તેમણે કહેલા માર્ગમાં તથા તેમણે કહેલા તત્ત્વોમાં નિઃશંક થવું, તે નિઃશંક્તા ગુણ છે.

રત્નકરંડશ્રાવકાચારમાં સમન્તભદ્રસ્વામીએ આ સમ્યક્ત્વના આઠઅંગના પાલનમાં પ્રસિદ્ધ આઠ જીવોનું ઉદાહરણ આપ્યું છે, તેમાં નિઃશંકિતઅંગમાં અંજનચોરનું દૃષ્ટાંત આપ્યું છે. (આ આઠ અંગની આઠ કથાઓ 'સમ્યક્ત્વકથા' નામના પુસ્તકમાં, અથવા તો સમ્યગ્દર્શન ભાગ ચોથામાં આપ વાંચી શકશો.) સમજાવવા માટે એકેક અંગનું જુદું જુદું દૃષ્ટાંત આપ્યું છે, બાકી તો સમ્યગ્દૃષ્ટિને એક સાથે આઠે અંગનું પાલન હોય છે. પ્રસંગઅનુસાર તેમાંથી કોઈ અંગને મુખ્ય કહેવાય છે.

## 卐 ૨. નિઃકાંક્ષા-અંગનું વર્ણન 卐

ધર્મીજીવો ધર્મ દ્વારા ભવસુખની વાંછા કરતા નથી; એટલે પુણ્યને કે પુણ્યના ફળને તે ચાહતા નથી; ધર્મથી મને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વર્ગાદિ સુખ મળો એવી વાંછા તે ભવસુખની વાંછા છે, તેવી વાંછા અજ્ઞાનીને હોય છે. જ્ઞાનીએ તો પોતાના આત્માને જ સુખસ્વરૂપે અનુભવ્યો છે એટલે હવે બીજે ક્યાંય સુખબુદ્ધિ તેને રહી નથી, તેથી તે નિષ્કાંક્ષ છે. સમ્યગ્દષ્ટિએ નિઃકાંક્ષગુણવડે ભવસુખની વાંછાને નષ્ટ કરી છે. 'ભવસુખ' એમ અજ્ઞાનીની ભાષાથી કહ્યું છે; ખરેખર ભવમાં સુખ છે જ નહિ, પણ અજ્ઞાની દેવાદિના ભવમાં સુખ માને છે, ઇન્દ્રિયવિષયોમાં સુખ માને છે, -આત્માના સુખની તો તેને ખબર નથી. અરે, સમ્યગ્દષ્ટિ તો આત્માના સુખને અનુભવનાર, મોક્ષનો સાધક! તે સંસાર-ભોગોને કેમ ઈચ્છે? જેના વેદનથી અનાદિકાળથી દુઃખી થયો તેને જ્ઞાની કેમ ઈચ્છે? ભવ-તન-ભોગ એ તો તેને અનાદિકાળની એઠ જેવા લાગે છે, અનંતવાર જીવ તેને ભોગવી ચુક્યો પણ સુખનો છાંટોય તેમાંથી ન મળ્યો.

ધર્મનું પ્રયોજન શું? ધર્મનું પ્રયોજન, ધર્મનું ફળ તો આત્મસુખની પ્રાપ્તિ થાય-તે છે, ધર્મનું ફળ કાંઈ બહારમાં નથી આવતું. જેણે આત્માના સુખનો સ્વાદ જાણ્યો નથી તેને ઊંડે ઊંડે સંસાર-ભોગની ચાહના પડી છ,` તથા તેના કારણરૂપ પુણ્યની ને શુભરાગની રુચિ પડી છે, તેને સાચું નિઃકાંક્ષપણું હોતું નથી. ભલે રાજ-પાટ-ઘર-કુટુંબ છોડીને ત્યાગી થયો હોય પણ જ્યાં સુધી રાગથી ભિન્ન ચૈતન્યરસ ચાખ્યો (અનુભવ્યો) નથી ત્યાં સુધી તેને સંસારભોગની વાંછા પડી જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. અને સમ્યુદૃષ્ટિજીવ રાજ-પાટ-ઘર-કુટુંબાદિ સંયોગમાં વર્તતો હોય, તે પ્રકારનો રાગ પણ વર્તતો હોય, (ખરેખર તેમાં ક્યાંય તે નથી વર્તતો, તે તો પોતાની ચેતનામાં જ તન્મય વર્તે છે, પણ સંયોગ અપેક્ષાએ રાજપાટમાં ને રાગમાં વર્તે છે એમ કહ્યું છે-) છતાં અંતરમાં તે બધાયથી પાર પોતાના ચૈતન્યરસનો આનંદ ચાખ્યો છે તેથી તેને ક્યાંય સ્વપ્નેય સુખબુદ્ધિ નથી, એટલે રાગ હોવા છતાં શ્રદ્ધાના બળે તેને નિઃકાંક્ષપણું જ વર્તે છે. ધર્મીની આ કોઈ અલૌકિક દશા છે, જે અજ્ઞાનીને ઓળખાતી નથી, ને ઓળખે તો અજ્ઞાન રહેતું નથી.

લોકો કહે છે કે આપણે ધર્મ કરશું તો પૈસા વગેરે મળશે ને સુખી થશું. -એને તો ધર્મની ખબર નથી ને સુખનીયે ખબર નથી. એ તો શુભરાગને-પુણ્યને ધર્મ માને છે, ને તેના ફળમાં પૈસા વગેરે મળે તેમાં સુખ માને છે; એનાથી ભિન્ન આત્માના અસ્તિત્વની તો તેને ખબર જ નથી. અરે ભાઈ! ધર્મના ફળમાં કાંઈ પૈસા ન મળે. પૈસા વગેરે મળવા તે કાંઈ ધર્મનું પ્રયોજન નથી; ધર્મનું પ્રયોજન તો આત્માનું સુખ મળે તે છે, અને તે સુખમાં કાંઈ પૈસા વગેરેની જરૂર પડતી નથી. એ તો સંયોગ વગરનું સ્વાભાવિક સુખ આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે. આવા સુખને જે જાણે તેને સંસારમાં બીજા કોઈની પણ વાંછા રહે નહીં, -ક્યાંય સુખબુદ્ધિ થાય નહીં.

ધર્મીને ધર્મની સાથેના રાગને લીધે પુણ્ય બંધાય ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પુણ્યનાં ફળમાં બહારનો વૈભવ મળે, પણ ધર્મીને તેની વાંછા નથી, તેનાથી તો તે પોતાના આત્માને અત્યંત ભિન્ન જાણે છે. ધર્મના ફળમાં પુત્ર મળે, પૈસા મળે-એવી વાંછા ધર્મીને નથી. ધર્મી જીવ દેવ- ગુરુ પાસેથી લૌકિક હેતુની આશા રાખે નહિ. શુભરાગ હોય ને વેપાર-લગ્ન-વાસ્તુ વગેરે પ્રસંગે ભગવાનને યાદ કરે તે જુદી વાત છે, તેમાં કાંઈ ભવસુખની વાંછા ધર્મીને નથી. જે સર્વજ્ઞનો ભક્ત થયો તેને સંસારની વાંછા હોય નહિ. રાગનો એક કણિયો પણ મારા જ્ઞાનમાં નથી-એમ જાણનાર જ્ઞાની તે રાગના ફળને કેમ વાંછે? મોક્ષરૂપ જે પરમસુખ તે સિવાય બીજી કોઈ આશાથી તે ધર્મ સેવે નહિ. ધર્મનું ફળ તો વીતરાગી સુખ છે. બાહ્ય વૈભવ કે ઈન્દ્રાદિ પદ તે કંઈ ધર્મનું ફળ નથી, તે તો રાગનું વિકારનું ફળ છે. તે પુણ્યરૂપ ધર્મને અજ્ઞાની ઈચ્છે છે તેથી તે ભોગહેતુધર્મને સેવે છે-એમ કહ્યું છે; રાગ વગરના શુદ્ધ આત્માના અનુભવરૂપ મોક્ષહેતુધર્મની તેને ખબર નથી.

અંતરના અનુભવમાં પોતાના ચૈતન્ય-પરમદેવને સેવનાર ધર્મી જાણે છે કે મારો આ ચૈતન્ય-ચિંતામણિ આત્મા જ મને પરમ સુખ દેનાર છે. એના સિવાય હું બીજા કોને વાંછું? અરે, સ્વર્ગનો દેવ આવે તોય મારે એની પાસેથી શું લેવું છે? અજ્ઞાનીને તો સ્વર્ગનો દેવ આવવાની વાત સાંભળે ત્યાં ચમત્કાર લાગે છે ને તેના મહિમા આડે ધર્મને ભૂલી જાય છે કેમકે એને પોતાને સ્વર્ગાદિના ભોગની વાંછા છે, અરે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મૂર્ખ લોકો તો ભોગની વાંછાથી સર્પ-વાંદરા -ગાય વગેરે તિર્યંચ પ્રાણીઓને પણ દેવ-દેવીરૂપે પૂજે છે. જુઓને, જૈન નામ ધરાવનારા પણ ઘણા લોકો ભોગની વાંછાથી-પુત્રાદિની વાંછાથી અનેક દેવ-દેવલાંને પૂજે છે. -મૂરખને તે કાંઈ વિવેક હોય? ભગવાનનો સાચો ભક્ત પ્રાણ જાય તોપણ ખોટા દેવ-દેવલાંને પૂજે નહિ, માને નહીં. કોઈ કહે-માંગળિક સાંભળશું તો પૈસા મળશે, -પણ ભાઈ! જૈનોનું માંગળિક એવું ન હોય, જૈનોનું માંગળિક તો મોક્ષ આપે એવું હોય. માંગળિકના ફળમાં પૈસા મળવાની આશા ધર્મી રાખે નહીં. એ રીતે ધર્મી નિષ્કાંક્ષ ભાવથી ધર્મને સેવે છે.

પ્રશ્નઃ- વેપાર વગેરેમાં પૈસા મળે એવી વાંછા તો ધર્મીને પણ હોય છે, તો તેને નિષ્કાંક્ષપણું ક્યાં રહ્યું?

ઉત્તરઃ- તેને હજી તે પ્રકારનો અશુભરાગ છે, પણ આ રાગથી કે પૈસામાંથી મને સુખ મળશે-એવી મિથ્યાબુદ્ધિરૂપ વાંછા તેને નથી. રાગ અને સંયોગ બન્નેથી પાર મારી ચેતના છે, તેમાં જ મારું સુખ છે, એમ જાણનાર ધર્મી તે ચેતનાના ફળમાં બાહ્ય સમાગ્રી વાંછતો નથી, તેથી તે નિષ્કાંક્ષ છે. તે ધર્માત્મા ઇન્દ્રપદ કે ચક્રવર્તીપદના વૈભવને ભોગવતો દેખાય છતાં તેને વિષય-ભોગોનો રંચમાત્ર આદર નથી. અરે, અમે અતીન્દ્રિય આનંદના પિંડલા, જગતમાં ક્યાંય અમારો આનંદ છે જ ક્યાં? તેથી તો કહ્યું છે કે-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**चक्रवर्तीकी संपदा, इन्द्रसरीखे भोग।**
**काकवीठ सम गिनत है सम्यग्दृष्टि-लोग।।**

(ઈન્દોર હુકમીચંદજી શેઠના જિનમંદિરમાં પણ આ દોહરો છે.)

વિષયો તરફના વિકલ્પને ધર્મીજીવ દુઃખ અને જેલ સમાન ગણે છે, એમાં સુખબુદ્ધિ નથી એટલે તેની વાંછા નથી. ઉત્તમ વસ્તુ ખાતા-પીતા દેખાય, સ્ત્રી-પુત્રાદિ વચ્ચે દેખાય, તેથી કરીને ધર્મી તેમાં સુખ માનતા હશે? -ના, એમ બિલકુલ નથી. આનંદસ્વરૂપ મારો આત્મા જ છે, પરમાં સુખ જરાય નથી-એવા નિઃશંક ભાનમાં વર્તતા ધર્માત્મા દેવલોકના સુખનેય વાંછતા નથી. - એમાં સુખ છે જ નહીં પછી વાંછા શેની? ચૈતન્યના અતીન્દ્રિય આનંદની પાસે સ્વર્ગના વૈભવની શી ગણતરી? ઇન્દ્રના વૈભવમાં તે સુખની ગંધ પણ નથી. (સમ્યગ્દષ્ટિ-ઇન્દ્રને આત્માનું સુખ હોય છે તે જુદી વાત છે, પણ બહારના વૈભવમાં તો તેની ગંધ પણ નથી, ને તે ઇન્દ્ર પોતે તેમાં સુખ માનતા નથી.)

અજ્ઞાની બહારમાં ભલે વિષયોનો ત્યાગી હોય છતાં અભિપ્રાયમાં તેને વિષયોની વાંછા છે, કેમકે રાગમાં સુખબુદ્ધિ છે. જેણે ચૈતન્યનું ઇન્દ્રિયાતીત સુખ નથી દેખ્યું તેને ઊંડેઊંડે રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ પડી જ છે, જો તેમાં તેને મીઠાશ ન હોય તો તેનાથી પાછો વળીને ચૈતન્યસુખમાં કેમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન આવે? એણે ચૈતન્યસુખ દેખ્યું નથી ને ઇન્દ્રિયવિષયોમાં સુખબુદ્ધિ છે તેથી તેને સાચું નિઃકાંક્ષપણું હોતું નથી. ભલે સીધી રીતે તે વિષયોની અભિલાષા ન કરે પણ અંદર અભિપ્રાયમાં તો વિષયોની આકાંક્ષા પડી જ છે.

અને, સમ્યગ્દષ્ટિ તો સિદ્ધનો પુત્ર થઈ ગયો, તે તો અખંડ એક જ્ઞાયકસ્વભાવની અનુભૂતિ કરીને જીતેન્દ્રિય થઈ ગયો. આત્મા સિવાય જગતમાં ક્યાંય તેને સુખબુદ્ધિ નથી. પાંચ ઇન્દ્રિયસંબંધી વિષયોની વૃત્તિ આવે તેથી તેમાં તે સુખ માનતા હશે-એમ બિલકુલ નથી, અંદરના અનાકુળ આનંદની જ ભાવના છે. અહા, ધર્મીની ચેતનાના ખેલ તો ધર્મી જ જાણે છે. અજ્ઞાની ઉપરટપકે જોઈને ધર્મીનું સાચું માપ કાઢી શકે તેમ નથી. ધર્મીનાં અંતર-હૃદય બહારથી દેખાય તેવા નથી. ધર્મી જાણે છે કે મારો ધર્મ તો મારામાં છે, તેનું ફળ કાંઈ બહારમાં ન આવે. બહારનાં પુણ્યફળ તે તો કમોદના ઉપરનાં ફોતરાં જેવાં છે, લોકો તો તેને જ દેખે છે, અંદરના ખરા વીતરાગી કસને લોકો દેખતા નથી. ધર્મના બદલામાં લૌકિકફળને ધર્મી ઈચ્છતા નથી, દુનિયાને દેખાડવા માટે તે ધર્મ કરતા નથી. ધર્મીનો ધર્મ તો પોતાના આત્મામાં જ સમાય છે ને તેનું ફળ પણ આત્મામાં જ આવે છે.

કોઈ દેવ આવીને સેવા કરે તો ધર્મી તેનાથી લલચાય નહિ, ને કોઈ દેવ આવીને ત્રાસ આપે, પૈસા વગેરે ઉપાડી જાય, તો તેનાથી ડરીને ધર્મી પોતાનો ધર્મ છોડે નહિ, ધર્મ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બુદ્ધિથી એવા કોઈ દેવને તે માનતા નથી. હું ધર્મ કરું તેથી સ્વર્ગનો કોઈ દેવ પ્રસન્ન થઈને મને લાભ કરી દેશે-એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. સર્વજ્ઞ-વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કુદેવો પાસે તે કદી માથું ઝુકાવતા નથી. હું વીતરાગતાનો સાધક, તો વીતરાગ સિવાય બીજાને દેવ માનું નહીં. ચૈતન્યના વીતરાગસ્વભાવ સિવાય પુણ્યની પણ જ્યાં વાંછા નથી (ધર્મી ન ઈચ્છે પુણ્યને...) ત્યાં બહારના પાપ -ભોગોની શી વાત? જુઓ તો ખરા, આ તો બધું સમ્યગ્દર્શન સાથેના વ્યવહારમાં આવી જાય છે. સમ્યગ્દર્શનની નિશ્ચય અનુભૂતિની તો શી વાત!

અરે, લોકો તો બહારના સાધારણ ચમત્કારમાં મોહી પડે છે. પણ એવો ચમત્કાર તો હલકો અભવ્ય દેવ પણ બતાવી શકે. તેમાં આત્માનું હિત શું છે? ધર્મી તો જાણે છે કે સર્વજ્ઞતા ને વીતરાગતા તે જ મારા ભગવાનનો ખરો ચમત્કાર છે એ સિવાય બહારના બીજા કોઈ ચમત્કાર માટે તે ભગવાનને માને નહિ. બહારના સંયોગનું આવવું-જવું તો પુણ્ય-પાપ અનુસાર બન્યા કરે છે, ધર્મની સાથે એને શું સંબંધ છે? ધર્મી જીવ એની બહારની આકાંક્ષા કરતા નથી. જ્યાં રાગથી ભિન્ન આત્માના આનંદને પોતામાં દેખ્યો ત્યાં ભવસુખની વાંછા ક્યાંથી રહે? ભવ કહેતાં સંસારની ચારે ગતિ આવી ગઈ, સ્વર્ગ પણ તેમાં આવી ગયું, એટલે દેવગતિના સુખનેય ધર્મી વાંછે નહીં, આવું સમ્યગ્દષ્ટિનું નિઃકાંક્ષા અંગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ રીતે સમ્યગ્દૃષ્ટિના આઠગુણમાંથી બીજો ગુણ કહ્યો. આ નિઃકાંક્ષા અંગના પાલનમાં સતી અનંતમતીનું ઉદાહરણ પ્રસિદ્ધ છે; તે ‘સમ્યક્ત્વકથા’ વગેરેમાંથી જાણી લેવું.)

## 卐 ૩. નિર્વિચિકિત્સા-અંગનું વર્ણન 卐

જેણે આત્મા અને શરીરને ભિન્ન જાણ્યા છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવ, શરીરમાં અશુચી દેખીને આત્માના ધર્મ પ્રત્યે ગ્લાનિ કરતા નથી; એટલે કોઈ મુનિ વગેરે ધર્માત્માનું શરીર મલિન કે રોગવાળું દેખીને તેમના પ્રત્યે ઘૃણા-દુર્ગંછા થતી નથી, પણ શરીર મેલું હોવા છતાં અંદરમાં આત્મા તો ચૈતન્યધર્મોથી શોભી રહ્યો છે-તેનું તેને બહુમાન આવે છે. આવા મેલા-કોઢિયા શરીરવાળાને તે કાંઈ ધર્મ હોય! -એમ ધર્મ પ્રત્યે દુર્ગંછાનો ભાવ થતો નથી, એવું સમ્યગ્દૃષ્ટિનું નિર્વિચિકિત્સા-અંગ છે.

સર્વજ્ઞના દેહમાં તો અશુચી હોતી જ નથી, તેમજ તેમને રોગાદિ પણ હોતાં નથી. પણ સાધક ધર્માત્મા-મુનિ વગેરેને તો દેહમાં મલિનતા કે રોગાદિ પણ હોય, કોઈવાર શરીરમાં કોઢ થાય, શરીર ગંધાઈ જાય, તો તેને દેખીને ધર્મી વિચારે છે કે અહો, આ આત્મા તો અંદર સમ્યગ્દર્શનાદિ અપૂર્વ રત્નોથી શોભી રહ્યો છે, દેહ પ્રત્યે એમને કાંઈ મમત્વ બુદ્ધિ નથી, રોગાદિ તો દેહમાં થાય છે, ને દેહ તો સ્વભાવથી જ અશુચી છે, આમ દેહ અને આત્માના ભિન્ન-ભિન્ન ધર્મો વિચારીને ધર્મી જીવ દેહની મલિનતા વગેરે દેખીને પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્માત્મા પ્રત્યે ગ્લાનિ કરતો નથી. પોતાના શરીરમાં પણ રોગાદિ મલિનતા થાય તો તેથી પોતાના ધર્મોથી તે ડગતો નથી કે ધર્મમાં શંકા કરતો નથી. મુનિઓ તો દેહ પ્રત્યે અત્યંત ઉદાસ છે, સ્નાનાદિ તેઓ કરતા નથી, દેહની શોભાનું કે દેહના શણગારનું તેમને લક્ષ નથી, તેઓ તો સ્વાનુભવરૂપી સ્નાનવડે આત્માને શોભાવનારા છે; રત્નત્રય તેમનો શણગાર છે; અહો, આવા મુનિઓને દેખતાં રત્નત્રયધર્મના બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

અરે, દેહ તો સ્વભાવથી જ અશુચીનું ધામ અને ક્ષણભંગુર છે; અને ધર્માત્મા તો રત્નત્રયવડે સહજ પવિત્ર છે. શરીરમાં સુગંધ કે દુર્ગંધ એ તો જડનો ધર્મ છે. એવું કાંઈ નથી કે ધર્મીનું શરીર કાળું-કૂબડું ન જ હોય. કોઈનું શરીર કાળું-કૂબડું પણ હોય, અવાજ પણ ચોકખો ન નીકળતો હોય, તેથી શું? અંદર તો દેહથી ભિન્ન જ્ઞાનશરીરીપણે ધર્માત્મા પોતાને અનુભવે છે. સમંતભદ્રસ્વામી રત્નકરંડશ્રાવકાચારની ૨૮ મી ગાથામાં કહે છે કે-

सम्यग्दर्शनसम्पन्नम् अपि मातङ्गदेडजम्।
देवा देवं विदुर्भस्मगूढाङ्गरान्तरौजसम्।। २८।।

ચાંડાલના શરીરમાં રહેલો સમ્યગ્દષ્ટિ આત્મા દેવસમાન શોભે છે, -રાખથી ઢંકાયેલ અગ્નિની ચીનગારી માફક દેહરૂપી રાખની અંદર સમ્યક્ત્વ ચૈતન્ય-ચીનગારીથી તે આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શોભે છે, તે પ્રશંસનીય છે. આ રીતે આત્માના સમ્યક્ત્વ ધર્મને ઓળખનાર જીવ શરીરાદિની અશુચી દેખીને પણ ધર્માત્મા પ્રત્યે ઘૃણા-તિરસ્કાર કરતો નથી, પણ તેના પવિત્ર ધર્મ પ્રત્યે પ્રેમ અને આદર કરે છે, તેને નિર્વિચિકિત્સા-અંગ છે. (આ નિર્વિચિકિત્સા-અંગ માટે ઉદાયન રાજાનું દષ્ટાંત શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે; તે 'સમ્યક્ત્વ-કથા' વગેરે જોઈ લેવું.)

કોઈ ધર્મીને પુણ્ય ઓછા હોય-તેથી શું? પુણ્ય તો ઉદયભાવનું ફળ છે, તેનાથી કાંઈ આત્માની શોભા નથી; આત્મા તો સમ્યક્ત્વાદિથી જ શોભે છે. ધર્મમાં તો ગુણથી જ શોભા છે, કાંઈ પુણ્યથી શોભા નથી. એક તિર્યંચ-કૂતરું પણ જો સમ્યગ્દષ્ટિ હોય તો શોભે છે, ને મિથ્યાદષ્ટિ મોટો દેવ હોય તોપણ શોભતો નથી. કોઈ ધર્મી ઓછા પુણ્યોદયને કારણે નિર્ધન-કદરૂપ હોય, ને પોતે ધનવાન-રૂપવાન હોય તો તે કારણે ધર્મી બીજા સાધર્મીથી પોતાની અધિકતા માનતા નથી ને સામાનો તીરસ્કાર કરતા નથી; પણ તેના ગુણની પ્રીતિપૂર્વક આદર કરે છે કે વાહ! દેહાદિની આવી પ્રતિકૂળતા છતાં તે પોતાના ધર્મને સાધી રહ્યો છે. પુણ્યના તો અનેક પ્રકાર છે, તેમાં હીનાધિક્તા હોય તેથી શું? અંદર ધર્મ ચીજ જુદી છે. આ રીતે દેહાદિની હીનતા દેખીને પણ ધર્માત્માના ગુણોપ્રત્યે અણમગાનો ભાવ થતો નથી પણ ગુણનો પ્રેમ આવેછે. આવું સમ્યક્ત્વનું ત્રીજું અંગ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 卐 ૪. અમૂઢદષ્ટિ-અંગનું વર્ણન 卐

આત્માના હિતનો સત્યામાર્ગ જેણે જાણ્યો છે એવો ધર્મી જીવ સાચા-ખોટાની પરીક્ષામાં જરાય મુંઝાતો નથી, સાચા દેવ-ગુરુ-ધર્મ અને ખોટા દેવ-ગુરુ-ધર્મ એને બરાબર ઓળખીને તે ખોટા માર્ગની પ્રશંસા પણ છોડે છે. અંતરમાં તો ખોટા માર્ગને દુ:ખદાયક જાણીને છોડયો જ છે, ને મનથી વચનથી કે કાયાથી પણ તે કુમાર્ગની પ્રશંસા કે અનુમોદના કરતો નથી. કુમાર્ગને ઘણા લોકો સેવતા હોય, મોટા રાજા-મહારાજા સેવતા હોય તોપણ ધર્મી મુંઝાય નહીં કે એમાં કાંઈક સાચું હશે! આવું અમૂઢદષ્ટિપણું એટલે કે મૂઢતારહીતપણું ધર્મીને હોય છે.

વીતરાગ-સર્વજ્ઞ અરિહંત અને સિદ્ધભગવાન સિવાય બીજા કોઈ દેવને તે માને નહીં.

રત્નત્રયધારી નિર્ગ્રંથ મુનિરાજ સિવાય બીજા કોઈ કુગુરુને તે માને નહીં.

સમયગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે વીતરાગધર્મ, તે સિવાય બીજા કોઈ ધર્મને તે મોક્ષનું કારણ માને નહિ, ને તેને સેવે નહીં.

આ રીતે દેવ-ગુરુ-ધર્મ સંબંધી મૂઢતા ધર્મીને હોતી નથી. કુદેવ-કુગુરુ-કુધર્મને માનનારા જીવો સમાજમાં કરોડો મૂઢલોકો વડે પૂજાતા હોય, અરે! એની પાસે દેવ આવતો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તોપણ ધર્મીને માર્ગની શંકા પડતી નથી, કે તત્ત્વમાં તે મુંઝાતો નથી. નિશ્ચય જે પોતાનું શુદ્ધાત્મસ્વરૂપ તેમાં તો મુંઝાતો નથી, ને વ્યવહારમાં એટલે કે દેવ-ગુરુ-શાસ્ત્ર-તત્ત્વ વગેરે ના નિર્ણયમાં પણ તે મુંઝાતો નથી. સુખનો માર્ગ એવો વીતરાગજૈનમાર્ગ, અને દુઃખનો માર્ગ એવા કુમાર્ગો, તેમની અત્યંત ભિન્નતા ઓળખીને કુમાર્ગનું સેવન-પ્રશંસા-અનુમોદના સર્વ પ્રકારે છોડે છે.

કુમાર્ગને માનનારા જીવો ઘણા હોય ને સાચા માર્ગને જાણનારા જીવો તો થોડા જ હોય, -પણ તેથી ધર્મી મુંઝાય નહીં કે ક્યો માર્ગ સાચો હશે! અરે, હું એકલો હોઉં તોપણ મારા હિતનો જે માર્ગ મેં જાણ્યો છે તે જ પરમ સત્ય છે, ને એવો હિતમાર્ગ બતાવનારા વીતરાગી દેવ-ગુરુ જ સત્ય છે; સ્વાનુભવથી મારું આત્મતત્ત્વ મેં જાણી લીધું છે, તેનાથી વિરુદ્ધ જે કોઈ માન્યતા હોય... માન્યતાને હોય તે બધી ખોટી છે; આમ નિઃશંકાપણે ધર્મીએ કુમાર્ગની માન્યતાને અસંખ્યપ્રદેશેથી વસરાવી દીધી છે. તે શુદ્ધદૃષ્ટિવંત જીવ કોઈ ભયથી, આશાથી, સ્નેહથી કે લોભથી કુદેવાદિને પ્રણામ-વિનય કરતો નથી.

અરે જીવ! તને આવું મનુષ્યપણું મળ્યું, આવા સત્ય જૈનધર્મનો યોગ મળ્યો, તો હવે આ અવસરમાં તારી વિવેકબુદ્ધિથી સાચા-ખોટાની પરીક્ષા કરીને નિર્ણય કર; આત્માને પરમ હિતકાર એવા સર્વજ્ઞભગવાનના માર્ગનું સ્વરૂપ સમજીને તેનું સેવન કર, ને કુમાર્ગના સેવનરૂપ મૂઢતાને છોડ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અરિહંત ભગવાનનો માર્ગ જેણે જાણ્યો તે જીવ જગતમાં ક્યાંય મુંઝાય નહીં. ભગવાનના માર્ગને નિઃશંકપણે સેવતો થકો તે મોક્ષને સાધે. આવું સમ્યગ્દ્રષ્ટિનું અમૂઢદ્રષ્ટિત્વ-અંગ છે. (આ અમૂઢદ્રષ્ટિઅંગના પાલનમાં રેવતી રાણીનું ઉદાહરણ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વ-કથા' વગેરે પુસ્તકમાંથી જોઈ લેવું.) આ રીતે સમ્યક્ત્વના ચોથા અંગનું વર્ણન કર્યું.

## 卐 ૫. ઉપગૂહના (ઉપબૃંહણ) અંગનું વર્ણન 卐

પોતાના ગુણોની પ્રશંસા ન કરે ને બીજાની નિંદા ન કરે. સાધર્મીમાં કોઈ દોષ લાગી ગયો હોય તો તેને ઢાંકે ને તે દોષ દૂર કરવા પ્રયત્ન કરે, તથા ગુણની વૃદ્ધિ થાય-ધર્મની વૃદ્ધિ થાય એવા ઉપાય કરે, -આવો ભાવ તે સમ્યગ્દ્રષ્ટિનું ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગ છે.

ધર્માત્માને એવી માર્દવભાવના એટલે કે નિર્માનતા હોય છે કે પોતાના ગુણ જગતમાં પ્રસિદ્ધ થાય ને પૂજાય એવી ભાવના તેને હોતી નથી, તથા કોઈ સાધર્મીના દોષ પ્રસિદ્ધ કરીને તેને હલકો પાડવાની ભાવના હોતી નથી, પણ ધર્મ કેમ વધે, ગુણની શુદ્ધિ કેમ વધે તેની ભાવના હોય છે. કોઈ અજ્ઞાની કે અશક્ત જનો દ્વારા પવિત્ર રત્નત્રયમાર્ગની નિંદાનો પ્રસંગ ઊભો થાય તો ધર્મી તેને દૂર કરે છે, ધર્મની નિંદા થવા દેતા નથી. દોષને દૂર કરવો ને વીતરાગ ગુણોની વૃદ્ધિ કરવી તે સમ્યક્ત્વનું અંગ છે, એટલે સમ્યગ્દ્રષ્ટિને એવો ભાવ સહેજે હોય છે. જેમ માતાને પોતાનો પુત્ર વહાલો છે એટલે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે તેની નિંદા સહન કરી શકતી નથી, તેથી તેના દોષ છૂપાવીને ગુણ પ્રગટે તેમ ઈચ્છે છે, તેમ ધર્મીને પોતાનો રત્નત્રય ધર્મ વહાલો છે, તેથી રત્નત્રયમાર્ગની નિંદાને તે સહી શકતો નથી, એટલે ધર્મની નિંદા દૂર થાય ને ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય-એવો ઉપાય તે કરે છે. દોષને ઢાંકવા-દૂર કરવા અને ગુણને વધારવા-એ બન્ને વાત આ પાંચમા અંગમાં આવી જાય છે, તેથી તેને ઉપગૂહન અથવા ઉપબૃંહણ કહેવાય છે.

ધર્માત્મા નિજગુણને ઢાંકે એટલે કે બહારમાં પ્રસિદ્ધિની કામના ન કરે, મારા આત્મામાં મારું કામ થઈ રહ્યું છે તે બીજાને દેખાડવાનું શું કામ છે? બીજા લોકો મારા ગુણને જાણે તો ઠીક-એવું કાંઈ ધર્મીને નથી. ધર્મી પોતાના આત્મામાં તો પોતાના ગુણની પ્રસિદ્ધિ (પ્રગટ અનુભૂતિ) બરાબર કરે, પોતાના સમ્યક્ત્વાદિ ગુણોને પોતે નિઃશંક જાણે, પણ બહારમાં બીજા પાસે તે ગુણોની પ્રસિદ્ધિ વડે માન-મોટાઈ મેળવવાની બુદ્ધિ ધર્મીને હોતી નથી; તેમજ બીજા ધર્માત્માઓના દોષને પ્રસિદ્ધ કરીને તેની નિંદા કરવાનો કે તેને હલકો પાડવાનો ભાવ ધર્મીને હોતો નથી, પણ તેના સમ્યક્ત્વાદિ ગુણોને મુખ્ય કરીને તેની પ્રશંસા કરે છે, આ રીતે ગુણની પ્રીતિ વડે પોતામાં ગુણને વધારતો જાય છે, ને અવગુણને ઢાંકે છે તથા પ્રયત્ન વડે તેને દૂર કરે છે.

ધર્મીને પોતાને ગુણ ગમે છે ને દોષ ગમતા નથી. બીજા કોઈ ધર્માત્મામાં હીનશક્તિવશ કોઈ દોષ થઈ ગયો હોય તો તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બહાર પાડીને તિરસ્કાર ન કરે, પણ યુક્તિથી તેને સુધારે. પણ આનો અર્થ એવો નથી કે મિથ્યાદૃષ્ટિ ગમે તેવા વિપરીત કુમાર્ગનું પ્રતિપાદન કરે તોપણ તેની ભૂલ પ્રસિદ્ધ ન કરે, મિથ્યામતોમાં તત્ત્વની કેવી વિપરીતતા છે, મિથ્યાદૃષ્ટિ જીવ કેવી-કેવી ભૂલ કરે છે તે તો બરાબર બતાવે, અને સાચું તત્ત્વ કેવું છે તે સમજાવે. -જો એમ ન કરે એટલે કે કુમાર્ગનું ખંડન કરીને સત્ય માર્ગનું સ્થાપન ન કરે તો જીવો હિતનો માર્ગ ક્યાંથી જાણે? માટે સાચા ખોટાની ઓળખાણ કરાવવી તેમાં કાંઈ કોઈની નિંદાનો ભાવ નથી. જીવોના હિત માટે સત્યમાર્ગની પ્રસિદ્ધિનો અને અસત્યના નિષેધનો ભાવ તો ધર્મીને આવે છે. ધર્મની નિંદા થતી હોય, દેવ-ગુરુની નિંદા થતી હોય-એવા પ્રસંગે ધર્માત્માથી રહી શકાય નહીં, પોતાની શક્તિથી તેને તે દૂર કરે છે.

બધા ધર્મી જીવોના ઉદયભાવ એકસરખાં હોતાં નથી, શ્રદ્ધા બધાની સરખી હોય પણ ઉદયભાવ તો અનેક પ્રકારનાં હોય છે. કોઈની પ્રકૃતિમાં ફેર હોય, ક્રોધ-માનાદિ દોષ (ભૂમિકા અનુસાર) થઈ જતા હોય, ત્યાં તેની મુખ્યતા કરીને શાસનની નિંદા ન થવા દે, અરે, એ તો ધર્માત્મા છે, જિનેશ્વરદેવના ભક્ત છે, આત્માના અનુભવી છે, સમ્યગ્દૃષ્ટિ છે, -એમ ગુણને મુખ્ય કરીને, પરિણામમાં ક્યાંક જરાક ફેર પડી ગયો હોય તે દોષને ગૌણ કરી નાંખે છે, ધર્મની કે ધર્માત્માની નિંદા થવા દેતા નથી. અહા, આ તો પરમ પવિત્ર જૈનમાર્ગ.. એકલી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગતાનો માર્ગ. કોઈ અજ્ઞાની જનો તેની નિંદા કરે તેથી કાંઈ તે મલિન થઈ જતો નથી. આવા માર્ગની શ્રદ્ધામાં સમ્યગ્દષ્ટિજીવ અત્યંત નિષ્કંપ વર્તે છે, તલવારની તીખી ધાર જેવી તેની શ્રદ્ધા મિથ્યાત્વની કુયુક્તિઓને હણી નાંખે છે, કોઈ પણ કુયુક્તિઓ વડે તેની શ્રદ્ધા ચલાયમાન થતી નથી. આવા માર્ગને જાણીને જે ધર્મી થયો છે એવા જીવને કોઈ દોષ થઈ જાય તો તેના ઉપગૂહનની આ વાત છે. જ્યાં ગુણ અને દોષ બંને હોય તેમાં ગુણની મુખ્યતા કરીને દોષને ગૌણ કરવો-તે ઉપગૂહન છે. પણ જ્યાં સાચો માર્ગ હોય જ નહીં અને મિથ્યામાર્ગને જ ધર્મ મનાવી રહ્યા હોય તેને તો જગતનાહિત માટે પ્રસિદ્ધ કરીને બતાવે કે આ માર્ગ ખોટો છે, દુઃખદાયક છે, માટે તેનું સેવન છોડો, અને પરમ સત્ય વીતરાગ જૈનમાર્ગને સેવો. પોતામાં પણ રત્નત્રયધર્મની શુદ્ધી જેમ વધે તેમ કરે. દુનિયા સાથે મારે કામ નથી, મારે તો આત્મામાં શુદ્ધતા વધે ને વીતરાગતા થાય-તે જ પ્રયોજન છે, -આવી ભાવનાપૂર્વક ધર્મી પોતામાં ધર્મની વૃદ્ધિ કરે છે, તેને ઉપબૃંહણગુણ કહેવાય છે.

ધર્મી જાણે છે કે મારા ગુણ મારામાં છે, મારી અનુભૂતિમાં મારો આત્મા પ્રસિદ્ધ થયો છે-તે હું જાણું છું, દુનિયાને દેખાડવાનું શું કામ છે? શું દુનિયા માને તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ વધે છે? ને દુનિયા ન દેખે તેથી કાંઈ મારા ગુણની શુદ્ધિ અટકી જાય છે? -ના. મારા ગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો મારામાં છે-આમ ધર્મી પોતાના ગુણનો ઢંઢેરો જગત પાસે નથી પીટતા. મને ગુણ પ્રગટયા તે બીજા જાણે ને પ્રસિદ્ધ થાય તો ઠીક-એવી તેને ભાવના નથી. કોઈ ધર્માત્માના ગુણોની જગતમાં સહેજે પ્રસિદ્ધિ થાય-તે જુદી વાત છે, પણ ધર્મીને તો પોતામાં જ સમાવાની ભાવના છે; 'દુનિયામાં' બહાર પડવાનું શું કામ છે? 'દુનિયા સ્વીકારે તો જ મારા ગુણ સાચા એવું કાંઈ નથી; ને દુનિયા ન સ્વીકારે તેથી કાંઈ મારા ગુણને નુકશાન થઈ જતું નથી. મારા ગુણ કાંઈ મેં દુનિયા પાસેથી નથી લીધા, મારા આત્મામાંથી જ ગુણ પ્રગટ કર્યા છે, એટલે મારા ગુણમાં દુનિયાની અપેક્ષા મને નથી. આમ ધર્મી જગતથી ઉદાસ નિજગુણમાં નિઃશંક વર્તે છે.

કોઈને વિશેષ જાતિસ્મરણાદિ જ્ઞાન થાય, જ્ઞાનની શુદ્ધિ સાથે લબ્ધિઓ પણ પ્રગટે, ઘણા મુનિઓને વિશેષ લબ્ધિઓ પ્રગટે, અવધિ-મનઃપર્યયજ્ઞાન પણ થાય, છતાં જગતને તેની ખબર પણ ન પડે, એ તો પોતે પોતામાં આત્માની સાધનામાં મશગુલ વર્તતા હોય. પોતાની પર્યાયમાં પોતાના ગુણોની પ્રસિદ્ધિ થઈ ત્યાં આત્મા પોતે પોતાથી જ સંતુષ્ટ ને તૃપ્ત છે; પોતાના ગુણના શાંતરસને પોતે વેદી જ રહ્યો છે, ત્યાં બીજાને બતાવવાનું શું કામ છે? ને બીજા જીવો પણ તેવી અંતરદ્રષ્ટિ વગર ગુણને ક્યાંથી ઓળખશે? આ રીતે ધર્મી પોતાના ગુણોને પોતામાં ગુપ્ત રાખે છે; ને બીજા સાધર્મીના દોષને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ ગોપવીને તે દોષ દૂર કરવાનો ઉપાય કરે છે. ભાઈ, કોઈના અવગુણ પ્રસિદ્ધ થાય તેથી તને શું લાભ છે? અને એનાં અવગુણ પ્રસિદ્ધ ન થાય તેથી તને શું નુકશાન છે? 'ભેંસના શિંગડાં ભેંસને ભારે, ' જે કરશે તે ભોગવશે' – તેમ સામાના ગુણ-દોષનું ફળ એને છે, એમાં તારે શું? માટે સમાજમાં જે રીતે ધર્મની નિંદા ન થાય ને પ્રભાવના થાય, તથા પોતાના ગુણોમાં વૃદ્ધિ થાય-તે રીતે ધર્મી પ્રવર્તે છે.

-આ બધું તો સમ્યગ્દર્શનના વ્યવહારમાં આવી જાય છે. નિશ્ચયમાં તો પોતાના શુદ્ધ આત્માની પ્રતીત ધર્મીને સદાય વર્તે છે. કોઈપણ રીતે, પોતામાં તેમજ પરમાં ગુણની વૃદ્ધિ થાય ને દોષ ટળે, -એટલે કે આત્માનું હિત થાય ને ધર્મની શોભા વધે-તેમ ધર્મી વર્તે છે. કોઈ સાધર્મીથી કોઈ દોષ થઈ ગયો હોય ને ખ્યાલમાં આવી જાય તો તેનો ફંફેરો ન કરે, તિરસ્કાર ન કરે, પણ ગુપ્તપણે બોલાવીને પ્રેમથી સમજાવે કે-જો ભાઈ! આપણો જૈનધર્મ તો મહાન પવિત્ર છે, મહા ભાગ્યે આવો ધર્મ મળ્યો છે, તેમાં તારાથી આવો દોષ થઈ ગયો પણ તું મુંઝાઈશ નહીં, તારા આત્માના શ્રદ્ધાજ્ઞાનમાં દ્રઢ રહેજે. આરાધના વડે તારા દોષને છેદી નાખંજે. આમ પ્રેમથી તેને ધર્મનો ઉત્સાહ જગાડીને તેના દોષ દૂર કરાવે છે. દોષને છૂપાવવામાં કાંઈ તેના દોષને ઉત્તેજન આપવાનો હેતુ નથી પણ તિરસ્કારથી તે જીવ નિરૂત્સાહિત થઈ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ન જાય ને બહારમાં ધર્મની નિંદા ન થાય-તે હેતુ છે; તથા ગુણની પ્રીતિ વડે શુદ્ધતાની વૃદ્ધિ નો હેતુ છે. આવું ઉપગૂહન તથા ઉપબૃંહણ-અંગ છે. આ અંગના પાલન માટે જિનેન્દ્રભક્ત એક શેઠની કથા પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વ-કથા.' વગેરેમાંથી જોઈ લેવી. આ રીતે સમ્યક્ત્વના પાંચમા ગુણનું વર્ણન કર્યું.

## 卐 ૬. સ્થિતિકરણ-અંગનું વર્ણન 卐

કોઈ કષાયવશ, રોગાદિની તીવ્ર વેદના વશ, કુસંગથી, લોભથી કે અનેકવિધ પ્રતિકૂળતાના પ્રસંગમાં ધર્મી જીવ શ્રદ્ધાથી કે ચારિત્રથી ડગતો હોય કે શિથિલ થતો હોય તો પ્રેમપૂર્વક વૈરાગ્ય-ઉપદેશથી કે બીજા અનેક ઉપાયથી ધર્મમાં તેને સ્થિર કરવો, પોતાના આત્માને પણ ધર્મમાં દઢ કરવો ને બીજા સાધર્મીને પણ ધર્મમાં દઢ કરવો-તે સ્થિતિકરણ છે. શરીરમાં કોઈ તીવ્ર રોગ આવે, વેપારમાં અચાનક મોટી ખોટ જાય, સ્ત્રી-પુત્રાદિનું મૃત્યું થયું હોય, વિષયોથી મન ચલિત થતું હોય, કોઈ વિશેષ માન-અપમાનનો પ્રસંગ બન્યો હોય, ત્યાં પોતાના પરિણામને શિથિલ થતા દેખે તો ધર્માત્મા તરત જ્ઞાન-વૈરાગ્યની ભાવના વડે પોતાના આત્માને ધર્મમાં દઢ કરે કે અરે આત્મા ! આ તને શું થયું ? આવો મહા પવિત્ર રત્નત્રયધર્મ પામીને આવી કાયરતા તને શોભતી નથી. તું કાયર ન થા, અંતરમાં શુદ્ધઆત્મસ્વરૂપ દેખ્યું છે તેની ફરી ફરીને ભાવના કર, સંસારના દુર્ધ્યાન વડે તો અનંતવાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નરકાદિનાં તીવ્ર દુઃખો તેં ભોગવ્યાં, માટે હવે દુર્ધ્યાન છોડ ને ચૈતન્યની ભાવના ભાવ. -આમ અનેક પ્રકારના ચિંતનથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર કરે; તથા બીજા સાધર્મીજનોને પણ પોતાના જ સમજીને સર્વ પ્રકારની સહાયથી ધર્મમાં સ્થિર કરે. -એવો ભાવ ધર્માત્માને હોય છે. કોઈને ઉપદેશ વડે ઉત્સાહિત કરે, કોઈને ધનથી પણ મદદ કરે, કોઈને શરીરથી સેવા કરે, કોઈને ધૈર્ય આપે, કોઈને અધ્યાત્મની મહાન ચર્ચા સંભળાવે-એમ સર્વ પ્રકારે તનથી-મનથી-ધનથી-જ્ઞાનથી ધર્માત્માની મુંઝવણ મટાડીને તેને ધર્મમાં દ્રઢ કરે. અરે, અનંતકાળે આવો મનુષ્યભવ ને આવો જૈનધર્મ મળ્યો, તેને ચૂકી જશો તો ફરી અનંતકાળે આવો અવસર મળવો કઠણ છે. અત્યારે જરાક પ્રતિકૂળતાના દુઃખથી ડરી જઈને જો ધર્મની આરાધના ચૂકી જશો તો સંસારમાં નરકાદિના અનંત દુઃખ ભોગવવા પડશે. નરકાદિના દુઃખ પાસે તો આ પ્રતિકૂળતા કાંઈ જ હિસાબમાં નથી. માટે કાયર થઈને આર્ત્તપરિણામ ન કરો, વીર થઈને ધર્મધ્યાનમાં દ્રઢ રહો. આર્તધ્યાનથી તો ઊલ્ટું વધુ દુઃખ થશે. સંસારમાં તો પ્રતિકૂળતા હોય જ, માટે ધૈર્ય પૂર્વક ધર્મધ્યાનમાં દ્રઢ રહો. તમે તો મુમુક્ષુ છો, ધર્મના જાણનાર છો, જ્ઞાનવાન છો, તો આ પ્રસંગે દીન થવું શોભતું નથી, વીરતાપૂર્વક આત્માને સમ્યક્ત્વાદિની ભાવનામાં દ્રઢપણે જોડો... પૂર્વે અનેક મહાપુરુષો પાંડવો સીતાજી વગેરે થયા તેમને યાદ કરીને આત્માને ધર્મની આરા-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધનામાં ઉત્સાહિત કરો. આમ પોતાના તેમ જ પરના આત્માને સંબોધન કરીને ધર્મમાં સ્થિર કરે છે, તે સમ્યગ્દષ્ટિનું સ્થિતિકરણ અંગ છે. પ્રતિકૂળતા આવે ત્યાં મુંઝાઈ ન જાય, તેમજ બીજા સાધર્મીને મુંઝાવા ન દે. અરે, મરણ આવે કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે તો પણ હું મારા ધર્મથી ડગું નહીં, મારા આત્માની આરાધનાને છોડું નહીં-એમ ધર્મી નિઃશંકપણે દઢપરિણામથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર રાખે છે. કોઈ ભય બતાવે, લાલચ બતાવે, તોપણ ધર્મથી ડગતા નથી. મોક્ષનો સાધક થયો તેના આત્મપરિણામમાં આવી દઢતા હોય છે.

સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વાદિ નિશ્ચયધર્મમાં જેટલી સ્થિરતા છે તેટલો ધર્મ છે, તે વીતરાગભાવ છે; અને બીજા સાધર્મીને ધર્મમાં સ્થિર કરવાનો જે ભાવ છે તે શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી, પણ ધર્મીને ધર્મપ્રેમનો તેવો ભાવ આવે છે. શ્રેણિકરાજાના પુત્ર વારિષેણમુનિએ પોતાના મિત્રનું મુનિપણામાં સ્થિતિકરણ કર્યું હતું-તેની કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે, તે ‘સમ્યક્ત્વ-કથા’ માં આપ વાંચી શકશો. આ રીતે સ્થિતિકરણ નામના છઠ્ઠા અંગનું વર્ણન કર્યું.

## ૭. વાત્સલ્ય-અંગનું વર્ણન

જેમ ગાયને પોતાના વાછરડા ઉપર, કોઈ જાતની આશા વગર નિરપેક્ષ પ્રેમ આવે છે તેમ ધર્મીને બીજા સાધર્મીજનો પ્રત્યે સહેજે પ્રેમ આવે છે, તેમને પોતાનાં જ ગણીને તેમના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપર વાત્સલ્ય આવે છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રધારક જીવોનો સમૂહ તે ધર્માત્માનો પોતાનો સમૂહ છે, -તેમને જ તે પોતાના સાચા સ્વજન માને છે. તેમની પ્રાપ્તિ થતાં જાણે કોઈ મહાન નિધાન મળ્યું હોય-એવી અત્યંત પ્રીતિ ઊપજે છે; તેમનો આદર, તેમના ગુણની સ્તુતિ, આહાર-પાન, સેવા વગેરેમાં આનંદ માનવો તે વાત્સલ્યઅંગ છે. કપટથી કોઈને દેખાડવા માટે નથી કરતો, કે કોઈ બદલાની આશાથી નથી કરતો, પણ ધર્મની પ્રીતિને લીધે ધર્મીને એવો પ્રેમભાવ સહેજે આવી જાય છે. જે વીતરાગધર્મને હું સાધું છું તે જ ધર્મને આ સાધી રહ્યા છે, તેથી તે મારા સાધર્મી છે; મારા સાધર્મીને કોઈ દુઃખ ન હો, એને ધર્મમાં કાંઈ વિઘ્ન ન હો;-આ પ્રમાણે સાધર્મી પ્રત્યે વાત્સલ્ય હોય છે; આમાં રાગ તો છે, પણ તે રાગની દિશા સંસાર તરફથી પલટીને ધર્મ તરફ વાળી દીધી છે. સંસારમાં સ્ત્રી-પુત્ર-પૈસા વગેરેનો રાગ તે તો પાપબંધનું કારણ છે, ને સાધર્મી પ્રત્યેના ધર્માનુરાગમાં તો ધર્મની ભાવના પોષાય છે. અંતરંગમાં તો ધર્મીને પોતાના શુદ્ધ જ્ઞાન-દર્શન-ચારિત્રસ્વરૂપ આત્મામાં પરમ પ્રીતિ છે, તેને જ તે પોતાનું સ્વરૂપ જાણે છે, એ પરમાર્થ વાત્સલ્ય છે. ને વ્યવહારમાં રત્નત્રયના ધારક બીજા સાધર્મી જીવોને પોતાના સમજીને તેમના પર પરમ પ્રીતિરૂપ વાત્સલ્ય આવે છે. ધર્માત્મા ઉપર દુઃખ આવે તે ધર્મી જોઈ ન શકે. દરેક પ્રકારે તેને સહાય કરીને તેનું દુઃખ મટાડવાનો ઉપાય કરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દૃષ્ટિને કોઈપણ જીવપ્રત્યે વેરભાવ નથી, તોપછી ધર્મી પ્રત્યે તો ઈર્ષા શેની હોય? બીજો જીવ પોતાના કરતાં વધી જાય ત્યાં દ્વેષ ન થાય પણ અનુમોદના અને પ્રેમ આવે. સાધર્મીને અંદરોઅંદર પ્રેમ હોય, –કેવો પ્રેમ? કે માતાને પુત્ર ઉપર હોય તેવો નિર્દોષ પ્રેમ, ગાયને વાછડી ઉપર પ્રેમ હોય તેવો નિઃસ્પૃહ પ્રેમ ધર્મીને સાધર્મીપ્રત્યે હોય. અત્યારે એના દુઃખમાં હું મદદ કરીશ, તો ક્યારેક તે બદલો આપશે, ને ખરા વખતે તે મને કામમાં આવશે, –એવી બદલાની આશા ન રાખે, પણ ધર્મના સહજ પ્રેમથી નિઃસ્પૃહભાવે ધર્મીપ્રત્યે વાત્સલ્ય રાખે. વાછડું કાંઈ મોટું થઈને ગાયની સેવા કરવાનું નથી છતાં ગાયને તેના ઉપર હૈયામાંથી પ્રેમ ઊભરાય છે, –એવું નિઃસ્પૃહ-વાત્સલ્ય ધર્મીને બીજા ધર્માત્મા પ્રત્યે હોય છે.

જેમ માતા પોતાના પુત્રનું દુઃખ દેખી શક્તી નથી, હરણી પોતાનાં બચ્ચાંના પ્રેમની ખાતર તેની રક્ષા કરવા સિંહની સામે થાય છે. સાચી માતાના પ્રેમની એક વાત આવે છે કે એક બાળક માટે બે સ્ત્રીને ઝગડો થયો. ન્યાયાધીશે (સત્યની પરીક્ષા ખાતર) બાળકના બે કટકા કરીને બંનેને એકેક વહેંચી દેવા હુકમ કર્યો. તે સાંભળતાં જ સાચી માતાની તો રાડ ફાટી ગઈ, પુત્રને બચાવવા તેણે કહ્યું –ભલે આખેઆખો પુત્ર એને આપી દો, મારે એના કટકા નથી કરવા. દૃષ્ટાંતમાંથી એટલું લેવાનું છે કે સાચી માતા પુત્રનું દુઃખ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જોઈ શકતી નથી, તેને કુદરતી વાત્સલ્ય ઊભરાય છે. પ્રદ્યુમ્નકુમાર ૧૬ વર્ષે ઘરે આવ્યો ત્યારે રુક્મિણીમાતાના હૈયામાં વાત્સલ્યની ધારા ઊભરાણી. તેમ ખરા પ્રસંગે સાધર્મીનો પ્રેમ છાનો ન રહે. સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ પ્રત્યે અંતરનો પ્રેમ હોય; એને દેખતાં, એની વાત સાંભળતાં પ્રેમ આવે. ધર્મનો પ્રેમ હોય તેને ધર્મી પ્રત્યે પ્રેમ હોય જ;કેમકે ધર્મ અને ધર્મી કાંઈ જુદા નથી. [ —न धर्मो धार्मिकैः बिना। ]

આ તો સમ્યગ્દર્શન સહિતના આઠઅંગની વાત છે; પરંતુ તે પહેલાં પણ ધર્મના જિજ્ઞાસુને ધર્મ પ્રત્યેનું વાત્સલ્ય, ધર્માત્માનું બહુમાન વગેરે ભાવો હોય છે. મોક્ષનું ખરું કારણ તો અંદરમાં પરદ્રવ્યથી ભિન્ન પોતાના આત્માની રુચિ ને જ્ઞાન કરવું તે છે. સમ્યગ્દર્શન વગરના શુભભાવથી મોક્ષમાર્ગ થતો નથી. સમ્યગ્દર્શન પછી પણ જે રાગ છે તે કાંઈ મોક્ષમાર્ગ નથી, મોક્ષમાર્ગ તો સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવ જ છે. જ્યાં રાગની ભૂમિકા છે ત્યાં આવા વાત્સલ્યાદિ ભાવો જરૂર આવે છે. (આ વાત્સલ્યઅંગના પાલનમાં ૭૦૦ મુનિવરોની રક્ષા કરનાર વિષ્ણુમુનિરાજની કથા પુરાણોમાં પ્રસિદ્ધ છે, તે 'સમ્યક્ત્વ-કથા' વગેરેમાં જોઈ લેવી.) આ રીતે સાતમા વાત્સલ્યઅંગનું વર્ણન પૂરું થયું.

## 卐 ૮. પ્રભાવના-અંગનું વર્ણન 卐

જિનમાર્ગદ્વારા પોતાના જ્ઞાનાનંદસ્વભાવી આત્માને જાણીને તેની 'પ્ર-ભાવના' ઉત્કૃષ્ટભાવના તો ધર્મી કરે જ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને વ્યવહારમાં પણ આવા જિનમાર્ગનો મહિમા જગતમાં કેમ પ્રસિદ્ધ થાય ને જગતના જીવો આવો ધર્મ કેમ પામે એવો પ્રભાવનાનો ભાવ ધર્મીને હોય છે. તે પોતાની સર્વશક્તિથી. જ્ઞાન-વિદ્યા-વૈભવ-તન-મન-ધન-દાન-શીલ-તપ વગેરેથી ધર્મપ્રભાવના કરે છે. કોઈ વિશેષ શાસ્ત્ર દ્વારા, તીર્થ દ્વારા, ઉત્તમ જિનાલય દ્વારા તથા અનેક મહોત્સવ દ્વારા પણ પ્રભાવના કરે છે, અત્યારે તો જીવોને સાચું તત્ત્વજ્ઞાન મળે તેવી પ્રભાવનાની ખાસ જરૂર છે. કુન્દાકુન્દાચાર્યદેવે સમયસાર વગેરે અધ્યાત્મશાસ્ત્રોની રચના દ્વારા જિનશાસનની મહાન પ્રભાવના કરી છે, ને લાખો જીવો ઉપર ઉપકાર કર્યો છે. સમંતભદ્રસ્વામી, અકલંકસ્વામી વગેરેએ પણ જૈનધર્મની મહાન પ્રભાવના કરી છે. ધર્મ ઉપર સંકટ આવે ત્યાં ધર્મી જીવ ઝાલ્યો ન રહે, જેમ શૂરવીરયોદ્ધો યુદ્ધમાં છાનો ન રહે, તેમ ધર્માત્મા ધર્મપ્રસંગે છાનો ન રહે, ધર્મનો મહિમા પ્રસિદ્ધ થાય એવા કાર્યોમાં તે ઉત્સાહથી પોતાની મેળે જ વર્તે. દેવ-ગુરુ-શાસ્ત્રના કાર્યોમાં, તીર્થોના કાર્યમાં કે સાધર્મીજનોના કાર્યમાં પોતાની શક્તિઅનુસાર હોંશથી પ્રવર્તે. આવો શુભરાગ હોય છે, છતાં તેની મર્યાદ પણ જાણે છે કે આ રાગ છે તે કાંઈ મને મોક્ષનું સાધન નથી. રાગ વડે મને કે બીજાને લાભ નથી. એટલે તેને રાગની ભાવના નથી પણ વીતરાગમાર્ગની પ્રભાવના અને પુષ્ટિની જ ભાવના છે. અહા, આવો સુંદર વીતરાગમાર્ગ! ને આવા માર્ગને સાધનારા આ મારા સાધર્મી ભાઈ! આમ પોતાના સાધર્મી ભાઈ-બેન પ્રત્યે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉમળકો આવે છે. તે સાધર્મીનો અપવાદ થવા ન દે. વાહ, જુઓ તો ખરા! અંતર્દૃષ્ટિપૂર્વક વીતરાગમાર્ગમાં વ્યવહારનો પણ કેટલો વિવેક છે! આવો વ્યવહાર પણ અંદરમાં યથાર્થ માર્ગનું ભાન કરે તેને જ સમજાય તેમ છે. સમ્યક્ત્વના આ આઠે અંગ દ્વારા ધર્મીજીવ પોતામાં વીતરાગમાર્ગની પુષ્ટિ કરે છે, તેની અનુમોદના કરે છે, તેનો મહિમા વધારે છે, ને સર્વ પ્રકારે તેની પ્રભાવના કરે છે. પ્રભાવના-અંગ માટે વજ્રમુનિનું ઉદાહરણ શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ રીતે સમ્યક્ત્વના આઠ અંગ કહ્યા. આવા આઠગુણો સહિત શુદ્ધ સમ્યક્ત્વને આરાધવું, અને તેનાથી વિરુદ્ધ જે શંકાદિ આઠદોષો તેનો ત્યાગ કરવો.

સમ્યગ્દૃષ્ટિને જ માર્ગની સાચી પ્રભાવના હોય છે. જેણે ધર્મનું સાચું સ્વરૂપ જાણ્યું હોય તે જ તેની પ્રભાવના કરી શકે; ધર્મને જે ઓળખતો જ નથી તે પ્રભાવના શેની કરશે? અહો, જિનમાર્ગ કોઈ અદ્‌ભુત અલૌકિક છે, ઇન્દ્રો-ચક્રવર્તીઓ ને ગણધરો પણ જેને ભક્તિથી આદરે છે-એ વીતરાગમાર્ગની શી વાત! આવો માર્ગ, અને તેને આદરનારા સાધર્મીઓનો યોગ મળવો બહુ દુર્લભ છે. આવા માર્ગને પામીને પોતાનું હિત કરી લેવા જેવું છે. જેટલો રાગભાવ છે તેને ધર્મી પોતાના સ્વાત્મકાર્યથી ભિન્ન જાણે છે, ને નિશ્ચય સમ્યક્ત્વાદિ વીતરાગભાવને જ સ્વધર્મ જાણીને આદરે છે. ધર્મનું આવું સ્વરૂપ સમજીને તેની પ્રભાવના કરે છે. જેઓ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકલા વ્યવહારના શુભવિકલ્પોને જ ધર્મ માની લ્યે છે, ને રાગ વગરના નિશ્ચયધર્મને સમજતા નથી તેઓને તો પોતામાં પણ જરાય ધર્મ નથી, એટલે સાચી ધર્મપ્રભાવના પણ તેમને હોતી નથી. પોતામાં ધર્મ હોય તો તેની પ્રભાવના કરે ને? અહીં તો અંતરમાં પોતાના શુદ્ધાત્માનો અનુભવ કરીને નિશ્ચયધર્મ સહિતના વ્યવહારની વાત છે. અરે, વીતરાગના સત્યમાર્ગને ભૂલીને અજ્ઞાનથી કુમાર્ગના સેવનવડે જીવો પોતાનું અહિત કરી રહ્યા છે, તેઓ જ્ઞાનવડે સાચો માર્ગ પામે અને પોતાનું હિત કરે-એવી ભાવનાથી ધર્મીજીવ જ્ઞાનના પ્રચારવડે સત્યધર્મની પ્રભાવના કરે છે; સત્યમાર્ગ પોતે જાણ્યો છે તેની પ્રભાવના કરે છે.

ધર્મીને આવા આઠ અંગરૂપ વ્યવહાર હોય છે, છતાં તે વ્યવહારના અવલંબને કાંઈ શુદ્ધિની વૃદ્ધિ કે મોક્ષનો માર્ગ નથી, મોક્ષનો માર્ગ તો અંતરમાં જે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વર્તે છે તે જ છે; તે જ મુખ્ય છે, ને બીજાને મોક્ષમાર્ગ કહેવો તે તો ઉપચાર છે. -આ રીતે નિશ્ચયવ્યવહાર બંને એકસાથે છે, આગળ-પાછળ નથી.

આત્મા પરદ્રવ્યોથી ભિન્ન, શાંત-વીતરાગ-ચિદાનંદ સ્વભાવરૂપ છે, તેને ઓળખીને તેમાં 'આ જ હું છું' એવો ભાવ તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. શરીર-મન-વાણી ને રાગદ્વેષથી પાર થઈને, ભેદવિકલ્પોથી પણ પાર થઈને, અંતરમાં પોતાના શુદ્ધ એકત્વસ્વરૂપમાં સ્વસન્મુખ દષ્ટિ કરતાં સમ્યગ્દર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થાય છે, તે મોક્ષમહેલનું પહેલું પગથિયું છે, ત્યાંથી જ મોક્ષમાર્ગરૂપ ધર્મની શરૂઆત થાય છે. જન્મ-મરણના નાશના ઉપાયમાં પહેલું જ સમ્યગ્દર્શન છે; એના વગરનું બધુંય જાણપણું ને બધી ક્રિયાઓ નિરર્થક છે. કોઈ પુણ્યથી-શુભરાગથી આવું સમ્યગ્દર્શન થતું નથી, અંતરમાં; શુદ્ધતત્ત્વ છે તેને જ્ઞાનમાં-અનુભવમાં લઈને નિઃશંક શ્રદ્ધા કરતાં સમ્યક્દર્શન થાય છે. આવા નિશ્ચય સમ્યગ્દર્શનની સાથે સાચા દેવ-ગુરુ-ધર્મની ઓળખાણ, નવતત્ત્વની ઓળખાણ, તથા નિઃશંક્તાદિ આઠગુણ-વગેરે વ્યવહાર કેવો હોય છે તે બતાવ્યું. આ જાણીને મુમુક્ષુ જીવોએ આઠઅંગ સહિત શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરવું, ને શંકાદિક દોષોને છોડવા.

।। ૧૨-૧૩।।

હે જીવ! લાખો વાતમાં સારરૂપ આ એક જ વાત છે કે સંસારના બધા દ્વંદ્વ-ફંદને એકકોર મુકીને, આત્માના હિત માટે અંતરમાં નિજઆત્મસ્વરૂપને ચિંતવ.

# સમ્યગ્દ્રષ્ટિનું પચ્ચીસદોષથી રહિતપણું

પરદ્રવ્યોથી ભિન્ન પોતાના શુદ્ધઆત્માની પ્રતીત કરીને જેને સમ્યગ્દર્શન થયું છે, જે મોક્ષમાર્ગી થયો છે એવા સમ્યગ્દ્રષ્ટિ ધર્માત્માનું આ વર્ણન છે. તે સમ્યગ્દ્રષ્ટિને નિઃશંકતાદિ આઠઅંગ હોય છે ને તેનાથી વિરુદ્ધ એવા શંકાદિ આઠદોષ હોતાં નથી એનું વર્ણન કર્યું, તે ઉપરાંત આઠમદ વગેરે દોષ પણ તેને હોતાં નથી–એનું કથન કરે છે:–

**[ ગાથા ૧૩ ( ઉત્તરાર્દ્ધ ) તથા ૧૪ ]**

पिता भूप वा मातुल नृप जो होय न तो मद ठानै।
मद न रूपको मद न ज्ञानको धन-बलको मद भानै।। १३।।
तपको मद न मद जु प्रभुताको करै न सो निज जाने।
मद धारे तो यही दोष वसु समकितको मल ठाने।।
कुगुरु-कुदेव-कुबृष-सेवककी नहीं प्रशंस उचरे है।
जिन-मुनि जिनश्रुत विन कुगुरादिक तिन्हें न नमन करे है।। १४।।

સમ્યક્ત્વના કુલ પચ્ચીસ દોષ છે; સમ્યગ્દ્રષ્ટિને તે પચ્ચીસ દોષ હોતાં નથી તેનું આ વર્ણન છે.

( ૧–૮ ) શંકા વગેરે આઠ દોષઃ પહેલાં નિઃશંકતા, નિઃકાંક્ષા, નિર્વિચિકિત્સા, અમૂઢદ્રષ્ટિ, ઉપગૂહન, સ્થિતિકરણ,

વાત્સલ્ય અને પ્રભાવના એ આઠગુણ કહ્યા હતા, તેનાથી વિરુદ્ધ તે આઠ દોષ છે, તે આ પ્રમાણે-શંકા, કાંક્ષા, દુર્ગંછા, મૂઢતા, અનુપગૂહન, અસ્થિતિરણ, અવાત્સલ્ય અને અપ્રભાવના.

(૧) સમ્યગ્દૃષ્ટિ જીવ જિનમાર્ગમાં કદી સંદેહ કરતો નથી;

(૨) ધર્મના ફળમાં સંસાર-ભોગને વાંછતો નથી;

(૩) શરીરાદિ ગમે તેવા હોય તોપણ ધર્માત્માના ગુણો પ્રત્યે કદી ધૃણા કરતો નથી;

(૪) સાચા દેવ-ગુરુ-ધર્મ કેવા છે? સત્યમાર્ગ શું ને કુમાર્ગ શું તેનો વિવેક કરવામાં કદી મુંઝાતો નથી; બરાબર પરીક્ષા કરીને સત્યમાર્ગને જ આદરે છે, કુમાર્ગોને છોડે છે;

(૫) પોતાના ગુણોની પ્રસિદ્ધિ ચાહતો નથી ને બીજા ધર્માત્માના દોષ દેખીને તેની નિંદા કરતો નથી, પણ દોષ ઢાંકીને યુક્તિથી તે દૂર છે ને ધર્મની વૃદ્ધિ કરે છે,

(૬) પોતે કે બીજા સાધર્મી ધર્મમાર્ગથી ડગે તેવું કદી કરતો નથી, પણ સ્વ-પરને ધર્મમાર્ગમાં દૃઢ કરે છે,

(૭) ધર્મનો કે ધર્માત્માનો અપવાદ થાય તેવું કરતો નથી, પણ વાત્સલ્ય વડે પ્રશંસા-આદર કરે છે; અને-

(૮) લોકમાં જૈનધર્મ નિંદાય એવું કદી કરતો નથી પણ તેની પ્રભાવના થાય ને તેનો મહિમા પ્રસિદ્ધ થાય તેવું કરે છે.

આ પ્રમાણે સમ્યગ્દૃષ્ટિજીવ શંકાદિક આઠદોષ રહિત અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિઃશંકતાદિ આઠ ગુણ સહિત સમ્યક્ત્વને આરાધે છે. તે ઉપરાંત તેને આઠ મદ હોતા નથી.

( ૯-૧૬ ) આઠમદઃ કૂળમદ, જાતિમદ, રૂપમદ અર્થાત્ શરીરમદ, વિદ્યામદ અર્થાત્ જ્ઞાનમદ, ધર્મમદ અર્થાત્ ઋદ્ધિમદ, બળમદ, તપમદ અને અધિકારમદ એટલે કે પૂજાનો મદ આવા આઠ પ્રકારના મદરૂપ આઠદોષ સમ્યગ્દષ્ટિને હોતાં નથી.

( ૧૭-૨૨ ) છ અનાયતનઃ કુદેવ તથા તેને સેવનારા, કુગુરુ તથા તેને સેવનારા, કુધર્મ તથા તેને સેવનારા, -આ છએ ધર્મને માટે અસ્થાન છે, તેથી તે અનાયતન છે, તેનામાં ધર્મ હોતો નથી; તેનું સેવન તો ધર્મીજીવને હોય જ નહિ, અને તેની પ્રશંસા પણ મનથી, વચનથી કે કાયાથી ધર્મીજીવ કરે નહિ, આ રીતે છ અનાયતની પ્રશંસારૂપ છ દોષ સમ્યગ્દષ્ટિને હોતાં નથી.

( ૨૩-૨૫ ) ત્રણ મૂઢતાઃ મૂઢલોકોમાં દેવના નામે, ગુરુના નામે અને શાસ્ત્રના નામે અનેક વિપરીતતાઓ ચાલતી હોય છે, પણ ધર્મીજીવ દેવ-ગુરુ-શાસ્ત્ર સંબંધી કોઈ મૂઢતાને સેવતો નથી; વીતરાગમાર્ગના જિનેશ્વરદેવ, રત્નત્રયધારક જિનમુનિગુરુ, અને તેમના કહેલાં વીતરાગતાપોષક જિનશાસ્ત્રો, તેને જ માને છે, તેનો જ આદર -સત્કાર, નમસ્કાર કરે છે. એ સિવાય બીજા કોઈ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને સ્વપ્નેય માનતો નથી, તેને નમન વગેરે કરતો નથી. આ રીતે ત્રણ મૂઢતારૂપ ત્રણદોષ સમ્યગ્દષ્ટિને હોતાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શંકાદિક આઠદોષ, આઠમદ, છઅનાયતન તથા ત્રણ મૂઢતા–આ પ્રમાણે પચ્ચીસદોષને છોડીને, નિઃશંકતાદિ આઠ ગુણ સહિત સમ્યગ્દર્શનને હે જીવો તમે ભક્તિપૂર્વક ધારણ કરો; તે મોક્ષનું મૂળ છે.

સમ્યગ્દ્રષ્ટિને પોતાના અચિંત્ય ચૈતન્યવૈભવ પાસે જગતમાં બીજા કોઈની મહત્તા ભાસતી નથી, તેથી તેને ક્યાંય મદ હોતો નથી, એ રીતે તેને આઠમદનો અભાવ હોય છે, તેનું અહીં વર્ણન કરે છે–

## 卐 ૧-૨. કૂળમદ તથા જાતિમદ 卐

પિતાના પક્ષને કૂળ, અને માતાના પક્ષને જાતિ કહેવાય છે, પણ માતા–પિતા એ તો જડ શરીરનો સંબંધ છે, તેની મોટાઈનાં અભિમાન શાં? હું તો શરીરથી જુદો ચૈતન્યમૂર્તિ છું, માતા–પિતાને કારણે કાંઈ મારી મોટાઈ નથી. માતા કોઈ મોટા ઘરની હોય કે પિતા કોઈ મોટા રાજા–મહારાજા હોય તેને કારણે ધર્મી પોતાની મોટાઈ માનતા નથી, એટલે તેને જાતિમદ કે કૂળમદ હોતો નથી. અરે, અમારી જાતિ તો ચૈતન્યજાતિ છે, દેહની જાતિ અમારી છે જ નહીં, પછી તેનો મદ કેવો? હું જ્ઞાનસ્વરૂપ છું; જ્ઞાનસ્વરૂપ મારા આત્માને કોઈએ ઉપજાવ્યો નથી, પછી મારે જાતિ–કૂળ કેવા? ચૈતન્ય મારી જાતિ, અને જ્ઞાન–દર્શનસ્વભાવ જ મારું કૂળ છે. આરીતે ધર્મીને પિતા કે પુત્રાદિ કોઈ મહાન હોય તો તેનું અભિમાન થતું નથી; તેમજ પિતા વગેરે દરિદ્ર હોય તો તેથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દીનતા પણ થતી નથી. એ બધા સંયોગથી અત્યંત ભિન્ન ચૈતન્યસ્વરૂપે જ પોતાને દેખ્યો છે. અરે, મારા ચૈતન્યની અધિકતાથી બીજું કોણ અધિક છે-કે જેનો હું મદ કરું? મારા ચૈતન્યના તેજ પાસે ચક્રવર્તીપદ પણ ઝાંખુ લાગે છે, તેમાં મારી મોટાઈ નથી. ચક્રવર્તીપદ તો રાગનું ફળ છે. ક્યાં અનંતગુણમય ચૈતન્યપદ, અને ક્યાં વિકારનું ફળ! જેણે પરમેશ્વરની જાતિરૂપે પોતાને દેખ્યો તેને હવે કઈ ખામી રહી કે બહારમાં દેહની જાતિ વગેરેમાં પોતાપણું માને? ચૈતન્યજાતિ પાસે જડ-દેહની જાતિનાં અભિમાન કેવા? દેહ હું છું જ નહીં, હું તો ચૈતન્ય જ છું-આવા સમ્યક્ ભાનમાં ધર્મીને શરીરાદિસંબંધી મદ હોતા નથી. મિથ્યાત્વરૂપ દોષ તો ધર્મીને હોય જ નહિ, અને સમ્યક્ત્વના અતિચારરૂપ દોષને પણ તે દૂર કરે છે, તેનો આ ઉપદેશ છે. નિશ્ચય સમ્યગ્દર્શન સાથે આવો ચોક્ખો વ્યવહાર હોય છે, તેમાં સહેજ પણ અતિચાર લાગે તો તે દોષ છે. એમ સમજીને તેનો ત્યાગ કરવો જોઈએ. ધર્મનાં સ્થાન તો વીતરાગી અરિહંતદેવ, નિર્ગ્રંથ મુનિગુરુ અને વીતરાગી શાસ્ત્ર છે, તેમાં ધર્મીજીવ શંકા કરે નહિ અને તેનાથી વિરુદ્ધ હોય તેને કોઈ પ્રકારે આદરે નહીં. પ્રાણ જાય કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે તોપણ વીતરાગી દેવ-ગુરુની શ્રદ્ધા છોડે નહિ, એટલે તેને સમ્યક્ત્વમાં શંકાદિ દોષ હોતાં નથી.

સંસારમાં ભ્રમણ કરતો જીવ શુભાશુભકર્મવશ ઊંચ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કૂળમાં તેમજ નીચકૂળમાં અનંતવાર અવતરી ચૂંક્યો છે, એ તો ક્ષણિક સંયોગ છે. શાશ્વત આત્માને આ અવતારના અભિમાન શા? અવતાર ધારણ કરવો તે તો શરમ છે. ઊચ્ચકૂળ પામ્યાનું ફળ તો એ છે કે રત્નત્રયનાં ઉત્તમ આચરણવડે આત્માને મોક્ષમાર્ગમાં જોડવો, ને મિથ્યાત્વાદિ પાપનાં અધમ આચરણને છોડવા. બાકી ઉત્તમકૂળમાં અવતરીને પણ જો અભક્ષ્યભક્ષણ વગેરે નિંદ્ય કાર્ય કરે તો તે નરકમાં જ જાય; ઊંચુંકૂળ કાંઈ નરકમાં જતાં રોકે નહીં. -આમ વિચારીધર્મીજીવ કૂળ કે જાતિના મદને છોડે છે.

* એક વૈરાગી બાળક માતા પાસે દીક્ષાની રજા માંગે છે.

* ત્યારે માતા કહે છે-બેટા! તને દીક્ષાની રજા તો આપું, પણ એક શરતે!

* પુત્ર કહે છે-કહો માતા, કઈ શરત?

* માતા કહે છે-દીક્ષા લીધા પછી એવી આત્મસાધના કર કે ફરીને બીજી માતા ન કરવી પડે; એટલે હું તારી છેલ્લી જ માતા હોઉં! -આ શરતે હું તને દીક્ષાની રજા આપું છું.

* પુત્ર કહે છે-ધન્ય માતા! અપ્રતિહત સાધના કરીને હું કેવળજ્ઞાન પ્રગટ કરીશ, ને ફરીને આ સંસારમાં અવતાર નહીં લઉં; ફરીને બીજી માતા નહીં કરું.

જુઓ, સંસારમાં માતાના પેટે અવતાર ધારણ કરવો એ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તો કલંક છે, એનાં મદ શાં? ચૈતન્યમૂર્તિ અશરીરી ભગવાનને માતા-પિતાના સંબંધથી ઓળખાવવો પડે તે તો શરમ છે. જેણે અશરીરી ચૈતન્યતત્ત્વ અનુભવમાં લીધું તેને માતા પિતા સંબંધી મોટાઈનો મદ હોતો નથી. આ રીતે ધર્મીને જાતિમદ તથા કૂળમદનો અભાવ છે.

## 卐 ૩. રૂપમદ 卐

શરીરના રૂપનો ગર્વ સમ્યગ્દષ્ટિને હોતો નથી. આત્માનું રૂપ તો જ્ઞાન છે; ધર્મીજીવ શરીરથી ભિન્ન પોતાના જ્ઞાનરૂપને દેખે છે. આ ચામડાના શરીરનું રૂપ તે અમારું રૂપ નથી, એ તો ક્ષણમાં નાશ પામી જાય કે સડી જાય તેવું છે, એનો ગર્વ કોણ કરે? આ રીતે ધર્મીને સુંદર રૂપનો ગર્વ નથી; તેમજ કોઈ ગુણવાનનું શરીર કુરૂપ-કાળું કૂબડું હોય તો તેના પ્રત્યે તીરસ્કાર પણ નથી. સુંદર રૂપવાળો પણ જો પાપ કરે તો દુર્ગતિમાં જ જાય. માટે શરીરના રૂપથી કાંઈ આત્માની શોભા નથી. સમ્યગ્દર્શન પ્રગટયું છે તે જ આત્માનું સાચું મહાન શ્રેષ્ઠ આભૂષણ છે, તેનાથી આત્મા ત્રણલોકમાં શોભે છે.

શરીરથી પોતાના આત્માને ભિન્ન જાણ્યો છે એટલે શરીર રૂપાળું હોય તો-તેના વડે પોતાની અધિક્તા ભાસતી નથી, ને શરીર કદરૂપું હોય તો દીનતા પણ થતી નથી. એ રૂપ તો જડનું છે, તે રૂપ મારું જ નહીં, પછી તેના અભિમાન શા? મારું તો ચૈતન્ય રૂપ છે, ચૈતન્યના રૂપથી ઊંચું જગતમાં કોઈ નથી. વીતરાગી ચૈતન્ય-રૂપ વડે મારી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શોભા છે. શુભરાગ પણ મારા રૂપથી કદરૂપ છે, ને શરીરનું રૂપ તો પુદ્ગલની રચના છે. આવા ભાનમાં ધર્મીને રૂપનો મદ હોતો નથી.

## 卐 ૪. વિદ્યામદ અર્થાત્ જ્ઞાનમદ 卐

કોઈ વિદ્યા આવડે કે શાસ્ત્રનું જાણપણું હોય તેનો ઘમંડ ધર્મીને હોય નહીં. અહા, ક્યાં પરમ અતીન્દ્રિય કેવળજ્ઞાન! ને ક્યાં આ અલ્પજ્ઞાન? કેવળજ્ઞાનના અચિંત્ય સામર્થ્ય પાસે તો આ જ્ઞાન અનંતમાં ભાગનું છે. ચૈતન્યવિદ્યાનો આખો દરિયો જેણે દેખ્યો તેને ખાબોચિયા જેવા જાણપણાનો મહિમા કે મદ થતો નથી. આ તો જે જ્ઞાની છે, જેને વિશેષ જ્ઞાનાદિ વિદ્યા ખીલી છે અને છતાં તેનો મદ નથી-તેની વાત છે. જે અજ્ઞાની છે, અને વિશેષ જ્ઞાનાદિ ન હોવા છતાં શાસ્ત્રાદિના થોડાક જાણપણામાં ઘણો મદ કરે છે તેને તો આત્માના અપાર જ્ઞાનસામર્થ્યની ખબર જ નથી, તે તો જરાક જાણપણામાં અટકી જાય છે. બાપુ! તારા એવા ઇન્દ્રિયજ્ઞાનની મોક્ષમાર્ગમાં કાંઈ કિંમત નથી. એ ઇન્દ્રિયજ્ઞાન તો ક્ષણિક વિનાશી છે. ૧૪ પૂર્વનું સમ્યગ્જ્ઞાન તે પણ આત્માની કેવળજ્ઞાનવિદ્યા પાસે તો અનંતમા ભાગનું છે, તો તારા બાહ્ય ભણતરની શી ગણતરી? ૧૪ પૂર્વમાં તો અગધ જ્ઞાન છે, તે ભાવલિંગી મુનિને જ થાય છે. ધર્મીને શાસ્ત્રભણતર વગેરે હોય પણ તેની તેને મુખ્યતા નથી, તેને તો જ્ઞાનચેતનાવડે અંતરમાં પોતાના આત્માને અનુભવવો તેની જ મુખ્યતા છે. ચૈતન્યસ્વભાવને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનચેતનામાં લીધા વગરનું બધું ભણતર તો થોથાં જેવું છે. ધર્મીને કદાચ બીજું જાણપણું ઓછું હોય પણ અંદર ચેતના વડે ભગવાન આત્માને જાણી લીધો-તેમાં બધુંય આવી ગયું.

જરાક જાણપણું થાય ત્યાં તો, અમને બધું આવડે છે ને બીજાને નથી આવડતું-એવી ઘમંડબુદ્ધિથી અજ્ઞાની બીજા ધર્માત્માનો પણ અનાદર કરી નાંખે છે. કેવળજ્ઞાન વિદ્યાનો સ્વામી આત્મા કેવો છે એની એને ખબર નથી એટલે તે ઇન્દ્રિયજ્ઞાનમાં રાચી રહ્યો છે. કેવળજ્ઞાનસ્વભાવને જાણે તો ઇન્દ્રિયજ્ઞાનનું અભિમાન થાય નહીં. ઇન્દ્રિયજ્ઞાન તો પરાધીનજ્ઞાન, તેની હોંશ શી?

અહો, વીતરાગી શ્રુતનું જ્ઞાન તો વીતરાગતાનું કારણ છે, તે માનાદિ કષાયનું કારણ કેમ થાય? માટે જૈનધર્મના આવા દુર્લભજ્ઞાનને પામીને આત્માને માનાદિ કષાય ભાવોથી છોડાવવો, ને જ્ઞાનના પરમ વિનયપૂર્વક સંસારના અભાવનો ઉદ્યમ કરવો. -એ રીતે જે પોતાના જ્ઞાનને મોક્ષમાર્ગમાં જોડે છે તે ધર્મીને જ્ઞાનમદ કે વિદ્યામદ હોતો નથી.

અરે, મારો ચૈતન્યભગવાન મેં મારામાં દેખ્યો, તેની પૂર્ણ પરમાત્મદશા પાસે બીજા કોનાં અભિમાન કરું? ક્યાં સર્વજ્ઞદશા! ક્યાં મુનિઓની વીતરાગી ચારિત્રદશા! ને ક્યાં મારી અલ્પદશા! સ્વભાવથી પૂરો પરમાત્મા હોવા છતાં જ્યાંસુધી કેવળજ્ઞાન ન પામું ત્યાં સુધી હું નાનો જ છું;- આમ દૃષ્ટિમાં પ્રભુતા; ને પર્યાયમાં પામરતા-બંનેનો ધર્મીને વિવેક છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## 卐 ૫. ધનમદ અથવા ઋદ્ધિનો મદ 卐

અંદરમાં પોતાનો ચૈતન્યવૈભવ જેણે દેખ્યો છે એવા ધર્માત્મા બહારના વૈભવને પોતાનો માનતા જ નથી પછી તેનો મદ કેવો? દરિયા જેવો પૂર્ણાનંદ પોતામાં ઊછળે છે એનું ભાન થયું ત્યાં બીજે બધેથી મદ ઊડી ગયો. માતા-પિતા-ધન-શરીર-પુત્ર-રાજપદ-પ્રધાનપદ એ તો બધા કર્મકૃત છે, એનાં અભિમાન શા? જે રાગ અને પુણ્યથી પોતાના ચૈતન્યમૂર્તિ આત્માને જુદો અનુભવ્યો છે તે રાગનાં ને પુણ્ય-ફળનાં અભિમાન શા? એ તો બધી કર્મસામગ્રી છે, તેમાં કાંઈ મારો ધર્મ નથી. જેને ધર્મનું ભાન થયું તેને કર્મસામગ્રીમાં અહંપણું કેમ રહે? કર્મસામગ્રીવડે (એટલે કે પુણ્યનાં ફળવડે) જેને પોતાની મોટાઈ ભાસે છે તેણે કર્મથી ભિન્ન પોતાનો ચૈતન્ય વૈભવ દીઠો નથી. ધર્મી જાણે છે કે એ વૈભવ અમારો નથી, એ તો ઉપાધિ છે; અમારો આત્માનો વૈભવ તો કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટયથી ભરપૂર અક્ષય-અખંડ-અવિનાશી છે. માતા-પિતા મહાન હોય કે બહારમાં પુણ્યવૈભવના ઢગલા હોય તેમાં મને શું? -એ તો બધી કર્મની સામગ્રી, તે અમારી જાત નહીં. અમે તો સિદ્ધભગવંતોની જાતના, અને તીર્થંકરોના કૂળના છીએ, તેમના કેડાયતી છીએ, તેમના માર્ગે ચાલનારા છીએ. સિદ્ધ અને તીર્થંકરભગવંતો જેવા જ આત્માના વૈભવના અમે સ્વામી છીએ. અમારો આત્મા ચૈતન્યદેવ, તે જ અમારી મહત્તા છે;

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ ચૈતન્યદેવ સ્વયં મહિમાવંત, જગતમાં સૌથી મહાન છે; એના સિવાય જગતના કોઈ પદાર્થ વડે અમને અમારી મહત્તા ભાસતી નથી. ચૈતન્યનું ઐશ્વર્ય જેણે દેખ્યું નથી તે કોઈને કોઈ પરના બહાને મીઠાસ લ્યે છે. જેમ લીંબોળીનો ઢગલો ભેગો કરીને એમ માને કે મારે કેટલો બધો વૈભવ? –એ તો બાળક છે, રાજા એમ ન કરે. તેમ બહારમાં પુણ્યનાં ઠાઠ તે તો લીંબોળી જેવા કડવા વિકારનાં ફળ છે, બાળકબુદ્ધિ જેવો અજ્ઞાની તેને પોતાનો વૈભવ માને છે; પણ રાજા જેવો સમ્યગ્દષ્ટિ–જેણે પોતાના સાચા ચૈતન્યનિધાનને પોતામાં દેખ્યા છે તે કદી પુણ્યફળવડે પોતાની મહત્તા સમજતો નથી, એને તો તે ધૂળના ઢગલા જેવા પુદ્ગલપિંડ સમજે છે.

ભરત ચક્રવર્તીને છખંડનો રાજવૈભવ હતો છતાં તે જાણતા હતા કે અમારા ચૈતન્યના અખંડ વૈભવ સિવાય બીજું કાંઈ એક રજકણ માત્ર પણ અમારું નથી, તેના સ્વામી અમે નથી. અમે છખંડના સ્વામી નથી પણ અખંડ આત્માની અનુભૂતિના સ્વામી છીએ. એમ ચૈતન્યની અનુભૂતિમાં તે બહારના વૈભવને અડવા પણ દેતા ન હતા. અતીન્દ્રિયજ્ઞાન વડે આત્મસંપદાના અચિંત્ય વૈભવનું સ્વસંવેદન જેણે કર્યું તેને જડનાં કે વિકારના ફળનાં અભિમાન ક્યાંથી રહે? આમ ધર્મીને ધનમદ થતો નથી, તેમજ બીજા કોઈ ધર્માત્મા–ગુણવાન જીવ અશુભકર્મના ઉદયવશ દરિદ્ર હોય તો તેના પ્રત્યે તેને અવજ્ઞા કે તીરસ્કારબુદ્ધિ થતી નથી. અરે, આત્માના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૈતન્યનિધાન પાસે જગતના વૈભવને તૃચ્છ-સડેલા તરણાં જેવા સમજીને, ક્ષણમાં તેને છોડીને, ચૈતન્યના કેવળજ્ઞાનનિધાનને સાધવા માટે અનેક મુમુક્ષુજીવો મુનિ થઈને વનમાં ચાલ્યા ગયા. અજ્ઞાનીઓ એ ધન વગેરે જડસામગ્રી પાસે પોતાના સુખની ભીખ માંગે છે, જ્ઞાની તો તેને છોડીને પોતાના ચૈતન્યસુખને સાધે છે. અજ્ઞાનીને પુણ્યકર્મના ઉદયથી કંઈક ધન વગેરે સામગ્રી મળે ત્યાં તો અભિમાન થઈ જાય કે અમે કેવા મોટા થઈ ગયા? અરે બાપુ! તારા એ અભિમાનને ઓગાળી નાંખ, ને તારા ચૈતન્યનિધાનને દેખ. આત્માની ચૈતન્યસંપદા પાસે તારી આ જડવિભૂતિની શું કિંમત છે? અગાધ ચૈતન્યનિધાનને દેખતાં આખા જગતનાં અભિમાન ઓગળી જાય છે, તેમાં ક્યાંય મહત્તા ભાસતી નથી.

જુઓ તો ખરા, સંતોએ આત્માના વૈભવને કેવો મલાવ્યો છે! એવો વૈભવ અંદરમાં છે જ, તે બતાવ્યો છે. આવા વૈભવવાળા પોતાના આત્માને જ્યાં અનુભવ્યો ત્યાં ધર્મીને બહારના ધન વગેરે વૈભવનો મદ રહેતો નથી.

## 卐 ૬. બળમદ 卐

દેહ જ હું નથી, ત્યાં તેના બળનું અભિમાન કેવું? મારો આત્મા અનંત ચૈતન્યબળનો ધારક છે. તેનું ભાન તો થયું છે, ને તેની આરાધનામાં ધ્યાનવડે એવો એકાગ્ર થાઉં કે ગમે તેવા ઉપસર્ગ-પરિષહ વચ્ચે પણ ચલાયમાન ન થાઉં, આવી વીતરાગી ક્ષમાદશા પ્રગટ કરું તે આત્માનું સાચું બળ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. શરીરનું બળ કાંઈ આત્માને સાધવામાં કામ નથી આવતું.

જોકે તીર્થંકરોને શરીરનું બળ પણ બીજા કરતાં ઉત્કૃષ્ટ હોય છે, પણ અંદર ચૈતન્યશક્તિના ભાનમાં તે દેહથી પોતાને ભિન્ન જાણે છે. બાહુબલી અને ભરત બંને ભાઈ પરસ્પર લડયા, છતાં તે વખતેય બેમાંથી કોઈને દેહનો મદ નથી, બંનેના અંતરમાં ભેદજ્ઞાનનું કાર્ય ભજી રહ્યું છે, લડવાની ક્રિયા થઈ માટે અંદર દેહ સાથે એકત્વબુદ્ધિ હશે- એમ જરાપણ નથી. સહેજ અભિમાન આવ્યું પણ અંદરની ચૈતન્યપરિણતિ તે અભિમાનથી જુદી જ કામ કરી રહી છે; તેને જ્ઞાની જ ઓળખે છે.

ક્ષાયિકસમ્યગ્દષ્ટિ ભરતચક્રવર્તી, તેના બળમાં જ્યારે અમુક સૈનિકોએ શંકા કરી, ત્યારે બળ બતાવવાનો વિકલ્પ ઊઠતાં ભરતરાજે પોતાની ટચલી આંગળી વાંકી કરી નાંખી, ને સૈનિકોને કહ્યું કે મારી આ આંગળી વાંકી થઈ ગઈ છે તે ખેંચીને સીધી કરી આપો. સૈનિકો ઘણું મથ્યા પણ આંગળી સીધી કરી ન શકયા. અંતે એક સાંકળ ટચલી આંગળી સાથે બાંધીને છનું કરોડ પાયદળના સૈનિકોએ તે ખેંચી; ચક્રવર્તીએ ટચલી આંગળીનો જરાક આંચકો માર્યો ત્યાં તો બધા સૈનિકો જમીન પર ગબડી પડયા. -આવું તો એના શરીરનું બળ હતું; ને આ પ્રકારનો વિકલ્પ પણ આવ્યો; છતાં તે શરીર અને તે વિકલ્પ બંનેથી પાર એવી અનંત ચૈતન્યશક્તિથી સંપન્ન જ તે પોતાને દેખે છે. આવી ચૈતન્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દૃષ્ટિમાં એને શરીરનો મદ જરાય નથી.

એવો જ પ્રસંગ નેમિનાથતીર્થંકર અને શ્રીકૃષ્ણ વચ્ચે બન્યો હતો. યાદવોની રાજસભામાં એકવાર શરીરબળની ચર્ચા ચાલી. નેમકુમાર અને કૃષ્ણ બંને પિતરાઈ ભાઈ હતા. શ્રીકૃષ્ણ મોટા, નેમકુમાર નાના; પણ નાનો તોય સિંહ! નાના તોય તીર્થંકર! તેઓ પણ સભામાં ગંભીરપણે બેઠા હતા. સભામાં કોઈએ શ્રીકૃષ્ણના બળનાં વખાણ કર્યાં, તો કોઈએ નેમકુમારનાં વખાણ કર્યા, કોનું બળ વધે તેની પરીક્ષા કરવાનું નક્કી થયું. ત્યારે નેમકુમાર ટચલી આંગળી લંબાવીને શ્રીકૃષ્ણને કહે છે કે તમારામાં બળ હોય તો આ આંગળી વાંકી કરી આપો! શ્રીકૃષ્ણ તે આંગળીએ ટીંગાઈ ગયા તોપણ આંગળી વાંકી ન કરી શકયા-આવું અચિંત્ય શરીરબળ, છતાં તે વખતેય આત્માને તેનાથી સર્વથા જુદો જ જાણતા હતા; સમ્યક્ત્વમાં આઠેમદનો અભાવ હતો. અસ્થિરતાનો વિકલ્પ આવ્યો પણ તેમાં સમ્યક્ત્વસંબંધી કોઈ દોષ ન હતો. આવા સમ્યક્ત્વને ઓળખીને તેની આરાધના કરવાનો ઉપદેશ છે.

ધર્માત્માને કુદરતે પુણ્યના ઠાઠ આવે, પણ તે જાણે છે કે આ પુણ્યના ઠાઠમાં અમે નથી; અમારા ચૈતન્યના ઠાઠ એનાથી જુદા જ છે. અમારું સામર્થ્ય અમારી અંદર સમાય છે, અમારા ચૈતન્યનું બળ કાંઈ દેહમાં નથી. આવા ભાનમાં ધર્મીને શરીરના બળનો મદ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## 卐 ૭. તપમદ 卐

પોતે કોઈ ઉપવાસ સ્વાધ્યાયાદિ તપ કરતો હોય ને બીજા ધર્માત્માને ઉપવાસાદિની વિશેષતા ન હોય ત્યાં ધર્મીજીવ પોતાને અધિક ને બીજાને હલકો માનીને તપમદ કરતો નથી. અહા, ખરા તપસ્વી તો તે શુદ્ધોપયોગી મુનિભગવંતો છે કે જેઓ ચૈતન્યના ઉગ્ર પ્રતપનવડે વીતરાગભાવ પ્રગટાવીને કર્મોને ભસ્મ કરી નાંખે છે; હું તો હજી પ્રમાદમાં પડયો છું. શરીરની નિર્બળતાથી કોઈ ઉપવાસાદિ તપ ન કરી શકે પણ જ્ઞાન-ધ્યાનની ઉગ્રતા વડે આત્માની શુદ્ધતા વધારતા હોય તો તે ધન્ય છે. આ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિને તપનો મદ થતો નથી. મદ તે તો કષાય છે, ને તપ તે તો કષાયના નાશને માટે છે.

## 卐 ૮. ઐશ્વર્ય મદ 卐

ઐશ્વર્યનો મદ એટલે પૂજ્યપણાનો મદ અથવા અધિકારનો મદ, તે ધર્માત્માને હોતો નથી. અમે તો સર્વજ્ઞના પુત્ર છીએ, અમારું પદ તો સર્વજ્ઞપદ છે, બીજા કોઈ અમારાં પદ નથી. કેવળજ્ઞાનવડે જ અમારી મોટાઈ છે, એ સિવાય બહારનાં રાજપદ કે પ્રધાનપદવડે અમારા આત્માની મોટાઈ નથી. -આમ જાણનાર ધર્મીને બહારની મોટાઈનો મદ હોતો નથી. પુણ્યયોગે બહારની મોટાઈ ને ઠાઠમાઠ હોય પણ તેને કારણે પોતાના આત્માની મોટાઈ ધર્મી માનતા નથી.

'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?' એ તો બધા સંસારના ઠાઠ છે, તેમાં કાંઈ આત્માની શોભા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી. મારો આત્મા પોતે સિદ્ધ પરમેશ્વર છે-એનાથી મોટું બીજું કયું ઐશ્વર્ય કે મોટાઈ છે કે જેનો હું મદ કરું? અરે, રાગ અને રાગનાં ફળ એ તો બધા અપદ છે-અપદ છે. લોકો બહારની પદવી માટે ઝાંવા નાંખે છે, પણ ધર્મી જાણે છે કે એ કાંઈ મારા ચૈતન્યનું ફળ નથી, વિકારનું ફળ છે, તેની હોંશ શી? ચૈતન્યના પદ પાસે ચક્રવર્તીપદ પણ તદ્દન તૂચ્છ છે. આવું ચૈતન્યપદ જેણે પોતામાં પ્રાપ્ત કર્યું (જાણ્યું ને અનુભવ્યું) તે બીજા કયા પદનાં અભિમાન કરે? અહા, ત્રણ લોકમાં સૌથી ઊંચું એવું અમારું ચૈતન્યપદ અમે અમારા અંતરમાં દેખ્યું છે, અંતરમાં આનંદની અપૂર્વ વીણા વાગી છે, અતીન્દ્રિયસુખના તરંગથી ચૈતન્યદરિયો ઊછળ્યો છે, આવો આનંદસ્વરૂપ હું પોતે છું. આનંદથી ઊંચું જગતમાં બીજું શું છે? આવી આત્મઅનુભૂતિને લીધે ધર્માત્માને જગતનાં ઐશ્વર્યનો મોહ ઊડી ગયો છે, તેથી તેને ક્યાંય ઐશ્વર્યનો મદ થતો નથી. મોટો અધિકાર હોય, લાખો-કરોડો લોકો પૂજતા હોય આખા દેશમાં હુકમ ચાલતો હોય-પણ તેને લીધે આત્માની જરાય મોટાઈ ધર્મી માનતા નથી. મારી મોટાઈ તો મારા સ્વભાવથી જ છે; બીજા મને મોટાઈ શું આપશે? બીજા પાસેથી મોટાઈ લેવી પડે એવો પરાધીન હું નથી. આ રીતે ધર્મીને મોટાઈ નો મદ હોતો નથી. તેમજ બીજા જીવો અશુભકર્મના ઉદયથી દરિદ્ર હોય તેની અવજ્ઞા પણ કરતા નથી. બહારનું ઐશ્વર્ય હોવું કે ન હોવું તે તો કર્મકૃત છે, એનું સ્વામીત્વ ધર્મીને નથી. મિથ્યાદ્રષ્ટિ મોટો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રાજા હોય ને સમ્યગ્દષ્ટિ તેની નોકરી કરતો હોય-એ તો બધા શુભાશુભ કર્મના ચાળાં છે, તેથી ધર્મી પોતાને દીન નથી માનતો. પોતાના અક્ષય જ્ઞાનાદિ અનંત ઐશ્વર્યને તે પોતામાં દેખે છે. આ રીતે ધર્મીને મદ કે દીનતાનો અભાવ છે.

ધર્માત્માને સમ્યક્ત્વપૂર્વક આવા આઠ મદનો અભાવ થયો છે. સ્વદ્રવ્ય ને પરદ્રવ્યની અત્યંત ભિન્નતા જેણે જાણી છે તેને પરચીજ વડે પોતાની મોટાઈ ભાસતી નથી. માતા-પિતા- શરીર-રૂપ-ધન વગેરે જે ચીજ મારી છે જ નહિ તેના વડે મારી અધિકતા કેમ હોય? મારી અધિકતા તો મારા સમ્યક્ત્વાદિ સ્વભાવ વડે છે. સુંદર શરીરને બહારની મોટાઈ એ તો અનંતવાર મળ્યું, તેમાં જેને પોતાની શોભા લાગે છે તેને ચૈતન્યપદથી શોભતા એવા પોતાના આત્માનું ભાન નથી. દેહ-જાતિ-રૂપ-માતા-પિના-ધન-વૈભવ-મોટી પદવી એ તો બધા પરદ્રવ્ય છે, તે બધાથી પોતાના આત્માને સર્વથા જુદો અનુભવ્યો પછી ધર્મીને તે પદાર્થોવડે પોતાની મોટાઈ કેમ ભાસે? માટે તેને આઠ મદ હોતાં નથી. મોટાઈનો કોઈ વિકલ્પ આવી જાય તો તેને પણ મલિનતા જાણીને તે ભાવ છોડવો ને દોષ રહિત શુદ્ધ સમ્યક્ત્વની આરાધના કરવી-એમ ઉપદેશ છે.

આ રીતે આઠ શંકાદિક દોષ તથા આઠ મદ સમ્યગ્દષ્ટિને હોતાં નથી; તે ઉપરાંત છ અનાયતન અને ત્રણ મૂઢતાનું સેવન પણ તેને હોતું નથી. અરિહંતપરમાત્માએ જીવનું જે સ્વરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બતાવ્યું તથા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જે વીતરાગમાર્ગ બતાવ્યો, તેનાથી વિરુદ્ધ કહેનારા ને વિરુદ્ધ માનનારા એવા કુદેવ-કુગુરુ-કુધર્મને ધર્મીજીવ સર્વપ્રકારે છોડે છે, કોઈ પ્રકારે તેની અનુમોદના કરતા નથી, તેમજ એવા કુદેવ-કુગુરુ-કુધર્મને સેવનારા મિથ્યાદષ્ટિજીવોનો સંગ પણ તે છોડે છે, ધર્મબુદ્ધિથી એવા જીવોનો સંગ તે કરતા નથી. વળી દેવસંબંધી અનેક મૂઢતા, ગુરુસંબંધી અનેક મૂઢતા તથા ધર્મસંબંધી અનેક મૂઢતા લોકોમાં ચાલે છે, પણ ધર્મી તેને સ્વપ્નેય માને નહીં.

જે ધર્મનું સ્થાન નથી, જેની પાસે ધર્મનો સાચો ઉપદેશ નથી, સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ જેમાં નથી, અનેક પ્રકારે જે વિષય કષાયના રાગ-દ્વેષના પોષક છે, જેમાં હિંસા-અહિંસાનો પણ વિવેક નથી એવા કુદેવ-કુગુરુ-કુધર્મ તે ધર્મનાં અનાયતન છે, તેના સેવનથી આત્માનું જરાપણ હિત થતું નથી, તેના સેવનથી તો સમ્યક્ત્વાદિનો ઘાત થાય છે ને આત્માનું અત્યંત બૂરું થાય છે. એવા કુદેવાદિનું સેવન સમ્યગ્દષ્ટિને તો હોય જ નહિ, પણ જૈન નામ ધરાવનાર જિજ્ઞાસુને પણ એવા કુદેવાદિનું સેવન હોય નહીં. વીતરાગી જૈનમાર્ગના દેવ-ગુરુ-ધર્મ, અને તેને સેવનારા સાધર્મી-ધર્માત્મા સિવાય બીજાનું સેવન અહિતનું કારણ જાણીને અત્યંત છોડવા જેવું છે.

સમ્યગ્દષ્ટિ, મહાન અલૌકિક આત્માના અંતર્સ્વભાવનું જેને ભાન થયું છે, તેને નિશ્ચયસમ્યક્ત્વની સાથે વ્યવહાર પણ પચ્ચીસ દોષરહિત હોય છે, આજીવિકા છૂટી જાય, ધન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લૂંટાઈ જાય, દેશ છોડવો પડે કે પ્રાણ જાય, તોપણ સમ્યગ્દષ્ટિજીવ કોઈ પ્રકારે ભયથી-આશાથી-સ્નેહથી કુધર્મનું કે કુદેવાદિનું આરાધન કરે નહીં. વીતરાગી દેવ-ગુરુ-ધર્મનો ભક્ત હિંસક દેવ-દેવલાંને નમે નહીં. અહા, અરિહંતદેવનો ઉપાસક એ તો ચૈતન્યના વીતરાગમાર્ગે ચાલનારો, તે બીજા કુમાર્ગને કેમ આદરે? તે કુમાર્ગની કે તેના સેવકોની પ્રશંસા કરે નહિ, અનુમોદના કરે નહિ. અમુક કુધર્મ ખૂબ ફેલાયેલો છે માટે સારો છે, તેના ભક્તો સારા છે, તેના શાસ્ત્રો-મંદિરો સારા છે-એવી પ્રશંસા ધર્મી ન કરે. કુધર્મના સેવક કોઈ મોટા મંદિર વગેરે બંધાવે, કરોડો-અબજો રૂપિયા ખર્ચીને યજ્ઞાદિ મોટા ઉત્સવ કરે ત્યાં ધર્મીક તેની પ્રશંસા પણ ન કરે કે તમે બહું સારૂં કર્યું. અરે, વીતરાગમાર્ગથી વિરુદ્ધ એવા કુમાર્ગ, જે જગતના જીવોનું અહિત કરનાર, તેના કાર્યની પ્રશંસા શી? જેમાં મિથ્યાત્વનું પોષણ તે ક્રિયાને સારી કોણ કહે? આ રીતે ધર્મીજીવ કુદેવ-કુગુરુ-કુધર્મને પોતે સેવે નહિ, ને બીજા સેવે તેની પ્રશંસાદિક ન કરે; પણ બને તો તેને ઉપદેશ આપીને સાચો માર્ગ બતાવે ને કુમાર્ગથી છોડાવે. ધર્મી ગૃહસ્થ રાજાને કે માતા-પિતા વગેરે વડીલને નમે તે તો લોકવ્યવહાર છે, તેની સાથે કાંઈ ધર્મનો સંબંધ નથી; પણ ધર્મનાં વ્યવહારમાં તે કુદેવ-કુગુરુને કદી નમે નહીં. આ તો જેને સમ્યગ્દર્શનરૂપી મહારત્ન લેવું છે, ધર્મનો સાચો માલ લેવો છે તેને માટે વાત છે; તથા જેણે સમ્યગ્દર્શનરૂપી રત્ન પ્રાપ્ત કર્યું છે તેને તે સાચવવાની વાત છે. સમ્યક્ત્વમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જરાય અતિચાર ન લાગે, ને શુદ્ધતા થાય-તે માટે પચ્ચીસ દોષરહિત અને આઠગુણસહિત સમ્યક્ત્વની આરાધના કરવી; તેના વડે જીવનું પરમહિત થાય છે.

બાપુ! આ તો તારા પોતાના હિતને માટે સાચા-ખોટાનો વિવેક કરવાની વાત છે. સાચું શું ને ખોટું શું એની જેને ખબર જ નથી તે શું લેશે? ને શું છોડશે? પોતાનું હિત તે કઈ રીતે કરશે? પરીક્ષા વડે સાચા-ખોટાને ઓળખીને નિર્ભયપણે સત્યનો સ્વીકાર કરવો જોઈએ, ને અસત્યનું સેવન છોડવું જોઈએ. જગત સાથે મેળ રાખવા કે જગતને સારૂં લગાડવા કાંઈ ધર્મને ન છોડાય. પોતાની શ્રદ્ધા સાચી કરવા માટેની આ વાત છે.

વીતરાગી દેવ-ગુરુ-ધર્મનો આદર ને તેનાથી વિરુદ્ધ કુદેવ-કુગુરુ-કુધર્મનો ત્યાગ-આટલું તો સમ્યક્ત્વની પાત્રતારૂપ પ્રાથમિક ભૂમિકામાં પણ હોવું જોઈએ. 'ત્યાગ-વૈરાગ્ય ન ચિત્તમાં થાય ન તેને જ્ઞાન' એમ કહ્યું તેમાં કુદેવાદિનો ત્યાગ તો પહેલાં જ સમજી લેવો. બીજા તો અનેક પ્રકારનાં ત્યાગ કર્યા કરે પણ કુદેવ-કુગુરુના સેવનનો ત્યાગ ન કરે તો તેનું જરાય હિત ન થાય. અને રાગને જ્યાં ધર્મ માન્યો ત્યાં વૈરાગ્ય ક્યાં રહ્યો? અરે, દેહથી ભિન્ન મારું અખંડ ચૈતન્ય તત્ત્વ શું છે અને તેનો અનુભવ કેવો છે? તેનું સાચું સ્વરૂપ બતાવનારા વીતરાગ સર્વજ્ઞદેવ, રત્નત્રયવંત ગુરુ અને રાગ વગરનો ધર્મ તથા શાસ્ત્રો, તેને જે ઓળખે તે જીવ તેનાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિરુદ્ધ બીજા કોઈને માને નહિ, નમે નહીં, પ્રશંસે નહીં.

એક તરફથી કુંદકુંદાચાર્ય જેવા વીતરાગી સંતનો પોતે ભક્ત કહેવડાવે અને બીજી તરફ એમનાથી વિરુદ્ધ કહેનારાનો પણ આદર અને શ્રદ્ધા કરે, તો એને સત્યનો વિવેક ક્યાં રહ્યો? બાપુ! વીતરાગમાર્ગના ને વીતરાગી સંતોના વિરોધી એવા કુગુરુના સેવનમાં તો મિથ્યાત્વની પુષ્ટિ તથા તીવ્ર કષાયને લીધે આત્માનું ઘણું બૂરું થાય છે, તેથી તેનો નિષેધ કરીએ છીએ, તેમાં કાંઈ કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષબુદ્ધિ નથી પણ જીવોનાં હિતની જ બુદ્ધિ છે, તથા પોતાની શ્રદ્ધા ચોક્ખી રહે ને તેમાં દોષ ન લાગે તે માટે આ વાત છે. સત્યમાર્ગથી વિરુદ્ધનો વિકલ્પ ધર્મી કદી આવવા ન દે. મિથ્યાત્વ-સંબંધી દોષોથી બચવા અને સમ્યક્ત્વની શુદ્ધિ જાળવવા નિઃશંકતાદિ આઠ અંગ આદરણીય છે.

આ રીતે સમ્યક્ત્વસંબંધી ગુણ-દોષને ઓળખીને, પોતાના હિતને માટે નિઃશંકતાદિ આઠ ગુણસહિત, તથા શંકાદિક પચ્ચીસ દોષરહિત, શુદ્ધ સમ્યક્ત્વને ધારણ કરો એમ ઉપદેશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# સમ્યક્ત્વધારક જીવની દશા અને તેનો મહિમા

આઠ ગુણસહિત અને પચ્ચીસ દોષરહિત એવા સમ્યક્ત્વને ધારણ કરવાનું કહ્યું; હવે એવા સમ્યક્ત્વધારક જીવ કેવા હોય તે બતાવીને તેનો મહિમા કરે છે–

**( ગાથા-૧૫ )**

दोषरहित गुणसहित सुधी जे सम्यक्दर्श सजे हैं।
चरितमोहवश लेश न संजम पै सुरनाथ जजे है।।
गृही, पै गृहमें न रचैं, ज्यों जलतें भिन्न कमल है।
नगरनारीको प्यार यथा कादोमें हेम अमल है।। १५।।

અહો, સમ્યગ્દર્શન એટલે શું? લોકોને તેની કિંમત નથી; તેને જરાય સંયમ ન હોય તોપણ તે પ્રશંસનીય છે, દેવો પણ તેનો મહિમા કરે છે. જેણે દોષરહિત અને ગુણ સહિત સમ્યગ્દર્શન ધારણ કર્યું છે, –સમ્યગ્દર્શન વડે આત્માને શણગાર્યો છે, તે ઉત્તમબુદ્ધિવાન ભલે ગૃહવાસમાં રહેલ હોય છતાં ગૃહમાં તે જરાય રત નથી; જેમ જળમાં રહેલું કમળ જળથી જુદું છે, જેમ નગરનારીનો પ્રેમ તે સાચો પ્રેમ નથી અને જેમ કાદવમાં રહેલું સોનું કટાતું નથી, તેમ ગૃહવાસમાં રહેલા સમ્યગ્દ્રષ્ટિનું અલિપ્તપણું જાણવું. જુઓ, ત્રણ તો દ્રષ્ટાંત આપીને સમ્યગ્દ્રષ્ટિનો મહિમા સમજાવ્યો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દષ્ટિને 'સુધી' કહ્યા છે. સુ-ધી એટલે સમ્યક્ છે જેની બુદ્ધિ એવા સાચી બુદ્ધિવંત, ચૈતન્યને સાધવા માટે સાચી બુદ્ધિવાળા સમ્યગ્દષ્ટિ તે સુધી છે, બાકી બધા કુબુદ્ધિ છે. સુબુદ્ધિ સમ્યગ્દષ્ટિ વિષયોથી પાર આત્માને અનુભવનારા, તેને ભલે સંયમદશા જરાય ન હોય, હજી વિષયાસક્તિ હોય, ગૃહવાસમાં હોય, છતાં સુરનાથ ઇન્દ્રાદિ દેવો પણ તેને પ્રશંસે છે. -આવો સમ્યગ્દર્શનનો મહિમા છે.

આત્મામાં જેણે બુદ્ધિ જોડી તે જ સાચા બુદ્ધિમાન છે; બીજાું જાણપણું તેને ભલે ઓછું હોય. તે સમ્યગ્દષ્ટિ જીવો આઠ ગુણના આભૂષણોથી શોભે છે. મુનિદશાની ભાવના હોવા છતાં હજી ચારિત્રમોહ વર્તે છે તેથી સંયમ લઈ શકતા નથી. કર્મને કારણે નહિ પણ પોતે ચારિત્રમોહને વશ વર્તે છે તે કારણે, એટલે પોતાના તેટલા દોષને કારણે તે હજી આરંભપરિગ્રહમાં રહ્યા છે, વિષય-વ્યાપાર છોડીને હજી મુનિ થયા નથી, સંયમ કે વ્રત લેશમાત્ર નથી, વેપાર-ધંધા-સ્ત્રી વગેરે હોય છે, છતાં તે સમ્યગ્દષ્ટિ તેમાં રાચતો નથી, તેનું સમ્યગ્દર્શન બગડતું નથી, તે તો જળકમલવત્ પોતાને જાુદો ને જાુદો અનુભવે છે; અંદર ચૈતન્યનું વિષયાતીત સુખ ચાખ્યું છે, એટલે વિષયોમાં સુખ માનીને લેપાતા નથી. વ્રતાદિનો અભાવ હોવા છતાં તેમાં સમ્યગ્દર્શનનો દોષ નથી, સમ્યગ્દર્શન તો તેનું ત્રણલોકમાં પ્રશંસનીય છે.

સમ્યગ્દર્શનના પ્રતાપે અનંતાનુબંધી કષાયનો અભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં સ્વરૂપાચરણ તો વર્તે છે, પણ શ્રાવકનું કે મુનિનું ચારિત્ર નથી તેથી તે અસંયમી છે, અસંયમી હોવા છતાં તે પ્રશંસનીય છે; અસંયમ કાંઈ પ્રશંસનીય નથી પણ સમ્યગ્દર્શન પ્રશંસનીય છે, તે સમ્યગ્દર્શનના પ્રતાપે મોક્ષને સાધી રહ્યા છે.

અને જેને ચૈતન્યનું ભાન નથી ને રાગની રુચિમાં વર્તે છે તેને તો મિથ્યાત્વસહિત અનંતાનુબંધી કષાયો વર્તે છે, તેને વિષયોની રુચિ છૂટી નથી, કેમકે જેને રાગનો પ્રેમ છે તેને વિષયોનો પ્રેમ પણ પડયો જ છે; તે શુભરાગથી વ્રતાદિ પાળે તોપણ તેને પ્રશંસનીય નથી કહેતા, કેમકે તે મોક્ષના માર્ગમાં આવ્યો નથી. તેથી સમન્તભદ્રમહારાજે કહ્યું છે કે દર્શનમોહરહિત એવા નિર્મોહી સમ્યગ્દષ્ટિ-ગૃહસ્થ તો મોક્ષમાર્ગમાં સ્થિત છે, પણ જે મોહવાન છે એવા મિથ્યાદષ્ટિ અણગાર (દ્રવ્યલિંગી સાધુ) મોક્ષમાર્ગમાં નથી; માટે મોહી મુનિ કરતાં નિર્મોહી ગૃહસ્થ શ્રેય છે-ભલો છે-ઉત્તમ છે. અહો, આવા સમ્યગ્દર્શનસમાન શ્રેયકર ત્રણકાળમાં ને ત્રણલોકમાં બીજું કોઈ નથી.

મિથ્યાદષ્ટિ સૂકી રોટલી ખાતો હોય કે ઉપવાસ કરતો હોય છતાં તેને રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ છે; અને સમકિતી રસ-પૂરી મિષ્ટાન્ન જમતો હોય છતાં તેને તેનો રસ નથી, ચૈતન્યસુખ પાસે વિષયોમાંથી સુખબુદ્ધિ છૂટી ગઈ છે, એટલે તે વિષયોમાં રત નથી. જોકે ચારિત્રદોષથી વિષયાસક્તિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ સમ્યક્ત્વનો દોષ નથી.

પ્રશ્નઃ- સમ્યગ્દૃષ્ટિને બાહ્ય વિષયો હોય છે તો પછી અમને શો વાંધો?

ઉત્તરઃ- ભાઈ, એ તારો સ્વચ્છંદ છે. સમ્યગ્દૃષ્ટિને જોતાં તને આવડતું નથી; આત્માના સુખની તને ખબર નથી ને રાગ તારી બુદ્ધિ પડી છે એટલે તું રાગને અને વિષયોને જ દેખે છે, પણ સમ્યગ્દૃષ્ટિને રાગાતીત-વિષયાતીત-અતીન્દ્રિય જ્ઞાનચેતના વર્તી રહી છે તેને તો તું દેખતો નથી. એ ચેતના વિષયોને કે રાગને અડતી જ નથી, જુદી ને જુદી જ રહે છે; ને એવી ચેતનાને લીધે જ તે સમ્યગ્દૃષ્ટિ પ્રશંસનીય છે. જ્યારે તારામાં તો જ્ઞાનચેતના છે જ નહીં, રાગમાં જ તું તો એકાકાર છો. છતાં 'અમને શો વાંધો!' એમ કહે છે તે તારો સ્વચ્છંદ છે.

એક જ ઘરમાં બે પુત્રો હોય, બંને સરખા ભોગોપભોગ ભોગવતા હોય, પણ તે વખતે એકને અનંતો બંધ થાય છે, બીજાને અલ્પ! તેનું કારણ? અંદર દૃષ્ટિના ફેરે મોટો ફેર પડે છે.

અરે, સમ્યગ્દૃષ્ટિ તો પરમાત્માનો પુત્ર થઈ ગયો, પરમાત્માના ખોળે બેઠો, હવે તેને કેવળજ્ઞાન લેવાની તૈયારી છે; મોક્ષમહેલની સીડી ઉપર ચડવાનું તેણે શરૂ કરી દીધું છે. ( मोक्षमहलकी परथम सीढी... ) એમ ૧૭ મા પદમાં કહેશે. )

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને બહુમાનથી ધારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કરો. જરાપણ કાળ નકામો ગુમાવ્યા વિના, પ્રમાદ છોડીને, અંતરમાં શુદ્ધાત્માનો અનુભવ કરીને સમ્યગ્દર્શનને ધારણ કરો.

સમ્યગ્દષ્ટિને જરાપણ સંયમ કે વ્રત ન હોવા છતાં દૃષ્ટિ અપેક્ષાએ તો તે આખા લોકાલોકથી ઉદાસ થઈ ગયો છે. દેવો તેનો આદર કરે છે કે–

**વાહ ! ધન્ય તમારો અવતાર, ને ધન્ય તમારી આરાધના ! ભવનો કર્યો અભાવ, એવો ધન્ય તમારો અવતાર ! સમ્યગ્દર્શન વડે તમારો માનવજન્મ તમે સફળ કર્યો ! તમે જિનેશ્વરના પુત્ર થયા, તમે મોક્ષના સાધક થયા.**

ઇન્દ્ર પોતે સમ્યગ્દષ્ટિ છે. અવધિજ્ઞાની છે સમ્યક્ત્વનો મહિમા પોતે અંદર અનુભવ્યો છે એટલે અસંયમી મનુષ્યના કે તિર્યંચના પણ સમ્યગ્દર્શનની તે પ્રશંસા કરે છે. ભલે વસ્ત્ર હોય, પરિગ્રહ હોય, તેથી કાંઈ સમ્યગ્દર્શનરત્નની કિંમત ઘટી ન જાય. ચીંથરે વીંટેલું રત્ન હોય તેની કિંમત કાંઈ ઘટી ન જાય, તેમ ગૃહસ્થનું સમ્યગ્દર્શનરૂપી રત્ન અસંયમરૂપી મેલા ચીંથરે વીંટેલું હોય તેથી કાંઈ તેની કિંમત ઘટી ન જાય. સમ્યગ્દર્શનને લીધે તે ગૃહસ્થ પણ મોક્ષનો પંથી છે.

સમ્યગ્દષ્ટિ આત્માના આનંદમાં રહેનાર છે; જ્યાં આત્માના આનંદનો સ્વાદ ચાખ્યો ત્યાં જગતના વિષયોનો પ્રેમ તેને ઊડી ગયો છે. એની દશા કોઈ પરમ ગંભીર છે, તે બહારથી ઓળખાય તેવી નથી, એકલો ચિદાનંદસ્વભાવ અનુભવીને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેણે ભવનો અભાવ કર્યો છે તે સમ્યગ્દર્શનનો અચિંત્ય મહિમા છે, અનાદિના દુઃખનો નાશ કરીને અપૂર્વ મોક્ષસુખને તે દેનાર છે; અનંતકાળમાં જે નહોતું કર્યું તે તેણે કર્યું. આવા સમ્યગ્દર્શનનું સ્વરૂપ ને તેનો મહિમા તો ગંભીર છે; કાંઈ દેવો દ્વારા પૂજાને લીધે તેનો મહિમા નથી, તેનો મહિમા તો અંદર પોતાના આત્માની અનુભૂતિથી છે. એ અનુભૂતિનો મહિમા તો વચનાતીત છે.

જેને રાગમાં એકત્વ છે એવા મિથ્યાદૃષ્ટિ-મહાવ્રતી કરતાં તો રાગથી ભિન્ન ચૈતન્યને અનુભવનાર સમ્યગ્દષ્ટિ અવ્રતી પણ પૂજ્ય છે-મહિમાવંત છે-પ્રશંસનીય છે. અહો! તમે આત્માનાં કામ કર્યાં. આત્માની અનુભૂતિ વડે તમે ભગવાનના માર્ગમાં આવ્યા; એમ ઇન્દ્રને પણ પોતાના સાધર્મી તરીકે તેના પ્રત્યે પ્રેમ આવે છે. આવા મનુષ્યદેહમાં પંચમકાળની પ્રતિકૂળતા વચ્ચે પણ તમે આત્માને સાધ્યો... તમને ધન્ય છે એમ 'સુરનાથ જજે હૈં' એટલે કે સમ્યક્ત્વનું બહુમાન કરે છે, અનુમોદન કરે છે, પ્રશંસા કરે છે. શ્રીકુંદકુંદસ્વામી જેવા વીતરાગી સંત પણ અષ્ટપ્રાભૃતમાં કહે છે કે-

**તે ધન્ય છે. કૃતકૃત્ય છે, શૂર-વીર ને પંડિત છે,**
**સમ્યક્ત્વ-સિદ્ધિકર અહો! સ્વપ્નેય નહિ દુષિત છે.**

સમ્યગ્દષ્ટિ ચાંડાળદેહમાં રહેલો હોય તોપણ દેવ જેવો છે એમ સમન્તભદ્રસ્વામી રત્નકરંડશ્રાવકાચારમાંકહે છે-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**सम्यग्दर्शनसंपन्नम् अपि मातंगदेहजम्।**
**देवा देवं विदुर्भस्मगूढांगारान्तरौजसम्।। २८।।**

ચાંડાળશરીરમાં ઊપજ્યો હોય તોપણ જે જીવ સમ્યગ્દર્શનસંપન્ન છે તેને ગણધરદેવ 'દેવ' કહે છે, ભસ્મથી ઢંકાયેલા તેજસ્વી અંગારની જેમ તે જીવ સમ્યક્ત્વવડે શોભે છે. સમ્યગ્દષ્ટિ તિર્યંચપર્યાયમાં હોય કે સ્ત્રીપર્યાયમાં હોય તોપણ સમ્યક્ત્વના પ્રતાપે તે શોભે છે. તિર્યંચપર્યાય ને સ્ત્રીપર્યાય લોકમાં સામાન્યપણે નિંદનીય છે, પણ જો સમ્યગ્દર્શન સહિત હોય તો તે પ્રશંસનીય છે. ભગવતીઆરાધનામાં પણ સમ્યગ્દષ્ટિ સ્ત્રીની ઘણી પ્રશંસા કરી છે.

(જુઓ ગાથા ૯૯૪ થી ૯૯૯)

ગૃહસ્થ સમ્યગ્દષ્ટિ સ્ત્રી હોય, પુત્રાદિસહિત હોય તોપણ તે ગૃહમાં રાચતા નથી, એની રુચિ આત્મામાં છે, જરાય રુચિ બીજામાં નથી. પોતાથી જેને ભિન્ન જાણ્યા તેનો પ્રેમ રહ્યો નથી. સ્વાનુભવવડે સ્વ-પરની વહેંચણી કરી નાંખી છે કે જ્ઞાનાનંદસ્વરૂપ જ હું, ને શુદ્ધાત્માના વિકલ્પથી માંડીને આખી દુનિયા તે પર;-આવી દૃષ્ટિનો અપાર મહિમા છે, તેનું અપાર સામર્થ્ય છે, તેમાં અનંત કેવળજ્ઞાનના પૂંજ આત્માનો જ આદર છે. અહા, એની અંદરની પરિણમનધારામાં એણે આનંદમય સ્વઘર જોયું છે, તે પોતાના આનંદઘરમાં જ રહેવા ઈચ્છે છે; રાગને પરઘર માને છે, તેમાં જવા ઇચ્છતો નથી. ચૈતન્યધામ-કે જ્યાં મન ચોંટયું છે ત્યાંથી ખસતું નથી, ને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્યાંથી જુદું પડયું છે ત્યાં જવા માંગતું નથી.

આઠ વર્ષની દીકરી હોય, સમ્યગ્દર્શન પામે, ને તેના માતા-પિતાને ખબર પડે તો તે પણ કહે કે વાહ દીકરી! તારા અવતારને ધન્ય છે! તેં આત્માનાં કામ કરીને જીવન સફળ કર્યું. આત્મામાં સમકિતદીવડો પ્રગટાવીને તેં મોક્ષનો પંથ લીધો. ઉમર ભલે નાની હોય, પણ આત્માને સાધે તેની બલિહારી છે, દેવો પણ તેનાં વખાણ કરે છે.

સમ્યગ્દ્રષ્ટિ પરભાવોથી ને સંયોગોથી અલિપ્ત છે, બહારમાં ભલે ત્યાગ ન હોય, અસંયમી જ હોય, ઘરમાં સ્ત્રી આદિ સહિત રહ્યો હોય, છતાં અંતરની દ્રષ્ટિમાં તે કેવો અલિપ્ત છે? તે વાત અહીં ત્રણ દ્રષ્ટાંતથી સમજાવી છે:-

(૧) જળમાં રહેલા કમળની જેમ તે અલિપ્ત છે. સમયસારની ૧૪ મીય ગાથામાં પણ આત્માનો અલિપ્ત સ્વભાવ બતાવવા આ દ્રષ્ટાંત આપ્યું છે. જેમ કમળ પાણીની વચ્ચે રહેલું દેખાય છે પણ તેનો સ્વભાવ જુઓ તો તે પાણીને અડયું જ નથી, તેમ ધર્માત્મા સંયોગ અને રાગરૂપી કાદવ વચ્ચે રહેલા દેખાય પણ એના જ્ઞાનભાવને જુઓ તો તે પરભાવોથી તદ્દન અલિપ્ત છે. જ્ઞાન તો રાગથી જુદું જ છે, તે જ્ઞાન પરભાવોથી લેપાતું નથી. આત્માનું જ્ઞાન પરથી ભિન્ન છે; જેને જુદા જાણ્યાં તેમાં અહંપણું કેમ થાય? અને જેનો પોતાના સ્વપણે અનુભવ કર્યો એવી ચૈતન્યસત્તાનું અસ્તિત્વ કદી છૂટતું નથી, તેની દ્રષ્ટિ, તેની શ્રદ્ધા કદી છૂટતી નથી, આ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રીતે ચૈતન્યસત્તા ઉપર જેની દૃષ્ટિ છે તેની ચેતના પરભાવથી કદી લેપાતી નથી, તે પરભાવરૂપે કદી પોતાને અનુભવતા નથી. નિરંતર તેને ભાન છે કે મારા જ્ઞાનનો એક અંશ પણ અન્યરૂપે થયો નથી, જ્ઞાન પરભાવના અંશને પણ સ્પર્શતું નથી, છૂટું ને છૂટું અલિપ્ત જ રહે છે. આ રીતે સમ્યગ્દૃષ્ટિ ગૃહવાસમાં રહ્યો હોય તોપણ જળકમળવત અલિપ્ત છે.

(૨) જેમ સોનું કીચડની વચ્ચે હોય તોપણ તેને કીચડનો કાટ લાગતો નથી; સોનાનો સ્વભાવ જ કાટ વગરનો છે; તેમ અસંયમરૂપી કીચડની વચ્ચે રહ્યા છતાં ધર્માત્માનું સમ્યગ્દર્શન સોના જેવું શુદ્ધ છે, તે કટાતું નથી. ચૈતન્યબિંબ આત્મા દૃષ્ટિમાં આવ્યો તે દૃષ્ટિની શુદ્ધતાનું એવું જોર છે કે પરભાવને તે અડવા દેતી નથી. રાગાદિ હોવા છતાં શ્રદ્ધા-જ્ઞાન તો સો ટચના સોના જેવા શુદ્ધ વર્તે છે. તે જ્ઞાન અને વિકલ્પને અત્યંત જુદા જ રાખે છે. વિકલ્પનો જ્ઞાનમાં પ્રવેશ નથી, જ્ઞાન વિકલ્પરૂપ થતું નથી. આવા જ્ઞાનવંત સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા પ્રશંસનીય છે.

સમ્યગ્દૃષ્ટિ હાલે છતાં સ્થિર, ને બોલે છતાં મૌન-એમ કહ્યું છે, કેમકે શરીર અને વચનથી અત્યંત ભિન્ન પોતાનું સ્વરૂપ જાણ્યું છે તેમાં જ વર્તે છે; અંદરમાં દૃષ્ટિ અને જ્ઞાન તો નિજભાવમાં સ્થિર બેઠા છે. તે કાંઈ વિકલ્પમાં કે વાણીમાં જતા નથી, તેથી જ્ઞાની તો સ્થિર જ છે. અહો, જ્ઞાનીની આવી અંતરદશાને વિરલા જ ઓળખે છે. બાહ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દષ્ટિથી જોનારા જીવો જ્ઞાનીને ઓળખી શકતા નથી.

**સમ્યગ્દષ્ટિ જીવડો કરે કુટુંબ પ્રતિપાળ,**
**અંતરથી અળગો રહે જેમ ધાવ ખેલાવે બાળ.**

ધાવમાતા પુત્રની જેમ જ વહાલથી બાળકને રમાડે વહાલ કરે-સંભાળ કરે. 'મારો પુત્ર' એમ કહીને બોલાવે, છતાં અંદર તેને ભાન છે કે આ પુત્રને જન્મ દેનારી માતા હું નથી; તેમ ધર્માત્મા શરીરાદિની ચેષ્ટા કરતા દેખાય, ભાષામાં પણ બોલાય કે આ મારું ઘર વગેરે, પણ અંતરની દષ્ટિમાં ભાન છે કે હું તો ચૈતન્ય છું, મારા ચૈતન્યભાવ સિવાય બીજી કોઈ વસ્તુ જરાપણ મારી નથી; મારી ચેતના પરભાવની જનેતા નથી. -આવું ભેદજ્ઞાન એકક્ષણ પણ છૂટતું નથી, તે પરભાવ સાથે કે સંયોગ સાથે જરાય એકતા થતી નથી.

(૩) ત્રીજું દષ્ટાંત છે નગરનારીના પ્યારનું, જેમ વેશ્યાનો પર પુરુષ પ્રત્યેનો પ્રેમ તે સાચો પ્રેમ નથી, તેને તો લક્ષ્મીનો પ્રેમ છે; તેમ જેણે પોતાના ચૈતન્યતત્ત્વને પરથી અત્યંત ભિન્ન અનુભવ્યું છે એવા ચૈતન્યદષ્ટિવંત ધર્માત્માને, પરવસ્તુ પોતાની માનીને તેનો પ્રેમ થતો નથી, તેનો સાચો પ્રેમ તો પોતાની ચૈતન્યલક્ષ્મીમાં જ છે. આ દષ્ટાંતથી ધર્મીને પરપ્રત્યેના પ્રેમનો અભાવ બતાવ્યો છે. પોતાના ચૈતન્ય સિવાય જગતમાં ક્યાંય પરપ્રત્યે તેને આત્મબુદ્ધિથી રાગ થતો નથી, માટે તે અલિપ્ત છે.

આમ ત્રણ દષ્ટાંતવડે સમ્યગ્દષ્ટિ-ધર્માત્માનું અલિપ્તપણું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જાણવું. આત્મા સિવાય બીજે ક્યાંય તેનું મન ઠરતું નથી, આત્મા સિવાય બીજી કોઈ વસ્તુ તેને ગમતી નથી, તેને સાચો પ્રેમ ને એકતા આત્મામાં જ છે. પર ઉપર રાગ દેખાય છે પણ તેમાં ક્યાંય-પરમાં કે રાગમાં અંશમાત્ર સુખબુદ્ધિ નથી. રાગ અને સ્વભાવ વચ્ચે તેને મોટી તિરાડ પડી ગઈ છે, અત્યંત ભેદ પડી ગયો છે, તે કદી એક્તા થાય નહીં. રાગ અને જ્ઞાનને તે જુદા ને જુદા જ અનુભવે છે. આવી જ્ઞાનદશાવંત સમ્યગ્દષ્ટિનો મહિમા અપાર છે. જેમ નાળિયેરમાં અંદર ટોપરાનો ગોટો કાચલીથી જુદો જ છે તેમ ધર્માત્મા અંતરમાં ચૈતન્યગોટો રાગાદિ પરભાવોથી છૂટો ને છૂટો જ છે, તે રાગાદિરૂપ થતો નથી, સંયોગને પોતાના દેખતો નથી, તેનાથી પોતાને જુદો જ દેખે છે.

ભરતચક્રવર્તી હોય કે નાનું દેડકું હોય, -બધાય સમ્યગ્દષ્ટિની આવી દશા હોય છે. તેમણે આકાશ જેવો અલિપ્ત પોતાનો આત્મસ્વભાવ જાણ્યો છે તેથી પરભાવોના પ્રેમમાં તે લેપાતા નથી. ગૃહસ્થપણું છે-પણ તે તો હાથમાં પકડાઈ ગયેલા ઝેરી સર્પ જેવું છે. જેમ હાથમાં પકડેલો સર્પ ફેંકી દેવા માટે છે, પોષવા માટે નથી, તેમ ધર્મીને અસંયમના જે રાગાદિ છે તેને તે સર્પ જેવા સમજીને છોડવા માંગે છે, તે રાગને પોતાનો સમજીને પોષવા માટે નથી. પોતાના ચૈતન્યસ્વભાવની અનુભૂતિથી ભિન્ન જાણીને અભિપ્રાયમાં તો તે સમસ્ત પરભાવોને છોડી જ દીધા છે કે આ ભાવો હું નથી. સ્વાનુભવવડે સ્વ-પરનો વિવેક થયો છે એટલે સ્વતત્ત્વમાં જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રીતિ છે ને પરની પ્રીતિ છૂટી ગઈ છે.

વિષય-કષાયો તો પાપ છે, ધર્મી પણ તેને પાપ જ સમજે છે, પણ તે વખતે ધર્મીના અંતરમાં જે સમ્યગ્દર્શન છે તે શુદ્ધ છે, તે પ્રશંસનીય છે, તે મોક્ષનું કારણ છે. તે સમ્યગ્દર્શનનો ભાવ વિષય-કષાયોથી અલિપ્ત છે. એકસાથે જુદી જુદી બે ધારા ચાલી રહી છે, એક સમ્યક્ત્વાદિ શુદ્ધ ભાવની ધારા, ને બીજી રાગધારા. તેમાં ધર્મીને શુદ્ધભાવની ધારામાં તન્મય પણું છે, ને તેના જ વડે ધર્મીની સાચી ઓળખાણ થાય છે. અજ્ઞાની એકલી રાગધારાને દેખે છે તેથી ધર્મીને તે ઓળખી શક્તો નથી.

અહા, વીતરાગી જૈનમાર્ગ! એનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન, તે પણ અલૌકિક છે. જૈનમાર્ગ સિવાય બીજે તો સમ્યગ્દર્શન હોતું નથી, બીજા માર્ગની માન્યતા તે તો ગૃહીત મિથ્યાત્વ છે. ધર્મીને એવા કુમાર્ગનો આદર હોય નહીં. તેણે તો ચેતન્યના અનંતગુણના રસથી ભરપૂર અતીન્દ્રિય આનંદના અનુભવસહિત આત્મા ની પ્રતીત કરી છે, તેની સાથે નિઃશંક્તા વગેરે આઠગુણ હોય છે. તેને તીવ્ર અન્યાયનાં કર્તવ્ય હોય નહીં, માંસ-ઈંડાં વગેરે અભક્ષ્ય ખોરાક હોય નહીં, મહા પાપનાં કારણરૂપ એવા સપ્ત વ્યસન (-શિકાર, ચોરી, જુગાર, પરસ્ત્રીસેવન વગેરે) તેને હોય નહીં, અરે જિજ્ઞાસુ સજ્જનને પણ એવાં પાપકાર્ય ન હોય તો સમ્યગ્દષ્ટિને તો કેમ હોય? ચોથાગુણસ્થાને સમ્યગ્દષ્ટિને ભલે સંયમદશા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી છતાં તેને અલૌકિક જ્ઞાન-વૈરાગ્યદશા હોય છે, સ્વરૂપમાં આચરણરૂપ સ્વરૂપાચરણદશા છે, મિથ્યાત્વ કે અનંતાનુબંધી ક્રોધાદિ તેને થતા જ નથી. અતીન્દ્રિય આનંદ તે ધર્મીના જ્ઞાનમાં વર્તે છે તેથી બીજે ક્યાંય તેને સંતોષ કે આનંદ થતો નથી. વિષયોની ગૃદ્ધી નથી પણ તેનો ખેદ છે. ધર્મને નામે તે કદી સ્વચ્છંદ પોષે નહીં. અસંયમ છે પણ કાંઈ સ્વચ્છંદ નથી. અરે, આત્માના આનંદનો સાધક તો જગતથી ઉદાસ થયો-તેને હવે સ્વચ્છંદ કેવા? પર્યાયે-પર્યાયે એનું જ્ઞાન રાગથી જાુદું રહીને મોક્ષને સાધી રહ્યું છે, અને એમાં જ સાચો વૈરાગ્ય છે. જ્યાં રાગનું કર્તવ્ય જ ઊડી ગયું ત્યાં તેનું જોર તૂટી ગયું છે, એટલે અસંયમદશા હોવા છતાં કષાયો મર્યાદામાં આવી ગયા છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન મલિન થતા નથી. આવું સમ્યગ્દર્શન જે જીવ પામ્યો તે ઇન્દ્ર વડે પણ પ્રશંસનીય છે. અહો, આવા કપરાકાળે પણ અંતરમાં ઊતરીને જે આત્મદર્શન પામ્યો તે ધન્ય છે. તે તો આત્માના અતીન્દ્રિય આનંદના દરબારમાં જઈને બેઠો, પંચપરમેઠીની નાતમાં ભળ્યો. શાસ્ત્રોએ જે ચૈતન્યવસ્તુનો અનંતો મહિમા ગાયો છે તે ચૈતન્યવસ્તુ તેણે પોતમાં પ્રાપ્ત કરી લીધી, પોતામાં તેનો અનુભવ કરી લીધો. તે સુકૃતી છે-જગતનું ઉત્કૃષ્ટ કાર્ય તેણે કરી લીધું છે, તેથી તે ધન્ય છે... ધન્ય... છે. ધન્ય છે! ।। ૧૫।।

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## સમ્યગ્દર્શનનું શ્રેષ્ઠપણું અને
## સમ્યગ્દૃષ્ટિને દુર્ગતિગમનનો અભાવ

સમ્યગ્દૃષ્ટિજીવ અસંયમી–ગૃહસ્થ હોય તોપણ પ્રશંસનીય છે–એમ કહ્યું. હજી તેનો વિશેષ મહિમા કરતાં કહે છે કે ત્રણકાળ ને ત્રણલોકમાં સમ્યગ્દર્શન જીવને સુખાકારી છે, તે જ ધર્મનું મૂળ છે; અને સમ્યગ્દૃષ્ટિજીવ હલકીગતિમાં સ્થાનોમાં તો ઊપજતો જ નથી. –

### ( ગાથા-૧૬ )

**प्रथम नरक विन षट भू, ज्योतिष-वान-भवन-षंडनारी,**
**थावर विकलत्रय पशुमें नहि उपजत सम्यक्धारी,**
**तीनलोक तिहुंकालमाहिं नहीं दरशनसो सुखकारी,**
**सकलधरमको मूल यही इस विन करनी दु:खकारी।। ६ ।।**

અહો, જીવને સમ્યગ્દર્શન સમાન સુખકારી ત્રણકાળ ત્રણલોકમાં બીજું કોઈ નથી, શ્રાવકના કે મુનિના બધા ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે, સમ્યગ્દર્શન વગરની શુભાશુભ બધી કરણી જીવને દુ:ખકારી છે.

સમ્યગ્દર્શન–ધારક જીવ પહેલી નરક સિવાયની છ નરકમાં, જ્યોતિષ–વ્યંતર–ભવનવાસી દેવોમાં, નપુંસકમાં, સ્ત્રી–

પર્યાયમાં, સ્થાવરમાં, વિકલત્રયમાં કે કર્મભૂમિના પશુમાં કદી ઉપજતો નથી. સમ્યગ્દષ્ટિ ઉત્તમ દેવ કે ઉત્તમ મનુષ્યમાં જ અવતરે છે; પણ જો સમ્યગ્દર્શન પહેલાં અજ્ઞાનદશામાં કોઈને આયુષ્ય બંધાઈ ગયું હોય તો તેવો જીવ પહેલી નરકમાં કે ભોગભૂમિના તીર્યંચ અગર મનુષ્યમાં અવતરે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ તો ચારેગતિના જીવોને થઈ શકે છે-દેવ કે મનુષ્ય, તિર્યંચ કે નરક ચારે ગતિમાં પાત્ર જીવ સમ્યગ્દર્શન પામી શકે છે. નરકમાંય અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ જીવો છે. સમ્યગ્દષ્ટિ જીવો સમ્યગ્દર્શન સહિત મરીને ક્યાં ઊપજે? ને ક્યાં ન ઊપજે? તે અહીં બતાવ્યું છે. -

* દેવલોકમાંથી અવતરીને સમ્યગ્દષ્ટિ જીવ ઉત્તમ મનુષ્યમાં જ આવે, બીજે ન જાય.

* નરકમાંથી મરીને સમ્યગ્દષ્ટિ જીવ ઉત્તમ મનુષ્યમાં જ આવે, બીજે ન જાય.

* તિર્યંચમાંથી મરીને સમ્યગ્દષ્ટિ જીવ વૈમાનિક સ્વર્ગમાં જ જાય, બીજે ન જાય.

* હવે સમ્યગ્દષ્ટિ-મનુષ્યમાં બે વાત છે:

સામાન્યપણે તો સમ્યગ્દષ્ટિ મનુષ્ય મરીને સ્વર્ગમાં જ જાય.

પણ જેને સમ્યગ્દર્શન પહેલાં મિથયાત્વદશામાં આયુષ્ય બંધાઈ ગયું હોય ને પછી સમ્યગ્દર્શન પામ્યો હોય તે

જીવ સમ્યક્ત્વસહિત મરીને, જો નરકનું આયુષ્ય બંધાયું હોય તો પહેલી નરકમાં, અને તિર્યંચનું કે મનુષ્યનું આયુષ્ય બંધાયું હોય તો ભોગભૂમિના તિર્યંચ કે મનુષ્યમાં ઊપજે છે. -વળી આમાં એટલી વિશેષતા છે કે આવા જીવો ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ જ હોય છે.

-જેમકે શ્રેણિકરાજા; તેમણે પહેલાં અજ્ઞાનદશામાં જૈન મુનિરાજ ઉપર ઉપસર્ગ કરીને સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું, પણ પછી જૈન ધર્મ પામ્યા ને મહાવીર પ્રભુના ચરણ સમીપે ક્ષાયિકસમ્યગ્દર્શન પામ્યા, ત્યાં નરકની સ્થિતિ ઘટીને અસંખ્યાત વર્ષોમાંથી ૮૪૦૦૦ વર્ષની જ રહી, ને સાતમી ને બદલે પહેલી નરકે ગયા. જે ગતિનું આયુષ્ય બંધાઈ ગયું હોય તે ગતિ ફરે નહિ. ૮૪૦૦૦ વર્ષની સ્થિતિ પૂરી થતાં ત્યાંથી નીકળીને તે જીવ ત્રણલોકના નાથ તીર્થંકર પરમાત્મા થશે. -એ સમ્યક્ત્વનો પ્રતાપ છે. યોગસારમાં કહે છે કે-

**સમ્યગ્દ્રષ્ટિ જીવને દુર્ગતિ ગમન ન થાય;**
**કદી જાય તો દોષ નહીં, પૂર્વકર્મ ક્ષય થાય.**

સમ્યગ્દ્રષ્ટિ જીવને સમ્યક્ત્વ પછી દુર્ગતિગમન થતું નથી; પૂર્વે બાંધેલા આયુને કારણે કદાચ નરકમાં જાય તોપણ ત્યાં સમ્યગ્દર્શનનો તો કાંઈ દોષ નથી, એ તો પૂર્વે અજ્ઞાનદશામાં બાંધેલાં કર્મનું ફળ છે, અને તે કર્મને પણ તે નિર્જરાવી નાંખે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, આમાં કેટલી વાત આવી ગઈ? પ્રથમ તો સંસારમાં ચારગતિનાં સ્થાનો છે. આત્માનું જ્ઞાન થતાંવેંત જીવનો મોક્ષ જ થઈ જાય ને તે સંસારમાં રહે જ નહીં-એમ નથી. સમ્યગ્દર્શન પછી પણ કોઈને અમુક ભવ હોય છે. તે સમ્યગ્દષ્ટિને અસંયમ ને અશુભ ભાવ હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે તેના પરિણામ એટલા ઊજ્વળ છે કે ઉત્તમ દેવ કે ઉત્તમ મનુષ્યમાં જ તે ઊપજે છે; હલકા દેવમાં તે ઊપજતા નથી, કે દેવી થતા નથી. સમ્યગ્દષ્ટિ મરીને ઇન્દ્રાણી પણ ન થાય. સ્ત્રીપર્યાયમાં મિથ્યાદષ્ટિ મરીને ઇન્દ્રાણી પણ ન થાય. સ્ત્રીપર્યાયમાં મિથયાદષ્ટિ જ ઊપજે. ઊપજ્યા પછી ભલે સમ્યગ્દર્શન પામે. હલકા દેવો, દેવીઓ, છ નારકો, નપુંસક-એ બધામાં ઊપજેલા જીવો સમ્યગ્દર્શન પામી શકે છે, પણ ત્યાં ઊપજે ત્યારે તો મિથ્યાદષ્ટિ જ હોય. મલ્લિતીર્થંકરને જે લોકો સ્ત્રી કહે છે તેને સિદ્ધાંતની ખબર નથી, તીર્થંકરનો આત્મા તો પૂર્વભવમાંથી સમ્યગ્દર્શન સાથે લઈને અવતરે, તે સ્ત્રીપર્યાયમાં કેમ ઊપજે? સ્ત્રીપર્યાયમાં તો મિથ્યાદષ્ટિ ઊપજે.

સમ્યગ્દષ્ટિ દેવ હોય તે મનુષ્યમાં અવતરે; પણ સમ્યગ્દષ્ટિ મનુષ્ય મરીને કર્મભૂમિનો મનુષ્ય ન થાય, પૂર્વે આયુષ્ય બંધાઈ ગયું હોય ને મનુષ્ય થાય તો તે ભોગભૂમિમાં જ મનુષ્ય થાય, પણ વિદેહક્ષેત્ર વગેરે કર્મભૂમિમાં ન જાય. ઘણા લોકો સમજ્યા વગર કહે છે કે અનુક ધર્માત્મ અહીંથી મરીને વિદેહ ક્ષેત્રમાં ઊપજ્યા. -પણ એ ભૂલ છે. જે મનુષ્ય મરીને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિદેહમાં ઊપજે તે તો મિથ્યાદષ્ટિ જ હોય. કુંદકુંદાચાર્યદેવ વગેરે અહીંથી વિદેહમાં ગયા હતા તે સાચું-પણ તે તો દેહસહિત ગયા હતા; સમાધિમરણ કરીને તો તેઓ સ્વર્ગમાં ગયા છે.

અજ્ઞાનદશામાં નરકનું આયુ બંધાઈ જાય ને પછી જે જીવ સમ્યગદર્શન પામે તે પહેલી નરકથી નીચે ન જાય. નીચેની છ નરકમાં સમ્યગ્દષ્ટિ જીવો ઊપજતા નથી, ત્યાં ગયા પછી તો સાતેય નરકના જીવો સમ્યગ્દર્શન પામી શકે છે. સાતેય નરકમાં અસંખ્યાતા સમ્યગ્દષ્ટિ જીવો છે.

સમ્યગ્દર્શન પછી તો નરક કે તિર્યંચનું આયુષ્ય બંધાતું જ નથી. ભલે અવ્રતી હોય તોપણ ૪૧ કર્મપ્રકૃતિનું બંધન સમ્યગ્દષ્ટિને કદી થતું નથી, તે આ પ્રમાણેઃ મિથ્યાત્વ, હૂંડક વગેરે પાંચસંસ્થાન, વજ્રર્ષભનારાચ સિવાયનાં પાંચસંહનન, નપુંસકવેદ-સ્ત્રીવેદ, એકેન્દ્રિથી ચતુરેન્દ્રિ, સ્થાવર, આતપ, ઉદ્યોત, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, નરકગતિ, -નરકાનુપૂર્વી-નરકાયુ, તિર્યંચગતિ-તિર્યંચઅનુપૂર્વી-તિર્યંચાયુ, અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, સ્ત્યાનગૃદ્ધિ-નિદ્રાનિદ્રા-પ્રચલા-પ્રચલા એ ત્રણ દર્શનાવરણ, અપ્રશસ્ત વિહાયોગતિ, નીચગોત્ર, દુર્ભગ, દુસ્વર તથા અનાદેય. આ પ્રકૃતિ મિથ્યાત્વઅવસ્થામાં બંધાઈ ગઈ હોય તોપણ સમ્યક્ત્વના પ્રભાવથી નષ્ટ થઈ જાય છે. -પણ આયુબંધ કર્યો હોય તે સર્વથા છૂટતો નથી; છતાં સમ્યક્ત્વનો એવો પ્રભાવ છે કે, સાતમી નરકનું આયુ બંધાયું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તો તેના સ્થિતિ-રસ એકદમ ઘટીને પહેલી નરકને યોગ્ય થઈ જાય છે; તિર્યંચનું કે મનુષ્યનું હલકુ આયુ બંધાયું હોય તો સમ્યક્ત્વના પ્રભાવે ઉત્તમ ભોગભૂમિમાં જ મનુષ્ય કે તિર્યંચ થાય, વ્યંતર વગેરે હલકા દેવનું આયુ બંધાયું હોય તો તેને બદલે સમ્યક્ત્વના પ્રતાપે કલ્પવાસી દેવોમાં જ જાય. વળી સમ્યગ્દષ્ટિ નીચકૂળમાં કે દરિદ્રતામાં ન ઊપજે, તદ્દન અલ્પ આયુનો ધારક ન હોય, વિકૃત અંગવાળો કે લૂલો-મૂંગો-બહેરો-આંધળો પણ તે ન ઊપજે. -જોકે આ તો બધું બહારનું પુણ્યફળ છે; સમ્યગ્દર્શનની અનુભૂતિ તો તે બધાયથી અત્યંત જાુદી જ છે. દેવાદિના ઉત્તમ શરીરથી પણ સમ્યગ્દષ્ટિ પોતાને અત્યંત જાુદો જ અનુભવે છે. પણ સમ્યક્ત્વ સાથેના પુણ્યનો આવો મેળ હોય છે-એમ બતાવવું છે. બાકી તો સમ્યગ્દષ્ટિ પોતાને રાગથી પણ જાુદો અનુભવે છે ત્યાં આ પુણ્યની ને સંયોગની શી વાત?

દેવોમાં તો નપુંસક હોતા જ નથી, મનુષ્ય કે તિર્યંચમાં નપુંસક હોય તેમાં સમ્યગ્દષ્ટિ ઊપજતા નથી. જે સમ્યગ્દષ્ટિ પહેલી નરકમાં ઊપજે તેને નપુંસકપણું હોય તે જાુદી વાત છે-કેમકે નરકમાં તો બધાને એક નપુંસકવેદ જ હોય છે, ત્યાં સ્ત્રીવેદ કે પુરુષવેદ હોતો જ નથી. ક્યો જીવ ક્યાં ઊપજે, ક્યાં ન ઊપજે, તેનું વિસ્તારથી વર્ણન ષટ્ખંડાગમ વગેરે સિદ્ધાંતસૂત્રોમાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, ચારગતિ છે, તેને યોગ્ય જીવનાં ભાવો છે, જીવને એક ગતિમાંથી બીજી ગતિમાં પુનર્જન્મ પોતાના ભાવઅનુસાર થાય છે, કોઈ ઈશ્વર તેને કર્મનું ફળ આપતા નથી, એ બધાની આસ્તિકતા હોવી જોઈએ. ચારગતિ, પુનર્જન્મ, કર્મફળ વગેરે ને ન માને તેને તો ગૃહીતમિથ્યાત્વ છે, તેને તો આ એક્કે ય વાત ક્યાંથી સમજાય? બસ, વિકલ્પ તોડો' એમ કહે ને અંદર તત્ત્વનિર્ણયનું તો ઠેકાણું ન હોય, -એ તો વેદાંત જેવો મિથ્યાદષ્ટિ છે. અરે, લોકો ભગવાન મહાવીરને ઈસુ બુદ્ધ કે ગાંધી સાથે સરખાવે છે તેમને તો જૈનધર્મની ગંધ પણ નથી, એમની શ્રદ્ધા તો જૈનધર્મથી તદ્દન વિપરીત છે. સર્વજ્ઞનો જૈનમાર્ગ તો કોઈ અદ્‌ભુત, અલૌકિક, જગતથી જુદી જાતનો છે; બીજા કોઈ માર્ગ સાથે તેની સરખામણી થાય તેવી નથી. આ તો ભગવાનનો માર્ગ છે, ને ભગવાન થવાનો માર્ગ છે. એકેક આત્મા સર્વજ્ઞસ્વભાવી પરમાત્મા છે. તેનું ભાન થવા છતાં જેને હજી રાગ સર્વથા નથી છેદાયો એવા જીવને ફરી અવતાર થાય છે પણ તે ઉત્તમગતિમાં જ જાય છે. સમ્યગ્દર્શન થયા પછી ઉત્તમ દેવ ને ઉત્તમ મનુષ્ય સિવાયનો બધો સંસાર તો છેદાઈ ગયો. સમ્યગ્દષ્ટિ જ્યાં ઊપજે ત્યાં ઓજસ્વી-પરાક્રમી, તેજસ્વી-પ્રતાપવંત, વિદ્યાવંત, વીર્યવંત, ઉજ્વલ યશસ્વી, વૃદ્ધિવંત, વિજયવંત, મહાન કુળવંત, ચતુર્વિધ પુરુષાર્થના સ્વામીપણે ઊપજે છે અને માનવતિલક થાય એટલે કે સમસ્ત મનુષ્યોમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તિલકની જેમ શોભે છે, સમસ્ત લોકો તેનો આદર કરે છે. ચક્રવર્તીપદ વગેરે પણ સમ્યગ્દષ્ટિ જ પામે છે. ને એવા ઉત્તમ પદ પામીને તે રત્નત્રયની પૂર્ણતા કરીને મોક્ષને પામે છે. સમ્યગ્દર્શનનો આવો મહાન પ્રતાપ છે.

સમ્યગ્દષ્ટિ અસંયમી હોય, વિષય-કષાયના ભાવો થતા હોય, છતાં પણ તેને અશુભ વખતે આયુ ન બંધાય, શુભ વખતે જ બંધાય કેમકે ઉત્તમ આયુ જ બંધાય છે; પરિણામની મર્યાદા જ એવી છે. ઉત્તમ દેવ કે મનુષ્યમાં જાય ત્યાં પણ સમ્યગ્દષ્ટિ જીવ અંતર્દષ્ટિમાં પોતાના શુદ્ધઆત્મા સિવાય બીજે બધેથી અલિપ્ત જ રહે છે; દેવલોકના વૈભવ વચ્ચે પણ તે આત્માને ભૂલતા નથી.

દેહ-મન-વાણી, કર્મ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, સ્ત્રી, વેપાર વગેરે હોવા છતાં, તેની સામે એક આખું ચિદાનંદતત્ત્વ પણ વિદ્યમાન છે, તે દેહાદિ બધાયથી પાર ચિદાનંદતત્ત્વ જ હું છું-એવું ધર્મીને ભાન છે; બહારમાં બધું હોવા છતાં મારા તત્ત્વમાં તે કંઈ નથી, મારું તત્ત્વ તે રૂપ થયું નથી, બધાયથી ન્યારું ને ન્યારું જ છે. આવી શુદ્ધદષ્ટિ રાખીને વ્યવહારને પણ જેમ છે તેમ જાણે છે. રાગાદિ અને ગૃહવાસ છે તેને કાંઈ સારા નથી માનતો, તેને તો કાદવ જેવા જાણે છે, અરે, મારા શુદ્ધ તત્ત્વમાંથી બાહ્યવિષયોમાં વૃત્તિ જાય તે કાદવ જેવી છે; સર્વજ્ઞસ્વભાવી મારા આત્માને આ કાદવથી શોભા નથી. સમ્યગ્દર્શન થઈ ગયું છે માટે હવે ગમે તે વૃત્તિ આવે તો શો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વાંધો? એમ તે ધર્મી નથી કહેતો, પણ જેટલી વિષય-કષાયની વૃત્તિઓ છે તેને પોતાનો દોષ સમજે છે. જેમ રોગીને રોગનો કે ઔષધનો પ્રેમ નથી, તેને તો તે મટાડવા ચાહે છે, તેમ ધર્મીને અસંયમનો કે વિષયોનો પ્રેમ નથી, તેને તો તે છોડવા ચાહે છે. આ રીતે દોષને દોષ જાણે છે ને દોષ વગરના શુદ્ધતત્ત્વને પણ જાણે છે, એટલે રાગાદિભાવ થવા છતાં ધર્મી જીવ અંતરથી ન્યારો છે, અતીન્દ્રિય આનંદમય ચૈતન્યસ્વભાવમાં રાગને પ્રવેશવા દેતો નથી. જેમ સારો માણસ જેલમાં રહેવું પડે તેને સારી માનતો નથી, તેમ ધર્માત્માને રાગ-દ્વેષ પુણ્ય-પાપ જેલ જેવા લાગે છે; પરભાવમાં, ગૃહવાસરૂપી અસંયમની જેલમાં ધર્મીજીવ આનંદ માનતો નથી, પણ તેનાથી છૂટવા માંગે છે. સમ્યગ્દર્શન થતાં મુક્તિના સ્વાદનો નમૂનો તો ચાખી લીધો છે, તેથી રાગના રસમાં તેને ક્યાંય ચેન પડતું નથી.

**સદનનિવાસી તદપિ ઉદાસી તાતેં આસ્રવ ઝટાઝટી,**

**સંયમ ધર ન શકે પૈ સંયમ ધારનકી ઉર ચટાચટી.**

સમ્યગ્દૃષ્ટિની આવી અલૌકિકદશા છે. શાસ્ત્રોએ પેટ ભરીભરીને સમ્યગ્દર્શનનો મહિમા ગાયો છે. સમ્યગ્દર્શનમાં આખા આત્માનો સ્વીકાર છે. સમ્યગ્દર્શન સર્વોત્તમ સુખનું કારણ છે, તે જ ધર્મનું મૂળ છે. સમન્તભદ્રમહારાજ કહે છે કે-

**ત્રણકાળ ને ત્રણલોકમાં સમ્યક્ત્વસમ નહીં શ્રેય છે,**

**મિથ્યાત્વસમ અશ્રેય કો નહીં જગતમાં આ જીવને.**

( રત્નકરંડશ્રાવકાચાર: ૩૪ )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષસુખનુ મૂળ કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનવગરનું જે કાંઈ જાણપણું કે જે કાંઈ આચરણ તે બધુંય દુઃખનું જ કારણ છે. અજ્ઞાની વ્રતાદિ કરે તોપણ મિથ્યાત્વનું પાપ તો તેને પડ્યું જ છે. સમ્યગ્દર્શન વગર જીવ જે કાંઈ કરે તેમાં સુખનો છાંટોય નથી, તેમાં તો દુઃખ જ છે અને સમ્યગ્દર્શન થતાંવેંત જીવને પોતાના સ્વભાવના અપૂર્વ સુખનો અનુભવ થાય છે. નરકમાં પણ સમ્યગ્દષ્ટિ એવા સુખને અનુભવી લ્યે છે-જ્યારે સ્વર્ગના મિથ્યાદષ્ટિ દેવને તે સુખની ગંધ પણ નથી.

અજ્ઞાની કહે છે કે સમ્યગ્દર્શન વગર પણ વ્યવહાર કરીએ તે ધર્મનું કારણ થશે. અહીં તો કહે છે કે સમ્યગ્દર્શન વગરની બધી કરણી દુઃખની જ દેનારી છે. આત્માના આનંદરૂપ સુખનું દાતાર તો સમ્યગ્દર્શન જ છે. દેવલોકનાવૈભવમાં સુખ નથી પણ સમ્યગ્દર્શનમાં સુખ છે. દેવલોકમાં સમ્યગ્દષ્ટિ હોય તે સમ્યગ્દર્શનને લીધે સુખી છે, પણ કાંઈ દેવલોકના વૈભવને લીધે તે સુખી નથી. વૈભવ તરફ લક્ષ જાય તેટલું તો દુઃખ છે, આકુળતા છે.

સમ્યગ્દર્શન વગરનો જીવ શુભરાગના પરિણામને ધર્મ માની લ્યે છે; રાગ અને જ્ઞાન વચ્ચેના ભેદની તેને ખબર નથી. ' રાગ ' અને ' જ્ઞાન ' તેઓ અનેક હોવા છતાં અજ્ઞાનથી તે અનેકને એકપણે અનુભવે છે. ભાઈ, તારું ચૈતન્યતત્ત્વ રાગથી જુદું છે તેને જુદું જાણ. ચૈતન્યનું અસ્તિત્વ રાગરૂપે કે દેહરૂપે નથી, આવા ચૈતન્યની કિંમત અજ્ઞાનીને દેખાતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, એને તો શુભરાગની ને દેહની ક્રિયાની કિંમત લાગે છે, પણ એ તો બધું થોથાં છે, બાપુ! એમાં ક્યાંય તારો ધર્મ નથી.

સમ્યગ્દર્શન થયું ત્યાં ભવ વગરનો પોતાનો આત્મા પ્રતીતમાં આવ્યો, ચૈતન્યતત્ત્વ રાગવગરનું આનંદમય અનુભવમાં આવ્યું; ત્યાં હવે ભવના ભાવનો આદર નથી, એકાદ બે ભવ હોય પણ તેને હેય જાણે છે, ને સાથે સમ્યગ્દર્શન વર્તે છે. સમ્યગ્દર્શન સિવાયનું બીજું કાંઈ સુખદાયક નથી. બીજું એટલે કે સમ્યગ્દર્શન વગરનું બીજું એમ સમજવું, બાકી સમ્યગ્દર્શનસહિતનું સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર તો સુખદાયક છે જ. ચારિત્રદશામાં તો ઘણું વિશેષ આત્મસુખ છે, પણ તેનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર તો ચારિત્રદશા હોતી નથી. સમ્યગ્દર્શન વગેરે જે કાંઈ જ્ઞાન કે આચરણ છે તે મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે, તેમાં સુખનો કે ધર્મનો અંશ પણ નથી. સર્વ દુઃખનું મૂળ મિથ્યાત્વ; અને સર્વસુખનું મૂળ સમ્યક્ત્વ.

પ્રશ્નઃ- મિથ્યાદષ્ટિ જીવો નરકમાં જ જાય-એ ખરું?

ઉત્તરઃ- ના; મિથ્યાદષ્ટિ જીવ પોતાનાં પુણ્ય-પાપ અનુસાર ચારે ગતિમાં જાય છે; સ્વર્ગમાં પણ તે જાય છે, પણ સ્વર્ગમાંય કાંઈ તેને સુખ નથી. તે ભલે પોતાને અજ્ઞાનથી સુખી માને, પણ સુખ ક્યાં છે ને કેવું છે તેની તેને ખબર પણ નથી. મિથ્યાદષ્ટિ જીવો પાપવડે નરકમાં જાય કે પુણ્યવડે સ્વર્ગમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાય, એ બધોય સંસાર જ છે, ક્યાંય તે સુખી નથી. સુખી તો સમકિતી છે કે જેણે ચારગતિથી પાર એવા ચૈતન્યતત્ત્વને જોયું છે.

દુનિયા તો પૈસા વગેરે સંયોગ ઉપરથી સુખનું માપ કાઢે છે, આત્મસુખને તો તે જાણતી જ નથી. દુનિયા એમ નથી પૂછતી કે તમને કેટલું આત્મસુખ છે? પણ તમારી પાસે પૈસાની મૂડી કેટલી છે, તમારી આવક કેટલી છે-એમ જુએ છે. -વધુ પૈસાથી જાણે વધુ સુખ હોય! ને પૈસા વગર જાણે સુખ હોય જ નહીં! એવી અજ્ઞાનીની ભ્રમણા છે. દુનિયા તો બહારથી દેખનારી છે.

અરે, વિકલ્પ ઊઠે તે પણ જ્યાં દુઃખ છે, તેમાંય સુખ નથી ત્યાં બીજાની શી વાત? સમ્યગ્દર્શન વગરનું કોઈ સુખદાયક નથી. કોઈ સંયોગ એવો નથી કે જે સુખ આપે. સમ્યગ્દર્શન જ બધા ધર્મનું મૂળ છે. 'બધા ધર્મો' એટલે કાંઈ જૈન અને બીજા બધા-એમ નહિ, પણ આત્માનો જ્ઞાનધર્મ, ચારિત્રધર્મ, શ્રાવકધર્મ, મુનિધર્મ, સુખધર્મ, ક્ષમાદિ દશધર્મ એમ વીતરાગી શુદ્ધભાવરૂપ બધા ધર્મોનું મૂળ સમ્યગ્દર્શન છે; કેમકે 'ધર્મી' એવો પોતાનો શુદ્ધઆત્મા લક્ષમાં-પ્રતીતમાં-અનુભવમાં લીધા વગર તેના ધર્મો (એટલે શુદ્ધપર્યાયો) પ્રગટે નહીં. સમ્યગ્દર્શનવડે શુદ્ધઆત્માને ધ્યેય બનાવીને એકાગ્ર થતાં શ્રાવકધર્મ, મુનિધર્મ, ઉત્તમક્ષમાદિધર્મ, શુદ્ધોપયોગધર્મ, ધ્યાનરૂપધર્મ, સુખધર્મ, સ્વાનુભવરૂપધર્મ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્મોહભાવરૂપ ધર્મ, -એમ બધા વીતરાગીધર્મો ખીલે છે. માટે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર જીવ જે કાંઈ કરે તે ધર્મ નથી પણ દુઃખ છે.

સમ્યગ્દર્શન વગર ધ્યાન કોનું કરશે? જેમાં એકાગ્ર થઈને ધ્યાન કરવાનું છે તે વસ્તુ તો પ્રતીતમાં આવી નથી. એ જ રીતે, સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર; પણ જે સ્વરૂપમાં ચરવાનું છે તે સ્વરૂપને ઓળખ્યા વગર ચારિત્ર કેવું? વીતરાગતા કરવા માંગે, પણ રાગથી ભિન્ન ચૈતન્યના અનુભવ વગર વીતરાગતા કરશે કઈ રીતે? રાગમાં જ ઊભો રહીને કદી વીતરાગતા થઈ શકે નહીં. આ રીતે સમ્યગ્દર્શન અને સ્વાનુભવ વગર જીવને કોઈ પ્રકારનો ધર્મ કે મોક્ષમાર્ગ થાય નહીં. જેમ મૂળ વગર ધર્મ થતું નથી. તેમ સમ્યગ્દર્શન વગર ધર્મ થતો નથી. ભાન વગર ધર્મ માની લ્યે તેમાં ઝાડ તો મૂઢતા પોષાય છે. એવા જીવોની શુભક્રિયાઓ પણ કષ્ટરૂપ જ છે. પોતે પોતાને જ જ્યાં જાણ્યો નથી, અરે! જાણવાની દરકાર પણ નથી, ત્યાં ધર્મ કેવો? ને સુખ કેવું?

એકેક આત્મા પોતે પરમાત્મા થઈ શકે છે, તેને જાણે નહિ, ને બીજા પરમાત્માએ આ આત્માને બનાવ્યો એમ માને, અથવા તો આ આત્મા બીજા કોઈ પરમાત્માનો એક અંશ છે એમ માને, (એટલે કે આ આત્મા પોતે આખો સ્વતંત્ર પરમાત્મા છે એમ ન માને) તે બધા મિથ્યાદ્રષ્ટિ છે, તેમણે નથી આત્માનું સ્વરૂપ જાણ્યું, કે નથી પરમાત્માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ઓળખ્યા. એવા જીવોને સમ્યગ્દર્શન હોતું નથી, ને સમ્યગ્દર્શન વગર ધર્મ હોતો નથી.

તેથી મુમુક્ષુજીવે પોતાના સુખને માટે દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ બરાબર ઓળખી, સર્વ પ્રકારની મૂઢતા છોડી, વીતરાગ જૈનમાર્ગમાં કહેલાં તત્ત્વોનો સાચો નિર્ણય કરવો, અને પરથી ભિન્ન પોતાના ચિદાનંદસ્વભાવરૂપ આત્મતત્ત્વની રુચિ-પ્રતીતિ-સ્વાનુભૂતિ કરીને શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કરવું, એમ ઉપદેશ છે.

**આતમદેવ સુંદર છે,**
**સુંદર ને વળી સુખી છે;**
**મિત્રો માની લેજો સર્વે,**
**કેવળીની વાત છે.**

**આ કેવળીનાં કહેણ છે,**
**મીઠાં અમૃત વહેણ છે;**
**સ્વીકારી તું આજ લે,**
**તો મુક્તિ તારી કાલ છે.**

## મોક્ષમહેલનું પહેલું પગથિયું- સમ્યગ્દર્શન. દર્શન ધારો ભવ્ય પવિત્રા... કાલવૃથા મત ખોવો.

સમ્યગ્દર્શનનો ઘણો મહિમા બતાવીને હવે આ ત્રીજી ઢાળની છેલ્લી ગાથામાં તેની અત્યંત પ્રેરણાં આપતાં કહે છે કે અરે જીવ! તું કાળ નકામો ગુમાવ્યા વગર આ પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કર. –

**( ગાથા-૧૭ )**

**मोक्षमहलकी परथम सीढी, या विन ज्ञान चरित्ता-**
**सम्यक्ता न लहे, सो दर्शन धारो भव्य पवित्रा।**
**दौल! समझ सुन चेत सयाने काल वृथा मत खोवे।**
**यह नरभव फिर मिलन कठिन है जो सम्यक् नहीं होवे।।**

અહા, જુઓ આ સમ્યગ્દર્શનનું સ્વરૂપ! હે ભવ્ય! આવા સમ્યગ્દર્શનને ઓળખીને અત્યંત મહિમાપૂર્વક તું તેને શીઘ્ર ધારણ કર... જરાપણ કાળ નકામો ગુમાવ્યા વગર તું ચેતી જા અને આવા સમ્યગ્દર્શનને ધારણ કર. કેમકે આ સમ્યગ્દર્શન જ મોક્ષનું પ્રથમ પગથિયું છે, જ્ઞાન કે ચારિત્ર કાંઈ આ સમ્યગ્દર્શન વગર સાચું હોતું નથી. સમ્યગ્દર્શન વગરનાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધાં જાણપણા ને બધાં આચરણ તે મિથ્યાજ્ઞાન ને મિથ્યાઆચરણ છે. માટે હે દૌલતરામ! તું સમજ, આ ઉપદેશ સાંભળીને ચેત, સાવધાન થા, ને નકામો કાળ ગુમાવ્યા વગર સમ્યગ્દર્શનનો સાચો ઉદ્યમ કર. જો સમ્યક્ત્વ વગર જીવન ગુમાવ્યું તો ફરીને આવો નરભવ ને આવા જૈનધર્મનો ઉત્તમયોગ મળવો કઠણ છે. અવસર ગુમાવી દઈશ તો તારા પસ્તાવાનો પાર નહીં રહે. માટે, કવિ પોતે પોતાને સંબોધીને કહે છે તેમજ બીજા ભવ્ય જીવોને પણ કહે છે કે હે ચૈતન્ય દોલતવાળા આતમરામ! હે ભવ્ય જીવ! તું અત્યંત સાવધાન થઈને ચેતી જા ને અત્યંત ઉદ્યમપૂર્વક શીઘ્ર આવા પવિત્ર સમ્યગ્દર્શનને ધારણ કર.

મોક્ષમહેલમાં ચઢવા માટે રત્નત્રયરૂપ સીડી છે તેનું પહેલું પગથિયું સમ્યગ્દર્શન છે; તેના વગર ઉપરનાં પગથિયાં (શ્રાવકપણું મુનિપણું વગેરે) હોય નહિ. સીડીનું એક પગથિયું પણ જેનાથી નથી ચડાતું તે આખી સીડી ચડીને મોક્ષમાં ક્યાંથી પહોંચશે? સમ્યગ્દર્શન વગરની બધી ક્રિયાઓ એટલે કે શુભભાવો તે કાંઈ ધર્મનું પગથિયું નથી, તે તો સંસારમાં ઉતરવાનો રસ્તો છે, રાગને જેણે રસ્તો માન્યો તે તો સંસારના રસ્તે છે. રાગના રસ્તે કાંઈ મોક્ષમાં ન જવાય. મોક્ષનો રસ્તો તો સ્વાનુભવસહિત સમ્યગ્દર્શન છે. આત્માની પૂર્ણ શુદ્ધ વીતરાગદશા તે મોક્ષરૂપી આનંદમહેલ; અંશે શુદ્ધતારૂપ સમ્યગ્દર્શન તે મોક્ષમહેલનું પહેલું પગથિયું, અંશે શુદ્ધતા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગર પૂર્ણ શુદ્ધતાના માર્ગે ક્યાંથી જવાશે? અશુદ્ધતાના માર્ગે ચાલતાં કાંઈ મોક્ષનગર ન આવે.

મોક્ષ શું છે? -મોક્ષ તે કાંઈ ત્રિકાળી દ્રવ્ય કે ગુણ નથી, પણ તે જીવના જ્ઞાનાદિ ગુણોની પૂર્ણ શુદ્ધ અવસ્થારૂપ કાર્ય છે, તેનું પહેલું કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનનું લક્ષ્ય પૂર્ણ શુદ્ધ આત્મા છે, તે પૂર્ણતાના ધ્યેયે પૂર્ણ તરફની ધારા ઊપડે છે, વચ્ચે રાગાદિ હોય, વ્રતાદિ શુભભાવ હોય પણ સમ્યગ્દષ્ટિ તેને આસ્રવ જાણે છે, તે કાંઈ મોક્ષની સીડી નથી. સમ્યક્તા કહો કે શુદ્ધતા કહો, જ્ઞાન-ચારિત્ર વગેરેની શુદ્ધીનું મૂળ સમ્યગ્દર્શન છે. શુભરાગ તે કાંઈ ધર્મનું પગથિયું નથી. રાગનું ફળ સમ્યગ્દર્શન નથી, ને સમ્યગ્દર્શનનું ફળ શુભરાગ નથી; બંને ચીજો જ જુદી છે.

આત્મા શાંત-વીતરાગસ્વભાવ છે; તે પુણ્યવડે, રાગવડે, વ્યવહારવડે પ્રાપ્ત થતો નથી એટલે કે અનુભવમાં આવતો નથી; પણ સીધો પોતે પોતાના ચેતનભાવવડે અનુભવમાં આવે છે, આવો અનુભવ થાય ત્યારે સમ્યગ્દર્શન થાય ને ત્યારે મોક્ષમાર્ગ ઊઘડે. અનંત જન્મ-મરણના નાશના ઉપાયમાં ને મોક્ષના પરમ આનંદની પ્રાપ્તિમાં સમ્યગ્દર્શન જ પહેલું પગથિયું છે. તેના વગર જ્ઞાનનું જાણપણું કે શુભરાગની ક્રિયાઓ તે બધું નિરર્થક છે, ધર્મનું ફળ તેના વડે જરાય આવતું નથી માટે તે નિરર્થક છે. નવતત્ત્વોની એકલી વ્યવહારશ્રદ્ધા, વ્યવહારુ જાણપણું કે પંચમહાવ્રતાદિ શુભ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આચાર, તે કોઈ રાગ આત્માના સમ્યગ્દર્શન માટે જરાય કારણરૂપ નથી; વિકલ્પની મદદ વડે નિર્વિકલ્પતા કદી પમાતી નથી. સમ્યક્ત્વાદિની ભૂમિકામાં તેને યોગ્ય વ્યવહાર હોય છે એટલી તેની મર્યાદા છે, પણ તે વ્યવહાર છે માટે તેને લઈને નિશ્ચય છે-એમ નથી. વ્યવહારના જેટલા વિકલ્પો છે તે બધાય આકુળતા અને દુઃખ છે, આત્માના નિશ્ચય-રત્નત્રય જ સુખરૂપ અનાકુળ છે. જ્ઞાનીનેય વિકલ્પ તે દુઃખ છે, વિકલ્પ વડે કાંઈ આત્માનું કાર્ય જ્ઞાનીને થતું નથી; તે વખતે જ તેનાથી ભિન્ન એવા નિશ્ચય-શ્રદ્ધા-જ્ઞાનાદિ પોતાના આત્માના અવલંબને તેને વર્તે છે અને તે જ મોક્ષમાર્ગ છે. આવા નિરપેક્ષ નિશ્ચય સહિત જે વ્યવહાર હોય તે વ્યવહાર વ્યવહાર તરીકે સાચો છે.

સમ્યગ્દર્શન વગર જ્ઞાન કે ચારિત્રમાં સાચાપણું આવતું નથી, એટલે જૂઠાપણું રહે છે. સમ્યગ્દર્શન વગર બધુંય ખોટું ? - હા, મોક્ષને માટે તો બધુંય નિરર્થક, ધર્મને માટે બધું નકામું, શાસ્ત્રજ્ઞાનની વાત કરીને ગમે તેટલું લોકરંજન કરે, ધારાવાહી ભાષણમાં ન્યાયોની ઝપટ બોલાવે, કે વ્રતાદિ આચરણરૂપ ક્રિયાઓવડે લોકમાં વાહ-વાહ થાય, પણ સમ્યગ્દર્શન વગર તેનું જ્ઞાન ને આચરણ બધુંય મિથ્યા છે, તેમાં જરાય આત્માનું હિત નથી; તેમાં માત્ર લોકરંજન છે, આત્મરંજન નથી, આત્માનું સુખ નથી.

વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર તે બધાય સમ્યગ્દર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગર કેવાં છે? - તો કહે છે કે તે सम्यक्ता न लहे એટલે કે સાચાં નથી પણ ખોટાં છે, તેના વડે મોક્ષમાર્ગ જરાય સધાતો નથી. સમ્યગ્દર્શનપૂર્વક જ સાચાં જ્ઞાન-ચારિત્ર હોય છે ને મોક્ષમાર્ગ સધાય છે, માટે તે ધર્મનું મૂળ છે.

અહો, આવા પવિત્ર સમ્યગ્દર્શનને હે ભવ્ય જીવો! તમે ધારણ કરો, બહુમાનથી તેની આરાધના કરો. હે સૂજ્ઞસમજદાર આત્મા! તું સમજ, તું ચેતી જા, તું સાવધાન થા, અને પ્રમાદ વગર શીઘ્ર સમ્યગ્દર્શન પ્રગટ કર. સમ્યગ્દર્શનનો આ ઉત્તમ અવસર છે, ફરીફરી આવો અવસર મળવો દુર્લભ છે. માટે આવો ઉત્તમ ઉપદેશ સાંભળીને, એક ક્ષણ પણ ગુમાવ્યા વગર અત્યારે જ અંતરમાં પોતાના શુદ્ધ આત્માની અખંડ અનુભૂતિસહિત શ્રદ્ધા કરીને સમ્યગ્દર્શનના દીવડા પ્રગટાવ. હે ભવ્ય! હે સુખના અભિલાષી મુમુક્ષુ! સુખ માટે તું આવા ઉત્તમ કાર્યને શીઘ્ર કર.

**'રે આત્મ તારો, આત્મ તારો! શીઘ્ર એને ઓળખો.'**

'तीन भुवनमें जीव अनंत सुख चाहैं, दुःखतैं भयवंत' સુખ કહો કે મોક્ષ કહો, તે સર્વે જીવોને વહાલું છે, અને સમ્યગ્દર્શન તે મોક્ષમહેલની પ્રથમ સીડી છે. -

(મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા) આત્માના સર્વે ગુણોની પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ.

(સર્વગુણાંશ તે સમ્યક્ત્વ) આત્માના સર્વે ગુણોની અંશે શુદ્ધતા તે મોક્ષમાર્ગ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મામાં જ્ઞાનાનંદસ્વભાવ જેવો ત્રિકાળ છે તેવો પર્યાયમાં પ્રગટે તેનું નામ મોક્ષ, અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તેનું કારણ તે મોક્ષમાર્ગ, તેમાં પણ મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન એટલે શું? તે બીજી ગાથામાં કહ્યું હતું કે-

**'પરદ્રવ્યનતેં ભિન્ન આપમેં રુચિ સમ્યક્ત્વ ભલા હૈ.'**

પરદ્રવ્યથી ભિન્ન આત્માની રુચિ તે સમ્યગ્દર્શન છે. મોક્ષાર્થીએ પહેલાં આવું સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરવું જોઈએ. જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા હું છું; શરીરાદિ અજીવ હું નથી, રાગાદિ આસ્રવ પણ હું નથી; -આ રીતે દેહાદિથી તથા રાગાદિથી ભિન્ન પોતાના આત્માની અનુભૂતિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. ને સમ્યગ્દર્શન થયું ત્યારે શાસ્ત્રભણતર કે સંયમ ન હોય તોપણ મોક્ષમાર્ગ શરૂ થઈ જાય છે. શ્રીમદ્‌રાજચંદ્ર કહે છે કે '-અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને ક્ષણમાત્રમાં જાત્યંતર કરીને જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'

આવા સમ્યગ્દર્શનનું સાચું સ્વરૂપ જીવ અનંતકાળમાં સમજ્યો નથી ને વિકારને જ આત્મા માનીને તેના જ અનુભવમાં રોકાઈ ગયો છે. બહુ તો પાપ છોડીને શુભરાગમાં આવ્યો, પરંતુ શુભરાગપણ અભૂતાર્થધર્મ છે, તે કાંઈ મોક્ષનું કારણ નથી, ને તેના અનુભવથી કાંઈ સમ્યગ્દર્શન થતું નથી. 'भुयत्थमस्सिदो खलु सम्माइट्ठी' છે. બધા તત્ત્વોનો સાચો નિર્ણય સમ્યગ્દર્શનમાં સમાય છે. ચૈતન્યપ્રકાશી જ્ઞાયકસૂર્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા છે, તેના કિરણોમાં રાગાદિ અંધારાં નથી, શુભાશુભરાગ તે જ્ઞાનનું સ્વરૂપ નથી. આવા રાગરહિત જ્ઞાનસ્વભાવને જાણીને તેની પ્રતીત અને અનુભૂતિ કરવી તે અપૂર્વ સમ્યગ્દર્શન છે, તે સર્વનો સાર છે.

પરમાત્મપ્રકાશમાં કહે છે કે અનંતકાળથી સંસારમાં રખડતો જીવ બે વસ્તુ પામ્યો નથી-એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યક્ત્વ, બહારમાં તો જિનવરસ્વામી મળ્યા પણ પોતે તેનું ખરૂં સ્વરૂપ ન ઓળખ્યું, માટે તેને જિનવરસ્વામી મળ્યા નથી-એમ કહ્યું. જિનવરનું સ્વરૂપ ઓળખતાં સમ્યગ્દર્શન થાય જ. સમ્યગ્દર્શન વગરના જ્ઞાન ચારિત્રને ભગવાનના માર્ગની એટલે કે સચ્ચાઈની છાપ મળતી નથી. સમ્યગ્દર્શન વડે શુદ્ધઆત્માને શ્રદ્ધામાં લીધો ત્યારે જ્ઞાન સાચું થયું, ને આવા શ્રદ્ધા-જ્ઞાનવડે અનુભવમાં લીધેલા પોતાના શુદ્ધાત્મામાં લીન થતાં ચારિત્ર પણ સાચું થયું. માટે કહ્યું કે મોક્ષમહલકી પરથમ સીડી... સમ્યક્ ધારો ભવ્ય પવિત્રા. ધર્મનું પહેલું પગથિયું પુણ્ય નથી પણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વગર પુણ્ય પણ અનંતવાર જીવ કરી ચૂક્યો પણ તે સંસારનું જ કારણ થયું, ધર્મનું કારણ જરાપણ ન થયું. ધર્મ અને મોક્ષનું કારણ સમ્યગ્દર્શન જ છે. સમ્યગ્દર્શન કરી કરીને અનંતા જીવો મોક્ષમાં પધાર્યા છે; સમ્યગ્દર્શન વગર કોઈ જીવ મોક્ષને પામ્યો નથી.

આત્મા શું છે તેને જાણ્યા વગર જે રાગને જ આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માને છે તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્દર્શન વગર જ્ઞાન નથી ને ચારિત્ર પણ નથી. સમ્યગ્દર્શન સહિત જ જ્ઞાન ને ચારિત્ર શોભે છે. માટે હે ભવ્ય! આવા પવિત્ર સમ્યક્ત્વને એટલે નિશ્ચય સમ્યક્ત્વને તું શીઘ્ર ધારણ કર, કાળ ગુમાવ્યા વગર આવું સમ્યક્ત્વ પ્રગટ કર. આત્મબોધ વગર શુભરાગથી તો માત્ર પુણ્યબંધન છે, તેમાં મોક્ષમાર્ગ નથી; અને સમ્યગ્દર્શન પછી પણ કાંઈ રાગ તે મોક્ષમાર્ગ નથી; રાગ વગરના જે રત્નત્રય તે જ મોક્ષમાર્ગ છે, જેટલો રાગ છે તેટલું તો બંધન છે. વ્યવહારસમ્યગ્દર્શન તે રાગ છે, વિકલ્પ છે, તે પવિત્ર નથી, નિશ્ચય સમ્યગ્દર્શન તે પવિત્ર છે, વીતરાગ છે, નિર્વિકલ્પ છે. વિકલ્પથી જુદો પડીને, ચેતનાવડે જ્ઞાનાનંદસ્વરૂપ આત્માના અનુભવપૂર્વક પ્રતીત કરવી તે સાચું સમ્યક્ત્વ છે. તે મોક્ષનું સોપાન છે. માટે શુદ્ધાત્માને અનુભવમાં લઈને આવા સમ્યક્ત્વને ધારણ કરવાનો ઉપદેશ છે.

હે જીવો! આવો સરસ સમ્યક્ત્વનો મહિમા સાંભળીને હવે તમે જાગો, જાગીને ચેતો! સાવધાન થાઓ! ને આવા પવિત્ર સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજીને પોતાના પુરુષાર્થવડે તેને ધારણ કરો. તેમાં પ્રમાદ ન કરો. આ દુર્લભ અવસરમાં સમ્યગ્દર્શન જ પ્રથમ કર્તવ્ય છે. ફરીફરી આવો અવસર મળવો મુશ્કેલ છે. સમ્યગ્દર્શન ન કર્યું તો આ દીર્ઘસંસારમાં જીવનો ક્યાંય પત્તો ખાય તેમ નથી. માટે હે શાણા સમજુ જીવો! તમે ઉદ્યમવડે, શીઘ્ર સમ્યગ્દર્શનને ધારણ કરો. સાવધાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને તમારી સ્વપર્યાયને સંભાળો! તેને અંતર્મુખ કરીને સમ્યગ્દર્શનરૂપ કરો. તમારી પર્યાયના કર્તા તમે છો; ભગવાન તમારી પર્યાયના દેખનાર છે પણ કાંઈ કરનાર નથી. કર્તા તો તમે જ છો, માટે તમે પોતે આત્માના ઉદ્યમવડે શીઘ્ર સમ્યગ્દર્શનપર્યાયરૂપ પરિણમો.

પોતાનો આત્મા શું છે તેને જાણ્યા વગર અનંતવાર જીવ સ્વર્ગમાં ગયો પણ ત્યાં જરાય સુખ ન પામ્યો, સંસારમાં જ રખડયો. સુખનું કારણ તો આત્મજ્ઞાન છે. અજ્ઞાનીને કરોડો જન્મના તપથી જે કર્મો ખપે છે તે જ્ઞાનીને આત્મજ્ઞાનવડે એકક્ષણમાં ખપી જાય છે. તેથી કહ્યું છે કે 'જ્ઞાનસમાન ન આન જગતમેં સુખકો કારણ.' ત્રણલોકમાં સમ્યગ્દર્શન, સમાન સુખકારી બીજું કોઈ નથી. આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન વગર જીવને સુખનો છાંટોય અનુભવમાં ન આવે, એટલે કે ધર્મ ન થાય. માટે હે સમજદાર દૌલતરામ! પોતે પોતાને સંબોધીને કહે છે કે હે દૌલતરામ-આત્મા! તમે આ સાંભળીને સમજીને ચેતો, ને શીઘ્ર સમ્યગ્દર્શન ધારણ કરીને આત્મહિત કરો. દૌલતરામ આ છહ્ઢાળાના કર્તા છે; અથવા દૌલતરામ એટલે અંદર ચૈતન્યની દોલતવાળો આતમરામ તે દૌલતરામ છે. ચૈતન્યની સંપદારૂપ અનંત દોલતવાળા એવા હે દૌલત-રામ! હે આતમરામ! તમે તો સમજદાર છોને! આ તમારા હિતના ટાણાં આવ્યા છે. તમે કાંઈ મૂર્ખ નથી, તમે તો સમજદાર જ્ઞાનના ભંડાર છો; માટે ચેતીને સમજો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને સમ્યગ્દર્શનને ધારણ કરો. આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, તેને વૃથા ન ગુમાવો.

જે સમજદાર છે, જે આત્માને ભવદુઃખથી છોડાવવા માટે ને મોક્ષસુખના અનુભવ માટે સમ્યક્ત્વનો પિપાસુ છે, એવો ભવ્ય જીવને સંબોધીને સમ્યગ્દર્શનની પ્રેરણા આપે છે. પ્રભુ! આ તારા હિતના ટાણાં છે. તું કાંઈ મૂઢ નથી પણ સમજું છો, શાણો છો, હિત-અહિતનો વિવેક કરનાર છો, જડ-ચેતનનો વિવેક કરનાર છો; માટે તું શ્રીગુરુનો આ ઉત્તમ ઉપદેશ સાંભળીને હવે તરત સમ્યગ્દર્શન ધારણ કર. આટલે સુધી આવીને હવે વિલંબ ન કર. દેહાદિથી ભિન્ન આત્માનો અનુભવ કર, તેનો ઊંડો ઉદ્યમ કર.

समझ! सुन! चेत! शयाने! હે શાણા જીવ! તું સાંભળ, સમજ ને સાવધાન થા. ચેતીને વિલંબ વગર સમ્યક્ત્વને ધારણ કર. એકલું સાંભળીને ન અટક, પણ તે સમજી સાવધાન થા. મોહનો અભાવ કરીને સાવધાન થા, ને તારી જ્ઞાનચેતના વડે તારા શુદ્ધ આત્માને ચેત... તેનો અનુભવ કર. સર્વજ્ઞ પરમાત્મામાં જે છે તે બધુંય તારા આત્મામાં પણ છે-એમ જાણી, પ્રતીત કરી, સ્વાનુભવ કર. મૃગની માફક બહારમાં ન ઢૂંઢ, અંદરમાં છે તેને અનુભવમાં લે.

જુઓ તો ખરા, પંડિતજી દૌલતરામજી ગૃહસ્થ-પંડિત હતા, તેમણે પણ કેવી સરસ રચના કરી છે! સંસારમાં રૂલતાં રૂલતાં અનંતકાળે માંડમાંડ આમનુષ્યઅવતાર મળ્યો,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેમાંય આવો જૈનધર્મ ને સત્સંગ મળ્યો, સમ્યગ્દર્શનનો આવો ઉત્તમ ઉપદેશ મળ્યો, તો હવે કોણ એવો મૂર્ખ હોય કે આવો અવસર નકામો ગુમાવે? ભાઈ! કાળ ગુમાવ્યા વગર અંતરમાં ઉદ્યમ વડે તું નિર્મળ સમ્યગ્દર્શનને ધારણ કર. ચાર ગતિનાં દુઃખ તેં ઘણાં સહ્યાં, હવે એ દુઃખથી છૂટવા આત્માની આ વાત સાંભળ. સમ્યગ્દર્શનની આવી ઉત્તમ વાત સાંભળીને હવે તું જાગૃત થા ને તરત સમ્યગ્દર્શન પ્રગટ કર. આ તારો સમજવાનો કાળ છે, સમ્યગ્દર્શનનો અવસર છે, માટે અત્યારે જ સમ્યગ્દર્શન ધારણ કર! જુઓ, કેવું સંબોધન કર્યું છે! ભોગભૂમિમાં ઋષભદેવના જીવને સમ્યગ્દર્શન માટે ઉપદેશ આપીને મુનિરાજે પણ એમ કહ્યું હતું કે હે આર્ય! હમણાં અત્યારે જ તું આ સમ્યક્ત્વને ગ્રહણ કર. તને સમ્યક્ત્વની પ્રાપ્તિનો આ કાળ છેઃ तत गृहाण अद्य सम्यक्त्वं तत्लामे काल एष ते। અને ખરેખર તે જીવે તત્ક્ષણે જ સમ્યગ્દર્શન પ્રગટ કર્યું. એ રીતે અહીં પણ કહે છે કે હે ભવ્ય! વિલંબ વગર હમણાં જ તું સમ્યક્ત્વને ધારણ કર! અને સુપાત્ર જીવ જરૂર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે.

હે જીવ! જેટલો ચૈતન્યભાવ છે તેટલો જ તું છો. અજીવથી તારો આત્મા ભિન્ન છે, રાગાદિ મમતાથી પણ આત્માનો સ્વભાવ ભિન્ન છે, આવા આત્માના ભાન વગર અનંતકાળ વ્યર્થ ગુમાવ્યો, પણ હવે આ ઉપદેશ સાંભળ્યા પછી તું એક ક્ષણ પણ ન ગુમાવીશ. તરત અંદરમાં સમ્યગ્-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દર્શનનો ઉદ્યમ કરજે. એકેકે ક્ષણ અત્યંત કિંમતી છે. ઊંચા મણિરત્ન કરતાંય મનુષ્યપણું મોંઘું છે અને તેમાંય આ સમ્યગ્દર્શનરત્નની પ્રાપ્તિ મહા દુર્લભ છે. અનંતવાર મનુષ્ય થયો ને સ્વર્ગમાંય ગયો પણ સમ્યગ્દર્શન ન પામ્યો. આમ જાણીને હવે તું નકામો કાળ ગુમાવ્યા વગર સમ્યગ્દર્શન પ્રગટ કર. તું ઉદ્યમ કર ત્યાં તારી કાળલબ્ધિ પણ આવી જ ગયેલી છે. પુરુષાર્થથી કાળલબ્ધિ જુદી નથી. માટે હે ભાઈ! આ અવસરમાં આત્માને સમજીને તેની શ્રદ્ધા કર! બીજા નકામા કાર્યોમાં સમય ન ગુમાવ.

પરનાં કામ તારાં નથી ને પરચીજ તારા કામની નથી. આનંદકંદ આત્મા જ તારો છે, તેને જ કામમાં લે, શ્રદ્ધા-જ્ઞાનમાં લે. પરચીજ કે પુણ્ય-પાપ તારા હિતના કામમાં નહીં આવે; તારો જ્ઞાનાનંદસ્વભાવ શ્રદ્ધામાં લે, તે જ તને મોક્ષને માટે કામમાં આવશે. સમયસારમાં આત્માને ભગવાન કહીને બોલાવ્યો છે. જેમ માતા પારણું ઝુલાવે ને હાલરડું ગાય કે 'મારો દીકરો ડાહ્યો...' તેમ જિનવાણી માતા કહે છે કે હે જીવ! તું ભગવાન છો... તું ડાહ્યો એટલે શાણો સમજદાર છો. માટે હવે મોહ છોડીને તું જાગ... ચેત... ને તારા આત્મસ્વભાવને દેખ. આત્માના સ્વભાવનું સમ્યગ્દર્શન તે મોક્ષનું દાતા છે. સમ્યગ્દર્શન થયું એટલે મોક્ષ જરૂર થવાનો. તારા ગુણનાં ગાણાં ગાઈને સંતો તને જગાડે છે... ને સમ્યગ્દર્શન પમાડે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મા અખંડ જ્ઞાનદર્શનસ્વરૂપ છે તે પવિત્ર છે; પુણ્ય-પાપ તો મેલાં છે, સ્વ-પરને જાણવાની તાકાત તેનામાં નથી, ને ભગવાન આત્મા તો પોતે પોતાને તેમજ પરને પણ જાણે એવો ચેતકસ્વભાવી છે-આવા આત્માની સન્મુખ થઈને તેની શ્રદ્ધા અને અનુભવ કરતાં જે સમ્યગ્દર્શન થયું તેનો મહાન પ્રતાપ છે. સમ્યગ્દર્શન વગરનું બધું તો એકડાં વગરના મીંડાં જેવું છે, ધર્મમાં તેની કાંઈ કિંમત નથી. સમ્યગ્દષ્ટિને અંદર ચૈતન્યના શાંતરસનું વેદન છે. અહા, એ શાંતિના અનુભવની શી વાત? શ્રેણિકરાજા અત્યારે નરકમાં રહ્યા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે ત્યાંના દુઃખથી ભિન્ન એવા ચેતન્યસુખનું વેદન પણ તેમને વર્તી રહ્યું છે. પહેલાં મિથ્યાત્વદશામાં મહાપાપથી તેમણે સાતમી નરકનું અસંખ્ય વર્ષોનું આયુ બાંધી લીધું, પણ પછી મહાવીરપ્રભુના સમવસરણમાં તેઓ ક્ષાયિક સમયક્ત્વ પામ્યા ને સાતમી નરકનું આયુ તોડીને પહેલી નરકનું અને તે પણ માત્ર ૮૪૦૦૦ વર્ષનું કરી નાંખ્યું. તેઓ રાજગૃહીના રાજા ગૃહસ્થાશ્રમમાં અવ્રતી હતા છતાં ક્ષાયિક સમ્યગ્દર્શન પામ્યા; નરકગતિ ન ફરી પણ તેની સ્થિતિ તોડીને અસંખ્યાતમા ભાગની કરી નાંખી. નરકની ઘોર યાતનાઓ વચ્ચે પણ તેનાથી અલિપ્ત એવી સમ્યગ્દર્શનપરિણતિનું સુખ તે આત્મા વેદી રહ્યો છે. - 'બાહર નારકી કૃત દુઃખ ભોગે, અંતર સુખરસ ગટાગટી.' આ રીતે સમ્યગ્દર્શન સહિત જીવ નરકમાં પણ સુખી છે; ને સમ્યગ્દર્શન વગર તો સ્વર્ગમાં પણ જીવ દુઃખી છે. તેથી પરમાત્મપ્રકાશમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કહ્યું છે કે- સમ્યગ્દર્શન સહિત તો નરકવાસ પણ ભલો છે. ને સમ્યગ્દર્શન વગરનો દેવલોકમાં વાસ પણ ઇષ્ટ નથી, એટલે કે જીવને સર્વત્ર સમ્યગ્દર્શન જ ઇષ્ટ છે, ભલું છે, સુખકર છે; એના વિના ક્યાંય જીવને સુખ નથી. સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આત્મરસનું વેદન છે, દેવોના અમૃતમાં પણ તે આત્મરસનું સુખ નથી. મનુષ્યજીવનની સફળતા સમ્યગ્દર્શનથી જ છે, સ્વર્ગ કરતાંય સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે..... ત્રણલોકમાં સમ્યગ્દર્શન શ્રેષ્ઠ છે. જ્ઞાન અને ચારિત્ર પણ સમ્યગ્દર્શન સહિત હોય ત્યારે શ્રેષ્ઠતાને પામે છે.

નરકમાં પણ શ્રેણિકને ભિન્ન આત્માનું ભાન છે ને સમ્યક્ત્વના પ્રતાપે નિર્જરા થયા કરે છે; તથા ત્યાં પણ નિરંતર તેમને તિર્થંકર પ્રકૃતિ બંધાયા કરે છે. નરકમાંથી નીકળીને તેઓ ભરતક્ષેત્રમાં હવેની ચોવીશીમાં પહેલા તીર્થંકર થશે. તેમના ગર્ભાગમન પહેલાં છ મહિને અહીં ઇન્દ્ર-ઇન્દ્રાણી તેમના માતા-પિતાની સેવા કરવા આવશે ને રત્નવૃષ્ટિ કરશે; તે તો હજી નરકમાં હશે. પછી માતાના પેટમાં આવશે ત્યારે પણ સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાન સહિત હશે, તેમજ અવધિજ્ઞાન પણ હશે. હું દેહ નહીં, નારકી હું નહીં, દુઃખ હું નહીં, આ દેહના છેદન-ભેદનથી મારો આત્મા છેદાતો-ભેદાતો નથી, હું તો ચૈતન્યસુખનો અખંડ પિંડ શાશ્વત છું-આવી આત્મશ્રદ્ધા નરકમાંય તેને સદાય વર્તે છે, ને તે મોક્ષમહેલની સીડી છે. નરકમાં હોવા છતાં સમ્યગ્દર્શનના પ્રતાપે તે આત્મા મોક્ષના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માર્ગમાં જ પરિણમી રહ્યો છે. અહો, સમ્યગ્દર્શનનો કોઈ અચિંત્ય અદ્ભુત મહિમા છે. આવા સમ્યગ્દર્શનને ઓળખીને હે જીવો! તમે પોતામાં તેની આરાધના કરો.

રે જીવ! દુનિયાની વાત છોડ. દુનિયા દુનિયામાં રહી; તું તારું આત્મભાન કરીને તારા હિતને સાધી લે. સમ્યગ્દર્શન શું છે તેની દુનિયાને ખબર નથી; સમ્યગ્દર્શન બીજાને ઈન્દ્રિયજ્ઞાનથી દેખાય તેવું નથી. અહા, સમ્યગ્દર્શન થયું ત્યાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો, ને પરમ સુખનું નિધાન ખુલી ગયું. એનો તો જે અનુભવ કરે એને ખરી ખબર પડે. હાથમાં આવેલ ચિંતામણિને કોઈ મૂર્ખ દરિયામાં ફેંકી દે તો ફરી તે હાથમાં આવવો મુશ્કેલ છે, તેમ ચિંતામણિ જેવો આ મનુષ્યઅવતાર જો સમ્યગ્દર્શન વગર ગુમાવી દીધો તો ભવના દરિયામાં ફરીને તેની પ્રાપ્તિ થવી બહુ કઠણ છે; માટે આ દુર્લભ અવસરમાં બીજી બધી પંચાત છોડીને સમ્યગ્દર્શન કરી લેવા જેવું છે. આ અવસર ચુકવા જેવું નથી.

આવું સમ્યગ્દર્શન જેનું મૂળ છે-એવો વીતરાગીધર્મ ‘दंसणमूलो धम्मो’ – જિનવરદેવે ઉપદેશ્યો છે. અઢી હજાર વર્ષ પહેલાં મહાવીરતીર્થંકર આ ભરતક્ષેત્રમાં એવો જ ઉપદેશ દેતા હતા ને તે સાંભળીને અનેક જીવો સમ્યક્ત્વ પામતા હતા, અત્યારે સીમંધરાદિ તીર્થંકર ભગવંતો વિદેહક્ષેત્રમાં એવો જ ઉપદેશ આપે છે, ને તે ઝીલીને કેટલાય જીવો સમ્યગ્દર્શન પામે છે, અત્યારે અહીં પણ આવું સમ્યગ્દર્શન પામી શકાય છે. દરેક આત્માર્થી જીવે આવું ઉત્તમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલ્યાણકારી સમ્યગ્દર્શન અવશ્ય કરવું જોઈએ. માટે હે વિવેકી આત્મા! તું આ અવસરમાં સમ્યગ્દર્શનનું આવું માહાત્મ્ય સાંભળીને સાવધાન થા ને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર... અનુભવી જ્ઞાની પાસેથી સમજીને સમ્યગ્દર્શન પ્રગટ કર. તે આ મનુષ્યજીવનનું અમૂલ્ય કાર્ય છે. તેના વગર જીવનને વ્યર્થ ન ગુમાવ.

શરીર ને આત્મા ભિન્ન છે, રાગ ને આત્મા ભિન્ન છે; શરીર અને રાગ વગરનું તારું ચૈતન્યતત્ત્વ અખંડ એવું ને એવું તારામાં છે. આ સાંભળીને રાજી થઈને તું સમ્યગ્દર્શન નો ઉદ્યમ કર. ચૈતન્યમય તારા સ્વતત્ત્વને પરથી ભિન્ન દેખીને પ્રસન્નતા વડે અનુભવમાં લે, ને મોક્ષમાર્ગમાં આવી જા. લાખ-કરોડ રૂપિયા દેતાંય જેની એક ક્ષણ મળવી મુશ્કેલ છે એવું આ મનુષ્યજીવન વૃથા ન ગુમાવ. મનુષ્યપણાની શોભા સમ્યગ્દર્શનથી છે માટે આ જન્મમાં સમ્યગ્દર્શન પ્રગટ કરી લે, જેથી આત્મામાં મોક્ષમાર્ગ શરૂ થઈ જાય. અમૂલ્ય જીવનમાં તેનાથી પણ અમૂલ્ય એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત કર. કરોડો રૂપિયા કે કુટુંબ તે કોઈ શરણ નથી, પુણ્ય પણ શરણ નથી, સમ્યગ્દર્શન જ શરણ છે; તે સમ્યગ્દર્શન વડે જ જીવનની સફળતા ને જીવની શોભા છે. આવો સારો યોગ પુનઃપુનઃ નથી મળતો, માટે તેમાં સમ્યગ્દર્શન જરૂર પ્રગટ કરો.

અંતમાં ફરીને કહીએ છીએ કે હે જીવ! આત્માને સમજીને શ્રદ્ધા કરવાનો અવસર આવ્યો છે તેને વધાવી લેજે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાઈ, આત્માનું સ્વરૂપ સમજીને હિત કરવા જેવો ઉઘાડ તને થયો છે, તો તે ઉઘાડને પરમાં (સંસારનાં કાર્યોમાં) વ્યર્થ ન ગુમાવ. તેને આત્મામાં લગાવ. ઉપયોગને અંતર્મુખ કરીને વીતરાગવિજ્ઞાન પ્રગટ કર. તારી બુદ્ધિને આત્મામાં જોડીને સમ્યગ્દર્શન પ્રગટ કર. તું પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છો. બીજું તને શું કહીએ? ચેત! ચેત! ચેત!

**卐 જય હો સમ્યગ્દર્શનધર્મનો 卐**

*****

**મિથ્યાત્વાદિ સેવતાં થયું જીવને દુઃખ;**
**તે છોડી સમ્યક્ થતાં પામ્યો સાચું સુખ.**
**એવું સમ્યક્ સેવીએ મંગલ-આનંદકાર,**
**વીતરાગ-વિજ્ઞાનથી થઈએ ભવથી પાર.**

*****

આ રીતે પં. શ્રી દૌલતરામજી રચિત છ ઢાળામાં, મોક્ષના મૂળરૂપ સમ્યગ્દર્શનની આરાધનાનો ઉપદેશ દેનાર ત્રીજા અધ્યાય પર પૂ. શ્રી કાનજીસ્વામીનાં પ્રવચનો પૂર્ણ થયાં.

**હવે આપ વાંચશો-વીતરાગવિજ્ઞાન-પ્રશ્નોતરી**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# વીતરાગવિજ્ઞાન - પ્રશ્નોત્તરી ( ત્રીજી ઢાળ )

આ પહેલાંનાં બે પુસ્તકોમાં છહઢાળાનાં બે અધ્યાયનાં પ્રવચનોમાંથી દોહન કરીને ૪૪૦ પ્રશ્ન-ઉત્તર આપવામાં આવ્યા છે. અહીં આ ત્રીજી ઢાળ ઉપરનાં પ્રવચનોમાંથી ૩૫૪ પ્રશ્ન-ઉત્તર આપવામાં આવ્યા છે. ટૂંકી ભાષા અને સરળ શૈલીના આ પ્રશ્નોત્તર સૌને ગમ્યા છે, અને છહઢાળાના વિશેષ અભ્યાસમાં ઉપયોગી થયા છે.

* પ્રશ્નઃ- બીજી ઢાળના અંતમાં શું ભલામણ કરી છે?

* ઉત્તરઃ- 'હે જીવ! હવે તું આત્મહિતના પંથમાં લાગ.'

૪૪૧. જીવના હિતનો પંથ શું છે?

સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર.

૪૪૨. જીવને દુઃખનું કારણ શું છે?

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્ર.

૪૪૩. સુખ કોને કહેવાય?

જેમાં આકુળતા ન હોય તેને.

૪૪૪. એવું સુખ ક્યાં હોય?

જીવની મોક્ષદશામાં પૂરું સુખ હોય.

૪૪૫. સુખી થવા માટે જીવે શું કરવું જોઈએ?
જીવે મોક્ષના માર્ગમાં લાગવું જોઈએ.

૪૪૬. સત્યાર્થરૂપ મોક્ષમાર્ગ ક્યો છે?
નિશ્ચયમોક્ષમાર્ગ તે જ સત્યાર્થરૂપ છે.

૪૪૭. વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે?
તે કારણરૂપ એટલે નિમિત્તરૂપ છે, સત્યાર્થરૂપ નથી.

૪૪૮. મોક્ષના સત્યાર્થ માર્ગ કેટલા છે?
સાચો મોક્ષમાર્ગ એક જ છે, બે નથી.

૪૪૯. નિશ્ચય અને વ્યવહાર બંનેને સાચા મોક્ષમાર્ગ માને તો?
-તો પં. ટોડરમલજીએ તેને મિથ્યાબુદ્ધિ કહેલ છે.

૪૫૦. જૈનસિદ્ધાંતનું ખરું રહસ્ય કઈ રીતે સમજાય?
નિશ્ચયનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ એમ જ માની તેની શ્રદ્ધા કરવી; અને વ્યવહારનય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની (ખરેખર એમ નથી એમ સમજી) તેની શ્રદ્ધા છોડવી. -આ રીતે જૈનસિદ્ધાંતનું ખરું રહસ્ય સમજાય છે.

૪૫૧. કોના આશ્રયે જીવ સમ્યગ્દષ્ટિ થાય છે?
ભૂતાર્થસ્વભાવના આશ્રયે જીવ સમ્યગ્દષ્ટિ થાય છે.

૪૫૨. મુનિવરો કઈ રીતે મોક્ષને સાધે છે?
નિશ્ચયનયના આશ્રયે મુનિવરો મોક્ષને સાધે છે.

૪૫૩. હજારો શાસ્ત્રોનો ભંડાર શેમાં ભર્યો છે? ... સમયસારમાં.

૪૫૪. નિશ્ચય વગરના એકલા વ્યવહારને કારણ કહેવાય?
ના, તે ઉપચારથી પણ કારણ નથી.

૪૫૫. આવો મોક્ષમાર્ગ જાણીને શું કરવું?
તેની આરાધનામાં આત્માને જોડવો.

૪૫૬. મુનિવરોએ આત્મહિતનો ઉપાય શું કહ્યો છે?
'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ'

૪૫૭. પુણ્ય તરફના વલણમાં સુખ છે કે દુઃખ?
તેમાં પણ આકુળતા છે એટલે દુઃખ છે.

૪૫૮. તો સુખ શેમાં છે?
આત્માના શાંત-નિરાકુળ-ચેતનરસના અનુભવમાં સુખ છે.

૪૫૯. મોક્ષમાર્ગમાંથી કોને કાઢી નાંખ્યા?
પાપ અને પુણ્ય બંનેને મોક્ષમાર્ગમાંથી કાઢી નાંખ્યા.

૪૬૦. પૂર્ણ સુખરૂપ મોક્ષનો માર્ગ કેવો હોય?
તે માર્ગ પણ રાગ વગરનો નિરાકુળ જ હોય.

૪૬૧. રાગસહિત વ્યવહારરત્નત્રય કેવા છે?
તે સત્યાર્થ મોક્ષમાર્ગ નથી.

૪૬૨. સત્યાર્થ મોક્ષમાર્ગ કેવો છે?
રાગ વગરના નિશ્ચય રત્નત્રયરૂપ.

૪૬૩. મોક્ષને માટે નિયમથી કરવા જેવું કાર્ય શું છે?
રાગ વગરનાં શુદ્ધરત્નત્રય તે નિયમથી કર્તવ્ય છે.

૪૬૪. સુખ માટે જીવે શેમાં લાગવું જોઈએ?
નિશ્ચય રત્નત્રયરૂપ મોક્ષમાર્ગમાં નિરંતર લાગ્યા રહેવું.

૪૬૫. સુખ શું છે? –આત્માનો સ્વભાવ.

૪૬૬. રાગ શું છે? – તે કાંઈ આત્માનો સ્વભાવ નથી.

૪૬૭. કોને જાણતાં સુખ થાય છે?
સુખસ્વભાવી આત્માને જાણતાં સુખ થાય છે.

૪૬૮. સુખ રાગમાં હોય? કે વીતરાગતામાં?
વીતરાગતામાં જ સુખ છે; રાગમાં સુખ નથી.

૪૬૯. રાગમાં અને પુણ્યમાં સુખ માને તો?
તો તેને રાગ અને પુણ્ય વગરના મોક્ષની શ્રદ્ધા નથી.

૪૭૦. આત્માના અતીન્દ્રિય સુખને કોણ જાણે છે?
ધર્મી જ તે સુખને જાણે છે.

૪૭૧. તે સુખ કેમ અનુભવાય?
વીતરાગવિજ્ઞાનવડે જ તે સુખ અનુભવાય છે.

૪૭૨. પુણ્ય બાંધવાના ભાવમાં શું છે? –અકુળતા અને દુઃખ.

૪૭૩. પુણ્યફળના ભોગવટામાં શું છે? –આકુળતા અને દુઃખ.

૪૭૪. સુખ ક્યાં છે?
આત્મા સ્વયં સુખસ્વરૂપ છે, તેની સન્મુખતા તે સુખ છે.

૪૭૫. શેના વગર સુખ ન થાય?
વીતરાગ-વિજ્ઞાન વગર કોઈને સુખ ન થાય.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪૭૬. ધર્મી જીવ શેમાં રાજી છે?

ધર્મી જીવ ઇન્દ્રપદના વૈભવમાંય રાજી નથી, ચૈતન્યના આનંદમાં જ તે રાજી છે.

૪૭૭. જીવ હેરાન કેમ થઈ રહ્યો છે?

આત્મામાં સુખ છે-તેને ભૂલ્યો છે તેથી.

૪૭૮. બાહ્ય વિષયોમાંથી સુખ કેમ નથી મળતું?

ત્યાં સુખ છે જ નહિ-પછી ક્યાંથી મળે?

૪૭૯. ધનવાન સુખી, દરિદ્ર દુઃખી-એ સાચું?

ના, નિર્મોહી સુખી ને મોહી દુઃખી.

૪૮૦. જડ વૈભવમાં સુખ છે?

ના, સુખ તે તો આત્માનો વૈભવ છે.

૪૮૧. ભગવાન સિદ્ધો અને અરિહંતો શું કરે છે?

બાહ્યસાધન વગર જ આત્માના આનંદને અનુભવે છે.

૪૮૨. મોક્ષના અર્થીએ શું કરવું જોઈએ?

મોક્ષના માર્ગે ચાલવું જોઈએ.

૪૮૩. મોક્ષનો માર્ગ શું છે?

વીતરાગ રત્નત્રય સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર.

૪૮૪. તે મોક્ષના માર્ગમાં રાગ આવે?

ના, રાગ તો બંધમાર્ગ છે, તે મોક્ષમાર્ગ નથી.

૪૮૫. સાચો-સત્યાર્થ મોક્ષમાર્ગ ક્યો છે?

જે નિશ્ચયમોક્ષમાર્ગ છે તે જ સત્યાર્થ-સાચો છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૪૮૬. વ્યવહારમોક્ષમાર્ગ કેવો છે?

તે ઉપચારથી નિશ્ચયનું કારણ છે.

૪૮૭. તેને ઉપચારથી કારણ કેમ કહ્યું?

તે મોક્ષમાર્ગનો સહકારી છે તેથી; (તે પોતે ખરો મોક્ષમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં સાથે રહેલ છે.)

૪૮૮. સાચું કારણ કેવું હોય?

સાચાં કારણ-કાર્ય એક જાતનાં હોય; એટલે શુદ્ધતાનું કારણ શુદ્ધતા જ હોય, શુદ્ધતાનું કારણ રાગ ન હોય.

૪૮૯. સાચો મોક્ષમાર્ગ કેવો છે?

શુદ્ધ સ્વદ્રવ્યને આશ્રિત છે.

૪૯૦. ઉપચાર મોક્ષમાર્ગ કેવો છે?

પરદ્રવ્યને આશ્રિત છે.

૪૯૧. સાચો મોક્ષમાર્ગ જાણીને શું કરવું?

તેમાં લાગ્યા રહેવું (शिवमग लाग्यो चहिए)

૪૯૨. નિશ્ચય-વ્યવહાર બંનેને ક્યારે જાણ્યા કહેવાય?

નિશ્ચયને એકને આદરે ત્યારે.

૪૯૩. નિશ્ચય માર્ગ કેવો છે?

તે પોતાના શુદ્ધ ઉપાદાનથી પ્રગટેલો છે.

૪૯૪. વ્યવહાર માર્ગ કેવો છે? ....... તે પરાશ્રયે થયેલો છે.

૪૯૫. સાચા મોક્ષમાર્ગ કેટલા છે? ............ એક જ છે.

૪૯૬. મોક્ષમાર્ગનાં બીજા નામો કયા છે?
આનંદમાર્ગ, મોક્ષની ક્રિયા, આરાધના ધર્મ, મોક્ષનો પુરુષાર્થ, શુદ્ધપરિણતિ મોક્ષનું સાધન, અંતર્મુખભાવ, વીતરાગતા, વીતરાગ–વિજ્ઞાન, તીર્થંકરોનો માર્ગ વગેરે.

૪૯૭. નય શું છે? .......... તે સાચા જ્ઞાનનો પ્રકાર છે.

૪૯૮. અજ્ઞાનીને એક્કેય નય હોય? ............. ના.

૪૯૯. સાચા નય કોને હોય?
આત્માના સ્વાનુભવથી સમ્યગ્જ્ઞાન કરે તેને.

૫૦૦. નિશ્ચય વગરનો વ્યવહાર કેવો છે? ....... મિથ્યા છે.

૫૦૧. સમ્યગ્દર્શન સાથે શું થાય છે?
જ્ઞાન–ચારિત્ર–આનંદ વગેરે અનંતગુણનો અંશ ખૂલે છે.

૫૦૨. કયા સમુદ્રમાં ડુબકી લગાવતાં આનંદ થાય?
ચૈતન્યસમુદ્રમાં ડુબકી લગાવતાં આનંદ થાય.

૫૦૩. ચૈતન્યનો પહાડ ખોદતાં તેમાંથી શું નીકળશે?
સમ્યગ્દર્શનાદિ અનંત આનંદમય રત્નો નીકળશે.

૫૦૪. ત્રણ કિંમતી રત્નો કયા? ........ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર.

૫૦૫. અનંતા રત્નોની ખાણ કોણ છે?
ચૈતન્યપ્રભુ આત્મા પોતે.

૫૦૬. મેરૂથી પણ મોટો ચૈતન્યરત્નનો પહાડ અજ્ઞાનીને કેમ દેખાતો નથી?
તેની દૃષ્ટિ આડે મિથ્યાત્વનું તરણું પડયું છે–તેથી.

૫૦૭. અરિહંતના આત્માને ખરેખર ઓળખે તો શું થાય?

પોતાના આત્માનું સાચું સ્વરૂપ ઓળખાય, એટલે દર્શનમોહનો નાશ થઈને સમ્યગ્દર્શન પ્રગટે.

૫૦૮. અરિહંત પ્રભુના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવાં છે?

એ ત્રણે ચેતનમય છે.

૫૦૯. તેમાં ક્યાંય જરાય રાગ છે? .......... ના.

૫૧૦. એમ ઓળખતાં શું થાય?

પોતામાં ચેતન અને રાગની જુદાઈનો અનુભવ થાય.

૫૧૧. પોતાના શુદ્ધઆત્માની ઓળખાણ, અને અરિહંતદેવની ઓળખાણ- તેમાં પહેલું કોણ?

-બંને સાથે થાય છે.

૫૧૨. તે ઓળખાણ ક્યારે થઈ?

જ્ઞાનપર્યાય અંતરમાં વળી ત્યારે.

૫૧૩. રાગવડે મોક્ષમાર્ગ શરૂ થાય?

ના, આત્માના અનુભવ વડે જ મોક્ષમાર્ગ શરૂ થાય.

૫૧૪. ચૈતન્યપ્રભુને લક્ષમાં લેતાં શું થયું?

આત્મામાં આનંદસહિત કેવળજ્ઞાનના અંકૂરા ફૂટયા.

૫૧૫. શુભરાગમાંથી જ્ઞાનનો અંકૂર આવે? - ના.

૫૧૬. આનંદનો માર્ગ ક્યો છે?

આતમરામ નિજપદમાં રમે તે આનંદનો માર્ગ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૧૭. રાગાદિભાવો કેવા છે? – તે પરભેદ છે, દુઃખનો માર્ગ છે.

૫૧૮. મોક્ષનો માર્ગ શેમાં સમાય છે?
સ્વપદમાં, એટલે નિજસ્વરૂપમાં સમાય છે.

૫૧૯. સાધકનું સ્વસંવેદનરૂપ ભાવશ્રુતજ્ઞાન કેવું છે?
તે કેવળજ્ઞાનની જ જાતનું છે, અતીન્દ્રિય છે.

૫૨૦. સમ્યક્ચારિત્ર કેવું છે?
શુભાશુભરાગથી નિવૃત્તિરૂપ અને શુદ્ધ ચૈતન્યમાં પ્રવૃત્તિરૂપ સમ્યક્ચારિત્ર છે.

૫૨૧. શુભાશુભરાગ કેવા છે? – સંસારનાં કારણ છે.

૫૨૨. સમ્યક્ચારિત્ર કેવું છે?
મોક્ષનું કારણ છે, રાગ વગરનું છે.

૫૨૩. વિકલ્પમાં ચેતના છે? –ના.

૫૨૪. ચેતનામાં વિકલ્પ છે? –ના, બંનેનું સ્વરૂપ જુદું છે.

૫૨૫. આત્મામાં લીનતારૂપ સમ્યક્ચારિત્ર ક્યારે થાય?
આત્માને ઓળખીને અનુભવ કરે ત્યાર પછી જ.

૫૨૬. ચોથાગુણસ્થાને શ્રદ્ધા-જ્ઞાન સાથે ચારિત્ર હોય?
હા, સ્વરૂપાચરણરૂપ ચારિત્ર હોય.

૫૨૭. મુનિદશાનું ચારિત્ર ક્યારે હોય?
છઠ્ઠા-સાતમા ગુણસ્થાને.

૫૨૮. મોક્ષમાર્ગની શરૂઆત ક્યારે થાય? –ચોથાગુણસ્થાનથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૫૨૯. આત્માને જાણ્યા વગર તેની શ્રદ્ધા થઈ શકે?
ના, બંને સાથે જ થાય છે.

૫૩૦. જ્ઞાનીના જ્ઞાનમાં કેટલા નયો છે? – અનંત.

૫૩૧. જ્ઞાન મોક્ષનું સાધક ક્યારે થાય?
અંતરમાં વળીને આત્માને અનુભવે ત્યારે.

૫૩૨. મોક્ષમાર્ગના નિશ્ચય ને વ્યવહાર ક્યાં લાગુ પડે?
જ્યાં સાચો માર્ગ પ્રગટયો હોય ત્યાં.

૫૩૩. અનંતકાળથી રાગ કરવાં છતાં સુખ કેમ ન મળ્યું?
કેમકે સુખનું સાધન રાગ નથી.

૫૩૪. તો સુખનું સાધન શું છે?
વીતરાગ-વિજ્ઞાન જ સુખનું સાધન છે.

૫૩૫. રાગથી લાભ નથી માનતો એમ ક્યારે કહેવાય?
રાગથી જુદી ચેતનવસ્તુનું લક્ષ કરે ત્યારે.

૫૩૬. કેવળ-જ્ઞાન અને શ્રુત-જ્ઞાન, બંનેની જાતમાં કંઈ ફેર છે?
ના, બંને એક જ જાતનાં છે.

૫૩૭. શેમાં ઉપયોગ જોડતાં સુખ થાય?
સુખસ્વરૂપી આત્મામાં ઉપયોગ જોડતાં સુખ થાય.

૫૩૮. ત્વરાથી શું કરવું?
‘સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ.’

૫૩૯. રાગમાં અંશે પણ આનંદ છે?
ના, તેમાં તો દુ:ખ જ છે.

૫૪૦. રાગ દુ:ખ છે, દુ:ખ વડે સુખ સધાય?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ના, સુખનું સાધન પણ સુખરૂપ જ હોય.

૫૪૧. અરિહંતને ઓળખીને જીવ શું કરવા માંગે છે?
અરિહંત જેવા પોતાના જ્ઞાનસ્વભાવ તરફ ઢળવા માંગે છે.

૫૪૨. સમ્યગ્દર્શના સહચર તરીકે કોણ હોઈ શકે?
સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જ માન્યતા હોય.

૫૪૩. વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રો શું સિદ્ધ કરે છે?
તેઓ આત્માના સર્વજ્ઞસ્વભાવને સિદ્ધ કરે છે.

૫૪૪. આ છહઢાળા કેવી છે?
ઘરે-ઘરે બાળકોને ભણાવવા જેવી છે. અહો! આવા વીતરાગી-વિજ્ઞાનનો ઘર-ઘર પ્રચાર કરવા જેવો છે.

૫૪૫. જૈનસિદ્ધાંતનું તથ્ય શું છે?
જ્ઞાન-આનંદસ્વરૂપ આત્મા અનુભવમાં લેવો તે.

૫૪૬. જ્ઞાન-શ્રદ્ધા વગેરે કોઈ રાગના આશ્રયે છે?
ના, કેમકે તેઓ રાગના અંશ નથી.

૫૪૭. આત્માના આશ્રયે શું પ્રગટે?
રાગ ન પ્રગટે, પણ રાગ વગરનાં ગુણો પ્રગટે.

૫૪૮. દુઃખ વખતે આત્મામાં બીજું કાંઈ છે?
હા, આનંદનો આખો સમુદ્ર ભરેલો છે.

૫૪૯. અનંતા તીર્થંકરોએ મોક્ષમાર્ગ કઈ રીતે સાધ્યો?
સ્વસન્મુખ થઈને શુદ્ધાત્માના આશ્રયે.

૫૫૦. ત્રણેકાળના મુમુક્ષુઓને તીર્થંકરોએ શું ઉપદેશ કર્યો?
'અંતર્મુખ થઈને શુદ્ધાત્માની અનુભૂતિ કરો.'

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૫૧. મોક્ષમાર્ગ કેટલો છે?
રત્નત્રયની જેટલી શુદ્ધતા હોય તેટલો.

૫૫૨. મોક્ષમાર્ગનો કોઈ અંશ શુભ રાગને કે શરીરને આશ્રયે છે?
ના, આખોય મોક્ષમાર્ગ આત્માના જ આશ્રયે છે.

૫૫૩. તે મોક્ષમાર્ગ કેવો છે?
સરસ... સુંદર અને સ્વાધીન છે.

૫૫૪. સરસ અને સુંદર કેમ છે?
કેમકે રાગ વગરનો છે, રાગમાં સુંદરતા નથી.

૫૫૫. નિશ્ચય સમ્યગ્દર્શન શું છે?
પરથી ભિન્ન આત્માની રુચિ તે સમ્યક્ત્વ છે.

૫૫૬. તે સમ્યક્ત્વ કેવું છે?
ભલું છે, ઉત્તમ છે, સારૂં છે, હિતકર છે, સત્ય છે.

૫૫૭. સમ્યગ્જ્ઞાન શું છે?
આત્મસ્વરૂપનું જાણપણું તે સાચી જ્ઞાનકળા છે.

૫૫૮. સમ્યક્ચારિત્ર શું છે?
આત્મસ્વરૂપમાં લીનતા તે સમ્યક્ ચારિત્ર છે.

૫૫૯. સુખી થવા જીવે શું કરવું?
આવા મોક્ષમાર્ગના ઉદ્યમમાં લાગ્યા રહેવું.

૫૬૦. સૌથી શ્રેષ્ઠ કળા કઈ?
આત્મસ્વરૂપને જાણવારૂપ જ્ઞાનકળા સૌથી શ્રેષ્ઠ છે.

૫૬૧. તે જ્ઞાનકળા કેવી છે?
આનંદની કીડા કરતી-કરતી કેવળજ્ઞાનને સાધે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૬૨. ચોથાગુણસ્થાને અવ્રતી ગૃહસ્થનું સમ્યગ્જ્ઞાન કેવું છે?
અહો! તે જ્ઞાન પણ કેવળજ્ઞાનની જાતનું જ છે. તે જ્ઞાન રાગની જાતનું નથી, રાગથી તો જુદું છે.

૫૬૩. ભગવાને શુભરાગને મોક્ષમાર્ગ કહ્યો છે?
ના, તેને તો ભગવાને બંધમાર્ગ કહ્યો છે.

૫૬૪. મોક્ષના કારણરૂપ ચારિત્ર કેવું છે?
તે શુભ-અશુભક્રિયાથી નિવૃત્તિરૂપ છે, ને શુદ્ધચૈતન્યસ્વરૂપમાં પ્રવૃત્તિરૂપ છે.

૫૬૫. શરીરની ક્રિયામાં કે રાગમાં ચારિત્ર છે? ....... ના.

૫૬૬. સાચું શ્રદ્ધાન ક્યારે થાય છે?
જ્યારે આત્મસ્વરૂપને બરાબર જાણે ત્યારે.

૫૬૭. સાચું જ્ઞાન ક્યું?
જે મોક્ષને સાધે... ને આનંદ આપે.

૫૬૮. રાગને મોક્ષમાર્ગ માનવો-તે વાત કેવી છે?
તે કાચના કટકાને કિંમતી હીરો માનવા જેવું છે.

૫૬૯. મોક્ષપદ કેવું છે?
મહા કિંમતી છે, તે રાગમાં મળી જાય તેવું નથી.

૫૭૦. પહેલાં ચારિત્ર લઈ લ્યો, પછી સમ્યક્ત્વ થશે-એમ માનનાર જીવ કેવો છે?
-તેને મોક્ષમાર્ગની ખબર નથી; તે સમ્યક્ત્વને કે ચારિત્રને ઓળખતો નથી.

૫૭૧. અજ્ઞાની જે રાગને મોક્ષમાર્ગ માને છે તે કેવો છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે ખરેખર મોક્ષમાર્ગ નથી, તે તો સંસારમાર્ગ જ છે.

૫૭૨. સાચો મોક્ષમાર્ગ કેવો છે?

તે શુદ્ધાત્માના જ આશ્રયે છે, રાગ વગરનો છે.

૫૭૩. વ્યવહાર કારણો છે તે કેવાં છે?

'ધર્માસ્તિકાયવત્' છે.

૫૭૪. અનંતવાર સ્વર્ગમાં જવા છતાં જીવ સુખ કેમ ન પામ્યો?

કેમકે તેણે આત્મજ્ઞાન ન કર્યું.

૫૭૫. નિશ્ચય સમ્યક્ત્વ કેવું છે?

તે સિદ્ધદશામાંય સદાય રહે છે.

૫૭૬. વ્યવહાર સમ્યક્ત્વ કેવું છે?

રાગ છૂટતાં તે છૂટી જાય છે.

૫૭૭. આત્માનો સ્વભાવ રાગાદિથી સંયુક્ત છે?

ના, તે રાગાદિથી રહિત હોવા છતાં તેને રાગાદિથી સંયુક્ત માનવો તે અજ્ઞાનીઓનો મિથ્યાપ્રતિભાસ છે.

૫૭૮. ધર્મીને રાગ વખતે મોક્ષમાર્ગ છે?

હા, પણ રાગને કાંઈ તે મોક્ષમાર્ગ નથી માનતા.

૫૭૯. સાતતત્ત્વો ક્યા છે?

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ.

૫૮૦. આ સાત તત્ત્વનું સાચું સ્વરૂપ ક્યાં હોય?

જૈનમાર્ગમાં જ હોય; બીજામાં ન હોય.

૫૮૧. સમ્યગ્દષ્ટિજીવ જૈનમાર્ગ સિવાય બીજાને માને?

ના, સ્વપ્નેય ન માને.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૮૨. સાતતત્ત્વની શ્રદ્ધા ક્યારે સાચી થાય?
શુદ્ધનયવડે તેમાંથી શુદ્ધાત્માને તારવી લ્યે ત્યારે.

૫૮૩. જીવતત્ત્વ કોને કહેવાય?
જે સદાય ઉપયોગસ્વરૂપ છે તે જીવ છે.

૫૮૪. જીવતત્ત્વ જગતમાં કેટલા છે? ......... અનંત.

૫૮૫. તે જીવોના કેટલા ભેદ પડે છે?
ત્રણ, બહિરાત્મા, અંતરાત્મા ને પરમાત્મા.

૫૮૬. બહિરાત્મા કેટલા છે? .. અનંત.

૫૮૭. અંતરાત્મા કેટલા છે? .......... અસંખ્યાત.

૫૮૮. પરમાત્મા કેટલા છે? ........... અનંત.

૫૮૯. બહિરાત્મા કોણ છે?
બહારમાં શરીરને આત્મા માનનારા બહિરાત્મા છે.

૫૯૦. અંતરાત્મા કોણ છે?
અંતરમાં દેહથી ભિન્ન આત્માને જાણનારા અંતરાત્મા છે.

૫૯૧. પરમાત્મા કોણ છે?
પરમ એવા સર્વજ્ઞપદને પામેલા આત્મા તે પરમાત્મા છે.

૫૯૨. પરમાત્માના કેટલા પ્રકાર?
(૧) શરીરવાળા અરિહંત; (૨) શરીર વગરના સિદ્ધ.

૫૯૩. અરિહંત પરમાત્મા કેટલા છે? ....... લાખો.

૫૯૪. સિદ્ધ પરમાત્મા કેટલા છે? ......... અનંત.

૫૯૫. અજીવ તત્ત્વના કેટલા ભેદ છે?
પાંચ પુદ્ગલ, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ, કાળ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૫૯૬. તેમાં રૂપી કેટલાં? ..... એક પુદ્‌ગલ.

૫૯૭. આ શરીર, ઇન્દ્રિયો વગેરે શું છે?
તે બધી પુદ્‌ગલની રચના છે, જીવની નહીં.

૫૯૮. જીવ-અજીવ વગેરે તત્ત્વોને ક્યારે જાણ્યા કહેવાય?
તેમને એકબીજામાં ભેળવે નહિ ત્યારે.

૫૯૯. આત્માને જાણ્યા વગર પરને જાણી શકાય?
ના, તેને તો પરમાં આત્મબુદ્ધિ થઈ જાય.

૬૦૦. પુણ્યતત્ત્વનો સમાવેશ શેમાં થાય છે?
આસ્રવમાં અને બંધમાં, ધર્મમાં નહિં.

૬૦૧. શુભઆસ્રવો કેવા છે?
તે પણ સંસારનું જ કારણ છે તેથી છોડવા જેવા છે.

૬૦૨. સંવરતત્ત્વ કેવું છે?
તે સમ્યગ્દર્શનાદિ વીતરાગભાવરૂપ છે.

૬૦૩. સાચી નિર્જરા કઈ રીતે થાય છે?
ઉપયોગની શુદ્ધતા વધવાથી.

૬૦૪. મોક્ષ એટલે શું?
જીવની સંપૂર્ણ જ્ઞાન અને સુખદશા તે મોક્ષ છે.

૬૦૫. તે મોક્ષદશા કેવી છે? ...... રાગ વગરની છે.

૬૦૬. તે મોક્ષને ઉપાય કેવો? ... તે પણ રાગ વગરનો છે.

૬૦૭. શુભરાગને મોક્ષનું કારણ માને તો?
તેને મોક્ષની કે મોક્ષના ઉપાયની ખબર નથી.

૬૦૮. મોક્ષનાં અને બંધનાં કારણ કેવાં છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભિન્નભિન્ન છે; મોક્ષનું કારણ વીતરાગ છે, બંધનું કારણ રાગ છે.

૬૦૯. જે મોક્ષનું કારણ હોય તે બંધનું કારણ થાય? ... ના.

૬૧૦. જે બંધનું કારણ હોય તે મોક્ષનું કારણ થાય? ... ના.

૬૧૧. સાતતત્ત્વની ઓળખાણ તે શું છે?
તે વીતરાગ જૈનધર્મનો એકડો છે.

૬૧૨. સાતતત્ત્વ જાણીને શું કરવું?
આત્માના શુદ્ધસ્વભાવની અનુભૂતિ, પ્રતીત કરવી.

૬૧૩. સામાયિક-ક્યારે થાય?
સમભાવી-જ્ઞાનસ્વભાવી આત્માને જાણે ત્યારે.

૬૧૪. તે સામાયિકનું ફળ શું? ....... મોક્ષ.

૬૧૫. બહિરાત્મા જીવ પરમાત્મા થઈ શકે?
હા, તે આત્માને ઓળખીને પરમાત્મા થઇ શકે છે.

૬૧૬. એકેક જીવમાં પરમાત્મા થવાની તાકાત કોણ બતાવે છે?
એ વાત જૈનશાસન જ બતાવે છે.

૬૧૭. નરકમાં પણ અંતરાત્મા હોય?
હા; ત્યાં પણ જે અસંખ્ય સમ્યગ્દષ્ટિ છે તે અંતરાત્મા છે.

૬૧૮. અંતરાત્માના ગુણસ્થાન ક્યા ક્યા? ... ચારથી બાર.

૬૧૯. ઉત્તમ અંતરાત્મા કોણ?
સાતથી બાર ગુણસ્થાનવર્તી શુદ્ધોપયોગી મુનિ.

૬૨૦. મધ્યમ અંતરાત્મા કોણ?
દેશવ્રતી -શ્રાવક ને મહાવ્રતી -મુનિ.

૬૨૧. સૌથી નાના અંતરાત્મા કોણ?
સમ્યગ્દષ્ટિ-અવ્રતી ગૃહસ્થ.

૬૨૨. એ ત્રણે પ્રકારના અંતરાત્મા કેવા છે?
ये तीनों शिवमगचारी– તે ત્રણે મોક્ષમાર્ગી છે.

૬૨૩. શું ગૃહસ્થ પણ મોક્ષમાર્ગમાં સ્થિત છે?
હા, गृहस्थो मोक्षमार्गस्थ निर्मोहो ( રત્નકરંડશ્રાવકાચાર )

૬૨૪. મનુષ્યલોકમાં કેટલા અરિહંતભગવંતો વિચરે છે?
લાખો અરિહંત પરમાત્મા અત્યારે પણ મનુષ્યલોકમાં વિચરે છે.

૬૨૫. અરિહંતભગવાનને ક્યું ગુણસ્થાન હોય?
તેરમું અને ચૌદમું.

૬૨૬. ગામડિયાને આત્માની આવડી મોટી વાત સમજાય?
ભાઈ, તું ગામડિયો નથી, તું અનંતગુણવંત ભગવાન છો.

૬૨૭. જ્ઞાનીઓ શું બતાવે છે?
જે સ્વરૂપ છે તે જ બતાવે છે, વિશેષ કાંઈ નથી કહેતા.

૬૨૮. આ વાત કેવી છે?
પોતાના હિત માટે જરૂર સમજવા જેવી છે.

૬૨૯. કરોડો રૂપિયામાં કે બંગલા-મોટરમાં કેટલું સુખ છે?
એમાં ક્યાંય સુખનો છાંટોય નથી.

૬૩૦. તો સુખ ક્યાં છે?
સુખ તો આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ છે.

૬૩૧. શરીર-રૂપિયા-મકાન વગેરે જીવ છે કે અજીવ?

તે બધા અજીવ છે.

૬૩૨. અજીવમાં સુખ હોય ? – કદી ન હોય.

૬૩૩. પરલક્ષી શુભાશુભભાવોમાં સુખ છે ? –ના.

૬૩૪. સંવર-નિર્જરારૂપ સુખમાં કોની સન્મુખતા છે ?
તેમાં આત્માની સન્મુખતા છે.

૬૩૫. આસ્રવ-બંધરૂપ દુઃખમાં કોની સન્મુખતા છે ?
તેમાં પરસન્મુખતા છે.

૬૩૬. મનુષ્યક્ષેત્રમાં અત્યારે અરિહંતો છે ?
હા, વિદેહમાં સીમંધરસ્વામી વગેરે લાખો અરિહંતો છે.

૬૩૭. આ ભરતક્ષેત્રમાં કોઈ અરિહંત હતા ?
હા, અઢીહજાર વર્ષ પહેલાં મહાવીરપ્રભુ વિચરતા હતા.

૬૩૮. સંસ્કૃતભાષામાં પહેલવહેલા સિદ્ધાંતસૂત્ર કોણે રચ્યાં ?
શ્રી ઉમાસ્વામીએ મોક્ષશાસ્ત્ર સંસ્કૃતમાં રચ્યું, તેઓ કુંદકુંદાચાર્યદેવના શિષ્ય હતા.

૬૩૯. તે મોક્ષશાસ્ત્ર ઉપર કોણે-કોણે ટીકા રચી છે ?
પૂજ્યપાદસ્વામીએ સર્વાર્થસિદ્ધિ, અકલંકદેવે તત્ત્વાર્થરાજવાર્તિક, અને વિદ્યાનંદીસ્વામીએ તત્ત્વાર્થશ્લોકવાર્તિક, એ ત્રણ મહાન ટીકાઓ રચી છે.

૬૪૦. તો મોક્ષશાસ્ત્રનું પહેલું જ સૂત્ર શું છે ?
'सम्यग्दर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्ग:।'

૬૪૧. સમયસારની ૧૧ મી ગાથામાં સમ્યગ્દર્શન કોને કહ્યું છે ?
ભૂતાર્થસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન કહ્યું છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૬૪૨. નવતત્ત્વને જાણે, પણ શુદ્ધાત્માને ન ઓળખે તો?
-તો તેને સમ્યગ્દર્શન ન થાય; ને તેનું નવતત્ત્વનું જ્ઞાન પણ સાચું ન કહેવાય.

૬૪૩. વીતરાગ ભગવંતો ક્યા માર્ગે મોક્ષમાં ચાલ્યા?
અંતર્મુખી શુદ્ધ રત્નત્રયના માર્ગે તેઓ મોક્ષમાં ગયા.

૬૪૪. જીવને બહિરાત્મદશામાં શું હતું?
બહિરાત્માદશામાં તે એકાંત દુઃખી હતો.

૬૪૫. હવે અંતરાત્મા થતાં શું થયું?
આત્માનું સાચું સુખ અનુભવમાં આવ્યું.

૬૪૬. રાગાદિ ભાવો કેવા છે?
તેઓ અંતરસ્વભાવના આશ્રયે ઉત્પન્ન થયેલા નથી.

૬૪૭. અંતરસ્વભાવના આશ્રયે શું ઉત્પન્ન થાય?
વીતરાગી જ્ઞાન-આનંદરૂપ શુદ્ધ ભાવો પ્રગટે.

૬૪૮. આપણે પરમાત્માને ઓળખી શકીએ?
હા, અંતરાત્મા થઈને પરમાત્માને ઓળખી શકાય છે.

૬૪૯. જડ-શરીરમાં જીવનો કોઈ ધર્મ હોય? -ના.

૬૫૦. બી. એ. એમ. એ. ભણે, પણ આત્માને ન ઓળખે તો?
-તો વીતરાગી આત્મવિદ્યામાં તે મૂરખ છે.

૬૫૧. આત્માના હિત માટે કેવી વિદ્યા શીખવી?
જીવ-અજીવના ભેદજ્ઞાનરૂપ વીતરાગ-વિદ્યા શીખવી.

૬૫૨. અંતરાત્માનું લક્ષણ શું? -જ્ઞાનચેતનાની અનુભૂતિ.

૬૫૩. જ્ઞાનચેતનાવંત અંતરાત્માને ખરેખર કોણ ઓળખી શકે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે પોતે અંતરાત્મા થાય તે.

૬૫૪. એકલા અનુમાનવડે જ્ઞાનીને ઓળખી શકાય? ના.

૬૫૫. રાગ અને શરીરનો નાશ થાય તો આત્મા જીવે?
હા, આત્મા પોતાના ચેતનસ્વભાવે સદા જીવંત છે.

૬૫૬. આત્માને અનુભવનારા અંતરાત્મા કેવા છે?
તેઓ પરમાત્માના પાડોશી છે.

૬૫૭. અંતરાત્માને રાગ હોય?
કોઈને હોય છે, બધાયને નથી હોતો.

૬૫૮. રાગ હોવા છતાં અંતરાત્મા શું કરે છે?
પોતાની ચેતનાને રાગથી જુદી અનુભવે છે.

૬૫૯. અંતરાત્માની ઓળખાણ કરતાં શું થાય?
જીવ-અજીવનું સાચું ભેદજ્ઞાન થઇ જાય.

૬૬૦. શરીરથી, રાગથી લાભ માને તો શું થાય?
તો તે રાગથી ને શરીરથી છૂટી શકે નહિ, ને વીતરાગી મોક્ષમાર્ગમાં આવી શકે નહિ; એટલે સંસારમાં જ રહે.

૬૬૧. સમ્યગ્દષ્ટિને અશુભભાવ હોય ત્યારે?
-ત્યારે પણ તે અંતરાત્મા છે.

૬૬૨. મિથ્યાદષ્ટિ શુભભાવ કરતો હોય ત્યારે?
-ત્યારે પણ તે બહિરાત્મા છે.

૬૬૩. રાગ વખતે અંતરાત્માની ચેતના કેવી છે?
ત્યારે પણ તેની ચેતના રાગથી અલિપ્ત જ છે.

૬૬૪. વ્યવહારરત્નત્રયવાળો અજ્ઞાની કેવો છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવ્રતી-જઘન્ય-અંતરાત્માથી પણ તે હલકો છે, તેનું સ્થાન મોક્ષમાર્ગમાં નથી.

૬૬૫. સમ્યગ્દષ્ટિની પરિણતિ કેવી છે?
કોઈ અદ્‌ભુત-આશ્ચર્યકારી છે, જ્ઞાન-વૈરાગ્યસંપન્ન છે.

૬૬૬. અવિરત-સમ્યગ્દષ્ટિને કેટલી કર્મપ્રકૃતિ નથી બંધાતી?
તેને કુલ ૪૩ કર્મપ્રકૃતિ તો બંધાતી જ નથી. (૪૧+૨)

૬૬૭. અવિરત સમ્યગ્દષ્ટિને સંયમ છે?
ના, સંયમ નથી, પણ સંયમની ભાવના નિરંતર વર્તે છે.

૬૬૮. નાનામાં નાના સમ્યગ્દષ્ટિને આત્મશ્રદ્ધા કેવી છે?
સિદ્ધ ભગવાન જેવી.

૬૬૯. કુંદકુંદદેવે મોક્ષપ્રાભૃતમાં સમ્યગ્દષ્ટિને કેવો કહ્યો છે?
'તે ધન્ય છે, કૃતકૃત્ય છે, શૂરવીર છે, પંડિત છે.'

૬૭૦. સર્વજ્ઞ-પરમાત્માની જેને શ્રદ્ધા નથી તે જીવ કેવો છે?
તે જીવ બહિરાત્મા છે. ગૃહીત-મિથ્યાદષ્ટિ છે.

૬૭૧. સર્વજ્ઞનો ખરો સ્વીકાર કોણ કરે છે?
જ્ઞાનદષ્ટિવંત સમ્યગ્દષ્ટિ જસર્વજ્ઞનો ખરો સ્વીકાર કરે છે.

૬૭૨. સર્વજ્ઞના સ્વીકારમાં શું-શું આવે છે?
અહા! સર્વજ્ઞના સ્વીકારમાં તો જ્ઞાનસ્વભાવનો સ્વીકાર છે; તે ધર્મનો મૂળ પાયો છે, તેમાં તો અપૂર્વ તત્ત્વજ્ઞાન છે; રાગ ને જ્ઞાનની ભિન્નતાનો અનુભવ છે.

૬૭૩. સર્વજ્ઞતા કેવી છે?
અહો, એની શી વાત! એ તો અતીન્દ્રિય જ્ઞાનરૂપ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મહા આનંદરૂપ છે, રાગ-દ્વેષ વગરની છે, વિકલ્પાતીત એનો મહિમા છે.

૬૭૪. શરીર હોવા છતાં સર્વજ્ઞપણું હોઈ શકે? -હા.

૬૭૫. સિદ્ધભગવંતો કેવા છે?
જગતમાં સૌથી શ્રેષ્ઠ છે, અનંતા છે, ભવનો અંત કરનારા મહંત છે, અનંત સુખવંત છે, દેહરહિત છે, જ્ઞાનશરીરી છે.

૬૭૬. અનંતા જીવ-પુદ્ગલો ક્યાં રહેલા છે?
આકાશના અનંતમા ભાગરૂપ લોકમાં.

૬૭૭. અનંત-આકાશને પણ જ્ઞાન પૂરું જાણે?
હા, જ્ઞાનનું સામર્થ્ય તેથી પણ અનંત છે.

૬૭૮. આત્માના જ્ઞાનમાં ઇન્દ્રિયો નિમિત્ત તો છે ને?
ના, સ્વાધીન એવા અતીન્દ્રિયજ્ઞાનમાં ઇન્દ્રિયો નિમિત્ત પણ નથી; ઇન્દ્રિયોનું નિમિત્તપણું તો પરાધીન એવા ઇન્દ્રિયજ્ઞાનમાં છે-પણ તે જ્ઞાનને તો હેય કહ્યું છે. અતીન્દ્રિયજ્ઞાન જ આનંદનું કારણ હોવાથી ઉપાદેય છે.

૬૭૯. કેવળજ્ઞાનને કોઈ નિમિત્ત છે?
હા, જ્ઞેયપણે આખું જગત તેને નિમિત્ત છે.

૬૮૦. સત્ય સમજવાની શરૂઆત કઈ રીતે કરવી?
વસ્તુનું પોતાનું સ્વરૂપ લક્ષમાં લઈને.

૬૮૧. હાલે-ચાલે-બોલે તે જીવ-એ સાચું?
ના, જે જાણે તે જીવ. જેનામાં જ્ઞાન ન હોય તે અજીવ.

૬૮૨. આસ્રવ-બંધનું કારણ શું છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જીવનો અશુદ્ધ ઉપયોગ.

૬૮૩. પુણ્ય-પાપનાં આસ્રવો તથા બંધ કેવા છે?
જીવને દુઃખનાં કારણ છે, તેથી છોડવા જેવાં છે.

૬૮૪. દેડકું-સમ્યગ્દષ્ટિ હોય તેને તત્ત્વશ્રદ્ધા હોય?
હા, જિનમાર્ગ અનુસાર તેને બરાબર તત્ત્વશ્રદ્ધાહોય છે.

૬૮૫. તત્ત્વોને જાણીને શું કરવું?
હિતરૂપ તત્ત્વોને ગ્રહણ કરવા, ને દુઃખરૂપ તત્ંવોને છોડવા.

૬૮૬. દુર્ભાગી કોણ?
અવસર પામીને પણ જે આત્માને ન ઓળખે તે.

૬૮૭. વિદ્યાર્થીઓએ શું કરવું જોઈએ?
તેમણે પણ આવું વીતરાગી ભણતર ભણવું જોઈએ.

૬૮૮. પરમેશ્વર કેવા છે?
તેઓ જગતને જાણનારા છે, પણ જગતના કર્તા નથી.

૬૮૯. જગતના પદાર્થો કેવા છે?
સ્વયં સત્ છે. બીજો કોઈ તેનો કર્તા નથી.

૬૯૦. આત્માના અનુભવ વગર સર્વજ્ઞને ઓળખી શકાય?
-ના.

૬૯૧. શરીર છેદાય-ભેદાય ત્યારે જીવ શાંતિ રાખી શકે?
હા, કેમકે જીવ શરીરથી જુદો છે.

૬૯૨. જીવની ભૂલ ક્યારે છૂટે?
પોતાની ભૂલને, તેમજ પોતાના ગુણને જાણે ત્યારે.

૬૯૩. જીવને સુખ-દુઃખનું કારણ કોણ?
પોતાના ગુણ-દોષ; બીજું કોઈ નહીં, કર્મ પણ નહીં.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૬૯૪. આત્માનો સ્વભાવ દુઃખનું કારણ થાય?
ના, આત્માનો સ્વભાવ સુખનું જ કારણ છે.

૬૯૫. રાગ કે પુણ્ય કદી સુખનું કારણ થાય?
ના, રાગ અને પુણ્ય તો સદાય દુઃખનું જ કારણ છે.

૬૯૬. આમ જાણનાર જીવ શું કરે છે?
પુણ્ય-પાપથી જુદો પડીને આત્મા તરફ વળે છે.

૬૯૭. પુણ્યથી ભવિષ્યમાં સુખ મળશે એ સાચું? -ના.

૬૯૮. અજ્ઞાનીઓ કોને આદરે છે? -પુણ્યને.

૬૯૯. જ્ઞાની કોને આદરે છે?
પુણ્ય-પાપ વગરની જ્ઞાનચેતનાને.

૭૦૦. આત્માને એકકોર મુકીને ધર્મ થઈ શકે?
કદી ન થાય; આત્માને ઓળખીને જ ધર્મ થાય.

૭૦૧. સમ્યગ્દર્શનનાં નિમિત્ત કોણ છે?
સાચાં દેવ-ગુરુ-ધર્મ જ સમ્યક્ત્વનાં નિમિત્ત છે.

૭૦૨. ગુણ શું? પર્યાય શું? દ્રવ્ય શું?
ટકે તે ગુણ, પલટે તે પર્યાય, ગુણ-પર્યાયવંત દ્રવ્ય.

૭૦૩. વીતરાગી દેવ કોણ? - અરિહંત અને સિદ્ધ.

૭૦૪. નિર્ગ્રંથ ગુરુ કોણ? -આચાર્ય-ઉપાધ્યાય-સાધુ.

૭૦૫. સાચો ધર્મ ક્યો? -સમ્યક્ત્વાદિ વીતરાગભાવ.

૭૦૬. ઈંડામાં જીવ છે?
હા, તે પંચેન્દ્રિય જીવ છે, તેનો આહાર તે માંસાહાર જ છે.

૭૦૭. વીતરાગમાર્ગમાં અહિંસા કોને કહે છે?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગાદિ ભાવોથી રહિત શુદ્ધભાવ તે અહિંસા છે.

૭૦૮. હિંસા કોને કહે છે?
જેટલા રાગાદિ ભાવો છે તેટલી ચૈતન્યની હિંસા છે.

૭૦૯. હિંસા–અહિંસાનું આવું સ્વરૂપ ક્યાં છે?
સર્વજ્ઞદેવના મતમાં જ છે, બીજે ક્યાંય નથી.

૭૧૦. આવા અહિંસા–ધર્મને કોણ ઓળખે છે?
સમ્યગ્દૃષ્ટિ જ ઓળખે છે.

૭૧૧. જૈનસાધુ કેવા હોય છે?
સદા નિર્ગ્રંથ હોય છે, તેમને વસ્ત્ર હોતાં નથી.

૭૧૨. એનાથી વિરુદ્ધ સાધુપણું માને તો?
–તો તેને સમ્યક્ત્વનાં સાચા નિમિત્તની ખબર નથી.

૭૧૩. જીવ કઈ વિદ્યા પૂર્વે કદી નથી ભણ્યો?
વીતરાગ–વિજ્ઞાનરૂપ સાચી ચૈતન્યવિદ્યા કદી નથી ભણ્યો.

૭૧૪. જ્ઞાન આત્માથી કદી જુદું કેમ નથી પડતું?
–કેમકે જ્ઞાન તે આત્માનું સ્વરૂપ જ છે.

૭૧૫. કર્મ અને શરીર કેવાં છે?
આત્માથી જુદી જાતનાં છે, તે આત્માનું સ્વરૂપ નથી.

૭૧૬. પુણ્ય–પાપવાળો આત્મા તે ખરો આત્મા છે?
ના, ખરો આત્મા ચેતનારૂપ ને આનંદરૂપ છે.

૭૧૭. મુમુક્ષુજીવને શું સાધ્ય છે?
મુમુક્ષુજીવને મોક્ષપદ સિવાય બીજું કાંઈ સાધ્ય નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૭૧૮. સાચો આનંદ (મોક્ષનો આનંદ) કેવો છે?
'સ્વયંભૂ' છે, આત્મા જ તે-રૂપ થયો છે.

૭૧૯. સાધકદશાનો સમય કેટલો? ... અસંખ્ય સમય.

૭૨૦. સાધ્યરૂપ મોક્ષદશાનો કાળ કેટલો? ... અનંત.

૭૨૧. સિદ્ધદશા-મોક્ષદશા કેવી છે?
મહા આનંદરૂપ, સમ્યક્ત્વાદિ સર્વગુણસહિત, આઠ કર્મ રહિત.

૭૨૨. ચોથા ગુણસ્થાને સમ્યગ્દર્શન છે તે રાગવાળું છે?
ના, ત્યાં રાગ હોવા છતાં સમ્યગ્દર્શન તો રાગવગરનું જ છે.

૭૨૩. સમ્યક્ત્વ સાથેનો રાગ કેવો છે?
તે બંધનું જ કારણ છે, સમ્યક્ત્વ તે મોક્ષનું કારણ છે.

૭૨૪. કોઈને એકલું વ્યવહાર સમ્યગ્દર્શન હોય?
ના, નિશ્ચયપૂર્વક જ સાચો વ્યવહાર હોય.

૭૨૫. કોઈને એકલું નિશ્ચય સમ્યક્તવ હોય?
હા, સિદ્ધભગવંતો વગેરેને એકલું નિશ્ચય સમ્યક્ત્વ છે

૭૨૬. ચેતન્યતત્ત્વ કેવું છે?
અહા! એનો અદ્‌ભુત મહિમા છે, એમાં અનંત સ્વભાવો છે.

૭૨૭. સમ્યગ્દર્શન કેમ પ્રગટે છે?
આનંદના અપૂર્વ વેદનસહિત સમ્યગ્દર્શન પ્રગટે છે.

૭૨૮. સમ્યગ્દર્શનની સાથે ધર્મીને શું હોય છે?
નિઃશંકતાદિ આઠગુણ હોય છે.

૭૨૯. જેણે ચૈતન્યસુખ ચાખ્યું નથી તેને શું હોય છે?
તેને ઊંડેઊંડે રાગની-પુણ્યની-ભોગની ચાહના હોય છે.

૭૩૦. સમ્યગ્દૃષ્ટિ જીવ ક્યાં વર્તે છે?
ચેતનામાં જ તન્મય વર્તે છે, રાગમાં વર્તતો નથી.

૭૩૧. ધર્મ કરશું તો પૈસા મળશે – એ સાચું?
ના, એને ધર્મની ખબર નથી, તે તો રાગને ધર્મ સમજે છે.

૭૩૨. ધર્મથી શું મળે? -ધર્મથી આત્માનું વીતરાગીસુખ મળે.

૭૩૩. પુણ્યરૂપ ધર્મ કેવો છે?
તે સંસાર-ભોગનો હેતુ છે, તે મોક્ષનો હેતુ નથી.

૭૩૪. તે પુણ્યને કોણ ઈચ્છે છે? -અજ્ઞાની.

૭૩૫. ધર્મી કોને વાંછે છે?
તે પોતાના ચૈતન્ય-ચિંતામણિ સિવાય કોઈને વાંછતો નથી.

૭૩૬. સ્વર્ગનો દેવ આવે તો?
-તે કાંઈ ચમત્કાર નથી; ખરો ચમત્કાર તો ચૈતન્યદેવનો છે.

૭૩૭. વીતરાગતાનો સાધક ધર્મી કોને નમે?
વીતરાગી દેવ સિવાય બીજા કોઈ દેવને તે નમે નહિ.

૭૩૮. અરિહંતના શરીરમાં રોગ કે અશુચી હોય? – ના.

૭૩૯. સાધકના શરીરમાં રાગાદિ હોય?
હા, પણ અંદર આત્મા સમ્યક્ત્વાદિથી શોભી રહ્યો છે.

૭૪૦. મુનિઓનો શણગાર શું? -રત્નત્રય તેમનો શણગાર છે.

૭૪૧. એવા મુનિઓને દેખતાં આપણને શું થાય છે?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહો, બહુમાનથી તેમના ચરણોમાં શિર નમી પડે છે.

૭૪૨. ધર્મમાં મોટો કોણ?
જેના ગુણ વધારે તે મોટો, ધર્મમાં પુણ્યવડે મોટાઈ નથી.

૭૪૩. ધર્મી એકલો હોય તો?
-તોપણ તે મુંઝાય નહીં; સત્યમાર્ગમાં તે નિઃશંક છે.

૭૪૪. જેમ માતાને પુત્ર વહાલો છે, તેમ ધર્મીને શું વહાલું છે?
ધર્મીને વહાલા છે સાધર્મી; ધર્મીને વહાલા છે રત્નત્રય.

૭૪૫. ધર્મની સાચી પ્રભાવના કોણ કરી શકે?
જેણે પોતે ધર્મની આરાધના કરી હોય તે.

૭૪૬. ધર્મીને ચક્રવર્તી પદનોય મદ કેમ નથી?
કેમકે ચૈતન્ય-તેજ પાસે ચક્રવર્તીપદ ઝાંખું લાગે છે.

૭૪૭. મનુષ્યનો ઉત્તમ અવતાર પામીને શું કરવું?
ચૈતન્યની આરાધનાવડે ભવના અંતનો ઉપાય કરવો.

૭૪૮. પુત્રને દીક્ષા માટે માતાએ કઈ શરતે રજા આપી?
-એવી શરતે કે, ફરીને બીજી માતા ન કરવી.

૭૪૯. શરીરના સુંદર રૂપનો મદ ધર્મીને કેમ નથી?
કેમકે સૌથી સુંદર એવું ચૈતન્યરૂપ તેણે દેખ્યું છે.

૭૫૦. કદરૂપો-કાળો-કુબડો મનુષ્ય ધર્મ કરી શકે? ... હા.

૭૫૧. શરીરના સુંદર રૂપથી આત્માની શોભા છે? .. ના.

૭૫૨. આત્મા શેનાથી શોભે છે? ... સમ્યગ્દર્શનરૂપ આભૂષણથી.

૭૫૩. સૌથી ઊંચામાં ઊંચું ભણતર ક્યું?
જે જ્ઞાનવડે આત્માની અનુભૂતિ થાય તે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

૭૫૪. સાચા શ્રુતજ્ઞાનનું ફળ શું? .. આનંદ અને વીતરાગતા.

૭૫૫. બાહ્યભણતરની કે ઇન્દ્રિયજ્ઞાનની મહત્તા કોને લાગે?
આત્માના કેવળજ્ઞાનસ્વભાવને જે નથી જાણતો તેને.

૭૫૬. ધર્મીને બહારના ઠાઠ-વૈભવનો મદ કેમ નથી?
કેમકે સૌથી શ્રેષ્ઠ એવો ચૈતન્યવૈભવ તેણે દેખ્યો છે.

૭૫૭. ધર્મીનાં જાતિ અને કૂળ ક્યા છે?
અમે સિદ્ધભગવંતોની જાતના, તીર્થંકરોના કૂળના છીએ.

૭૫૮. ભરત અને બાહુબલી લડયા ત્યારે શું થયું?
તે વખતેય બંનેની જ્ઞાનચેતના રાગથી જુદી જ હતી.

૭૫૯. શુભરાગને ધર્મ માને તેને ત્યાગ-વૈરાગ હોય? - ના.

૭૬૦. સમ્યગ્દૃષ્ટિ અવ્રતી હોય તોપણ પ્રશંસનીય છે?
હા, અવ્રતી હોય છતાં તેનું સમ્યક્ત્વ પ્રશંસનીય છે.

૭૬૧. સંત-જ્ઞાનીઓ વારંવાર શું કહે છે?
‘ જરાપણ કાળ ગુમાવ્યા વગર સમ્યક્ત્વને ધારણ કરો.

૭૬૨. સમ્યગ્દર્શન તો ગમે તે ધર્મમાં થાય ને?
ના; જૈનમાર્ગ સિવાય બીજે સમ્યગ્દર્શન હોતું નથી.

૭૬૩. સમ્યગ્દર્શન થતાં જીવને શું થયું?
તે પંચપરમેષ્ઠીની નાતમાં ભળ્યો.

૭૬૪. સમ્યગ્દર્શન વગરની શુભ કરણી પણ કેવી છે?
તે પણ જીવને દુઃખકારી છે.

૭૬૫. શું નરકમાં સમ્યગ્દૃષ્ટિ હોય? -હા, અસંખ્યાત છે.

૭૬૬. કોઈ સમ્યગ્દૃષ્ટિ-મનુષ્ય મરીને વિદેહમાં ઊપજે? -ના.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૬૭. જૈનમાર્ગ કેવો છે? -એ ભગવાન થવાનો માર્ગ છે.

૭૬૮. ત્રણકાળ ને ત્રણલોકમાં જીવને શ્રેય શું છે?
સમ્યક્ત્વ સમાન બીજું કોઈ શ્રેય નથી.

૭૬૯. જીવને જગતમાં અહિતકારી શું છે?
મિથ્યાત્વ સમાન અહિતકારી બીજું કોઈ નથી.

૭૭૦. મિથ્યાદૃષ્ટિ જીવ સ્વર્ગમાં જાય તો?
-તે પણ સંસાર જ છે, તે ક્યાંય સુખી નથી.

૭૭૧. સુખી કોણ છે?
સુખી તો સમકિતી છે કે જેણે ચૈતન્યતત્ત્વને જોયું છે.

૭૭૨. સમ્યક્ત્વ વગરની બધી કરણી કેવી છે?
દુઃખની જ દેનારી છે.

૭૭૩. દુનિયા શું જુએ છે?
દુનિયા તો બહારના ઠાઠમાઠ દેખે છે, ચૈતન્યને નથી દેખતી.

૭૭૪. ચૈતન્યના જેટલા ધર્મો છે તે બધાનું મૂળ શું છે?
સર્વે ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. – 'दंसणमूलो धम्मो'

૭૭૫. જીવે શીઘ્ર શું કરવા જેવું છે?
હે જીવ! તું સમ્યક્ત્વને શીઘ્ર ધારણ કર... નકામો કાળ ન ગૂમાવ.

૭૭૬. જ્ઞાન ને ચારિત્ર તે સમ્યક્ત્વ વગર કેવાં છે?
તે સમ્યક્પણું પામતાં નથી, એટલે કે મિથ્યા છે.

૭૭૭. રાગનાં રસ્તે મોક્ષમાં જવાય? – ના.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૭૮. મોક્ષનો રસ્તો શું છે? -સમ્યક્ત્વસહિત સ્વાનુભૂતિ.

૭૭૯. સમ્યક્ત્વને અને શુભરાગને કાંઈ સંબંધ છે?
ના, બંને ભાવો તદ્દન જુદા છે.

૭૮૦. સમ્યક્ત્વ થતાં શું થયું?
પહેલાં જે જ્ઞાન ભવહેતું થતું હતું તે હવે મોક્ષહેતુ થયું.

૭૮૧. સંસારમાં ભમતો જીવ કઈ બે વસ્તુ પૂર્વે નથી પામ્યો?
એક તો જિનવરસ્વામી, અને બીજું સમ્યક્ત્વ.

૭૮૨. ભગવાન પાસે તો જીવ અનંતવાર ગયો છે ને?
હા, -પણ તેણે ભગવાનને ઓળખ્યા નહીં.

૭૮૩. ભગવાનને ઓળખે તો શું થાય?
આત્મા ઓળખાય ને સમ્યગ્દર્શન થાય જ.

૭૮૪. અનંતાજીવ મોક્ષ પામ્યા-તે બધા શું કરીને મોક્ષ પામ્યા?
સમ્યગ્દર્શન કરી કરીને અનંતાજીવો મોક્ષ પામ્યા છે.

૭૮૫. સમ્યગ્દર્શન વગર કોઈ મોક્ષ પામ્યુંછે? -ના.

૭૮૬. સમ્યક્ત્વનો સરસ મહિમા સાંભળીને શું કરવું?
હે જીવો! તમે જાગો... સાવધાન થાઓ... ને સ્વાનુભવ કરો.

૭૮૭. ઋષભદેવના જીવને સમ્યક્ત્વ પમાડવા મુનિઓએ શું કહ્યું?
'હે આર્ય! આ સમ્યક્ત્વની પ્રાપ્તિનો અવસર છે, માટે તું હમણાં જ સમ્યક્ત્વને ગ્રહણ કર.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૭૮૮. તે સાંભળીને ઋષભદેવના જીવે શું કર્યું?

મુનિઓની હાજરીમાં તે જ વખતે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું.

૭૮૯. આ ઉદાહરણ ઉપરથી અમારે શું કરવું?

સમ્યક્ત્વને ગ્રહણ કરો... 'કાલ વૃથા મત ખોવો.'

૭૯૦. દેવોના અમૃત કરતાંય ઊંચો રસ ક્યો છે?

સમ્યગ્દષ્ટિનો અતીન્દ્રિય આત્મરસ અમૃતથી પણ ઊંચો છે.

૭૯૧. સમ્યગ્દર્શન થતાં શું થયું?

અહા, સમ્યગ્દર્શન થતાં આત્મામાં મોક્ષનો સિક્કો લાગી ગયો.

૭૯૨. આ કાળે સમ્યગ્દર્શન પામી શકાય?

હા, અનેક પામ્યા છે.

૭૯૩. આ ત્રીજા અધ્યાયમાં શેનો ઉપદેશ છે?

મોક્ષના મૂળરૂપ સમ્યગ્દર્શનની આરાધનાનો.

૭૯૪. આ ઉપદેશ સાંભળીને શું કરવું?

'હે જીવ! તું આજે જ સમ્યક્ત્વને ધારણ કર!'

******

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

**આપના પરિવારમાં ઉત્તમ સંસ્કાર**

**રેડવા નીચેનાં પુસ્તકો વંચાવો-**

જૈન બાળપોથી (૧) જેની એકલાખ કરતાં વધુ પ્રત પ્રગટ થઈ ચુકી છે, દરેક જૈનને ઉપયોગી

જૈન બાળપોથી (૨)

વીતરાગવિજ્ઞાન-પ્રવચન ભાગ-૧-૨ દરેકના

દર્શન કથા

અકલંક નિકલંક

રત્નસંગ્રહ ભાગ ૧-૨ દરેકના

ભગવાન ઋષભદેવ

ભગવાન મહાવીર

(પોસ્ટથી મંગાવનારે દરેક પુસ્તકદીઠ દસ પૈસા વધુ મોકલવા.)

PRINTED BOOK

No. 2395

From: આત્મધર્મ કાર્યાલય સોનગઢ (સૌરાષ્ટ્ર)

Please inform us of any errors on rajesh@AtmaDharma.com